हवे सोम राजाना पुत्रे तेने माटे घणा उपायो कर्या. परंतु एक पण उपाय कामे लाग्यो नहि. त्यारे तेणे कमलवतीनी माताने पोतानो अभिप्राय जणाव्यो. तेणे विचार कर्यो के 'आ प्रधान राजपुत्र छे तो आनी साथे मारी पुत्रीना लग्न थाय तो ते युक्त छे.' ए प्रमाणे विचारीने तेणे पोताना स्वामीने ते हकीकत निवेदन करी. तेणे पण ते कबूल कर्युं अने बीजे दिवसेज लग्न लीधां. त्यारे कमलवतीए ते वात जाणी, त्यारे तेने घणुं दुःख उत्पन्न थयुं: तेथी ते खाती नथी, सूती पण नथी, बोलती नथी अने हसती पण नथी. ते मनमां विचार करे छे के 'ते यक्षनी पासेज जइने तेने उपालंभ दइने तेनोज आश्रय लइश, ते शिवाय मारो बीजो गति नथी.' आ प्रमाणे विचारीने रात्रिए गुप्त रीते नीकळी यक्षमंदिरमां आवीने तेने ओळंभो आपवा लागी के "हे यक्ष! तमारा जेवा मुख्य देवोनुं वचन अन्यथा थाय ए घटित गणाय नहि. कारणके सत्पुरुषोने आ एकज वाणी होय छे. कह्युं छे के 'सत्पुरुषोने एक, [illegible] प्रकाशने [illegible], अग्निने [illegible] [illegible], रावणने [illegible]. [illegible] अने [illegible] हृदयमां [illegible] होय छे.' [illegible] ए प्रमाणे [illegible] [illegible] [illegible] [illegible] [illegible] छे." ए प्रमाणे कहीने [illegible] कुमारना [illegible] पासे [illegible] [illegible] बांधीने बोली के—"हे वनदेवताओ! [illegible] [illegible] [illegible] कुमारने [illegible] [illegible] [illegible] आ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] कर्युं. [illegible] [illegible] आव्युं [illegible] नहि. [illegible] [illegible] [illegible] छे. तो [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]." ए प्रमाणे [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. [illegible]

सहित त्यां सत्वर आव्यो. दासीए गळानो फांसो छेदी नांख्यो, एटले कमळवती बेशुद्ध अवस्थामां नीचे पडी. शीत पवन विगेरेना उपचारथी ते स्वस्थ थइ, त्यारे कुमारे पूछ्युं के-'हे सुंदरी! तुं कोण छे? तें शा माटे गळे फांसो नाख्यो हतो? तें आ साहस शा हेतुए कर्युं?' सुमंगलाए उत्तर आप्यो के-"स्वामिन! शुं हजु आपे आने न ओळखी? तमारामां जेनुं चित्त लीन थयुं छे एवी आ राजपुत्री कमळवती छे. तेना पिताए तेने भीम नृपना पुत्रने आपवाथी ते आत्मघात करीने मरण पामवा इच्छती हती, तेनुं में गळाफांसो कापी नांखी रक्षण कर्युं छे." ते सांभळीने रणसिंह कुमार अति हर्षित थयो. त्यारपछी सुमित्र बोल्यो के-'हे मित्र! कयो क्षुधातुर माणस मिष्ट अन्न खावानुं मळते सते विलंब करे? ते माटे आ बाळानुं पाणिग्रहण करीने तेनो मन्मथसमुद्रमांथी उद्धार करो.' ए प्रमाणेनुं मित्रनुं कथन सांभळीने रणसिंहे तेज वखते तेनी साथे गांधर्व लग्न कर्युं. कमळवती पण मनमां अति आनंदित थइ. पछी कमळवती रात्रिए ज सुमित्रनी साथे पोताने घेर आवी. ते समये विवाहकार्यना अति हर्षमां पोताना कुटुंबपरिवारनुं मन व्यग्र छे, एवुं जाणीने कमळवतीए पोतानो स्त्रीवेष सुमित्रने पहेराव्यो, अने पोते पुरुषवेष धारण करीने रणसिंह कुमारनी समीपे गइ. कुमारे पण तेने स्नेहदृष्टिथी बे हातवडे गाढ आलिंगन करीने पोतानी पासे बेसाडी.

हवे लग्न वखते भीमपुत्र हाथी उपर स्वारी करीने मोटा आडंबरथी परणवा आव्यो; अने महोत्सव पूर्वक कमळवतीनो वेष जेणे धारण कर्यो छे एवा सुमित्रनी साथे पाणिग्रहणकरी तेने लइने पोतानेस्थाने आव्यो. पछी कामना आवेशथी कोमळ आलापपूर्वक नवीन वधूने पुनःपुनः बोलाववा लाग्यो; पण ते जरा पण बोलती नथी; मूक थइने बेसी रही छे. अति कामना आवेशमां तेणे हस्त वडे तेना अंगनो स्पर्श कर्यो. ते स्पर्शथी ते तो पुरुष छे एवुं जाणीने तेणे पूछ्युं के-'तुं कोण?' तेणे उत्तर आप्यो के-'हुं तारी वधू छुं.' कुमारे पूछ्युं के-'तुं वधू क्यां छे? तारा देहस्पर्शथी जणाय छे के तुं पुरुष छे.' त्यारे वधूनो वेष धारण करनार सुमित्रे जवाब आप्यो के-'हे प्राणनाथ! आ शुं लवो छो? शुं तमे तमारुं चेष्टित प्रकट करो छो? विवाहना उत्सवथी परणेली पत्नी मने चेटकविद्याथी पुरुषरुप करो छो; तेथी हुं हमणां मारा पिता पासे जइने कहीश के-हुं कुमारना प्रभावथी पुत्रीपणाने तजी दइने पुत्र थइ छुं.' ए प्रमाणे बोलवाथी 'आ केम बन्युं?' एम विचारतो भीमपुत्र व्यग्र चित्तवाळो थयो. ते अवसरे स्त्रीवेष धारण करनार सुमित्र रणसिंह कुमार पासे आव्यो, अने रात्रिनुं सर्व वृत्तांत कह्युं. ते कौतुक सांभळीने तेओ सर्व हस्ततालीं दइने हसवा लाग्या.

अहीं भीमपुत्र कनकसेन राजा पासे आवीने कह्युं के-'मारी साथे तमारी जे स्त्रीना लग्न थया ते तो पुत्र देखाय छे.' ते सांभळीने तेना सासु ससराए कह्युं के-'शुं आ तमारुं गांडा थइ गयो छे के आ प्रमाणे लवे छे? अथवा शुं कुनथी आवेशवान

थयो छे के जेणे आ प्रमाणे असंबंध बोले छे? पुत्र भवने विषे जीव मोक्ष नथी इहने पुत्रत्व प्राप्त थाय, एवा प्रकारनी प्रवृत्ति कोइ ठेकाणे थइ नथी अने थशे पण नहि. तेमज एवी वात सांभळवामां पण आवी नथी. तेम आ जमाइ पण असत्य शामाटे बोले? माटे ए पुरुषने कोइ भूत वळग्युं छे." ए प्रमाणे करी राजाए कमलवतीनी सर्वत्र शोध करावी, परंतु तेनो क्यांये कोइ ठेकाणे पत्तो मळ्यो नहि. त्यारे राजा अति शोकातुर थइ गयो. अने राणी पण पुत्रीना मोहने लीधे रुदन करती सती एवां वचनो बोलवा लागी के 'जे कोइ मारी पुत्रीने लावी आपशे तेनो अभिलाष हुं पूर्ण करीश.' तेथी केटलाक पण तैयार थया. परन्तु पत्तो न लागवाथी खिन्न थइने पाछा आव्या.

प्रातःकाळे एवो केटलेक कोइ पुरुषे कनकसेन राजा पासे आवीने कह्युं के–'हे स्वामिन! तें कमळवतीने अपहरणथी रणसिंह कुमारना प्रताप थकी प्राप्त करी होइ छे.' ते सांभळीने राजाथी तेना वेरी व्याकुळ थइ गयां हता एवो कनकसेन राजा चतुरंग सहित मोटुं लश्कर लइने त्यां आव्यो. अने रणसिंह कुमारनी साथे युद्ध आरंभ्युं. रणसिंह पण सिंहनी माफक युद्ध करवा लाग्यो. रणसिंह कुमारे थोडी वारमां सर्व सैन्यनी सहायथी भीमपुत्र सहित कनकसेन राजाने जीती लइने बंधने पकडी लीधा. ते वखते कमळवतीनी दासी कुंवरलाए आवीने सर्व वृत्तांत जणाव्यो. पछी कमळवती पण आवी अने पिताने प्रणाम करी बे हाथ जोडी उभी रही. कनकसेन राजाए भीमपुत्रनुं सर्व स्वरूप सांभळ्युं तेथी तेनाथी क्रोधायमान थइने तेनो घणो तिरस्कार कर्यो. कमळवतीए भीमपुत्रने पण छोडावी मूकाव्यो. कनकसेन राजा रणसिंह कुमारनुं युद्ध, धैर्य विगेरे जाणीने अति हर्षित थयो. पछी मोटा आडंबरथी कमळवतीनो विवाह कर्यो. केटलोक काळ सुधी त्यां रहीने पोतानी विगेरे आव्या. रणसिंह पण त्यां निरंतर सुख भोगवतो हतो. अनुक्रमे कमळवतीने पुत्रने पोताने देश पाछो आव्यो अने अनुक्रमे कमळवतीनी साथे निरंतर भोगसुख भोगवतो सुखमां काळ निर्गमन करवा लाग्यो.

[illegible]

ताने ए वात जणावी. तेणे पण 'तारी इच्छानुसार कर' एवी रजा आपी. पछी त्यां एक दुष्ट 'गंधमूषिका' नामनी कामण तथा वशीकरण विगेरेमां कुशळ एवी स्त्री रहेती हती. तेने बोलावीने रत्नवतीए कह्युं के–'हे माता! तु मारुं एक कार्य कर, ते कार्य ए छे के रणसिंह कुमार कमळवतीना उपर अति लब्ध थयेलो छे, तेथी एवुं करो के जेथी तेने कलंकथी दूषित मानीने कुमार घरमांथी काढी मूके.' ते सांभळीने परिव्राजिकाए ते वात कबूल करी अने बोली के–'एमां ते शुं मोटुं काम छे? ते हु अल्प काळमां करीश.' ए प्रमाणे वचन आपीने ते थोडा दिवसमां रणसिंह कुमार हता ते नगरमां आवी. त्यां ते अंतःपुरमां कनकवतीना मंदिरमां गइ, अने तेने रत्नवतीना कुशळ समाचार विगेरे निवेदन कर्युं. रत्नवतीना तरफथी समाचार लावेली होवाथी कनकवतीए तेने सन्मान आप्युं. पछी ते हमेशां अंतःपुरमां जवा लागी. अने कुतूहल विनोद विगेरे वार्ता करवा लागी. ते कमळवतीनी साथे विशेष वातचित करती हती, अने जेम कमलवतीनो तेना पर वधारे विश्वास उत्पन्न थाय तेम करती हती. दररोज जवा आववानुं करतां तेणे एक दिवस [illegible] विद्याथी कमळवतीना मंदिरने विषे परपुरुषने आवतो कुमारने बताव्यो. [illegible] तेना मनमां असर आव्युं नहि; ते तो विचार करवा लाग्यो के–'[illegible] शील [illegible] निष्कलंकित छे.' ए प्रमाणे घणीवार परपुरुषने आवतो [illegible] विचार्युं के 'शुं कमलवतो शीलथी स्खलित थइ हशे? के जेथी हुं [illegible] परपुरुषने आवतो जतो प्रत्यक्ष जोउं छुं.' तेणे कमलवतीने पूछ्युं के–'[illegible] मंदिरने विषे परपुरुषने आवतो जोउं छुं तेनुं शुं कारण?' [illegible] बोली के–'हे प्राणनाथ! हुं कांइ पण जाणती नथी. [illegible] ज्यारे [illegible] पूछो छो त्यारे ते मारां कर्मनो दोष छे. [illegible] छुं. माटे जो आपनी मारा उपर [illegible] 'अप्रमाण' वचन बोलवुं न घटे.' आ [illegible] विचार करवा लाग्यो के–'[illegible] जाणी नथी. [illegible] मारा मनने मोहित [illegible]? [illegible] अथवा [illegible] विचार करवाथी [illegible]

जनना उपाये करी मंत्रचूर्णादिनो योग करीने तेणे कुमारनुं मन विरक्त कर्युं. पारनुं मन जे पूर्वे कमलवतीना उपर गाढ प्यारमां लग्न हतुं तेने मंत्रचूर्णादिना प्रयोगथी तेना प्रत्ये अत्यंत अपमान कर्युं. कुमार लोकापवादथी डरीने विचार करवा लाग्यो के 'आ कमलवतीने तेना पिताने घरे मोकली दउं. अहीं राखवा लायक नथी.' ए प्रमाणे विचारीने तेणे सेवकोने बोलावी आज्ञा करी के 'तमे कमलवतीने रथमां बेसारीने तेना पिताने घेर मूकी आवो.' ए प्रमाणे सांभळीने सेवको विचार करवा लाग्या के–'आ आवुं अघटित केम करे छे? पण आपणने तो स्वामीनुं वाक्य उल्लंघन न थइ शके तेवुं छे.' ए प्रमाणे विचारीने तेओ कमलवतीनी पासे आवी बोल्या के–'हे स्वामिनी! तमारा पति वाटिकाने विषे बेठा छे ने तमने त्यां बोलावे छे. माटे रथमां बेसीने शीघ्र चालो.' ए प्रमाणे असत्य बोलीने तेओए तेने रथमां बेसारी. ते वखते कमलवतीनी जमणी आंख फरकी, तेथी ते विचारवा लागी के–'अत्यारे शुं अशुभ थशे? पण स्वामी ने बोलावे छे माटे जरूर जवुं. जे थवानुं होय ते थजो.' ए प्रमाणे विचारी व्यग्र चित्ते ते रथमां बेठी. सेवकोए रथने सत्वर चलाव्यो. कमलवतीए पूछयुं के–'मारा स्वामीथी अलंकृत सर्वेने उपवन केटलुं दूर छे?' त्यारे सेवके उत्तर आप्यो के–'वन नथी अने तमारो स्वामी पण नथी? कुमारे तमारा पिताने घेर तमने मूकी आववानी अमने आज्ञा आपी छे.' कमलवतीए कह्युं के–"अरे, मारे कुमारे आवुं गगनविनाश [illegible] परीक्षा कर्या विनानुं कार्य कर्युं छे तो दश-रथेथी तेने घणो पश्चात्ताप थशे, बाकी मारे तो जे कर्म उदयमां आव्यो तदनुं ते भोगववुं जोइए. कह्युं छे के 'करेला कर्मोनो क्षय क्रोडो वर्ष करीने पण थतो नथी. शुभ वा अशुभ जे कर्म कर्युं होय, ते अवश्य भोगववुं पडे छे.' परंतु हुं [illegible]थी अत्रे आ शुं थयुं?" आ प्रमाणे विचारती ते थोडा दिवसमां गाढ-[illegible]पुर नगरे आवी पहोंची. एटले कमलवती बोली के–"हे सारथि! तुं [illegible] रथने पाछो वाळ. हवे अहींथी मारो घेर [illegible] नथी. आ स्थानथी हुं परिचित छुं. अहींथी [illegible] स्थान [illegible] छे, त्यां हुं एकली [illegible] जइश." ए प्रमाणे सांभळी सारथि [illegible] करीने आंखमां आंसु लावी बोल्यो के–"हे स्वामिनी! तमे [illegible] धारण करनारा [illegible] छो. ते हुं आप [illegible] छुं. [illegible] तमने [illegible] छे. [illegible]!" ए प्रमाणे [illegible] के–"हे [illegible]! [illegible] ते सेवक छे ने [illegible] स्वामीनी आज्ञा [illegible] करेल छे. [illegible]

[illegible] [illegible]न कहे ने के ' शुं आ [illegible] [illegible] [illegible] मां[illegible] घा[illegible] [illegible]तीने वट [illegible] नीचे [illegible] [illegible] [illegible] पछी एकाए कदलवृती रोती ने विलाप [illegible] [illegible] [illegible] के-" हे [illegible]! तें आ अति कृर कार्य शुं आचर्युं ? [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] उत्पन्न थतुं दुःख तें मने शामाटे आप्युं ? में तारो शो अपराध कर्यो हतो! आ दुःख तो सर्व सहन थइ शके तेम छे, परंतु असत्य कलंक चडावीने भर्तारे मने घरमांथी काढी मूकी छेः तेथी मने महद् दुःख थाय छे. हुं शुं करुं ? क्यां जाउं हे माता! अहीं आवीने दुःखदावाग्निथी बळती तारी पुत्रीनुं रक्षण कर. अथवा तुं आवती नहि, कारण के मारुं दुःख जोइने तारुं हृदय फाटी जशे. हुं मंदभाग्यवती छुं. कारण के हुं कुमारावस्थामां पिताने वर शोधवानी चिंतानुं कारण थइ हती. पाणिग्रहण वखते पिताने बंधन विगेरेनुं कष्ट प्राप्त कराव्युं हतुं. अत्यारे पण आ सांभळीने ते पण दुःखी थशे." आ प्रमाणे अनेक रीते विलाप करती सती मनने विषे विचार करवा लागी के–' प्रथम मारा स्वामीए मारा शीलनी सारी रीते परीक्षा करी हती. परंतु एवुं जणाय छे के कोइ निष्कारण वैरीए अथवा भूतराक्षस विगेरेए इंद्रजाळनुं स्वरूप बतावीने मारा स्वामिनुं मन व्युद्ग्राहित करी नांख्युं छे. तेथी हमणा कलंकयुक्त मारे पिताने घेर जवुं सर्वथा युक्त नथी. हमणां तो जटिकाना प्रभावथी पुरुष रूप धारण करीने रहुं.कारण के पाका बदरी फळना जेवा स्त्रीशरीरने जोइने कोण भोगववानी इच्छा न करे ! कहुं छे के " तळावनुं पाणी पीवाने, तांबूल खावाने अने यौवनावस्थामां स्त्रीना शरीरने जोवाने कोण उत्सुक न थाय ? " मारे तो प्राणत्यागथी पण शीलनुं रक्षण करवुं ते श्रेष्ठ छे. कारण के आ संसारमां शील शिवाय बीजो परम पवित्र अने निष्कारण मित्र नथी. कहुं छे के–"शील ए निर्धननुं धन छे, अलंकाररहितनुं आभूषण छे,विदेशने विषे परम मित्र छे,अने आ भवमां तथा परभवमां सुख आपनारुं छे." वळी शीलना प्रभावथी प्रज्वलित अग्नि शांत थइ जाय छे अने सर्पआदिनो भय नाश पामी जायछे. आगममां पण कहुं छे के-" देव दानव, गंधर्व,यक्ष राक्षस अने किन्नर विगेरे ब्रह्मचारीने नमस्कार करे छे, कारणके ते दुष्कर कार्यना करनार छे." वळी " कोइ क्रोडोगमे सोनैयानुं दान दे अथवा सोनानुं जिनभुवन करावे तो पण जेटलुं पुण्य ब्रह्मव्रत धारण करनारने थाय छे तेटलुं तेने थतुं नथी."

आ प्रमाणे विचार करीने ते जटिकाना प्रभावथी ब्राह्मणनो वेष धारण करीने [illegible]पुरथी पश्चिम दिशाए आवेल 'चक्रधर' नामना गामनी समीपे चक्रधर [illegible]ना मंदिरमां पूजारीपणे रही, अने सुखे काळ निर्गमन करवा लागी.

हवे मारगीए रणसिंह कुमार पासे जइने कमळवती संबंधी सर्व वृत्तांत कह्युं, ते सांभळीने 'आ सर्व गंधमृगिकाना संघाडिनुं माहात्म्य छे' एवुं जाणी कुमार अत्यंत पश्चात्ताप करवा लाग्यो के–"में अधमे कुळने अनुचित एवुं आ शुं आचर्युं? के जेथी निर्दूषण एवी प्राणप्रियाने कलंक चडाव्युं. ते मारी प्राणप्रिया कमळाक्षी कमळवती शुं करती हशे? हुं शुं करुं? तेना विना सर्व शून्य लागे छे. [illegible] छतां, अग्नि छतां तथा नाना प्रकारना मणि छतां एक ते मृगाक्षी विना [illegible] सर्व अंधकारमय लागे छे.' फोगट जाणे ते मारी वल्लभा हवे मने क्यारे [illegible]? अधन्य एवो हुं लोकोने मुख शीरीते बतावी शकीश? मने धिक्कार छे! [illegible] ते विषे एवो माठो विचार आव्यो ते मारुं हृदय फूटी केम गयुं नहि? अने [illegible] जीभ शतखंड केम थइ गइ नहि, के जेणे तेने वनमां मूकी आववानी [illegible]? आ प्रमाणेनुं अकार्य करतां मारा माथा उपर वज्राघात केम तूटी पड्युं नहि? [illegible] वगरविचार्युं करेलुं कार्य महा अनर्थने माटेज थाय छे. नीतिशास्त्रमां पण [illegible] छे के "कोइ पण कार्य सहसा करवुं नहि. कारणके सहसा कार्य करनार [illegible] परम आपदानुं स्थान [illegible] छे, अने विचारीने काम करनारा [illegible] प्राणीओ स्वयमेव संपदाने पामे छे." पण हवे आ प्रमाणे शोच कर[illegible] शुं? विचारवानी जरूर ए छे के आ कार्य कोनाथी थयुं?" ए प्रमाणे [illegible] करता तेणे गंधमृगिका उपर रखाना [illegible] सांभळ्या. एटले 'स्वकीय कार्य गोपवीने करेलुं छे' एम [illegible] सुधी विचारवा लाग्यो.

हवे गंधमृगिकाए मोकलेली [illegible] [illegible] कुमारनुं [illegible] [illegible] [illegible] पण [illegible] कशी बताव्युं. [illegible] [illegible] [illegible] [illegible] तेणे [illegible] [illegible] पुरंदर राजाने कह्युं के–"हे स्वामिन! रणसिंह कुमारने तेडावो." एटले [illegible] राजाए [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] त्यां आवीने कह्युं के–"हे स्वामिन! [illegible] [illegible] पाणिग्रहण कर्यां [illegible] [illegible] [illegible] [illegible] अनुचित [illegible] छे, तेथी [illegible] [illegible] कर्यां छे; [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] छे, तेथी हवे [illegible] [illegible] [illegible] कुमारने बोलावो." [illegible] कुमारने बोलावी [illegible] कह्युं के–"[illegible] [illegible] [illegible]." [illegible]

पूजा करवा चाल्या, ते वखते तेमनी जमणी चक्षु फरकी, तेथी ते विचारवा लाग्योके–'आज कोइ इष्टनो संयोग थशे, परंतु कमलवती विना मने बीजुं कंइ इष्ट नथी; तेथी जो ते मळी आवे, तो खरो इष्ट लाभ प्राप्त थयो मानुं.' ए प्रमाणे विचारे छे, तेवामां पुष्पवटुक रूपधारक कमळवतीए पुष्प लावीने कुमारना हस्तमां मूक्यां. कुमारे तेने योग्य मूल्य आप्युं. पछी पुष्पवटुके विचार्युं के–'आ रणसिंह कुमार रत्नवतीना पाणिग्रहणार्थे जता जणाय छे.' कमळवती कुमारने जोइ अति हर्षित थइ. कुमार पण पुष्पवटुक रूप धरनारी कमळवतीने पुनः पुनः जोतो सतो विचार करवा लाग्यो के–'आ मारी प्राणवल्लभा कमलवतीना जेवो देखाय छे. एने जोईने मारुं मन अति प्रफुल्लित थायछे.' ए प्रमाणे चिन्तन करतो विस्मयथी तेने पुनः पुनः जोतां पण तृप्त थयो नहि. कमलवती पण स्नेह करीने पोताना प्रियने निरखवा लागी. पछी कुमार वटुकने साथे लइने पोताना मुकामे आव्यो, अने भोजन विगेरेथी भक्तिपूर्वक तेनुं बहु सन्मान करीने तेने पोतानी पासे बेसाड्यो. पछी कुमार तेने कहेवा लाग्यो के–'हे वटुक! तारुं अंग फरीफरीने जोतां छतां मने तृप्ति थती नथी. तारुं दर्शन मने अतिशय इष्ट लागे छे.' वटुक बोल्यो के–'हे स्वामिन्! ए सत्य छे. जेम चंद्रनी कांतिना दर्शनथी चांद्रोत्पलमांथी अमृत स्रवे छे, बीजामांथी स्रवतुं नथी, तेम आ संसारमां पण जे जेनो वल्लभ होय छे, तेने जोवाथी तृप्ति थतीज नथी' कुमारे कह्युं के–'मारे आगळ जवानुं खास कारण छे, परंतु तारा प्रेमनी शृंखलाथी बंधायेल मारुं मन एक पगलुं पण आगळ भरवाने उत्साहित थतुं नथी; तेथी कृपा करी तुं मारी साथे चाल. पाछो हुं तने अहीं अवश्य लावीश.' ए प्रमाणे सांभळीने वटुक बोल्यो के–'मारे अं हमेशां चक्रधर देवनी पूजा करवानी छे, तेथी माराथी केम आवी शकाय? वळी दंभरहित व्रत धारण करनार मने त्यां आववानुं प्रयोजन पण शुं छे?' कुमारे कह्युं के–'जोके तारे कंइ पण कार्य नथी तोपण मारा उपर कृपा करीने तारे आववुं जोइए.' कुमारना आग्रहथी तेणे ते कबुल कर्युं, अने तेनी साथे आगळ चाल्यो. मार्गमां जतां कुमारने वटुकनी साथे घणी प्रीति बंधाणी. एक क्षण पण ते तेनो संग छोडतो नथी. तेनी साथेज बेसवुं, उठवुं, चालवुं ने सुवुं विगेरे करे छे. शरीरनी छायानी जेम तेओ बन्ने एक क्षण पण नोखा पडतां नथी. दूध ने जळनी जेवी तेओने मैत्री थइ छे. कह्युं छे के–"दूधे पोतानी साथे मिश्रित थयेल जळने पोताना सर्व गुण आप्या. पछी दूधने ताप उपर चडावेलुं जोइने जळे पोतानी जातने अग्निमां नांखी, अर्थात् पोते बळवा मांड्युं; ते वखते पोताना मित्रने आपत्तिमां जोइने दूध उछळीने अग्निमां पडवा तैयार थयुं. तेने पाछुं

तेमा मित्र साथे मेळव्युं अर्थात् पाणी छांटयुं त्यारे ते शांत थयुं. सारा माणसोनी मैत्री एवा प्रकारनी होय छे."

एकदा कुमार बटुकने कहेवा लाग्यो के–'हे मित्र ! मारुं मन मारी पासे नथी.' तेणे पूछयुं के–'ते क्यां गयुं छे ?' कुमारे कह्युं के–'ते मारी वल्लभा कमलवतीनी साथे गयुं छे.' तेणे पूछयुं के–'कमलवती क्यां गइ छे ?' कुमारे कह्युं के–'मारा जेवा मंदभाग्यवाळाना घरने विषे एवुं स्त्रीरत्न क्यांथी रहे ? दैवथी जेनुं मन नष्ट थयेलुं छे एवा में ते निरपराधी बाळाने काढी मूकी. ते क्यां गइ हशे !' बटुके कह्युं के–'जेने माटे तुं आटलो बधो खेद करे छे ते केवी हती ?' कुमार नेत्रमां अश्रु सहित कहेवा लाग्यो के–'हे मित्र ! तेना गुणो एक [illegible]भथी गणवाने केवी रीते शक्तिवान थवाय ? सर्व गुणनुं भाजन ते स्त्री हती. [illegible] तेना विना सर्व संसार शून्य लागे छे. परंतु तारा दर्शनथी मने आनंद [illegible]पन्न थाय छे.' त्यारे बटुके कह्युं के–'हे सुंदर ! आटलो बधो पश्चात्ताप [illegible]वो उचित नथी, कारणके विधिए निर्माण करेल कार्य निवारवाने कोण [illegible]क्तिवान छे ? कह्युं छे के–'विधि अघटित घटनाने घटावे छे ने सुघटित घटनाने [illegible]रीभूत करे छे; जेने माटे मनुष्यजातने विचार पण आवी शकतो नथी तेवी [illegible]ना विधि घटावे छे.' तो आ प्रमाणे बहु शोक करवाथी शो लाभ छे ?"

हवे एक दिवसे कुमार मित्र सहित सोमपुरीए पहोंच्या. पुरुषोत्तम राजा [illegible] उत्सवथी तेनी सन्मुख गया. अने जमाइने मोटा आडंबरथी पोताना नग[illegible] विषे प्रवेश कराव्यो. पछी शुभ मुहूर्ते रत्नवतीनुं पाणिग्रहण कराव्युं. पुरुषो[illegible] राजाए पहेरामणीमां घणा हाथी घोडा प्रमुख विगेरे आप्यां. त्यां [illegible] कुमार [illegible]शुरे आपेल आवासमां रहेतो थको रत्नवती साथे विषयसुख भोगववा लाग्यो.

एकदा रत्नवतीए तेने पूछयुं के–'हे प्राणनाथ ! ते कमलवती केवी हती के जे [illegible] गइ छतां पण आपना चित्तने छोडती नथी. अने जेने माटे पाणिग्रहणार्थे [illegible] आवतां मार्गमां [illegible] पण घणा [illegible] हता ?' कुमार बोल्यो के–'हे [illegible] ! आ त्रिभुवनने विषे एना जेवी बीजी कोइ स्त्री नथी. तेना गुणना व्याख्[illegible]नुं शुं वर्णन करुं ! [illegible]

[illegible]

[illegible]

[illegible] नहि."

आ प्रमाणेनां कुमारनां वचन सांभळीने रत्नवती रोषथी बोली के-"हे ... कर्युं ? ते दुष्ट स्त्रीने केवी शिक्षा आपी ' अहींथी गंधमूषिकाने बोलावी, ते ... मेंज कर्युं हतुं. जेवी ते तमारी इष्ट हती. ... तेना गुणो वारंवार गाया करेलो" ए प्रमाणे सांभळीने कुमार कमलवतीने तदन निष्कलंक मानी, क्रोधथी लालचोळ थइ, रत्नवतीने हस्तथी पकडी, लात मारी, तिरस्कार करीने बोल्यो के-"हे मलिन कर्म करनारी ! तने धिक्कार छे ! तें आज्ञा आपीने कुकर्म कराव्युं, पण तेथी तें तारा पोताना जीवनेज दुःख समुद्रमां नांख्यो छे. तारा जेवी स्त्रीना करतां कुतरी पण सारी छे, के ते भसती होय पण अन्न आपवाथी वश थाय छे ने भसती नथी. परंतु बहुमानिता एवी पण मानिनी (स्त्री) कदि पण पोतानी थती नथी.?" ए प्रमाणे कहीने पछी विचारवा लाग्यो के-'अरे ! वृथा कलंकचिंतामां पटेली मारी प्रिया कमलवती जरूर मृत्युवश थइ हशे, तो हवे मारा आ जीवनथी सर्युं !' ए प्रमाणे विचार करी तेणे पोताना सेवकोने आज्ञा करी के-'तमे मारा आवासनी पासे एक मोटी चिता रचो, के जेथी कमलवतीना विरहथी दुःखी थयेलो हुं तेमां पडीने मरण पामुं.' ए प्रमाणे कही पराणे चिता करावी, अने सर्व जणाए वार्या छतां वळी मरवा चाल्यो. अहीं पुरुषोत्तम राजाए ते वात सांभळी, एटले प्रथम तो कुडकपटनी पेटी, मिथ्या कलंक चडावनारी, अकार्य करनारी अने नरकगतिमां जनारी एवी गंधमूषिकाने घणी कदर्थना करावी, मानरहित करी, अपमान अपावी, रासभ उपर बेसाडीने नगरनी बहार काढी मूकी; स्त्रीजाति होवाथी मारी नखावी नहि. पछी ते कुमार पासे आव्यो. त्यां तेणे तथा सार्थवाह आदि जनोए कुमारने बहु प्रकारे वार्यो छतां ते चिता समीप आव्यो. राजा आदि जन विचार करवा लाग्या के-' मोटो अनर्थ थशे, एक स्त्रीना वियोगथी आवु पुरु परत्न मृत्यु पामशे.' आ प्रमाणे विचारी कुमारने चितामां पडवाने तैयार थयेल जोइने पुरुषोत्तम राजा बटुक समीपे जइ कहेवा लाग्यो के-' हे आर्य ! आ कुमार तारुं वाक्य उल्लंघन करता नथी, तेथी एवी विज्ञप्ति कर के जेथी ते आ पापकार्यथी पाछो फरे.' पछी बटुक कुमार प्रत्ये बोल्यो के-"हे भद्र ! उत्तम कुळमां उत्पन्न थया छतां आवुं नीच कुळने उचित कर्म केम करो छो ? तमारा जेवा सदाचारी पुरुषने ए घटित नथी. अग्निप्रवेश आदिना मृत्युथी अनंत संसारनी वृद्धि थाय छे. तेमां पण मोहातुर थइने मरवुं ते तो अति दुःखदायी छे. वळी हे मि तमे मने प्रथम कह्युं हतुं के 'हुं तने चक्रधर गामनी समीपे पाछो पहोंचाडीश' ते तमा वचन अन्यथा थाय छे. तेमज मृत्यु पामेलो कमलवतीनी पाछळ मरवाने इच्छो छो, पण व्यर्थ छे.

कारण के जीव पोताना कर्म गति परभवने विषे जाय छे. जीवोनी चोराशी लाख योनि छे, तेथी तेओनी गति एक नथी; वळी ते बहुलकर्मीने जीवनी गति थाय छे. पंडित पुरुषे सारुं अथवा नरसुं कार्य करतां पहेलां परिणामनो विचार करीनेज करवुं जोइए. अकस्मात् [illegible] विचारे करेलुं कार्य आगळ उपर मनुष्यने केवुं दुःखदायक नीवडे छे. तेथी आ मारा वचनथी पाछा वळो; कारण के 'जीवतो नर भद्रा पामे' एवुं छे.' वळी जो तमे मारी वात सांभळीने महाराज प्राणनुं रक्षण करशो, तो कदाचित् तमने अप्सराओनो संयोग पण प्राप्त थशे; पण जो मरण पामशो तो [illegible] प्राणत्याग करशो. तो तेनो संभव दुर्लभ छे." आ प्रमाणेनी वकुलनी वाणी सांभळीने राजकुमारीने मळवानी तीव्र अभिलाषा जेना हृदयमां छलकाती छे एवो कुमार कहेवा लाग्यो के–' हे मित्र! शुं तें मारी विद्या-ने जोइ छे? अथवा शुं ते जोइने एवुं बोलवा तने कहुं छे? अथवा ज्ञानना बळथी शुं जाणे छे के ते मळशे के नहि? तुं मने अहिंयां पडतो अटकावे छे तेनुं कारण शुं छे? ते कहे.' वकुल बोल्यो के–' हे कुमार! तमारी दिव्य अदृश्यनी विद्यानी शक्ति छे एम हुं मानतो जाणुं छुं. तेथी जो तमे कहो तो मारा आत्माने विद्याना-नी शक्ति बोलावीने अदृश्यपणे अहीं लइ आवुं.' त्यारे कुमारे कह्युं के–' जो ए वर्ष सत्य होय तो तेमां जरा पण विलंब कर नहि. त्यारे हुं अदृश्यपणे जोइश त्यारे मारो आ जन्म कृतार्थ मानीश.' त्यारे वकुल बोल्यो के–' हे कुंवर! द-क्षिणा विना मंत्रविद्या आदि केवी रीते सिद्ध थइ शके?' त्यारे कुमारे कह्युं के–' हे मित्र! प्रथम में तने मारुं सर्वस्व अर्पण करेल छे, हवे मारा प्राण पण तारे आधीन छे; तो पछी हवे तेथी वधारे बीजी शी दक्षिणा आपुं?' वकुले कह्युं के–'ठीक छे मानी. पण हुं त्यारे जे कांइ तमारी पासे मागुं ते त्यारे आपवुं पडशे.' कुमारे कह्युं के–' हुं तने ए आपुं छुं एम हुं मानीश. वळी [illegible] शो? परंतु तुं हवे मारी प्रिया [illegible] लाव.' ए प्रमाणे कहेवाथी वकुले भीलो-निनी आगळथी कांइ मंत्र जपीने [illegible]. पछी ते कन्याना [illegible] करतो हतो. कुमार पण त्यां [illegible] थइने [illegible] लाग्यो. [illegible] कन्यादर्शनने माटे उत्कंठित थया. पछी ' [illegible] कन्यानी पासे आववानो [illegible] [illegible] [illegible]

[illegible]

भयो. कमलवतीए विचार्यु के " [illegible] नथी, तेना तरफ ते अत्यंत निःस्नेही [illegible] बोलाय. जोके तेणे अपराध कर्यो छे तो पण मारे ते विषे विचार करवो योग्य नथी. कारणके उपकारीना प्रति प्रत्युपकार करवो एमां कांइ आश्चर्य नथी, पण अपकार करवावाळानी उपर उपकार करवो एज सत्पुरुषोनुं लक्षण छे." कह्युं छे के–" उपकार करवावाळा उपर या मत्सर विनाना मनुष्य उपर दया बताववा मां आवे तेमां विशेषपणुं शुं छे! पण जे अहित करनार प्रति तेमज गरुआ अपराध करनार प्रत्ये दया बतावे तेज सत्पुरुषोमां अग्रणी छे." ए प्रमाणे विचार करी कमलवतीए कुमार पासे वरदान माग्युं. कुमारे कह्युं के–' जे तारी इच्छा होय ते मागी ले.' कमलवती बोली के–' जो तमे इच्छित वस्तुने अर्पण करता हो तो मारी उपर जेवा स्नेहवाळा छो तेवा रत्नवती प्रति स्नेहवंत थाओ जोके तेणे अपराध कर्यो छे तो पण ते क्षमा करवा योग्य छे. कारणके तमो उत्तम कुळमां उत्पन्न थया छो अने कुळवान पुरुषोने चिरकाळ सुधी क्रोध राखवो घटतो नथी. कह्युं छे के " कुळवान पुरुषने क्रोध थतो नथी, कदाच थाय तो ते लांबा काळ सुधी रहेतो नथी, जो कदाच लांबो काळ सुधी रहे तो ते फळतो नथी. तेथी सत्पुरुषोनो कोप नीच जनोना स्नेह जेवो छे." वळी स्त्रीओनुं हृदय प्रायें निर्दय होय छे. कह्युं छे के-'असत्य. साहस, माया. मूर्खत्व, अतिलोभ, अस्वच्छता अने निर्दयपणुं ए स्त्रीओना स्वाभाविक दोषो छे. पोताना स्वार्थ साधवाने माटे ते नीच आचरण आचरे छे." आ प्रमाणे कमळवतीना कहेवाथी कुमारे रत्नवतीनुं पण सन्मान कर्युं. पछी केटलाक दिवस त्यां रहीने पुरुषोत्तम राजानी आज्ञा लइ कुमारे कनकपुर तरफ प्रयाण कर्युं. पिताए रत्नवतीने घणा दास,दासी,

अलंकार, द्रव्य विगेरे आपीने विदाय करी अने कुमारने पण घणा आप्यो. अश्व-रथ, पायदळ, सुवर्ण, मोती विगेरे अनेक दीधां.

रणसिंहे कनकवतीने लईने [illegible] सहित शुभ दिवसे प्रयाण कर्युं. अनुक्रमे पाडलीखंडपुर समीपे आव्या. त्यां जेणे पोतानी पुत्रीनुं सर्व वृत्तांत जाण्युं छे एवो कनकसेन राजा सन्मुख आवी महोत्सव पूर्वक कुमारने पोताना घेर लई गयो. कनकवतीने पण बहु सन्मान आप्युं. नगरना लोकोए तेनी घणी प्रशंसा करी. तेनी माताए पण स्नेहथी तेने आलिंगन कर्युं. पछी घणा दिवसो त्यां रहीने कुमार कनकपुर नगर चाल्यो. [illegible] राजा पण कुमारनुं आगमन सांभळीने आनंद सहित सन्मुख आव्यो. [illegible] मळ्यां अने कुमारने नगरमां प्रवेश कराव्यो. ते समये घणा पुरुषो तथा स्त्रीओ तेमने जोवाने आव्या. तेओ परस्पर आनंद सहित बोलवा लाग्या के—"आ रत्नवतीने [illegible] पोताना [illegible] [illegible] कुमार [illegible] [illegible] [illegible] आलिंगन [illegible] [illegible] [illegible]

[illegible]

अहीं तहीं फरता हता तेओना जोवामां आव्यो. तेओए तेने पूछयुं के-'तारी केडे आ शुं बांध्युं छे ?' तेणे उत्तर आप्यो के-'चोभडुं छे.' राजसेवकोए तपासतां मस्तक दीठुं एटले तेने चोर धारी बांधीने प्रधान समीपे लइ गया. प्रधाने कह्युं के-'अरे तने धिकार छे ! तें दुर्गनिना कारणरूप बाळकने मारवानुं काम शा माटे कर्युं?' तेणे कह्युं के-'स्वामिन ! हुं कंइ जाणतो नथी.' आटलुं कहेवा उपरांत घडइ घडइत्ति एटलुं ते बोल्यो. तेथी तेने राजानी समीपे लइ जवामां आव्यो. राजाए पूछयुं के-'अरे ! आ कार्य तें शामाटे कर्युं ?' त्यारे तेणे 'घडइ घडइत्ति' एटलोज उत्तर आप्यो. राजाए कह्युं के-' अरे मूर्ख ! वारंवार 'घडइ घडइत्ति ' ए शब्दो केम बोले छे ? तेनो परमार्थ कहे." अर्जुन बोल्यो के-'हे स्वामी ! आ स्थितिमां हुं तेनो परमार्थ कहीश तोपण ते कोण सत्य मानशे. वळी कोण जाणे हजु पण मारा कर्मथी पुनः शुं बनशे ? माटे हुं कांइ परमार्थ जाणतो नथी.' ते सांभळी दुर्गपाळना पुरुषोए कह्युं के-"आ कोइ धृष्ट जणाय छे, केमके अमे तेनी पासेथीज साक्षात् मस्तक कढाव्युं छे छतां ते सत्य बोलतो नथी ने 'घडइ घडइत्ति' एवो उत्तर आपे छे" राजाए पण क्रोधथी 'तेने शूलीये चढावो' एवी आज्ञा आपी. सेवको तेने लइने शूली पासे आव्या. ते समये कोइ एक विकराळ रूपधारी पुरुष आवीने कहेवा लाग्यो के-'हे माणसो ! जो तमे आने हणशो तो हुं तमने सर्वने हणी नाखीश.' ए प्रमाणे कहेवाथी तेनी साथे राजपुरुषोने युद्ध थयुं. तेणे सर्वने हांकी काढया. तेओ नासीने राजा पासे आव्या. तेओनी पासेथी बनेल वृत्तांत सांभळी राजा पोते युद्ध करवा नीकळ्यो. ते वखते तेने एक कोस प्रमाण पोतानुं शरीर विकुर्व्युं. ते जोइ राजाए विचार कर्यो के-'आ कोइ मनुष्य नथी, आ तो कोइ यक्ष के राक्षस होय एम जणाय छे; पछी धूप उखेवबा विगेरेथी तेनी पूजा करीने कह्युं के-' तमे अमारा अपराधने क्षमा करो.' एटले ते प्रत्यक्ष थइ पोतानुं शरीर नानुं करीने बोल्यो के-'हे राजन् ! सांभळ मारुं नाम दुषमकाळ छे. लोको मने कलि पण कहे छे हमणा भरतक्षेत्रने विषे मारुं राज्य प्रवर्ते छे. महावीर स्वामीना निर्वाण पछी त्रण वर्षने साडा आठ महिना वीत्या बाद मारुं राज्य प्रवर्तेलुं छे. मारा राज्यमां आ खेडुते आवो अन्याय केम कर्यो ? कारणके तेणे शून्य क्षेत्रमां चमणुं मूल्य मूकीने एक चीभडुं शा माटे लीधुं ? तेथी ते मारो चोर छे. एटले चोभडाने बदले मस्तक बतावीने में प्रत्यक्ष एने शिक्षा आपी छे. हवे पछी कोइ पण एवो अन्याय करशे तो तेने हुं संकटमां नाखीश." पछी श्रेष्ठीपुत्र पण जीवतो थयो, अने ते राजानी

समीपे आव्यां. राजाए तेने पोताना खोळामां बेसाड्यां. अर्जुननुं पण घणुं सन्मान कर्युं; पछी कलिए राजाने पोतानुं सर्व माहात्म्य कहीने उत्कंठ थई कहे- 'हे राजन ! तारा राज्यमां रामचंद्र राजानी जेम न्यायधर्मनुं पालन केम करे छे ! हवे पछी जो तेम करीश तो ते न्यायधर्माचरणना निमित्तेज हुं तने दुःखी करीश.' आ प्रमाणे कहीने तेणे राजाने छळ्यो. पछी कलि अदृश्य थयो. सर्व पोतपोताना स्थाने गया. अर्जुन पण पोताने स्थाने गयो.

त्यांथी रणसिंह राजा प्रत्यक्ष अनीति जोइने न्यायधर्म तजी अन्याय आचरणमां तत्पर थयो. लोकोए विचार्युं के-'राजाने शुं थयुं छे के जेथी ते आवो अन्याय आचरे छे? तेने वारवाने कोइ समर्थ नथी.' ते समये तेनो [illegible] मां आवी पहेलां पोताना भाणेज रणसिंह कुमारने प्रतिबोध आपवाने माटे श्री जिनदास गणि ते नगरना उपवनने विषे पधार्या. राजा पण परिवार सहित वंदन करवा गयो. विनय पूर्वक नमस्कार करी बे हाथ जोडीने ते आगळ बेठो. गुरुए पण सकळ क्लेशनो नाश करनारी देशना आपी. तेमां कह्युं के-'हे राजन ! [illegible] परंतु आ प्रकारे संसारने विषे [illegible] सुख दुःख प्राप्त थाय छे.' कह्युं छे के-"कर्मना उदय- [illegible]

[illegible]

चला लक्ष्मीश्चलाः प्राणा–श्चलं चंचलयौवनं ।
चलाचलेस्मिन्संसारे, धर्म एको हि निश्चलः ॥

" लक्ष्मी चपळ छे, प्राण चपल छे,चंचल एवुं यौवन पण चपळ छे; एवा चळाचळ संसारमां धर्म एकज निश्चळ छे."

आ प्रमाणे विचारी घरे आवीने रणसिंह राजा न्याय अने धर्मनी प्रतिपालना करवा लाग्यो पछी केटलेक काळे कमळवतीना पुत्रने राज्ये स्थापन करीने श्रीमुनिचंद्र सूरी पासे रणसिंह राजाए चारित्र ग्रहण कर्युं; अने विशुद्धचारित्रनुं आराधन करी काळधर्म पामीने देवलोकमां देवपणे उत्पन्न थया.

कमळवतीना पुत्रे पण आ उपदेशमाळा कंठे करी अने सर्व लोकोए पण तेनुं पठन पाठन कर्युं. ए प्रमाणे अनुक्रमे पठन पाठनना क्रममां चालतो आ उपदेशमाळा अद्यापि विजय पामे छे.

आ उपदेशमाळाप्रकरण पोताना पुत्रने प्रतिबोध पमाडवा माटे श्रीधर्मदास गणिए रचेलुं छे;तेनुं रहस्य अन्य बुद्धिमान जनोए सम्यग् प्रकारे धारण करवुं. आ प्रमाणे वृद्धोक्त संप्रदाय बताव्यो. हवे ते उपदेशमाळानी गाथाओनो अर्थ विगेरे कहेवामां आवशे.

इत्युपदेशमालायां प्रथम रणसिंहनृपस्यमूलसंबंधः।

चला लक्ष्मीश्चलाः प्राणा–श्चलं चंचलयौवनं ।
चलाचलेस्मिन्संसारे, धर्म एको हि निश्चलः ॥

" लक्ष्मी चपळ छे, प्राण चपल छे,चंचळ एवुं यौवन पण चपळ छे; एवा चळाचळ संसारमां धर्म एकज निश्चळ छे."

आ प्रमाणे विचारी घरे आवीने रणसिंह राजा न्याय अने धर्मनी प्रतिपालना करवा लाग्यो पछी केटलेक काळे कमळवतीना पुत्रने राज्ये स्थापन करीने श्रीमुनिचंद्र सूरी पासे रणसिंह राजाए चारित्र ग्रहण कर्युं; अने विशुद्धचारित्रनुं आराधन करी काळधर्म पामीने देवलोकमां देवपणे उत्पन्न थया.

कमळवतीना पुत्रे पण आ उपदेशमाळा कंठे करी अने सर्व लोकोए पण तेनुं पठन पाठन थयुं. ए प्रमाणे अनुक्रमे पठन पाठनना क्रममां चालतो आ उपदेशमाळा अद्यापि विजय पामे छे.

आ उपदेशमाळाप्रकरण पोताना पुत्रने प्रतिबोध पमाडवा माटे श्रीधर्मदास गणिए रचेलुं छे;तेनुं रहस्य अन्य बुद्धिमान जनोए सम्यग् प्रकारे धारण करवुं. आ प्रमाणे वृद्धोक्त संप्रदाय बताव्यो. हवे ते उपदेशमाळानी गाथाओनो अर्थ विगेरे कहेवामां आवशे.

इत्युपदेशमालायां प्रथम रणसिंहनृपस्यमूलसंबंधः।

उपदेशमाळा भाषांतर प्रारंभ.

(टीकाकारनुं मंगलाचरण)

नत्वा विभुं सकलकामितदानदक्षम् ।
शंखेश्वरं जिनवरं जनतासुपक्षम् ॥
कुर्वे सुबोधितपदामुपदेशमालाम् ।
बालावबोधकरणक्षमटीप्पनेन ॥ १ ॥

" सकळ इच्छित दान आपवामां कुशळ तथा सुपक्षने उत्पन्न करनार (बताव-नार) एवा जिनेश्वर श्री शंखेश्वर प्रभुने नमस्कार करीने बाळजीवोने बोध थइ शके (सरल) टीप्पन (टीका) वडे उपदेशमाळा सुखे बोध थाय तेवा पदवाळी करुं छुं."

मूळ गाथा.

नमिऊण जिणवरिंदे, इंदनरिंदच्चिए तिलोअगुरू ॥
उवएसमाल मिणमो, वुच्छामि गुरूवएसेणं ॥ १ ॥

शब्दार्थ—" देवेन्द्रो ने नरेन्द्रोए पूजेला अने त्रिलोकना गुरु एवा जिनवरे-न्द्रने नमस्कार करीने तीर्थंकर अने गणधर आदि गुरुओना उपदेशथी हुं आ उपदेशमाळा कहुं छुं. " १.

भावार्थ—आ गाथामां प्रथम पदे करीने श्री जिनेश्वरने नमस्कार करवा रूप मंगलाचरण कर्युं छे. बीजा पदमां जिनेश्वरनां विशेषणो कह्यां छे. त्रीजा पदमां अभिधेय बतावेल छे, अने चोथा पदमां अहं ना अध्याहारवडे आ ग्रंथनी पो... आत करे छे एम बताव्युं छे. तेमां अहं एटले हुं धर्मदासगणि क्षमाश्रमण आ उपदेशमाळा रचुं छुं एम समजवुं. ते पण पोतानी बुद्धिए नहि पण तीर्थंकर ग-णधरादिना उपदेशवडे कहुं छुं. आम कहेवावडे ग्रंथनी आप्तता बतावी छे.
बीजी गाथामां पण मंगळाचरण करे छे ते आ प्रमाणे—

जगचूडामणिभूओ, उसभो वीरो तिलोअसिरितिलओ ॥
एगो लोगाइच्चो एगो चक्खू तिहुअणस्स ॥ २ ॥

शब्दार्थ–" जगतमां मुकुटमणि समान श्री ऋषभदेव तथा त्रिलोकना मस्तके तिलक समान श्री वीरभगवंत छे. तेमां एक लोकमां सूर्य समान छे अने एक त्रिभुवनना चक्षुभूत छे. " २.

भावार्थ–आ अवसर्पिणिना त्रीजा आराने छेडे धर्मना प्रथम उपदेशक होवाथी श्री ऋषभदेवने जगतना मुकुटमणि तुल्य कह्या छे तथा चोथा आराना छेवटे थएला चोवीशमा तीर्थंकर श्री वीरपरमात्माने तिलकनी उपमा आपी छे. तिलकवडे जेम मुख शोभे तेम श्री वीरभगवंतथी आ जगत बधुं शोभे छे. वळी सकळ मार्गना देखाडनारा होवाथी प्रथम तीर्थंकरने आदित्यनी उपमा आपी छे, अने जगतजीवोने ज्ञाननेत्रना दाता होवाथी चरम तीर्थंकरने चक्षुनी उपमा आपी छे.

हवे ते बे प्रभुनां चरित्रवडे तप करवानो उपदेश आपे छे–

संवच्छर मुसभजिणो, छम्मासा वद्धमाण जिणचंदो ॥

इअ विहरिया निरसणा, जइज्जए उवमाणेणं ॥ ३ ॥

शब्दार्थ–" ऋषभदेव एक वर्ष सुधी अने वर्धमान स्वामी छ मास सुधी–ए प्रमाणे आहारपाणी रहित विचर्या छे. ते दृष्टांते करीने (बीजाओए पण) तपकर्ममां प्रवर्तवुं–उद्यम करवो. " ३.

भावार्थ–आ गाथामां सर्व गुणवडे प्रधान होवाथी श्री वर्धमान स्वामीने जिनचंद्रनी उपमा आपी छे. श्री ऋषभदेवने महावीर स्वामीए करेला उत्कृष्ट तपनुं दृष्टांत आपीने गुरुशिष्यने उपदेश आपे छे के एवा तीर्थंकर भगवंते पण आवो उत्कृष्ट तप कर्यो छे, तो तमारे पण तप करवामां यथाशक्ति जरूर उद्यम करवो. केमके उत्तम पुरुषना दृष्टांतवडे बीजाओए प्रवर्तवुं योग्य छे.

हवे वीरपरमात्माना दृष्टांतवडे क्षमा राखवानो उपदेश आपे छे–

जइ ता तिलोअनाहो, विसहइ बहुआइं असरिस जणस्स ॥

इअ जीयंतकराइं, एस खमा सव्वसाहूणं ॥ ४ ॥

शब्दार्थ–" जो प्रथम त्रण लोकना नाथ तीर्थंकरोए असदृश जनोना–नीच जनोना जीवितनो अंत करे एवा घणा (दुष्ट चेष्टितो) सहन कर्या तो तेवी क्षमा सर्व साधुओए पण करवी." ४.

गाथा ३–छ मासे. ओयमाणेण.

भावार्थ—संगमादि देवोने करेला तेमज बीजा गोपादिना करेला प्राणांत करे तेवा उपसर्गो भगवंत श्री महावीर स्वामीए अनंत शक्तिमान छतां सहन कर्या क्षमा राखी–तेना पर क्रोध कर्यो नहि. ए प्रकारनी क्षमा सर्व मुनिओए पण धारण करवी, एटले भगवंतनुं अनुष्ठान हृदयमां धारण करीने प्राकृत जनोना करेला ताडन तर्जनादि मुनिओए पण सहन करवा. इत्युपदेशः

भगवंतनी दृढता संबंधे कहे छे—

न चइज्जइ चालेउं, महइ महा वद्धमाण जिणचंदो ॥
उवसग्ग सहस्सेहिंवि, मेरु जहा वायगुंजाहिं ॥ ५ ॥

शब्दार्थ—"मेरु पर्वत जेम गुंजारव करता प्रबळ वायुथी चलायमान न थाय तेम महइ एटले मोक्षने विषे ज करी छे मति जेमणे एवा महान वर्द्धमान जिनचंद्र हजारो उपसर्गवडे पण चलावी शकाया नहि." ५.

भावार्थ—मेरु पर्वतनी जेम देवमनुष्यना करेला हजारो उपसर्गथी पण वीरप्रभु चलायमान थया नहि; कारण के तेमने ध्यानथी चलाववाने–क्षोभ पमाडवाने कोइ पण शक्तिवान नथी. तेथीज तेमनुं नाम देवोए 'वीर' एवुं पाडयुं छे. आ दृष्टांत ध्यानमां राखीने अन्य साधुओए पण प्राणांतकारी उपसर्ग थया छतां ध्यानथी चळवुं नहि. इत्युपदेशः

हवे विनय गुणनी प्राधान्यता बतावबा माटे कहे छे—

भद्दो विणीयविणओ, पढमगणहरो समत्तसुअनाणी.
जाणंतोवि तमत्थं, विम्हिअहिअओ सुणइ सव्वं ॥ ६ ॥

शब्दार्थ-"भद्र अने विशेष विनयवान प्रथम गणधर श्री गौतम स्वामी समस्त श्रुतज्ञानी एवा ते अर्थने जाणतां छतां प्रभु ज्यारे कहे त्यारे ते सर्वे विस्मित हृदयवाळा थइने सांभळे छे." ६.

भावार्थ—भद्र एटले कल्याणकारी–मंगळरूप अने अत्यंत विनयी गौतम स्वामी श्रुतज्ञानना पारगामी–श्रुतकेवली छतां एटले सर्व भावने जाणनारा छतां प्रथम पूछायेला अर्थने फरीने पण भगवंत ज्यारे कहे त्यारे कौतुकवडे प्रफुल्लित लोचनवाळा थइने सांभळे छे. आ प्रमाणे बीजा शिष्योए पण विनय पूर्वक गुरुने पूछवुं ने ते जे कहे ते सांभळवुं. इत्युपदेशः

गाथा ५–सहस्सेहवि वायुगुंजाई ^ मोक्षे कृतमतिः महति. * विशेषेण नीतः प्राप्तो विनयो येन

विनय उपर लौकिक दृष्टांत आपे छे–

जं आणवेइ राया, पगइओ तं सिरेण इच्छंति ॥
इअ गुरुजणमुहभणिअं, कयंजलिउडेहिं सोयव्वं ॥ ७ ॥

शब्दार्थ–'राजा जे आज्ञा करे छे ने तेनुं प्रकृतिमंडळ–सेवक वर्ग मस्तक करीने इच्छे छे; ते प्रमाणे गुरुजनना मुखथी कहेवायलुं (शिष्योए) हाथ जोडीने सांभळवुं " ७.

भावार्थ–सप्तांग[1] स्वामी राजा जे कहे छे ते तेनो सेवकवर्ग माथे हाथ जोडीने प्रमाण करे छे ते प्रमाणे गुरुमहाराज शास्त्रोपदेशादि जे कहे ते भक्ति वडे करकमळ जोडीने विनय पूर्वक शिष्यवर्गे सांभळवुं. आम कहेवावडे शिष्योने विनयनीज प्राधान्यता छे एम उपदेश आप्यो छे.

गुरुना महत्वने बतावे छे–

जह सुरगणाण इंदो, गहगणतारागणाण जह चंदो ॥
जह य पयाण नरिंदो, गणस्सवि गुरु तहा णंदो ॥ ८ ॥

शब्दार्थ–" देवताओना समूहमां जेम इंद्र ग्रहगण[2] ने ताराओना [3]समूहमां जेम चंद्र अने प्रजामां जेम राजा श्रेष्ठ छे तेम गण (साधुसमूह) मां आनंदकारी गुरु श्रेष्ठ छे " ८.

भावार्थ–देवताओ, ज्योतिषीओ अने मनुष्योमां जेम इंद्र, चंद्र ने नरेंद्रनी आज्ञानो अमल थाय छे तेम गच्छमां गुरुनी आज्ञानो अमल थवो जोइए; तेमज देवता विगेरेने जेम इंद्रादि आल्हाद उत्पन्न करनारा छे तेमज गच्छमां गुरु महाराज पण आनंद उपजावनारा होय छे.

बाळवयना गुरुने माटे कहे छे–

बालुत्ति महीपालो, न पया परिभवइ एस गुरु उवमा ।
जं वा पुरओ काउं, विहरंति मुणी तहा सोवि ॥ ९ ॥

शब्दार्थ–" आ बाळक छे एवी बुद्धिए जेम राजाने प्रजा पराभव करती नथी ते उपमा गुरुने पण आपवी; अने जेम गीतार्थने आगळ करीने मुनि विचरे छे तेम बाळ एवा गुरुने पण मानवा. " ९.

1 स्वामी, अमात्य, मित्र, भंडार, देश, किल्ला अने लश्कर ए राज्यनां सात अंग छे. 2 सूर्य चंद्रादि ८८ छे. 3 ताराओ कोटाकोटनी संख्यामां छे. गाथा ९: [illegible]

भावार्थ–वय अने दीक्षा पर्यायवडे हीन छतां पण ज्ञानवडे श्रेष्ठ एवा गुरुपणे
ापेला बाळवयना आचार्यनी आज्ञामांज मुनिओए वर्तवुं. कारण के ते गीतार्थ
ाथी गच्छमां दीपक तुल्य छे. आने माटे लौकिक दृष्टांत आपे छे के–कोइ
ात राजा बाळक होय तोपण प्रजा 'आ बाळक छे' एम कही तेनुं अपमान
ती नथी पण तेनी आज्ञामां वर्ते छे. ते प्रमाणे गच्छने माटे पण समजवुं.

हवे गुरुनुं स्वरुप कहे छे. गुरु केवा होय ?

पडिरूवो तेयस्सी, जुगप्पहाणागमो महुरवक्को ॥
गंभीरो धीमंतो, उवएसपरो अ आयरिओ ॥ १० ॥
अपरिसावी सोमो, संगहसीलो अभिग्गहमईय ॥
अविकंथणो अचवलो, पसंतहियओ गुरू होइ ॥ ११ ॥

शब्दार्थ–" तीर्थंकरादिना प्रतिबिंब जेवा तेजस्वी, युगप्रधानागम, मधुर
का, गंभीर, धृतिमान, उपदेश देवामां तत्पर–एवा आचार्य होय. १०. वळी
ातिश्रावी, सौम्य संग्रहशील, अभिग्रह करवानी बुद्धिवाळा, बहु नहि बोलनारा,
ार स्वभाववाळा ने प्रशांत हृदयवाळा गुरु होय. " ११

भावार्थ–आचार्य भगवंत आकृतिमां तीर्थंकर गणधरादि जेवा अति सुंदर
ा, कांतिमान होय, वर्तमानकाळे वर्तता समग्र शास्त्रना पारगामी होय अथवा
य लोकनी अपेक्षाए सर्वथी विशेष ज्ञानवान होय, जेनुं वचन मधुर लागे
ा होय, अतुच्छ हृदयवाळा होय के जेथी पर तेना हृदयने जाणी न शके, धैर्यता-
ळा–संतोषवाळा–निष्प्रकंप चित्तवाळा होय, भव्य जीवोने उपदेश देवामां
ार होय एटले सद्वचनोवडे मार्गमां प्रवर्तावनारा होय. १०. निश्छिद्र शैल
जननी जेम अप्रतिश्रावी होय एटले छिद्रविनाना पत्थरना भाजनमां नांखेलुं
ळ जेम नीचे गळे नहि तेम कोइए कहेल पोतानुं गुह्य रुपजळ जेना हृदयमांथी
ातुं नथी अर्थात् अन्यनी पासे प्रकाशता नथी, सौम्य एटले देखवा मात्रवडेज
ह्लादकारी होय–बोलवाथी तो विशेष आह्लाद करे तेमां नवाइज शुं ! शिष्या-
कने माटे वस्त्र पात्र पुस्तकादिनो संग्रह करवामां तत्पर होय ते मात्र धर्मबुद्धिनेज
टे–लोलताथी नहि, वळी द्रव्यथी, क्षेत्रथी, काळथी ने भावथी एम चारे
कारना अभिग्रहो करवानी बुद्धिवाळा होय, कारण के अभिग्रह पण तप
ाज छे; वळी बहुबोला न होय–पोतानी प्रशंसा तो कदि पण न करे, स्थिर

धीमंतो-धृतिमान. गाथा ११-अपरिस्साविअ

स्वभाववाळा होय–चंचळ परिणामवाळा न होय. प्रशांत स्वभाववाळा होय एटले क्रोधादिकथी रहित चित्तवाळा–शान्तमूर्ति होय–आवा गुरुना गुणे करीने शोभता गुरु होय. एवा गुरु विशेषे करीने मानवा योग्य जाणवा. ११.

हवे आचार्यवडे शासन प्रवर्ते छे ते कहे छे–

कइयावि जिणवरिंदा, पत्ता अयरामरं पहं दाउं ॥
आयरिएहिं पवयणं, धारिज्जइ संपयं सयलं ॥ १२ ॥

शब्दार्थ–" कोइ काळे जिनवरेंद्र मार्ग (भव्य जीवोने) आपीने अजरामर स्थानने पाम्या छे. सांप्रत काळे सकळ प्रवचन आचार्योथी धारण कराय छे अर्थात् आचार्य धारण करे छे. "

भावार्थ–कोइ काळे एटले पोतपोताना आयुष्यने अंते तीर्थंकर भगवंत ज्ञान दर्शन चारित्र रुप मार्ग भव्य जीवोने आपीने–बतावीने–उपदेशीने मोक्षस्थान के ज्यां जन्म, जरा के मृत्यु नथी तेने पाम्या छे. तेमने विरहे संप्रतिकाळे चतुर्विध संघ रुप तीर्थ–प्रवचन अथवा द्वादशांगी रुप प्रवचन आचार्योथीज धारण कराय छे, अर्थात् आचार्योज शासननी रक्षा करे छे. तेथी तीर्थंकरने ... आचार्य भगवंत तेमनी समान माननीय–पूजनीय छे. इत्युपदेशः

हवे साध्वीने विनयनो उपदेश आपे छे.

अणुगम्मई भगवई, रायसु अज्जा सहस्सविंदेहिं ॥
तहवि न करेइ माणं, परियच्छइ तं तहा नूणं ॥ १३ ॥

शब्दार्थ–"भगवती राजपुत्री आर्या चंदनबाळा हजारोना वृंदोए परवरेली ... ते अभिमान करती नथी. कारण के ते निश्चये तेने (तेना कारणने) जाणे छे." १३

भावार्थ–दधिवाहन राजानी पुत्री साध्वी चंदनबाळा हजारो लोकोना ... परवरेली रहे छे, अर्थात हजारो लोको तेनी सेवा माटे तेनी पाछळ भमे तथापि ते किंचित् पण गर्व–अहंकार करती नथी, ए आश्चर्य छे. पण ते बराबर चोक्स जाणे छे के आ महात्म्य मारुं नथी पण ज्ञान दर्शन–चारित्रादि गुणोनुं महात्म्य छे तेथी ते गर्व करती नथी. ते प्रमाणे अन्य साध्वीओए पण ... माननीयपणा विगेरेथी गर्व करवो नहि. इत्युपदेशः

विनयनुं स्वरुप-पुरुषनी प्राधान्यता-

दिणदिक्खियस्स द्रुमगस्स, अभिमुहा अज्जाचंदणाअज्जा ॥
नेच्छइ आसणगहणं सो विणओ सव्वअज्जाणं ॥ १४ ॥

शब्दार्थ-" एक दिवसना दीक्षित भिक्षुक साधुनी सन्मुख आर्य चंदनबाळा साध्वी उठ्या अने आसन ग्रहण करवाने इच्छयुं नहि. आवो विनय सर्व साध्वीओने माटे कह्यो छे." १४.

भावार्थ-तेज दिवसना दीक्षित अने ते पण भिक्षुक छतां साधुनो वेष ग्रहण करीने पोतानी समीपे आवतां जोइ सर्व साध्वीमां मुख्य वडेरा चंदनबाळा साध्वी उभा थया, सन्मुख गया अने ते साधु उभा रह्या त्यांसुधी पोते आसन उपर वेसवानी इच्छा करी नहि. आवो विनय तेमणे साचव्यो ते प्रमाणे दरेक साध्वीए साधुमुनिराजनो विनय साचववो. इत्युपदेशः

अहीं चंदनबाळानी कथा छे ते नीचे प्रमाणे-

" जंबुद्वीपना भरतक्षेत्रमां समृद्धिथी तथा लोकोथी भरपूर कौशाम्बी नामनी नगरी छे. एक वखत बहु साध्वीओथी परवरेली, श्रावकोथी पूजाती ने राजा सामंत शेठीआओ अने नगरवासीओए वांदेली एवी वर्धमान स्वामीनी प्रथम शिष्या आर्य 'चंदनबाला' कौशाम्बी नगरीना चोकमां घणा माणसोनी साथे जती हती. ते वखते 'काकंदीपुरथी कोइएक दरिद्री आव्यो हतो. ते अति दुर्बळ अने मलिन शरीरवाळो हतो. तेना मुख उपर असंख्य माखीओ बणबणाट करती हती; अने ते फुटेलुं माटीनुं वासण हाथमां लइने घेरघेर भिक्षा अर्थे भटकतो हतो. ते भिक्षुके मार्गमां साध्वी चंदनबालाने जोइ, तेथी ते विस्मित थयो के 'आ शुं कौतुक छे? आटला बधा लोको शामाटे भेगा थया छे?' एवुं जाणी ते पण कौतुक जोवाने साध्वीनी पासे आव्यो: एटले जेनुं मस्तक लोच करायेलुं छे, जेणे सांसारिक आसक्ति तजी दीधी छे अने जेणे भूमिप्रदेशने पवित्र करेल छे एवी शांतमूर्ति आर्या चंदनबालाने घणीज साध्वीओथी परिवृत्त थयेली अने घणा राजलोकथी वंदाती जोइ तेना मनमां आश्चर्य उत्पन्न थयुं. तेथी तेणे पासे उभेला कोइ वृद्ध पुरुषने पूछयुं के-'आ कोण छे ने क्यां जाय छे?' ते वृद्ध पुरुषे कह्युं के स्थीर चित्ते सांभळ-

चंपा नगरीमां 'दधिवाहन नामनो राजा हतो. तेने अति रुपलावण्य आदि गुणोथी युक्त, शीलथी अलंकृत अने मातापिताने प्राण करतां पण वधारे प्रिय

गाथा १४—द्रमगस्स. निच्छइ.

[illegible] 'धारिणी' नामनी रा[illegible] [illegible] कारणथी कौशांबी नगरना [illegible] राजाए मोटं सैन्य लइ [illegible] करी परिवार [illegible] परिणामे दधिवाहनने पन[illegible] निर्भयपणे अनाथ [illegible] पण लुंट्युं. ते वखते अंतःपुरमां [illegible] थइ गया छे एवी राजकन्या वसुमती [illegible] आमतेम नासवा लाग्यो, तेने कोइ [illegible] पकडी. [illegible] चाल्युं. तेनी साथे वसुमती पण [illegible] वेचवामाटे आण्यो. ते वखते कौशाम्बीपुरवासी 'धनावह' शेठ [illegible] तेने खरीद करी. ते तेने जोइ अति हर्षित थयो, अने पुत्री तरीके स्वीकार करी तेने पोताने घेर लइ गयो.

एकदा शेठना पग धोती वखते वसुमतीनो केशपास भूमि उपर पडतां शेठे तेने उंचो पकडी राख्यो ते जोइ तेनी भार्या मूलाए मनमां अंदर विचार कर्यो के–'आ स्त्री अति रूपवंती अने सौभाग्यादि गुणथी अलंकृत छे, तेथी मारो भर्तार तेना रूपथी मोहित थइ जरूर मारी अवगणना करशे; माटे एने दुःख आपी घरमांथी हांकी काढुं तो ठीक.' एक दिवस शेठ कोइ कार्यने माटे बहार गाम गया. त्यारे घरे रहेली तेनी भार्याए वसुमतीना केश मुंडावी नांखी, पगमां बेडी नांखी, हाथने मजबूत बांधी लइ गुप्त ओरडामां पूरी. शेठ घेर आव्या एटले तेणे पोतानी स्त्रीने पूछ्युं के–'वसुमती क्यां गइ छे?' तेणे जवाब आप्यो के–'हुं जाणती नथी. ते कांइक गइ हशे, सरल बुद्धिवाळा शेठे विचार्युं के–' तेम हशे. ए प्रमाणे त्रण दिवस वीती गया. चोथे दिवसे कोइ पाडाशीए शेठने पूछ्युं के–'वसुमती क्यां छे?' तेना दुःखथी दुःखित थयेला शेठे कह्युं के–'हुं जाणतो नथी, परंतु ते क्यांइ पण गयेली छे.' त्यारे तेणे कह्युं के–' तमारी स्त्रीना मारथी आक्रंद करती एवी तेने कोइक ओरडामां पूरता आजथी चोथा दिवस उपर में जोयेली छे, तेथी तमारा घरमां तपास करो. शेठे घरमां तपास करी, एटले जेना पग बेडीथी बंधायेला छे, जेना केश मुंडी नाखेला छे अने जे घणी क्षुधातुर थयेली छे एवी वसुमतीने तेणे अंदरना ओरडामां दीठी. शेठे दुःखित-चित्ते विचार कर्यो के–' अहो ! स्त्रीनुं दुश्चरित्र कोइ पण जाणतुं नथी. कामथी अंध

करेली मारी शीने धिक्कार छे !' पछी शेठे वसुमतीने पूछ्युं के–'आ तारी शी दशा !' तेणे जवाब आप्यो के–'तमने शोध मारी करवानी छे.' शेठे तेने उंबरानी बहार बेसाडी मनमां करुणा लावीने कह्युं के–'तुं अहीं बेस, पछी हुं बेडी भांगवाने माटे लुहारने बोलावी लावुं.' तेणे कह्युं के–'मने भूख बहु लागी छे तेथी कांइक खावानुं आपो.' ते वखते घोडाने माटे अडद बाफेला हता ते सुपडाना एक खुणामां नांखीने शेठे वसुमतीने खावा आप्या. ते पण एक पग उंबरानी बहार अने बीजो पग उंबरानी अंदर राखीने बेठी. पछी भावनामां ते भोजनार्थे रहेला सुपडामांना अडद खावा जाय छे ते अवसरे शुं बन्युं ते सांभळो–

छद्मस्थपणे विचरता श्री महावीर स्वामीए पोताना कर्मना क्षयने माटे एवो अभिग्रह करेलो छे के–"राजकन्या होय, माथुं मुंडावेलुं होय, अने पगमां बेडी नांखेली होय, हाथ बांधेला होय, बेडी नवीने पहेरावेली होय, मूल्यथी खरीदायेली होय, जे एक पग उंबरानी बहार ने बीजो पग उंबरानी अंदर राखीने बेठेली होय ते बे पहोर वीत्या पछी सुपडाना खुणामां रहेला अडद जो मने वहोरावे तो मारे वहोरवा" एवो अभिग्रह कर्याने पांच मास ने पचीस दिवस व्यतीत थया हता. ते श्रीवर्धमान एक गामथी बीजे गाम विहार करतां ते अवसरे कौशाम्बी नगरीए पधार्या. तेओ दरेक घरे पर्यटन करे छे, परंतु अभिग्रह प्रमाणे भिक्षा मळती नथी; अनुक्रमे भगवान धनावह शेठने घरे आव्या. तेमने जोइ वसुमती विचारवा लागी के–'मने धन्य छे के आवी स्थितिमां मारे भगवानना दर्शन थया.' पछी वसुमतीए कह्युं के–'हे त्रिलोकना स्वामी ! माषभिक्षाने माटे हाथ लांबा करीने मारो आ भवदुःखमांथी उद्धार करो अने मने तारो.' एवां वसुमतीनां वचन सांभळीने भगवाने विचार्युं के–'मारो अभिग्रह तो पूरो थयो छे परन्तु आ रोती नथी माटे अपूर्ण छे तेथी हुं वहोरीश नहीं.' एवुं धारी भगवान पाछा वळ्या. त्यारे वसुमती अश्रुजळथी नेत्रने मलिन करी विचारवा लागी के–'मंदभागिणी एवी मने धिक्कार छे ! मारे घेर भगवान आव्या छतां मारो उद्धार कर्या विना पाछा गया.' त्यारे भगवाने अभिग्रह संपूर्ण थयेलो जोइ पाछा वळीने माषभिक्षा ग्रहण करी, तेथी वसुमती अति हर्षित थइ. तेनां नेत्र प्रफुल्लित थयां, तेनी रोमराजि विकस्वर थइ; अने ते भवसागरनो पार पामी एम मानवा लागी. ते अवसरे ते दानना प्रभावथी तेना पगनी बेडी पोतानी मेळे तुटी गइ, मस्तक उपर श्याम केशपाश विस्तृत थयो, हाथनुं बंधन त्रुटी गयुं अने पांच दिव्य प्रगट थयां ते आ प्रमाणे–१ साडि बार क्रोड सोनैयानी वृष्टि थइ, २ सुगंधि पंचरंगि पुष्पोनी वृष्टि थइ, ३ वस्त्रनी वृष्टि थइ, ४ सुगंधी जळनी वृष्टि थइ अने ५ 'अहो दानम् दानम्' ए प्रमाणे आकाशमां देवताओए घोष कर्यो अने जयजयकार थयो. देवताओए वसुमतीनो चंदन जेवो शितळ स्वभाव होवाथी तेनुं चंदना

एवुं नाम आप्युं. प्रभुए छमासी तपनुं पारणुं करीने अन्यत्र विहार कर्यो. लोकोए चंदनानी घणी प्रशंसा करी. ए वखते शक्रे (इंद्रे) शतानीक नृपनी समीपे आवीने कह्युं के-'आ वसुमती दधिवाहन राजानी पुत्री छे के जेणे स्वगुणोथी 'चंदना' एवुं बीजुं नाम मेळवेलुं छे. तेनुं तारे यत्नथी रक्षण करवुं. आगळ उपर ए धर्मनी उद्योत करनारी थशे अने भगवान श्रीवीरस्वामीनी प्रथम शिष्या थशे.' ए प्रमाणे शिक्षण आपीने इंद्र देवलोक प्रत्ये गया.

शतानीक राजाथी अने बीजा लोकोथी अति सन्मान पामेली चंदनाए केटलाक दिवसो गया पछी वीर भगवंतने केवळज्ञान उत्पन्न थयेलुं जाणीने भगवंत पासे जइ तेमना हाथथी चारित्र लीधुं, अने भगवाननी शिष्या थइ. ते आ चंदना साध्वी नजीकना उपाश्रयमां रहेला 'श्रीसुस्थिताचार्य'ने वंदन करवाने माटे जाय छे."

आ प्रमाणे तेनुं सघळुं चरित्र वृद्ध पुरुषे द्रुमकने (भिक्षुकने) कही संभळाव्युं. तेथी आनंदित थयेलो द्रुमक साधुने उपाश्रये गयो. चंदना पण गुरुने वांदीने पोताना उपाश्रये गइ. गुरुए भिक्षुकने जोयो, एटले 'आ पुरुष थोडा वखतमां सिद्धि मेळवनारो छे' एम ज्ञानवडे जाणी तेमणे विचार्युं के-'आ भिक्षुकने धर्ममां जोडवो जोइए.' एवुं विचारी तेने मिष्टान्न खावा आप्युं. तेथी ते अति हर्षित थइ मनमां विचारवा लाग्यो के-'आ साधुओ घणा दयाळु छे. आलोक ने परलोक बंनेमां हितकर आ मार्ग छे. आलोकमां मिष्टान्नादि खावानुं मळे छे अने परलोकमां स्वर्गादिनां सुख मळे छे.' एवुं विचारी ते भिक्षुके गुरु पासे दीक्षा लीधी. गुरुए पण तेने प्रव्रज्यामां दृढ करवा माटे घणा साधुओनी साथे साध्वीने उपाश्रये मोकल्यो. ते द्रुमक साधु चंदना साध्वीने उपाश्रये गयो. बीजा साधुओ बहार उभा रह्या, अने भिक्षुक साधु एकलो उपाश्रयनी अंदर गयो. चंदना साध्वी नवा दीक्षित थयेला द्रुमक साधुने आवतां जोइने तेमनां सन्मुख गइ, आसन आप्युं, तेमनुं सन्मान कर्युं अने बे हाथ जोडी सामे उभी रही. द्रुमक साधु विचारवा लाग्या के-'अहो! आ वेषने धन्य छे! जो के हुं नवदीक्षित थयेलो छुं छतां आ पूज्य एवी चंदना मने आटलुं बधुं मान आपे छे.' ए वखते धर्ममां दृढ थयो. चंदनाए तेमने पूछयुं के-'आपने अत्र आववानुं प्रयोजन शुं छे?' द्रुमके कह्युं के-'तमारो वृत्तांत जाणवाने माटे गुरुए मने अहीं मोकल्यो छे.' एटलुं कही मनने चारित्रमां स्थिर करी घणा काळ सुधी [illegible] चारित्र पाळ्युं.

आ दृष्टांत उपरथी अन्य साध्वीओए पण मुनिनो आ प्रमाणे विनय [illegible] करो आ दृष्टांतनो उपनय छे.

[illegible] बन्नेमां साधुनो श्रेष्ठता बतावे छे.

वरिससयदिक्खियाए, अज्जाए अज्जदिक्खिओ साहु ॥
अभिगमण वंदण नमंसणेणं, विणएण सो पुज्जो ॥ १५ ॥

शब्दार्थ–" सो वर्षनी दीक्षित साध्वीने आजनो दीक्षित साधु होय तो ते (पण) अभिगमन, वंदन अने नमस्कारवडे तेमज विनयवडे पूजवा योग्य छे." १५.

भावार्थ–" सो वर्षनी दीक्षित एटले वृद्ध एवी साध्वीने लघु मुनि एटले यावत् एकज दिवसनो दीक्षित मुनि पण पूजवा योग्य छे तेना पूजनना प्रकार बतावे छे–अभिगमन ते सामा जवुं, वंदन ते द्वादशावर्तादि वंदन करवुं, नमस्कार ते अंतरंग प्रीति धराववी अने विनय ते आसन आपवुं विगेरे.

साधुना विशेष पूजनीकपणानां कारणो बतावे छे–

धम्मो पुरिसप्पभवो, पुरिसवरदेसिओ पुरिसजिट्ठो ॥
लोएवि पहू पुरिसो, किं पुण लोगुत्तमे धम्मे ॥ १६ ॥

शब्दार्थ–" धर्म पुरुषथी उत्पन्न थयेलो छे अने पुरुषश्रेष्ठ उपदेशेलो छे तेथी तेमां पुरुष ज्येष्ठ छे. लोकने विषे पण पुरुषज स्वामी थाय छे, तो लोकोत्तम एवा धर्ममां पुरुषनी श्रेष्ठता गणाय तेमां शुं !" १६.

भावार्थ–दुर्गतिथी जे रक्षा करे ते धर्म कहीए; एवो धर्म पुरुष जे गणधर महाराजा तेमनाथी उत्पन्न थयेलो–प्रगट थयेलो छे. पुरुषवर–पुरुषश्रेष्ठ जे तीर्थंकर महाराजा तेमणे बतावेलो–कहेलो–प्ररुपेलो छे. एवो श्रुत चारित्र रुप जे धर्म ते पुरुषना स्वामीपणावाळो होवाथी तेमां पुरुषनुं ज्येष्ठपणुं कहेलुं छे. लोकोमां पण स्वामीपणुं पुत्रने अपाय छे, पुत्रीने अपातुं नथी; तो लोकमां उत्तम एवा धर्ममां तो विशेषे करीने पुरुषनुंज स्वामीपणुं समजवुं. जो लोकमां पुरुषनी श्रेष्ठता छे तो लोकोत्तम एवा धर्ममां तो विशेषे करीने तेनी श्रेष्ठता जाणवी.

तेने माटे दृष्टांत बतावे छे—

संवाहणस्स रन्नो, तइया वाणारसीयनयरिए ॥
कन्नासहस्स महिअं, आसी कीर रूपवंतीणं ॥ १७ ॥
तहविय सा रायसिरी, उल्लुट्टंती न ताइया ताहिं ॥
उयरट्ठिएण इक्केण, ताइया अंगवीरेण ॥ १८ ॥

गाथा १६—जेट्ठो. गाथा. १७—संवाहणस्स. वाणारसीए गाथा १८–उल्लट्टंती.

शब्दार्थ—" ते काळने विषे वाराणसी नगरीमां संबाधन नामना राजाने अधिक रूपवती एवी एक हजार कन्याओ हती, तथापि तेनी राजलक्ष्मी लुंटाती तेओ राखी शकी नहि; अने उदरमां रहेला एवा पण अंगवीर नामना एक पुत्रे ते राखी." १७–१८.

भावार्थ—वाराणसी नगरीमां राज करनारा संबाधन राजाने एक हजार पुत्रीओ अत्यंत रूपवंती हती, तथापि ते राजा गुजरी गयो त्यारे तेनी लुंटाती राजलक्ष्मीनुं रक्षण करवाने तेओ समर्थ थइ नहि; परंतु ते राजानी राणीना गर्भमां रहेला एक पुत्रना कारणथी तेनी राज्यलक्ष्मी लुंटाती नाश पामती रही गइ. अर्थात् ते पुत्र के जेनुं पाछळथी 'अंगवीर' नाम पाडवामां आव्युं हतुं तेना प्रताप वडे तेनुं रक्षण थयुं. आनी स्पष्टता तेना दृष्टांतवडे विशेष थइ शके तेम छे.

संबाधन राजानुं दृष्टांत नीचे प्रमाणेः—

'वाराणसी नगरीमां संबाधन नामनो एक राजा राज्य करतो हतो. तेने एक हजार पुत्रीओ हती; परंतु घणा उपायो कर्या छतां तेने पुत्र थयो नहीं. राजाए विचार्युं के–' पुत्र विना राजलक्ष्मी शा कामनी ? जेना घरमां पुत्र नथी तेनुं घर पण शून्य छे.' वेदमां पण कह्युं छे के–" पुत्र वगरना माणसनी सद्गति थती नथी अने स्वर्गमां तो ते कोइकाळ जइ शकतोज नथी, तेथी मनुष्यो पुत्रमुख जोइने स्वर्गे जाय छे." लोकोक्ति पण एवी छे के—

चोसठ दीवा जो बळे, बार रवी उगंत;
तस घर तोहे अंधारकुं, जस घर पुत्र न हुंत.

"जेना घरमां चोसठ दीवा बळता होय अने एकी वखते बारे सूर्य उदय थएला होय तेना घरमां पुत्र नथी तेना घरमां तो अंधारुंज छे." तेथी पुत्र विना राजलक्ष्मी कांइ कामनी नथी. आ प्रमाणे विचारीने राजाए अनेक मांत्रिक [illegible] अनेक प्रयोगो किधा पण कोइ पण उपाये पुत्र प्राप्त थयो नहि. कह्युं छे के—

प्राक्तनो नियतिनिश्चलाश्रयेण योऽर्थः
सोऽवश्यं भवति नृणां शुभोऽशुभो वा ॥
भूतानां महति कृतेऽपि हि प्रयत्ने ।
नाभाव्यं भवति न भाविनोऽस्ति नाशः ॥

[illegible] अर्थ प्राप्त थवा योग्य छे [illegible]
[illegible] एवा प्राणीओ अनेक प्रयत्नो करे तो [illegible]
[illegible] नाश थता नथी."

हवे राजा वृद्ध थयो. ए वखतमां कोइएक जीव पट्टराणीना उदरमां पुत्र-
ाणे आवीने उत्पन्न थयो; परंतु पुत्रमुख जोया वगरज राजा तो परलोकमां
ायो. पछी सर्व पौरजनो एकठा मळी विचार करवा लाग्या के–' हवे शुं थशे?
ुत्र विनानुं राज्य केवी रीते रहेशे ?' ए प्रमाणे विचारी सर्व नगरवासी लोको
ोकाकुल थया ते वखते शत्रुओए पण सांभळ्युं के–' संबाधन राजा अपुत्र मरण
ाम्यो छे.' तेथी तेओ सर्व एकठा मळी मोटुं लश्कर एकठुं करी सज्ज थइने
ाराणसी नगरी तरफ चाल्या. ते वात सांभळी बधा लोको त्रास पाम्या, अने
ोतपोताना घरनी अंदरथी धन काढवा लाग्या. ते वखते शत्रुओए कोइएक नि-
मित्तियाने पूछयुं के–'अमारो जय थशे के केम ?' ते निमित्तिये लग्नबळ जोइने
कह्युं के–'तमो सर्व मळीने जयनी अभिलाषाथी त्यां जवानी इच्छा करो छो, प-
रंतु संबाधन राजानी पट्टराणीना उदरमां रहेल गर्भना प्रभावथी तमारो पराजय
थशे, जय थशे नहि.' ए प्रमाणे सांभळीने सर्वेला वैरीओ पाछा वळ्या. नागरी
को खुशी थया अने कहेवा लाग्या के–'अहो गर्भमां रहेल पुत्रनुं महात्म्य केवुं
अद्भुत छे के जेथी सघळा शत्रुओ नासी गया.' गर्भस्थिति पूर्ण थतां पुत्रनो
जन्म थयो. अशुचिकर्म पूरुं कर्या पछी तेनुं 'अंगवीर्य' नाम पाडयुं. अनुक्रमे ते
युवावस्थामां आव्यो, अने तेणे लांबा वखत सुधी प्रजानुं पाळन कर्युं.

"हजार कन्याओथी पण राज्यनुं रक्षण थयुं नहि, परंतु गर्भस्थित पुत्र मा-
त्रथी रक्षण थयुं" एवो कर्मव्यवहारमां उपनय छे. धर्मव्यवहारमां एवो उप-
नय छे के–"सर्वत्र पुरुष एज श्रेष्ठ छे. तेथी साध्वीओए एक दिवसनी दीक्षा-
वाळा साधुनो पण विनय करवो." ए प्रमाणे पूर्वनी गाथा साथे संबंध छे. हजु
आगली गाथामां पण तेज बाबत स्पष्ट करी देखाडे छे.

महिलाण सुबहुयाणवि, मज्झाओ इह समत्त घरसारो ॥
रायपुरिसेहिं निज्जइ, जणेवि पुरिसो जहिं नत्थि ॥ १९ ॥

शब्दार्थ–"आ लोकने विषे पण ज्यां पुरुष–पुत्र नथी त्यां घणी स्त्री-
ओना मध्यमांथी पण समस्त घरनो सार राजपुरुषो लइ जाय छे." १९.

भावार्थ–अपुत्रनुं धन राजा लइ जाय एवो लोकमां प्रचार छे, तेथी जेना
कुळमां पाछळ पुत्र न होय तेनुं धन घणी स्त्रीओ अथवा पुत्रीओ होय छतां
पण राजा लइ जाय छे तेथी पुरुषनुंज प्रधानपणुं छे.

हवे आत्मसाक्षीए धर्म करवा विषे कहे छे—

किं परंजणबहुंजाणावणाहिं, वरं मप्पसक्खियं सुकयं॥
इह भरहचक्कवटी, पसन्नचंदो य दिठ्ठंतो ॥ २० ॥

शब्दार्थ–" हे आत्मा ! परजनने बहु जणाववाथी शुं ? आत्मसाक्षि सुकृत तेज श्रेष्ठ छे. अहीं भरत चक्रवर्ती अने प्रसन्नचंद्रनुं दृष्टांत जाणवुं." २०

भावार्थ–" में आ अनुष्ठान कर्युं' एम परजन एटले बीजाओने बहु जणाववाथी शो लाभ छे ? आत्मसाक्षिक धर्म करवो तेज श्रेष्ठ छे. आ विषय उपर भरत चक्रीनुं दृष्टांत छे के जेमणे यत्नवडे करेला आत्मसाक्षिक अनुष्ठानथी [illegible] सुखने प्राप्त कर्युं छे. प्रसन्नचंद्र राजर्षिनुं पण आ विषय उपरज दृष्टांत छे.

तेमां प्रथम भरतचक्रीनुं दृष्टांत कहे छेः––

अयोध्या नगरीमां ऋषभदेवना पुत्र 'भरत' नामे चक्रवर्ती थया हता. ज्यारे श्री ऋषभदेवस्वामीए चारित्र ग्रहण कर्युं ते वखते पोताना सो पुत्रोने पोतपोतानां नामवाळा देशो आप्या. 'बाहुबली' ने बहुलि देशमां तक्षशिला नगरीनुं राज्य आप्युं अने भरतने अयोध्या नगरीनुं राज्य आप्युं. एक दिवस भरतराजा सभामां बेठेला छे ते वखते 'यमक' अने 'समक' नामना बे पुरुषो वधामणी देवाने माटे आस्थानना मुख्य द्वार पासे आव्या; प्रतिहारे भरत राजाने तेओनुं आगमन निवेदन कर्युं एटले भ्रूसंज्ञाथी द्वारपाळने आववा देवानो हुकम आपवाथी यमक अने समक सभामां आव्या. तेओ बंनेए हाथ जोडी आशीर्वाद पूर्वक राजानी स्तुति करी. पछी तेमांना यमके विज्ञप्ति करी के–' हे देव ! 'पुरिमताल[1]' नगरना शकट नामना उद्यानने विषे श्री ऋषभस्वामीने केवळज्ञान उत्पन्न थयु छे, ते वधामणी आपवा माटे हुं आव्यो छुं.' त्यार पछी समके कह्युं के–'हे देव ! एक हजार देवताओथी सेवायेलुं अने करोडो सूर्य जेवो प्रकाश आपतुं चक्ररत्न आपनी आयुधशाळामां उत्पन्न थयुं छे.' आ प्रमाणे बे माणसना मुखथी बे वधामणी सांभळीने भरत राजा अति हर्ष पाम्या. पछी तेमने जीवीत पर्यंत देतां अने भोगवतां खुटे नहि एटलुं धन आपीने ते बंनेनुं सन्मान कर्युं. हवे भरत विचार करवा लाग्या के–' मारे प्रथम कोनो उत्सव करवो उचित छे ? केवळज्ञाननो के चक्रनो ?' ए प्रमाणे विचार करतां पाछुं तेणे चिंतव्युं के–' मने धिक्कार छे के मारा [illegible] विचार्युं ? क्यां त्रण भुवनना दाता पिता क्यां ! अने मात्र संसारसुखनुं [illegible] [illegible] क्यां ! वळी तातनी पूजा करवाथी चक्रनी पूजा पण थइज गइ.' एम [illegible] निश्चय करी दादा [illegible] प्रमोदथी विकस्वर थयेला अने 'ऋष

1 अयोध्या नगरीनुं पुरिमताल नामे परुं हतुं

!" ए नामनो जप करता पछी पोताना पितामही ' मरुदेवा 'ने गज उपर
ने भरत राजा ऋषभ स्वामीने वंदन करवा चाल्या. मार्गमां भरते मरुदे-
र्युं के-" माता ! तमे स्वपुत्रनी समृद्धिने जुओ. तमे मने हमेशां कहेता
के-'मारो पुत्र स्वर्गं भटके छे अने दुःख अनुभवे छे, परंतु तुं तेनी संभा-
तो नथी. ' आ प्रमाणे दररोज मने ओळंभो आपता हताः पण हवे तमा-
त्रनुं ऐश्वर्य जुओ. "
ए अवसरे चोसठ सुरेंद्रोए एकठा थइने समवसरण रच्युं. करोडो देवदेवी-
एकठा मळ्यां. विविध प्रकारनां वाजिंत्रोना शब्दोथी गगनमंडळ गाजी रह्युं.
य गन्धर्वो साथे गीतगान पूर्वक प्रभु सिंहासन उपर बेसीने देशना आपवा
ा. ते वखते देवदुंदुभिनो ध्वनि अने जयजयना शब्दो सांभळीने मरुदेवा
कहे छे के-' आ कौतुक शुं छे ?' भरते कह्युं के-'आ तमारा पुत्रनुं ऐश्वर्य
मरुदेवा विचारे छे के-' अहो ! पुत्रे आटली बधी समृद्धि मेळवी छे ? ' ए
ग हर्षथी पूर्वक आनंदाश्रु आववाथी तेमनां बने नेत्रनां पडळ तुटी गयां
मने प्रत्यक्ष जोयुं जोइने विचार्युं के-" अहो ! आ ऋषभ आवुं ऐश्वर्य
वे छे ! परंतु पण मने एकवार संभारी पण नथी. हुं तो एक हजार वर्ष
पुत्रमोहथी दुःखित थइ अने पुत्रना मनमां तो मोहनुं किंचित् कारण पण
तुं नथी. अहो ! मोहनी चेष्टाने धिक्कार छे ! मोहांध माणसो कइ पण जा-
नथी, " ए प्रमाणे वैराग्यप्रपणाथी क्षपकश्रेणी उपर आरूढ थया अने आठ
नो क्षय करी अंतकृत केवली थइने मोक्षे गया. देवताओए महोत्सव कर्यो इंद्र
दे सर्व देवोए समवसरणमांथी त्यां आवीने मरुदेवा माताना शरीरने क्षीर-
रना प्रवाहमां वहेतुं मूक्युं. पछी शोकमग्न भरतने अग्रेसर करीने सौ समवस-
मां आव्या. भरत प्रभुने त्रण प्रदक्षिणा करीने यथायोग्य स्थाने बेठा अने
नी देशना सांभळी तेमनो शोक नष्ट थयो देशनाने अंते प्रभुने वांदी श्रावक
अंगीकार करी अयोध्यामां आव्या, अने पछी चक्रनो उत्सव कर्यो.

आठ दिवस गया पछी चक्र पूर्व दिशामां चाल्युं. भरत राजा पण देश
तवाने माटे चक्रनी पाछळ सैन्य सहित चाल्या. एकेक योजननुं दररोज
ाण करतां केटलेक दिवसे पूर्व समुद्रने किनारे आवी सैन्यनो पडाव नाख्यो.
भरते अष्टमनुं तप कर्युः अने मागध नामना देवनुं मनमां ध्यान करीने
त रह्या. त्रण दिवस पछी रथमां बेसी समुद्रना जळमां रथनी धरी पर्यंत
श करी पोताना नामथी अंकित बाणने धनुष्यमां सांधीने ते देवमति छोडयुं
बाण बार योजन जइने मगधदेवनी सभामां सिंहासन साथे अथडाइने भूमि
र पड्युं. बाणनुं पडवुं जोइ मगधदेव क्षोभायमान थइ गयो. पछी ते बाण

हाथमां लइ तेना परना अक्षरो वांच्या: एटले भरत चक्रवर्तीने आवेला मा कोपरहित थइ भेटणुं लइ परिवार सहित तेमनी सन्मुख चाल्यो. नजीक आवी ते चक्रवर्तीना चरणमां पड्यो ने बोल्यो के-' हे स्वामिन्! मारो अपराध क्षमा करो, हुं तमारो सेवक छुं; आटला दिवस सुधी हुं स्वामीरहीत हतो, हवे आपना दर्शनथी सनाथ थयो छुं. ' ए प्रमाणे कही, नमस्कार करी, भेट धरी, रजा लइने स्वस्थाने गयो. पछी भरतचक्रीए छावणीमां पाछा आवी अट्ठम तपनुं पारणुं कर्युं.

त्यारपछी पाछुं चक्र आकाशमां चाल्युं. सैन्य पण तेनी पाछळ चाल्युं. अनुक्रमे तेओ दक्षिण समुद्रने किनारे आव्या. पूर्ववत ते दिशाना स्वामी 'वरदामदेवने' पण जीत्यो. त्यारबाद पश्चिम दिशामां 'प्रभासदेवने' जीतीने चक्रे उत्तर दिशा भणी प्रयाण कर्युं. अनुक्रमे वैताढ्य पर्वत पासे आवीने चक्रीए अट्ठम तप करी 'तमिस्रा' गुफाना अधिष्ठायक 'कृतमालदेव'नुं मनमां ध्यान करीने स्थित रह्या. अट्ठम तपने अंते ते देव प्रत्यक्ष थयो अने तमिस्रा गुफानुं द्वार उघाड्युं सैन्य सहित भरत राजाए तमिस्रा गुफामां प्रवेश कर्यो. मणिरत्नना प्रकाशवडे सैन्य सहित आगळ चालतां 'निमग्ना' अने उन्निमग्ना नामनी बे नदीओ आवी. ते नदीओ चर्मरत्नवडे उतर्या. अने आगळ वाली गुफाना बीजा द्वारेथी सैन्यने बहार काढ्युं. हवे त्यां घणा म्लेच्छ राजाओ रहे छे तेओ एकठा थया अने चक्रीनी साथे युद्ध करवा लाग्या चक्रीए ते सघळाओने जीती लीधा. तेओ चक्रीना सेवको थया. त्यां आवेला उत्तर तरफना त्रणे खंडने ... चक्री पाछा वळ्या. मार्गे चालतां गंगाने तीरे सैन्यनो पडाव नाख्यो. त्यां निधिओ प्रगट थया नव निधाननुं स्वरुप आ प्रमाणे:—

"१ नैसर्प, २ पांडुक, ३ पिंगळ, ४ सर्वरत्न, ५ महापद्म, ५ काळ, ७ महाकाळ, ८ माणवक ने ९ शंख-ए प्रमाणे तेनां नामो छे. ते गंगाना मुखमां रहेला छे. आठ पैडांवाळा, आठ योजन उंचा, नव योजन विस्तारवाळा ने बार योजन लांबा मंजुषाने आकारे छे. तेना वैडूर्यमणिना कमाड (बारणा) कनकमय छे, विविध प्रकारनां रत्नोवडे परिपूर्ण छे, अने तेना अधिष्ठाता देव तेज नामना पल्योपमना आयुष्यवाळा होय छे."

चक्रीए गंगाने तीरे रहीने आठ दिवस सुधी ते निधान संबंधी उत्सव कर्यो. गंगानदीनो अधिष्ठायिका 'गंगा' नामनी देवी भरतचक्रीने पोताना आवासमां लइ गइ. त्यां तेनी साथे एक हजार वर्षपर्यंत भोगभोगव्या. त्यारपछी चक्र आगळ चाल्युं. एटले चक्रीए वैताढ्य पर्वत पासे आवी तेनी उपर रहेनार 'नमि' अने 'विनमि'

मना विद्याधरोने जीत्या. विनमि विद्याधरे पोतानी पुत्री चक्रीने आपी. ते रत्न थइ. ए प्रमाणे भरतचक्री साठ हजार वर्ष पर्यंत दिग्विजय करीने अयोध्यामां ग आव्या; ते षट्खंडाधिपति महा ऋद्धिमान थया. तेमनी ऋद्धिनुं स्वरुप कहे -चोराशी लाख हाथी, तेटलाज रथो, तेटलाज अश्वो. छन्नुकोटी पायदळ, श हजार देशो, बत्रीश हजार मुकुटबध राजाओ जेना सेवक छे, अडतालीश र पाटण, बोतेर हजार नगरो, छन्नुकोटी गामो, चौद रत्नो, नव निधि, साठ र वंशावळी कहेनारा भाटो, साट हजार पंडितो, दश कोटी ध्वजा धारण नारा, पांच लाख मशालची, वीश हजार सुवर्ण आदि धातुनी खाणो.पचीश र देवो जेना सेवको छे, अढार कोटी घोडेस्वार जेनी पाछळ चाले छे-आ णेनी ऋद्धि प्राप्त थइ छतां ते मनथी विरक्त रहेता हता. ए प्रमाणे घणालाख । व्यतीत थतां एकदा भरतचक्री पोतानी शृंगारशाळामां शरीरप्रमाण आदर्श च) मां पोतानुं रुप जोवा लाग्या. ते वखते दरेक अवयवनी सुंदरता निहाळतां ; आंगळीने वींटीरहित होवाथी अत्यंत शोभारहित लागती जोइने मनमां विचार वा लाग्या के-"अहो ! देहनी असारता ! परपुद्गलोथीज शरीर शोभे छे, ाना पुद्गलोथी शोभतुं नथी. अरे ! में शुं कर्युं ! आ असार देहनी खातर में घणा रंभो कर्या. आ असार संसारमां सघळु अनित्य छे. कोइ कोइनुं नथी. मारा ना भाइओने धन्य छे के तेमणे वीजळीना चमकारानी जेवां चंचल राज्यसुखने ो दइने संयम स्वीकार्युं. हुंतो अधन्य छुं, जेथी आ अनित्य एवा संसारीसुखमां ःयपणानी बुद्धिथी मोह पामेलोछुं. आ देहने धिक्कार छे ! अने सर्पनी फणा ा आ विषयोने पण धिक्कार छे ! हे आत्मा ! आ संसारमां तु एकलोज छे. बीजुं इ तारुं नथी." आ प्रमाणे विचार करतां परमपद पर आरोहण करवानी ःसरणी रुप क्षपकश्रेणीए आरूढ थया; अने चार घन घातिकर्मनो क्षय करीने वल केवळज्ञान प्राप्त कर्युं. ते अवसरे शासनदेवीए आवीने मुनिनो वेष अर्पण ों. ते साधुनो वेष धारण करीने तेमणे केवलीपणे पृथ्वी उपर विहार कर्यो, ने अनुक्रमे मोक्षसुख प्राप्त कर्युं. एटलामाटे आत्मसाक्षिक अनुष्ठानज फळदायी अन्य साक्षिक अनुष्ठान फळदायी नथी.

आ प्रमाणे अध्यात्मिक अनुष्ठानमां भरतचक्रीनुं दृष्टांत जाणवुं.

हवे प्रसनचंद्र राजर्षिनुं दृष्टांत कहे छे—

पोतनपुर नगरमां प्रसन्नचंद्र नामनो राजा हतो. ते अति धार्मिक, सत्यवादी तथा ायधर्ममां अद्वितीय निपुण हतो. ते एक दिवसे संध्याकाळे झरूखामां बेसी नगर-

नुं स्वरूप जोतो हतो. ते समये नाना प्रकारनां रंगवाळां वादळां थयां. संध्या रंग खील्यो. ते जोइ राजाने अति हर्ष थयो. पछी ते तेना तरफ पुनः पुः दृष्टि करवा लाग्यो. एटलामां ते संध्यास्वरूप क्षणिक होवाथी जोतांजोतां नाश पामी गयु. ते जोइ राजा विचार करवा लाग्यो के—अहो ! संध्याना सं सुंदरता क्यां गइ ! पुद्गलो अनित्य छे. संध्याना रंगनी पेठे आ देह पण अनित्य छे. संसारमां प्राणीओने कंइ पण सुख नथी. कह्युं छे के—

दुःखं स्त्रीकुक्षिमध्ये प्रथमसिह भवे गर्भवासे नराणाम्
बालत्वे चापि दुःखं मललुलितवपुः स्त्रीपयःपानमिश्रम् ।
तारुण्ये चापि दुःखं भवति विरहजं वृद्धभावोप्यसारः
संसारे रे मनुष्या वदत यदिसुखं स्वल्पमप्यस्ति किंचित् ॥

" माणसोने आ संसारमां प्रथम स्त्रीनी कुक्षिनी विषे गर्भवासमां दुःख होय छे, बाल्यावस्थामां पण माताना दुधना पानथी तेमज मळमूत्रथी शरीर खरडायेलुं रहेवाथी दुःख छे, युवावस्थामां पण विरहथी उत्पन्न थयेलुं दुःख छे, अने वृद्धभाव तो वदन असारज छे. माटे हे मनुष्यो ! जो आ संसारमां स्वल्प पण कांइ सुख होय तो कहो. "

ए प्रमाणे वैराग्यथी जेनुं मन रंजित थयुं छे एवो राजा चिंतवन करे छे के 'आ संसारमां वैराग्यनो साथे बरोबरी करी शके तेवुं कोइ पण सुख नथी.' कह्युं छे के

भोगे रोगभयं सुखे क्षयभयं वित्तेऽग्निभूभृद्भयम्
दास्ये स्वामिभयं गुणे खलभयं वंशे कुयोषिद्भयम् ।
माने म्लानिभयं जये रिपुभयं काये कृतांताद्भयम्
सर्वं नामभयं भवेऽत्र भविनां वैराग्यमेवाऽभयम् ॥

"भोगमां रोगनो भय, सुखमां क्षयनो भय, धनने विषे अग्नि ने राजानो भय, दासत्वमां स्वामीनो भय, गुणमां खळपुरुषनो भय, वंशमां कुनारीनो भय, मानने विषे तेनी हानि थवानो भय, जयने विषे रिपुनो भय अने देहने विषे यम राजानो भय होय छे. ए प्रमाणे आ संसारमां मनुष्योने सर्व भययुक्त होय छे. मात्र वैराग्यज एक भयरहित छे. "

ए प्रमाणे विचारी वैराग्यमां तत्पर थयेल राजाए पोताना बाल्यावस्थावाळा पुत्रने राज्य उपर बेसाडीने पोते दीक्षा ग्रहण करी. तत्काळ जेणे केशनो लोच कर्यो छे एवो ते राजा पृथ्वी उपर विहार करतां राजगृहीना उद्यानमां कायोत्सर्ग मुद्राथी उभो रह्यो. ते अवसरे श्रीमान वर्धमान स्वामि-एक गामथी बीजे गाम विहार करतां चौदहजार साधुओथी परिवृत थयेला, देवताओए निर्माण करेलां सोनानां कमलो उपर पोताना चरणोने धारण करतां राजगृह नगरना गुणशील नामना उद्यानमां समवसर्या, देवोए आवीने त्यां समवसरण रच्युं. वनपालके त्वराथी श्रेणिक राजा पासे जइने विज्ञप्ति करी के-'हे स्वामिन्! आपना मनने घणाज व्हाला श्री महावीर स्वामि वनमां समवसरेला छे.' ए प्रमाणे वनपालकनुं बोलवुं सांभळीने राजाने घणो हर्ष थयो. राजाए तेने कोटी द्रव्य अने सोनानी जीभ आपी. पछी श्रेणिक राजा मोटा आडंबरसहित प्रभुने वंदन करवा चाल्यो. सैन्यना अग्र भागे सुमुख ने दुर्मुख नामना बे चोपदारो चालता हता. तेओए प्रसन्नचंद्र मुनिने वनमां कायोत्सर्ग मुद्राए उभा रहेला जोया. प्रथम सुमुखे कह्युं के-'आ मुनिने धन्य छे के जेणे आवी मोटी राज्यलक्ष्मी तजी दइने संयम रूपी समृद्धि ग्रहण करेली छे. एना नाम मात्रनो उच्चार करवाथी पाप जाय तो पछी सेवा करवाथी जाय तेमां तो शुं कहेवुं!' पछी दुर्मुख बोल्यो के-'अरे! आ मुनि तो अधन्य अने महापापि छे. तु एने वारंवार शा माटे वखाणे छे? एना जेवो पापि तो कोइ नथी.' सुमुखे मनमां चिंतव्युं के-'अहो! दुर्जननो स्वभावज आवो होय छे के जे गुणोमांथि पण दोषनेज ग्रहण करे छे.' कह्युं छे के-

आक्रांतेव महोपलेन मुनिना शप्तेव दुर्वाससा
सातत्यं बत मुद्रितेव जतुना नीतेव मूर्छां विषैः।
बद्धेवातनुरज्जुभिः परगुणान् वक्तुं न शक्ता सति
जिह्वा लोहशलाकया खलमुखे विद्धेव संलक्ष्यते ॥

"मोटा पथ्थरथी दबायेली होय नहि! दुर्वासा मुनिथी शाप पामेली होय नहि! लाखथी निरंतर चोटाडी दीधेली होय नहि! विषथी मूर्छित थयेल होय नहि अथवा जाडा दोरडाथी बांधेली होय नहि! तेवी खल माणसनी जीभ पारकाना गुणो बोलवाने अशक्त होती सती लोढाना खीलाथी जाणे विंधेली होय नहि तेवी जणाय छे" वळी कह्युं छे के-

आर्योऽपि दोषान् खलवत्परेषां, वक्तुं हि जानाति परं न वक्ति।
किं काकवत्तीव्रतराननोऽपि, कीरः करोत्यस्थिविघट्टनानि ॥

“ सज्जन माणसने पण खल माणसनी पेठे पारकाना दोषो बोलतां आवडे छे पण ते बोलता नथी. शुं कागडानी माफक पोपट पण तीव्र चांचवाळो नथी! छे; छतां ते अस्थिना टुकडा करे छे ? नथी करतो. ”

पछी सुमुखे कह्युं–‘ हे दुर्मुख ! तुं आ मुनीश्वर महात्माने शामाटे निंदे छे?’ त्यारे दुर्मुखे कह्युं–“ अरे ? तेनुं नाम पण लेवा जेवुं नथी. कारणके आ मुनिए पांच वर्षना बाळकने राज्यगादी उपर बेसाडीने पोते दीक्षा लीधी छे; परंतु तेना वैरीओए एकठा थइने तेना नगरने लुंटयुं छे, तेना नगरवासी जनो आक्रंद अने विलाप करे छे. मोटुं युद्ध थाय छे. हमणां तेना शत्रुओ ते बाळकने हणीने राज्य ग्रहण करशे. आ सघळुं पाप तेना शिरे छे.” आ प्रमाणे सांभळीने ध्यानमां स्थित थयेला प्रसन्नचंद्र ऋषिए चिंतव्युं के–‘अरे ! हुं जीवतां जो मारा शत्रुओ मारा बाळकने मारीने राज्य ग्रहण करे, तो ए माननी हानि तो मारी पोतानीज छे.’ ए प्रमाणे चिंतवतां ध्यानथी चलित थइने मनमां शत्रुओनी साथे युद्ध करवा लाग्या; अति भयंकरपणाने पाम्या अने तेमां एकाग्र थवाथी रौद्र ध्यान ध्यावा लाग्या. मनवडेज शत्रुओने हणे छे, अने ‘में अमुक शत्रुने मार्यो ’ एवी बुद्धिथी ‘बहु सारुं थयुं’ एम मुखथी पण बोले छे. ‘ हवे बीजाने मारुं ए प्रमाणे तेम करीने पण मनथी युद्धमां प्रवर्ते छे. एवे समये हाथी उपर बेठेला श्रेणिके प्रसन्नचंद्र मुनिने जोया. एटले ‘ अहो ! आ राजर्षिने धन्य छे के जे एकाग्र मनथी ध्यान धरे छे.’ एम विचारी श्रेणिक राजाए गज उपरथी उतरी मुनिनी प्रदक्षिणा करीने तेमने वारंवार वांद्या अने स्तुति करी. पछी तेमने वांदी मनमां स्तुति करतो हाथि उपर चढी श्री महावीर स्वामी समीपे आव्यो. समवसरणमां जइने ‘पंचाभिगम’ साचवीने विधिथी जिनेश्वरने वंदन करीने बे हस्त जोडी आ प्रमाणे स्तुति करी—

अद्याभवत्सफलता नयनद्वयस्य, देव त्वदीयचरणांबुजवीक्षणेन।
अद्य त्रिलोकतिलक प्रतिभासते मे, संसारवारिधिरयं चुलुकप्रमाणः॥

“ हे देव ! तमारां चरणकमळना दर्शनथी मारां बन्ने नेत्रो आज सफळ थयां. हे त्रिलोकतिलक ! आज आ संसार वारिधि मने एक अंजलिप्रमाणज भासे छे.

१ [illegible] अभिगम अहीं आगळ

दिट्ठे तुहमुहकमले, तिन्नि विणट्ठाइं निरवसेसाइं।
दारिद्दं दोहग्गं, जम्मंतरसंचियं पावं ॥

" तमारुं मुखकमळ देखवाथी दारिद्र, दौर्भाग्य अने जन्मांतरसंचित पाप- ए त्रणे वानां सर्वथा नाश पाम्यां."

इत्यादि एकसो ने आठ काव्योथी जिनेन्द्रने स्तवीने ते योग्य स्थान उपर बेठो. पछी प्रभुए क्लेशने नाश करनारी धर्मदेशना शरु करी. देशनाने अंते श्रेणिक राजाए वीरस्वामीने पूछ्युं के-' हे प्रभु ! जे अवसरे में प्रसन्नचंद्र मुनिने वांद्या, ते अवसरे जो ते काळधर्म पामे तो तेनी गति क्यां थाय ? स्वामीए कह्युं के-'जो ते वखते मरण पामे तो सातमी नरके जाय.' फरी पूछ्युं ' हमणा काळ करे तो क्यां जाय ? भगवाने कह्युं के-' छट्ठी नरके जाय.' फरीथी श्रेणिके क्षणमात्र विलंब करीने पूछ्यु के-' हवे क्यां जाय ?' भगवाने कह्यु के-'पांचमी नरकभूमिए जाय.' क्षण पछी फरीथी पूछतां भगवाने कह्युं के-'चोथी नरक- भूमिए जाय.' ए प्रमाणे पुनः पुनः पूछतां ते ' त्रीजी, बीजी ने पहेली नरक- भूमिए जाय' एवो उत्तर भगवाने आप्यो. फरीथी श्रेणिक राजाए पूछ्युं के- ' हवे क्यां जाय ? ' त्यारे भगवाने कह्युं के-' प्रथम देवलोकमां जाय.' एम पुनः पुनः पूछतां ' ते बीजा त्रीजा चोथा, पांचमा, छट्ठा, सातमा, आठमा, नवमा, दशमा, अग्यारमा ने बारमा देवलोके जाय.' ए प्रमाणे अनुक्रमे ' नव ग्रैवेयक- मां अने पांच अनुत्तर विमानो पर्यंत ते जाय' एवो उत्तर श्रेणिक राजाए पूछतां भगवाने आप्यो. आ रीते सभामां प्रश्नोत्तर चालता हता तेवे समये आकाशमां देवदुंदुभिनो नाद सांभळीने श्रेणिके पूछ्युं के-' हे प्रभु! आ दुंदुभिनो नाद क्यां थाय छे ?' प्रभुए कह्युं के-' प्रसन्नचंद्र राजर्षिने केवळज्ञान उत्पन्न थयुं; तेथी देवो दुंदुभि वगाडे छे अने जय जय शब्द करे छे. ' श्रेणिके पूछ्युं के-' प्रभु ! आ कौतुक शुं ते मारा समजवामां आवतुं नथी, माटे आनुं स्वरूप शुं छे ते जाणवा माटे हे स्वामिन ! तेनो सघळो वृत्तांत कहेवा कृपा करो. ' प्रभुए कह्युं के-' हे श्रेणिक ! सर्वत्र मन एज प्रधान छे.' कह्युं छे के-

मन एव मनुष्याणां, कारणं बंधमोक्षयोः।
क्षणेन सप्तमीं याति, जीवस्तंदुलमत्स्यवत् ॥

" मनुष्योने मन एज बंध तथा मोक्षनुं कारण छे. जीव क्षणमात्रमां तंदु- लमत्स्यनी जेम सातमी नरके जाय छे." वळी कह्युं छे के—

मणमरणेंदिअ मरणं, इंदियमरणे मरंति कम्माइं ।
कम्ममरणेण मुक्खो, तम्हा मणमारणं पवरं ॥

"मनने मारवाथी इंद्रियो मरे छे, इंद्रियोने मारवाथी कर्म मरे छे अने [illegible] मारवाथी मनुष्य मोक्षने पामे छे; माटे मनने मारवुं एज श्रेष्ठ छे."

वळी प्रभुए कह्युं के–" हे श्रेणिक ! जे अवसरे तें प्रसन्नचंद्रने वांद्या ते अवसरे तारा चोपदार दुर्मुखनां वचन सांभळीने ते ध्यानथी चलित [illegible] हता. अने शत्रुओनी साथे मनमां युद्ध करता हता. तुं तो एम जाणतो हतो [illegible] आ एक मोटा मुनीश्वर छे. ते एकाग्र मनथी ध्यान करे छे; परंतु तेणे तो [illegible] शत्रुओ साथे मनमां मोटुं युद्ध आरंभ्युं हतुं: तो ते युद्धथी तेणे सातमी [illegible] [illegible] योग्य आयुष्यनां पुद्गलो मेळव्यां हतां, पण ते पुद्गलो निकाचित [illegible] [illegible]. [illegible] तुं तो तेमने वांदीने अहीं आव्यो अने तेणे तो [illegible] [illegible] सर्व शत्रुओने हण्या अने हासो पण सघळां खपी [illegible] [illegible] उगामी दीधो; पण पोतानी पासे एके शस्त्र [illegible] [illegible] प्रसन्नचंद्रे विचार्युं के–'आ मारा मस्तक [illegible] [illegible] आ [illegible] मारुं.' [illegible]

र्यां. शुभ अध्यवसायना बळथी साते नरकभूमिने योग्य कर्मदलोनुं छेदन करीने उत्तरोत्तर सर्वार्थसिद्धि विमान पर्यंत जवा योग्य कर्मदलने मेळवीने अनुक्रमे द्र पामती शुभ परिणामनी धारावडे परमपदनी प्राप्तिमां परम कारण रूप क्षपक ीनो आश्रय करी, घातिकर्मनो नाश करी तरतज अति उज्वल केवळज्ञान मेळ- तेना प्रभावथी देवताओ एकठा थइ गीतगानादि पूर्वक तेनो महोत्सव करेछे."

आ प्रमाणे प्रभुना मुखथी सांभळीने श्रेणिक राजाए सविस्मय वारंवार ानुं मस्तक धुणाव्युं, अने वीरप्रभुने वदन करी संदेहरहित थइ स्वस्थाने ा. प्रभुए पण अन्यस्थाने विहार कर्यो. प्रसन्नचंद्र राजर्षिए पण घणां वर्षो ो केवलीपणे भूमि उपर विहार करीने अंते मोक्षपद प्राप्त कर्युं.

'आ दृष्टांत उपरथी सार ए ग्रहण करवो के आत्मसाक्षीए करेलुं आचरणज ापापना फळने आपनार छे.'

एकला वेषनी अप्रामाण्यता बतावे छे—

वेसोपि अप्पमाणो, असंजमपहेसु वट्टमाणस्स ।
किं परियत्तियवेसं, विसं न मारेइ खज्जंतं ॥ २१ ॥

शब्दार्थ—" असंयममार्गमां वर्तता मुनिनो वेष पण अप्रमाण छे. केमके शुं परावर्तन करेल मनुष्यने विष खाधु सतुं मारतुं नथी? मारे छे."

भावार्थ—षट्कायना आरंभादिकमां वर्तता एवा मुनिनो रजोहरणादि वेष मनो नथी, केवल वेषवडे आत्मशुद्धि थती नथी. अहीं दृष्टांत कहे छे के— वेष मूकीने बीजो वेष लीधो होय ते जो विष खाय तो मरण न पामे? मे. तेम संक्लिष्ट चित्त रूप विष असंयम मार्गमां प्रवर्तनारा मुनिने मुनिवेष ां पण अनेक जन्म मरण आपे.

अहीं कोइ एम कहे के त्यारे तो वेषनुं शुं काम छे? केवळ भावशुद्धिज वी. तेने गुरु कहे छे के एम नहि, वेष पण धर्मनो हेतु होवाथी मुख्य छे आ प्रमाणे—

धम्मं रक्खइ वेसो, संकइ वेसेण दिक्खिओमि अहं ॥
उमग्गेण पडंतं, रक्खइ राया जणवउव्व ॥ २२ ॥

शब्दार्थ—" वेष धर्मनुं रक्षण करे छे, वेषे करीने हुं दीक्षीत छुं एम धारीने कायछे, अने राजा जनपदने राखे तेम उन्मार्गे पडताने वेष राखेछे." २२

गाथा २१—असंजमपएसु. गाथा २२—जणवउव्व

भावार्थ-चारित्रधर्मनी जेम रक्षा करेछे अने जोकेपण प्रमादना पापमार्गमां आच-
रता हूं मुनिवेषधारकछुं-दीक्षीतछुं एवा विचारथी मारग उपरांत लज्जा पामे
छे-पाप करी शकतो नथी. वळी राजा जेम जनपदनी प्रजाने पोताना देशना लो-
कोनी रक्षा करेछे अर्थात् राजाना भयथी जेम प्रजावर्ग उन्मार्गे चाली शकतो नथी
प्रवर्त्यो होय तोपण राजभयथी पाछो निवर्ते छे; तेम वेष प्राणीने उन्मार्गे पडत
रोके छे-उन्मार्गे पडी शकतो नथी-पडयो होय तोपण पाछो ओसरे छे.

अप्पाण जाणइ अप्पा, जहट्ठिओ अप्पसक्खिओ धम्मो ॥
अप्पा करेइ तं तह, जह अप्पसुहावहं होइ ॥ २३ ॥

शब्दार्थ-"आत्माज यथास्थित पोताना आत्माने जाणे छे, माटे आत्मसा-
क्षिक धर्म (प्रमाण छे.) तेथी आत्माए जे क्रियानुष्ठान आत्माने सुखकारक
होय ते तेवा प्रकारेज करवुं के जे परभवमां हितकारक थाय." २३

भावार्थ-पोतानो आत्मा शुभ परिणाममां वर्तेछे के अशुभ परिणाममां वर्ते
छे तेनी खरी खबर पोताना आत्मनेज पडे छे, कारणके पारकी चेतोवृत्ति
छद्मस्थ जाणी शकता नथी; पण पोते जाणी शके छे.

जं जं समयं जीवो, आविसइ जेण जेण भावेण ॥
सो तम्मि तम्मि समये, सुहासुहं बंधए कम्मं ॥ २४ ॥

शब्दार्थ-" जीव जेजे समये जेवा जेवा भावे वर्तछे ते ते समये ते (तेवा
प्रकारना) शुभाशुभ कर्मने बांधे छे. " २४

भावार्थ-समय ते अति सूक्ष्म काळ समजवो. जेवा शुभ के अशुभ परिणाममां
आत्मा प्रवर्ततो होय तेवां शुभ के अशुभ कर्मो बांधेछे, अर्थात् शुभ परिणामे
वर्ततां शुभ कर्म बांधेछे, अशुभ परिणामे वर्ततां अशुभ कर्मो बांधेछे; ते कारण
माटे शुभ भावज करवो, गर्वादिथी दूषित भाव न करवो. ते संबंधे हवे कहे छे.

धम्मो मएण हुंतो, तो नवि सीउन्हवायविज्झडिओ ॥
संवच्छरमणसिओ, बाहुबली तह किलिस्संतो ॥ २५ ॥

शब्दार्थ-" जो अभिमाने करीने धर्म थतो होत तो शीत उष्ण वायु वि-
गेरेथी पराभव पामता अने एक वर्ष पर्यंत अशन विना रहेला बाहुबलि तेवा
प्रकारनो क्लेश न पामत." २५

गाथा २४—१ आविसइ. २ आवसइ. - आसक्तो भवति.
गाथा २५.-जत्तो अहमिओ मणसिओ तो अणसिओ-अनशितः-अशनं विना स्थित

भावार्थ—एक वर्ष पर्यंत आहाररहित उपवासी रह्या छतां अने अनेक प्रकारना परिसहो सहन कर्या छतां 'हुं मारा नाना भाइओने वंदना केम करुं?' एवुं अभिमान हतुं त्यांसुधी बाहुबळिने केवळज्ञान न थयुं. अने मान तज्युं के तरत थयुं;माटे अभिमानवडे धर्म थइ शकतो नथी. अहीं बाहुबलिनुं दृष्टांत जाणवुं ते आ प्रमाणे—

बाहुबलिनुं दृष्टांत.

भरतचक्रीए छ खंडनो विजय कर्या पछी पोताना अठाणुं भाइओने बोलाववाने तेणे दूतो मोकल्या. दूतोए जइने कह्युं के—'आपने भरत राजा बोलावे छे,' तेथी सघळा बंधुओ एकठा थइ विचार करवा लाग्या के—'भरत लोभ रूप पिशाचथी ग्रस्त थइ मत्त बनेलो छे. तेणे छ खंडनुं राज्य प्राप्त कर्युं छे छतां तेना लोभनी तृष्णा शांत थती नथी. अहो केवी लोभांधता!' कह्युं छे के—

लोभमूलानि पापानि, रसमूलानि व्याधयः ।
स्नेहमूलानि दुःखानि, त्रीणि त्यक्त्वा सुखी भव ॥

"लोभ पापनुं मूळ छे, रस (स्वाद) व्याधिनुं मूळ छे, अने स्नेह दुःखनुं मूळ छे; माटे ए त्रणे वानांने त्यजीने सुखी था."

वळी कह्युं छे के—

भोगा न भुक्ता वयमेव भुक्तास्तपो न तप्तं वयमेव तप्ता ।
कालो न यातो वयमेव यातास्तृष्णा न जीर्णा वयमेव जीर्णा॥

"अमे भोग भोगव्या नहि पण अमे जाते भोगवाया, अमे तप कर्युं नहि पण अमे तप्त थया, काळ गयो नहि पण अमे गया अर्थात् अमारी वय गइ,अने तृष्णा जीर्ण थइ नहि पण अमे जीर्ण थया अर्थात् अमारी वय जीर्ण थइ."

"एटला माटे बलात्कारथी पण ते आपणुं राज्य ग्रहण करशे अने आपणे एनी सेवा करवी पडशे; माटे तेनी सेवा करवी के नहि?" आ प्रकारना विचारने अंते 'तेनी सेवा करवी नहि' एवुं दरेक भाइए कबुल कर्युं—मुकरर कर्युं. पछी सघळा भाइओ श्रीऋषभस्वामी पासे पोतानो वृत्तांत निवेदन करवा गया. प्रभुने वंदन करी हाथ जोडीने विज्ञापना करी के—"हे प्रभु! भरत मत्त थयोछे अने ते अमारुं राज्य ग्रहण करवाने उद्यक्त छे; माटे अमारे क्यां जवुं? अमे तो आपे आपेला एक एक देशना राज्यथी पण संतुष्ट छीए; अने भरत तो छ खंडनुं राज्य मळ्या छतां पण संतुष्ट थतो नथी." एवां तेमनां वचन सांभळीने प्रभु बोल्या

के–" हे पुत्रो ! परिणामे नरकगतिने आपनारी ए राज्यलक्ष्मीथी शुं वि छे ? आ जीवे अनंतीवार राज्यलक्ष्मी अनुभवेली छे, तो पण आ जीव तृप्त थये नथी. आ राज्यलीलानो विलास स्वप्न तुल्य छे" कह्युं छे के—

स्वप्ने यथायं पुरुषः प्रयाति, ददाति गृह्णाति करोति वक्ति।
निद्राक्षये तच्च न किंचिदस्ति सर्वं तथेदं हि विचार्यमाणम्॥

" आ पुरुष (जीव) जेम स्वप्नने विषे प्रयाण करे छे, आपे छे, ग्रहण करे छे, कांइ कार्य कांइ करे छे अथवा बोले छे, पण निद्रानो क्षय थतां जेम तेमांनुं होतुं नथी तेम विचार करतां आ सघळुं–संसारी पदार्थमात्र तेवाज छे. "

वळी—

संपदो जलतरंगविलोला, यौवनं त्रिचतुराणि दिनानि।
शारदाभ्रमिव चंचलमायुः, किं धनैः कुरुत धर्मसनिध्यम्॥

" संपत्तिओ जळनां तरंगो जेवी चपळ छे, यौवन त्रण चार दिवसनुंज छे अने आयुष्य शरद ऋतुना मेघनी पेठे चलित छे, तो धनथी शुं विशेष छे ! सुत्य एवो धर्मज करो. "

" माटे हे पुत्रो ! तमारे आटलो बधो मोहविलास शो ! कोना पुत्रो ? राज्य ? कोनी स्त्री ? कोइ पण साथे आववानुं नथी. " कह्युं छे के–

द्रव्याणि तिष्ठंति गृहेषु नार्यो, विश्रामभूमौ स्वजनाः श्मशाने
देहश्चितायां परलोकमार्गे, कर्मानुगो याति स एव जीवः

" द्रव्य तो घरमांज पड्युं रहे छे, नारी विश्रामभूमि सुधी आवे छे, स्वजन स्मशान सुधी आवे छे, अने छेवट देह चिता सुधी रहे छे. पछी परलोकमां कर्म सहित जीवज एकलो जायछे."

" माटे तमे आ विनाशी राज्य लक्ष्मीने तजो अने अमर एवुं मोक्षराज्य मेळवो."

आ प्रमाणेनी प्रभुनी देशना सांभळीने भरतना भाईओए दीक्षा लीधी अने निर्मळ चारित्र पाळवा मांड्या. दूतोए आवीने भरतने ए हकीकत निवेदन करी. भरत चक्रवर्तीए ते भाईओना पुत्रोने बोलावीने तेमना पिताओनुं राज्य आप्युं.

हवे भरत राजा अयोध्या नगरीमां आव्या त्यां चक्र आयुधशालामां प्रवेश करतुं नथी. तेथी सुषेण सेनापतिए तेमनी समीपे आवीने जणाव्युं के 'हे स्वामी! चक्र आयुधशालामां प्रवेश करतुं नथी.' भरतचक्रीए पूछ्युं के–'तेनुं शुं कारण छे?' सुषेण सेनापतिए कह्युं के–'स्वामिन! हजु पण कोइ शत्रु रह्यो होय तेम जणाय छे.' चक्रीए कह्युं के–'आ छखंडमां तो मारा माथा उपर कोइ शत्रु नथी.' सुषेणे कह्युं के–"आपनो नानो भाइ बाहुबलि आपनी आज्ञा मानतो नथी. भाइ छतां पण जो मोटा भाइनी आज्ञा माने नहि तो तेने शत्रुज समजवो. आज्ञा पोताना घरमां पण चालती नथी ते स्वामी शेनो? तेथी तेने आज्ञा-करवो जोइए." भरत राजाए विचार्युं के–'मारा भयथी मारा रायळा भाइओए चारित्र ग्रहण कर्युं छे, हवे बाहुबलि रूपे मारे एकज भाइ रहेलो छे अने ते पण अनुज धु छे तो तेना उपर शुं कराय?' सुषेणे कह्युं के–"स्वामिन! आ बाबतमां चार न करवो. गुणहीन भाइथी शो लाभ छे? सोनानी छरी कांइ पेटमां मराय नहि. माटे दूत मोकलीने तेने अहीं बोलावो; परंतु हुं धारुं छुं के ते कोइ पण रीते अहीं आवशे नहि." एवां सुषेणनां वचनथी क्रोधित थयेल भरते सुवेग नामा दूतने बोलावीने कह्युं के–'तुं तक्षशिला नगरीमां मारा नाना भाइ बाहुबलि पासे जा अने तेने अहीं बोलावी लाव' आ प्रमाणे भरतचक्रीनां वचन सांभळीने पुण्यनी माफक तेमनी आज्ञा माथे चडावी रथमां बेसीने परिवार सहित ते चाल्यो. मार्गे जतां तेने घणां अपशुकन थया; परंतु ते अपशुकनोए वार्यो स्वामीनी आज्ञा पाळवामां उत्सुक थयेलो ते अविच्छिन्न चाल्यो. केटलेक ते बहलीदेशमां पहोंच्यो. त्यांना लोकोए तेने पूछ्युं के–'तुं कोण छे? क्यां जाय छे?' सुवेगना अनुचरोए कह्युं के–'आ सुवेग नामनो भरत रानो दूत छे अने ते बाहुबलिने बोलाववा माटे जाय छे.' त्यारे लोकोए फरीथी कह्युं के–'ए भरत कोण छे?' सुवेगना सेवकोए कह्युं के–'ते छखंडनो धणी छे, जगतनो स्वामी छे, अने ते लोकोमां पण प्रख्यात छे.' त्यारे ते लोको बोल्या के–"आटला दिवस पर्यंत तो अमे तेने सांभळ्यो नथी के ते क्यां रहे छे? अमारा देशमां तो स्त्रीओना स्तननी कंचुकी उपर भरत होय छे तेने अमे भरत तरीके सांभळीए छीए, परंतु भरत राजा तो कोइ सांभळ्यो नथी. अमारो राजा क्यां! अने ए भरत क्यां! अमारा स्वामीना भुजदंडप्रहारने सहन करे तेवो आ दुनियामां कोइ नथी." आ प्रमाणे लोकोना मुखथी बाहुबलिना बळनो उत्कर्ष सांभळीने चकित थतो सतो सुवेग अनुक्रमे तक्षशिलाए पहोंच्यो; नगरीमां दाखल थयो अने बाहुबलिना सभामंडप पासे आव्यो. द्वारपाळे राजानी आगळ निवेदन कर्युं. तेनी आज्ञाथी दूत रथमांथी उतरी बाहुबलिनी स-

मीपे जइ तेने पगे लाग्यो. बाहुबलिए दूतने पोताना भाइना कुशल समाचार आदि पूछतां दूते कह्युं के–"तमारो भाइ भरत कुशल छे, अयोध्या नगरी कुशल छे अने तेमना सवाक्रोटी पुत्रो पण कुशल छे. जेना घरमां चौद रत्न अने नव निधि आदि मोटी ऐश्वर्यसंपत्ति छे तेनुं अकुशल करवाने कोण शक्तिवान छे? जोके तेणे सर्व संपत्ति प्राप्त करी छे तथापि तेने स्वबन्धुनां दर्शननो लाभ थ वानी घणी उत्कंठा छे. माटे तमे त्यां आवीने तमारा समागमथी उत्पन्न थ सुखवृद्धिथी तेने अति प्रमुदित करो; कदि जो तमे नहि आवो तो ते तमारा उ कुपित थइने तमने घणी पीडा पमाडशे. जेनी बत्रीश हजार राजाओ सेवा क तेनी चरणसेवाथी तमारो कोइ पण रीते उपहास (मश्करी) नथी, पांच माण... साथे भोगववुं ते दुःख नथी' एवी लोकोक्ति छे; तेथी मान त्यजोने त्यां चालो."

एवां दुतनां वचन सांभळीने बाहुबलि अति क्रोधायमान थइ ललाटमां त्रिवलि चडावी भुजास्फोट करीने बोल्या के–"अरे दुत! भरत कोण मात्र छे? तेनां चौद रत्नो शुं मात्र छे? अने तेना सेवको पण कोण मात्र छे? में बाल्यवस्थामां भरतने गंगाकांठे दडानी माफक आकाशमां उछाळ्यो हतो अने पछी गगनमांथी पडतां मेंज तेने मारा हाथमां झीली लीधो हतो, ते शुं भरत भूली गयो? मारं ते बल तेने विस्मृत थयुं होय तेम जणाय छे, जेथी तने अहीं मोकल्यो छे. आ टला दिवस सुधी तो में पिता तुल्य गणीने मोटा भाइनी आराधना करीछे; पण हवे तो हुं तेनी उपेक्षा करुं छुं. केमके गुणहोन अने लोभी एवा मोटा भाइथी पण शुं! तेणे अट्ठाणुं नाना भाइओनां राज्यो लइ लीधां अने तेओए तो बीक पणाने लीधे लोकापवादथी डरी राज्य त्यजीने संयम ग्रहण कर्युं, परंतु हुं तेने नहि सहन करुं. मारो भुजप्रहार केवळ भरतज सहन करशे, पण ते स करवा माटे अन्य कोइ आवशे नहि, माटे तुं जा. दुत होवाथी तुं अवध्य तेथी मारी दृष्टिथी तत्काळ दूर था."

आ प्रमाणे क्रोधथी लालचोळ नेत्रवाळु सूर्यमंडळनी माफक उद्दीप्त तेनुं रूप जोइने सुवेग भय पामी धीमे धीमे त्यांथी बहार नीकळयो अने बनो मानभंग थइ रथमां बेसी अयोध्या तरफ चाल्यो. मार्गमां बहुली देशं ... हाळमां तेणे आ प्रमाणे लोकोनां वाक्यो सांभळ्यां–"अरे! भरत कोण छे ... अमारा स्वामीनी साथे युद्ध करवाने इच्छे छे? परंतु तेना जेवो कोइ मूर्ख ... नथी के जेणे सूतेला सिंहने जगाड्यो छे." ए प्रमाणे लोकोनां वाक्यो ... सुवेग विस्मित थइने विचारवा लाग्यो के–"अहो! आ देशना लोको ... ... परंतु तेमना स्वामीनोज प्रभाव छे, तेओनो प्रभ ... ... घणो छे!

…भरते आ शुं कर्युं ! मेणे ठीक न कर्युं, अयोग्य कर्युं." ए प्रमाणे विचार करतो …ने म्होंकोने भय पमाडतो सुवेग केटलेक दिवसे अयोध्या नगरीए पहोंच्यो.

तेणे सभामां जइने सर्व हकीकत भरत चक्रीने निवेदन करी. छेवटे तेणे …युं के—'ए तमारो नानो भाइ तमने तृणवत् गणे छे, वधारे शुं कहुं !' एवा दु-…ा शब्दो सांभळीने सैन्य सहित भरत चक्रीए ते तरफ प्रयाण कर्युं. भरतनी मोटी …ना चाली. तेथी दिग्मंडळ पण धुजवा लाग्युं. तेना सैन्यनुं स्वरूप नीचे प्रमाणे—

दिग्चक्रं चलितं भयाज्जलनिधिर्जातो महाव्याकुलो ।
पाताले चकितो भुजंगमपतिः क्षोणिधराः कंपिताः ॥
भ्रांताः सुपृथिवी महाविषधरा क्ष्वेडं वमत्युत्कटम् ।
वृत्तं सर्वमनेकधा दलपतेरेवं चमूनिर्गमे ॥

"दिगमंडळ कंपवा लाग्यु, भयथी समुद्र आकुळव्याकुळ थयो, पातालमां …नाग चकित थयो, पर्वतो कंपायमान थया, पृथ्वी भमवा लागी, मोटा विष-…ो उत्कट विषनुं वमन करवा लाग्या; सेनापतिनुं सैन्य चालतां अनेक प्रकारे …प्रमाणे थवा लाग्युं."

अढारकोटी घोडेस्वारोनुं लश्कर एकठुं करी भरत राजा पोताना हस्तीरत्न …र स्वार थइने बाहुबलिने जीतवा माटे चाल्यो. केटलेक दिवसे ते बहुली …मां पहोंच्यो.

भरत आव्यो छे एवुं बाहुबलिए पण सांभळ्युं एटले ते पोताना त्रण लाख पुत्रो-… परिवृत थइ सोमयशा नामना पोताना पुत्रने सेनाधिपति बनावीने मोटी सेना …हित सामे नीकळ्यो. बन्ने सैन्यो सामसामा मळ्यां. बंने सैन्यना चोराशी ह-…र रणतुरीना अवाजो थवा लाग्या. भेरीओना भांकारोथी अने वाजिंत्रोना श-…ोथी कान उपर पडतो शब्द पण न संभळावा लाग्यो. पछी उद्धत, रणभूमिमां …कट, अनेक हस्तीओनी घटामां जेओए प्रवेश करेलो छे तेवा, सिंहनुं पण मर्दन …नारा अने जेओनो कीर्तिपट चारे तरफ फेलायेलो छे एवा योद्धाओए युद्ध …कर्युं. योद्धाओना वीरशब्दो थवा लाग्या. आखुं जगत शब्दमय भासवा ला-…. अश्वोनी खरीथी उडती रजवडे घेरायलुं सूर्यमंडल वायुसमूहनी अंदर रहेला …क पलाश पत्रनी जेवुं देखावा लाग्युं. ते वखते त्यां आ प्रमाणे युद्ध थवा लाग्युं.

एके वै हन्यमाना रणभुवि सुभटा जीवशेषाः पतन्ति
ह्येके मूर्छाप्रपन्नाः स्युरपि च पुनरुन्मूर्छिता वै पतन्ति ।

मुंचन्त्येकेऽट्टहासान्निजपतिकृतसन्मानमाद्यं प्रसादं
स्मृत्वा धावंति मार्गे जितसमरत्वयाः प्रौढिवंतो हि भक्त्या

"केटलाएक सुभटो रणभूमिमां हणावाथी जीवशेष थइने पडे छे, मूर्छित थयेला केटलाएक सुभटो शुद्धिमां आवीने पाछा मूर्छित थाय छे, केटलाएक सुभटो अट्टहास करे छे अने केटलाएक पोताना स्वामीए करेला सन्मानने तेमज प्राथमिक प्रसादने संभारीने युद्धनो भय दुर करी भक्तिवडे प्रौढ बनी रणमां दोडे छे." ए प्रमाणे मोटा युद्धमां केटलाएक योद्धाओ हाथीओना झुंडने पग पकडी आकाशमां फेरवे छे, केटलाएक उछळता योद्धाओने पकडीने भूमि पर पाडे छे, केटलाएक सिंहनाद करे छे अने केटलाएक हस्तना आस्फोटनथी वैरीओनां हृदयने फाडी नाखे छे. ए प्रमाणे स्वामीए भ्रकुटीसंज्ञाथी उत्तेजित करेला सुभटोए उत्कट युद्ध आरंभ्युं. कह्युं छे के-

राजा तुष्टोपि भृत्यानां, मानमात्रं प्रयच्छति ।
ते तु सन्मानमात्रेण, प्राणैरप्युपकुर्वते ॥

" राजा संतुष्ट थतां सेवकोने मात्र मान आपे छे. पण सेवको तो मानथी पोताना प्राण आपीने बदलो वाळे छे."

रणमां एक मित्र बीजा मित्रने कहे छे के-'हे मित्र ! बीकण ना था; रणके युद्धमां तो बंने प्रकारे सुख छे. जीत मेळवशुं तो आलोकमां सुख छे; मृत्यु थशे तो परलोकमां देवांगनाना आलिंगननुं सुख प्राप्त थशे.' कह्युं छे

जिते च लभ्यते लक्ष्मीर्मृते चापि सुरांगना ।
क्षणविध्वंसिनी काया, का चिंता मरणे रणे ॥

" रणमां जीतवाथी लक्ष्मी प्राप्त थाय छे अने मरवाथी देवांगना प्राप्त थाय छे; आ काया क्षणमां नाश पामे एवी छे, तो युद्ध करतां मृत्युनी चिंता शा माटे राखवी ?"

ए प्रमाणे युद्ध थतां बार वर्ष व्यतीत थयां, तो पण तेमांथी एकेनुं सैन्य हठयुं नहि. ते प्रसंगे करोडो देवो ते युद्ध जोवाने माटे गगनमंडलमां आव्या हता. तेमां इंदर सौधर्मेन्द्रे आवीने विचार कर्यो के-'अहो! कर्मनी गति विचित्र छे ! के जेथी ते सगा भाइओ अंशमात्र राज्य मेळववाने माटे कोटी मनुष्योनो विनाश करे छे. माटे हुं त्यां जइने युद्धने अटकावुं.' एवो विचार करी इंद्र आ भरतने कहे छे-" हे छ खंडना अधिपति! जेणे अनेक राजाओने किंकर

ध्या छे एवा हे भरत राजा ! आ शुं आरंभ्युं छे ? मात्र राज्य कारणमां तमे जगतनो शा माटे संहार करो छो ? श्रीऋषभदेवे लांबा वखतथी पाळेल प्रजानो क्षय केम करवा मांड्यो छे ? सुपुत्रने आवुं आचरण घटतुं नथी. सुपुत्रने तो पिताए जेप्रमाणे आचरेलुं होय ते प्रमाणे आचरवुं-वर्तवुं जोइए;माटे हे राजेन्द्र! जनना संहारथी तमे निवृत्त थाओ." भरते कह्युं के-"तातना भक्त एवा आपे कह्युं ते सत्य छे. हुं पण ते जाणुं छुं, परंतु शुं करुं? चक्र आयुधशाळामां पेसतुं नथी. तेथी बाहुबलि मात्र एकवार मारी समीपे आवी जाय तो पछी मारे बीजुं कांइ कार्य नथी. तेनुं राज्य लेवानी मारे जरुर नथी; माटे तमो त्यां जइने मारा बंधुने समजावो." एवां भरतनां वचनो सांभळीने शक्रेन्द्र बाहुबलि पासे गया. बाहुबलिए तेमनुं घणुं सन्मान कर्युं अने कह्युं के-'हुकम करो, आपने आववानुं शुं प्रयोजन छे ?' इन्द्रे कह्युं के-'तमे पितृ तुल्य मोटा भाइनी साथे युद्ध करो छो ए तमने घटतुं नथी, तेथी तमे तेनी पासे जइने नमो, अपराधनी क्षमा मागो अने लोकसंहारथी निवृत्त थाओ.' बाहुबलिए कह्युं के-'एमां दोष भरतनो छे, अहींआं तेने कोणे बोलाव्यो हतो ? ते अत्रे शामाटे आव्यो छे ? अतृप्त एवा तेने लज्जा नथी. ते सर्व बंधुओनां राज्यो ग्रहण करीने हवे मारुं राज्य लेवा आव्यो छे; परंतु ते जाणतो नथी के सर्व दरोनी अंदर कांइ उंदरो होता नथी; माटे हुं पाछो हठनार नथी; कारणके मानहानि करतां प्राणहानि वधारे सारी कह्युं छे के—

अधमा धनमिच्छंति, धानमानौ च मध्यमाः ।

उत्तमा मानमिच्छंति, मानो हि महतां धनम् ॥

"अधम लोको धनने इच्छे छे, मध्यम लोको मान अने धनने इच्छे छे, उत्तम लोको मानने ज इच्छे छे, कारणके मान ए मोटाओनुं धन छे." वळी—

वरं प्राणपरित्यागो, ना मानपरिखंडनम् ।

मृत्युस्तत्क्षणिका पीडा, मानखंडे दिने दिने ॥

"प्राणनो त्याग करवो ए वधारे सारो छे, पण मानखंडन सारुं नथी. कारणके मृत्यु तेज क्षणे मात्र पीडा आपे छे, पण मानखंडन तो दररोज पीडा करे छे."

ए प्रमाणे बाहुबलिनुं निश्चयवाळुं वचन सांभळीने इन्द्रे कह्युं के-"जो एवोज आग्रह होय तो तमारे बंने भाइओएज युद्ध करवुं, आ लोकसंहार शामाटे करो

छो ?' बाहुलिए ते वात कबूल करी. पछी दृष्टि पांच प्रकारनां युद्धो स्थापित कर्यां दृष्टियुद्ध, वाग्युद्ध, बाहुयुद्ध, मुष्टियुद्ध अने दंडयुद्ध. भरते पण ए प्रमाणे कबूल कर्युं. पछी बने भाइओ सैन्यने युद्ध करतुं बंध करीने सामसामा आव्या.

प्रथम दृष्टियुद्ध शरु थयुं. परस्पर दृष्टि साथे दृष्टि मळतां प्रथम भरतचक्रीना नेत्रमां अश्रुजळ आवी गयां. तेथी साक्षीभूत देवताओए कह्युं के–'चक्री हार्या अने बाहुबलि जीत्या' एम पांचे युद्धोमां बाहुबलि जीत्या. एटले निलज्ज थयेल भरते क्रोधे मर्यादा मूकी चक्रने छोड्युं. त्यारे बाहुबलिए कह्युं के–'ए प्रमाणे न करो. सत्पुरुषोए मर्यादानो त्याग करवो ए योग्य नथी.' छतां पण तेणे बाहुबलि उपर चक्र मूक्युं, एटले बाहुबलिए मुष्टि उगामीने विचार कर्यो के–'आ मुष्टिवडे चक्र सहित भरतने चूर्ण करी नाखुं.' एटलामां चक्र तो बाहुबलि पासे आवी त्रण प्रदक्षिणा करीने पाछुं वळ्युं. कारणके गोत्रमां चक्र चालतुं नथी. पछी बाहुबलिए चिंतव्युं के–'आ वज्र जेवी मुष्टि वडे माटीना वासणनी माफक भरतने चूर्ण करी नाखुं.' वळी तेणे विचार कर्यो के–"अहो ! में अंशमात्र सुखने अर्थे आ बांधवनो नाश शामाटे चिंतव्यो ? जेने अंते नरक प्राप्त थाय छे एवा राज्यने धिक्कार छे! विषयोने धिक्कार छे! मारा नाना भाइओने धन्य छे के जेओए अनर्थहेतुक राज्यने तजी दइने संयम ग्रहण कर्युं छे." आ प्रमाणे जेना हृदयमां वैराग्य उत्पन्न थयो छे एवा बाहुबलिए उगामेली मुठी पोताना माथा उपर पाछी वाळीने पंचमुष्टि लोच कर्यो; ते वखते देवताए रजोहरण विगरे साधुनो वेष तेने अर्पण कर्यो. बाहुबलिए स्वयमेव चारित्र ग्रहण कर्युं.

पछी जेणे साधुनो वेष ग्रहण करेलो छे एवा पोताना भाइने जोइने भरत पोते आचरेला कर्मथी लज्जा पाम्यो एटले बंने नेत्रमांथी अश्रु वर्षावतो वारंवार तेना चरणमां पड्यो अने बोल्यो के–'तने धन्य छे ! मारो अपराध क्षमा कर अने आ राज्यलक्ष्मी ग्रहण करवानी कृपा कर.' बाहुबलि मुनिए कह्युं के–'आ राज्यलक्ष्मीनो विलास अनित्य छे, यौवन अनित्य छे अने शरीर पण अनित्य छे, तेमज आ विषयो परिणामे दुःख आपनारा छे.' इत्यादि उपदेश आपवा वडे भरतने वैराग्यवान करीने बाहुबलि मुनि तेज स्थाने ध्यानमुद्राथी उभा रह्या. तेमणे मनमां विचार कर्यो के–'हुं छद्मस्थ होवाथी दीक्षाए वडेरा एवा लघु बन्धुओने केम जइने वंदन करुं ?' ए प्रमाणे मानथी उन्नत ग्रीवावाळा थइ कायोत्सर्ग धारण करीने त्यांज उभा रह्या.

भरतचक्री तेमने वांदी सोमयशाने बाहुबलिनुं राज्य आपीने स्वस्थाने गया. बाहुबलिए पण एक वर्ष पर्यंत शीत, वात, आतप आदि परीसहोने सहन

ध्यानथी हारेला आत्मा रूपा वेशं पोतानुं शरीर फरी नाख्युं. तेनुं शरीर [illegible] ओथी नीरस थयुं. तेना कानमां रहेली शुळीओ उगी नीकळी. तेनी आस-पास [illegible] भरा गया. तेनी दाढी दिशेरेना वेशोमां पक्षीओए माळा नां-खीने प्रसव कर्यो.

वर्षने अंते भगवान ऋषभदेवे बाहुबलिने प्रतिबोध करवाने माटे ब्राह्मी [illegible]ने सुंदरी नामनी तेनी बे बहेनोने मोकली. भगवाने तेमने कह्युं के-' तमारे [illegible]यां जइने ए प्रमाणे कहेवुं के-' हे बन्धु ! हाथी उपरथी उतरो.' ते बहेनो बाहु-बली समीपे जइ तेने वांदी ए प्रमाणे बोली के-' हे भाइ ! हाथी उपरथी उत-रो.' ए प्रमाणेनां पोतानी बहेनोनां वचन सांभळी ते मनमां विचार करवा लाग्या के-" में सर्व संगनो त्याग कर्यो छे तो मारे हाथी क्यांथी ? मारी बहे-नो आ शुं कहे छे ? अरे ! मे जाण्युं. हुं मान रूपी हाथी उपर चडयो छुं, तेथी [illegible] बहेनुं कहेवुं सत्य छे. अरे ! आ चित्तने धारण करनार एवा मने धिक्कार छे ! [illegible] ते नाना भाइओ मारे वंद्य छे. तेथी तेमने वांदवाने हुं जाउं." ए प्रमाणे निश्चय करीने चरण उपाडतांज तेमने केवळज्ञान उत्पन्न थयुं. पछी प्रभु पासे [illegible] वांदीने केवलज्ञानीओनी सभामां बेठा. माटे "मदथी धर्म थतो नथी ए यो-ग्य कह्युं छे. मुमुक्षुए धर्मकर्ममां विनयज करवो. पण मान राखवुं नहि." आ कथानो ए उपदेश छे.

निअगमइ विगप्पिअ-चिंतिएण सच्छंदबुद्धिरइएण ।

कत्तो पारत्तहिअं कीरइ गुरु अणुवएसेणं ॥ २६ ॥

शब्दार्थ—"गुरुना उपदेशने अयोग्य, पोतानी मतिना विकल्पथी विचार करवावाळो अने स्वतंत्रगति पूर्वक चेष्टा करवावाळो प्राणी परलोकनुं हित शो-रीते करे ? अर्थात् न करे." २६.

भावार्थ—भारेकर्मी जीव गुरुना उपदेशने अयोग्य समजे छे. तेवो स्वेच्छा-चारी प्राणी पोतानी बुद्धिमात्रथी आ स्थूळ ने आ सूक्ष्म इत्यादिक विचारो करे छे; तेवो मनुष्य परलोकनुं हित करी शकतो नथी.

थद्धो निरोवयारी, अविणीओ गव्विओ निरुवणामो ।

साहुजणस्स गरहिओ, जणेवि वयणिज्जयं लहइ ॥ २७ ॥

अर्थ—"स्तब्ध, निरुपकारी, अविनीत, गर्वित अने कोइने नहीं नमवावाळो एवो पुरुष साधुजनथी निंदाय छे अने लोकमां पण हीलनाने पामे छे." २७.

गाथा २६- पारत्रहितम् अनुपदेश्येन. गाथा २७-वयणिज्जियं. वचनीयतां

स्तब्ध ते अभिमानी-अक्कड रहेनारो-कोइने नहि नमनारो, निरुपकारी
कोइना करेला उपकारने नहि जाणवावाळो-कृतघ्न, अविनीत ते आसन आ
ना विगेरेवडे वडीलनो विनय नहि करनारो, गर्वित ते पोताना गुणो प्रगट
वानो उत्सुक, निरुपनाम ते गुरुने पण नमस्कार नहि करवावाळो-एवा पुरु
साधुजनो पण गर्हा करे छे अने लोको पण आ दुष्ट आचारवाळो छे एम
तेने निंदे छे, तेथी विनीतज श्लाघाने पामे छे एम समजवुं.

थोवेणवि सप्पुरिसा, सणंकुमारुव्व केइ बुझंति।
देहे खणपरिहाणी, जं किर देवेहिं से कहियं ॥ २८ ॥

अर्थ-" कोइ सत्पुरुषो (सुलभबोधीओ) थोडा निमित्त मात्रे करीने
सनत्. कुमार चक्रीनी जेम बोध पामे छे. जे कारण माटे 'देहने विषे क्ष
णमां पण रूपनी हानी थइ गइ छे' एम देवताए तेने (सनतकुमारने) कहुं
तेटलुं वचनमात्रज तेने बोधनुं कारण थयुं. एम सांभलीए छीए. " २८.

अहींसनत्कुमार चक्रीनुं दृष्टांत जाणवुं. ते आ प्रमाणे—

हस्तीनापुर नगरनां सनत्कुमार नामे चक्रवर्ती राजा हतो. ते अति रू
पवो, अने ते छखंडनुं राज्य करतो हतो. एक दिवस इंद्रे सभामां सनत्कुम
रूप संबंधी एवुं विवेचन कर्युं के ' पृथ्वी उपर तेना जेवो रूपवान कोइ न
पे देवोए इंद्रनुं कहेलुं वचन कबुल कर्युं नहि. तेथी तेओ कुतूहल जोवा मा
मनुं रूप धारण करीने हस्तीनापुर आव्या. ते वखते स्नान करवानो अ
होवाथी तेओए सनत्कुमारने न्हावाने आसने बेठेलो, आभूषणरहित अने
तेलथी मर्दन करातो जोयो; तेना रूपथी मोहित थइने तेओ वारंवार मस्त
धुणाववा लाग्या. त्यारे सनत्कुमारे तेमने पूछ्युं के-'तमे शिर शामाटे धुण
छो ?' तेओए कहुं के-' हे देव ! आपना दर्शननुं कौतुक हेतुं अमे गा
रुनुं तेवुंज अमे जोयुं.' ए प्रमाणे ते ब्राह्मणोनुं वचन सांभळी चक्री बोल्या
" अरे ! हमणां आ स्थितिमां मारुं रूप तमे शुं जुओछो ? स्नान कर्या
पछी हुं उत्तम वस्त्रो पहेरुं, अलंकारो धारण करुं, मारा मस्तक उपर छत्र
ए, चामर ढोळाय अने बत्रीश हजार राजाओ ज्यारे मारी सेवा करे त्यारे
रूप जोवा जेवुं छे." ए प्रमाणे चक्रीनुं वचन सांभळीने ते बंने देवोए
के-' उत्तम पुरुषने [illegible] पोताना मुखे करवी घटती नथी ' कहुं

सौख्यसौभाग्यकरा नृणां गुणाः, स्वयंगृहीता युवतीकुचा इव ।
गृहीता ह्रितयं वितन्वते न तेन गृह्णन्ति निजं गुणं बुधाः ॥

" युवती जो पोताना स्तनने पोताना हाथे ग्रहण करे तो ते जेम तेने सौ-
भाग्य अने सुखना करवावाळा थता नथी, तेम पोताना मुखथी वर्णवाता पो-
ताना गुणो मनुष्योने सौभाग्य ने सुख आपनारा थता नथी; पण तेज गुणो
युवाना स्तननी जेम बीजाओथी ग्रहातां—वर्णवातां सौभाग्य अने सुख बंने आपे
छे तेथीज डाह्या पुरुषो पोताना गुणोनी प्रशंसा पोताना मुखे करता नथी."

पछी चक्रवर्तीनु वचन मान्य करी ते बंने विप्रो त्यांथी चाल्या गया, अने
ज्यारे चक्री सभामां बिराजमान थया त्यारे त्यां आव्या. ते वखते चक्रीना रू-
पने जोइने तेओ खिन्न थया. चक्रीए पूछ्युं के—' तमने खेद थवानुं शुं कारण
छे ?' तेओ बोल्या के—'संसारनुं विचित्रपणु अमारा खेदनुं कारण छे.' चक्रीए
पूछ्युं के—' केवी रीते ?' तेओए कह्युं के—'अमे पहेलां आपनुं जे रूप जोयुं हतुं
तेना करतां आ वखते अनंतगुणहीन छे.' चक्रीए कह्युं के—' तमे ते शीरीते जा-
ण्युं ?' तेओए कह्यु के—' अवधिज्ञानथी.' चक्रीए कह्यु के—' तेमां प्रमाण शुं ?'
तेओए कह्युं के—" हे चक्री ! मुखमां रहेल तांबूलनो रस भूमि उपर थुंकीने
जुओ के तेनो उपर जे मक्षिका बेसे ते मृत्युवश थाय छे ? आ अनुमानथी तमे
जाणजो के तमारुं शरीर विषरूप थइ गयुं छे तमारा शरीरमां सात मोटा रोगो
उत्पन्न थयेला छे." आ प्रमाणे देवताओनां वचन सांभळीने चक्री विचार
करवा लाग्या के—' अहो ! आ देह अनित्य छे, आ असार देहमां कांइ पण
सार नथी.' कह्युं छे के—

इदं शरीर परिणामदुर्बलं, पतत्यवश्यं श्लथसंधिजर्जरं ।
किमौषधैः क्लिश्यसि मूढ दुर्मते, निरामयं धर्मरसायनं पिब॥

" आ शरीर परिणामे दुर्बल छे, तेथी तेना सांधा शिथिल थवाथी जर्ज-
रित थइने ते अवश्य पडेछे; माटे हे मूढ ! हे दुर्मति ! तुं औषधो करवा वडे शा
माटे क्लेश पामेछे सर्व रोगथी निवृत्त करनार धर्मरसायननुंज पान कर."
वळी—

कस्तूरी पृषतां रदाः करटिनां कृत्तिः पशूनां पयो
धनूनां छदमंडलानि शिखिनां रोमाण्यवीनामपि ।

पुच्छस्नायुवशाविषाणनखरस्वेदादि किं किं च न
स्यात् कस्याप्युपकारि मर्त्यवपुषो नामुष्य किंचित्पुनः ॥

" मृगोनी कस्तुरी, हाथीओना दांत, पशुओनुं चर्म, गायोनुं दुध, मयूरनां पीछां, घेटाना वाळ अने अन्य पशुओनां पुच्छ, स्नायु, चरबी, शींगडां, नख, स्वेद आदि कांइ कांइ कोइने पण उपयोगमां आवे छे; परंतु मनुष्यना शरीरनं तो कांइ पण उपयोगमां आवतुं नथी. "

ए प्रमाणे वैराग्यपरायण थयेल राजाए राज्यलक्ष्मी तजी दईने संयमलक्ष्मी ग्रहण करी. जेम भुजंग कांचळीनो त्याग करी पाछुं जोतो नथी तेम ते पोतानी पाछळ आवती समृद्धि तरफ दृष्टि पण करी नहि. स्त्रीरत्न सुनंदा आदि पोतानी स्त्रीओना विलाप सांभळतां छतां पण ते जरा पण डग्यो नहि. छ मास सुधी निधिओ, रत्नो अने सेवको तेनी पाछळ फर्या, परंतु तेणे तेमना तरफ जोयुं पण नहि. सनत्कुमार मुनि दीक्षा लीधा पछी बबे उपवासने अंते पारणुं करवा लाग्या, अने पारणे पण नीवी के आचाम्लादि (आंबिल आदि) तप करवा लाग्या. ए प्रमाणे विषयना त्यागी, धर्मना अनुरागी अने रोगथी भरेली कायावाळा ते मुनि मायारहितपणे भूमि उपर विहार करे छे, ए अवसरे सौधर्मेन्द्रे फरीथी सभामां तेनी प्रसंसा करी के-'अहो आ सनत्कुमार मुनिने धन्य छे के जे मोटा रोगथी पीडित शरीरवाळा छतां पण ओषध आदिनी किंचित् पण स्पृहा करता नथी.' एवां इंद्रनां वचन सांभळी तेने नहि श्रद्धनारा बे देवो ब्राह्मणनुं रूप धारण करी सनत्कुमार मुनिनी पासे आव्या अने बोल्या के-'हे मुनि! तमारुं शरीर रोगथी जीर्ण थयेलुं अने घणुं पीडातुं जणाय छे; अमे वैद्य छीए. जो तमारी आज्ञा होय तो अमे तेनो उपाय करीए.' मुनिए कह्युं के-" आ अनित्य शरीर माटे उपाय शो करवो? तमारामां शरीरना रोगने दूर करवानी शक्ति छे, पण कर्मना रोगने दूर करवानी शक्ति नथी; अने ते शक्ति (देहरोग दूर करवानी शक्ति) तो मारामां पण छे. " एटलुं कही आंगळीने थुंक लगाडी बतावतामां आवी तो ते सोना जेवी थइ गइ. पछी कह्युं के-' मारामां आवी शक्ति तो छे, परंतु तेथी सिद्धि शी ज्यां सुधी कर्मरोगनो क्षय थयो नथी त्यां सुधी देहरोगना नाशथी शुं? तेथी मारे रोगनो प्रतिकार करवा साथे काइ पण प्रयोजन नथी." बंने देवो आश्चर्य पाम्या अने तेमने वांदी पोतानुं स्वरूप प्रकाशी स्वर्गमां गया.

सनत्कुमार मुनि पण सातसे वर्ष सुधी रोगोने अनुभवी एक लाख वर्ष सुधी निर्दोष चारित्र पाळीने एकावतारीपणे त्रीजे स्वर्ग उत्पन्न थया. त्यांथी च्यवीने महाविदेहमां मनुष्य थइ सिद्धिपदने प्राप्त करशे.

हवे आयुष्यनी अनित्यता दर्शावे छे.

जइ ता लवसत्तमसुर-विमाणवासीवि परिवडंति सुरा ।
चिंतिज्जं तं सेसं, संसारे सासयं कयरं ॥ २९ ॥

अर्थ—"जो ते अनुत्तर विमानवासी देवताओ पण आयुक्षये त्यांथी पडे छे—च्यवे छे तो विचारी जो के बाकी संसारमां शुं शाश्वत-स्थिर छे? अर्थात् कांइपण शाश्वत–नित्य नथी, एक धर्मज नित्य छे." २९

अनुत्तर विमानवासी देवो लवसत्तमीआ देवता कहेवाय छे. तेवा सर्व जीवथी अधिक आयुष्यवाळा देवताओनुं ३३ सागरोपम जेटलुं आयुष पण पूर्ण थइ जाय छे अने ते त्यांथी च्यवे छे तो तेनी अपेक्षाए हीन स्थितिवाळा आ संसारमां बीजुं शुं शाश्वत छे? कांइ नथी.

कह तं भन्नइ सुक्खं, सुचिरेणवि जस्स दुक्ख मल्लिअइ।
जं च मरणावसाणे, भवसंसाराणुबंधिं च ॥ ३० ॥

अर्थ—"घणा काळे पण जेना परिणामे दुःख वेठवुं पडे तेने सुख केम कहेवाय? न कहेवाय. जे कारणमाटे मरण पछी नरकादि गति रुप संसारमां परिभ्रमण करवुं पडे अथवा गर्भावासादि दुःख सहेवुं पडे ते सुखज न कहेवाय." ३०

पल्योपम सागरोपमना सुखने अंते पण दुःखनुं आस्वादन करवुं पडे तो ते सुख दुःखज छे. चार गति रुप संसारनो अनुबंध जेथी थया करे ते सुखज नथी. संसारनो छेद थाय तेज वास्तविक सुख छे.

गुरुनो कहेलो उपदेश पण भारेकर्मीने लागतो नथी.

उवएस सहस्सेहिवि, बोहिज्जंतो न बुज्झइ कोइ ।
जह बंभदत्तराया, उदायि निवमारओ चेव ॥ ३१ ॥

अर्थ—"कोइ (भारेकर्मी जीव) हजारो उपदेश वडे बोध पमाड्यो छतो पण बुझतो नथी. जेम ब्रह्मदत्त चक्री बोध पाम्यो नहि अने उदायि नृपने मारनार बारवर्ष पर्यंत तप तप्यो–मुनिपणे रह्यो पण भव्यत्व पाम्यो नहि."३१

ब्रह्मदत्त चक्रीने तेना पूर्वभवना भाइमुनिए घणी रीते उपदेश आप्यो पण किंचित् मात्र बोध लाग्यो नहि तेनुं तथा उदायि नृपमारकनुं दृष्टांत अहीं जाणवुं. ७–८. ते आ प्रमाणे—

गाथा ३० मल्लीअइ. भवसंसाराणुबंधं गाथा ३१–कोइ–कोपि. नृपमारक

ब्रह्मदत्त चक्रीनी कथा.

प्रथम ब्रह्मदत्तना भवना कारणभूत चित्रसंभूति मुनितुं (ब्रह्मदत्तना पूर्वभवनुं) स्वरूप आ प्रमाणे छे—

पूर्वभवमां कोइएक गाममां भद्रिक परिणामी चार गोवाळीआ हता. एक दिवस ते चारे गोवाळीआओ ग्रीष्म ऋतुमां गायो चारवाने माटे वनमां गया. मध्यान्हसमये ते चारे जणा एकठा मळीने वातो करवा बेठा; एवामां मार्गथी भूला पडेला, जेने ते वनमां मार्ग जडतो नथी, जेनुं गळुं अति तीव्र तृषाथी रुंधाइ गयुंछे अने जेनुं तालुपुट सुकाइ गयुं छे एवा कोइएक साधुने वृक्षनी छायामां बेठेला तेओए जोया; एटले तेओए विचार्युं के–' आ कोण हशे ? ' पछी ते चारे जणा मुनिनी समीपे आव्या. त्यां तृषातुर थवाथी अति पीडा पामता अने जेना प्राण कंठगत थयेला छे एवा ते मुनिने जोइने मनमां विचार करवा लाग्या के–'अरे आ मुनि जंगमतीर्थ जेवा जणाय छे, पण ते पाणी विना मृत्यु पामशे; तेथी जो कोइ जग्याएथी पाणी लावीने तेमने आपीए तो मोटुं पुण्य थाय' आम विचारी पाणीने माटे तेओए आखा वनमां शोध करी पण मळ्युं नहि. त्यारे तेओ एकठा थइ गाय दोही दूध लइने साधु समीपे आव्या. साधुना मुखमां दूधनां टींपां मूकीने तेमने सावधान कर्या. साधु सचेतन थया एटले मनमां विचार करवा लाग्या के–' आ लोकोए मारा उपर मोटो उपकार कर्यो छे; केमके तेओए मने जीवितदान आप्युं छे. पछी ते साधुए तेओने सरळ स्वभाववाळा जोइने देशना आपी. ते देशना सांभळीने ते चारे वैराग्यने प्राप्त थया, अने तरत ज चारे जणाए दीक्षा लीधी अने सम्यक्त्व मेळव्युं ते साधुए तेओने साथे लइने अन्यत्र विहार कर्यो.

हवे ते चारे जणा चारित्र पाळेछे, पण तेमां बे जण चारित्रनी अवज्ञा करे छे के–' आ साधुनो वेष तो सारो छे, पण स्नानादि विना शरीरनी शुद्धि केवी रीते थाय ? मेलां वस्त्र पहेरवां, दांत साफ न राखवां इत्यादि महा कष्ट छे.' ए प्रमाणे विचारणा करवाथी ते बे मुनिए चारित्रनी विराधना करी; अने बे जणाए निर्दोष चारित्र पाळ्युं. ते बंने जणाएतो तेज भवमां केवळज्ञान प्राप्त करीने मोक्षसुख मेळव्युं

जे बनेए चारित्रनी विराधना करी हती तेओ अंतसमये ते पापने आलोव्या सिवाय मृत्यु पामीने स्वर्गे गया. तेओ त्यांथी च्यवत सुधी देव संबंधी सुख भोगवी त्यांथी च्यवीने साधुपणानी निंदा करवाथी दशार्ण देशमां कोइएक ब्राह्मणना घरमां दास [illegible] स्त्री तेना कुक्षिने विषे उत्पन्न थया. अनुक्रमे तेओ युवावस्था पाम्या अने [illegible] कामकाज करवा लाग्या.

एक दिवसे वर्षाऋतुमां क्षेत्रनी रक्षा करवा माटे ते बंने भाइओ गया. मध्यान्हसमये ते बेमांनो एक जण क्षेत्र समीपे आवेला वडना झाड नीचे शीतल छायामां सुतेलो छे तेवामां ते वडना कोतरमांथी एक सर्प नीकळयो, अने ते सुतेलाने दंश दइयो. ते वखते दैवयोगथी बीजो भाइ पण त्यां आव्यो. तेणे सर्पने जोयो. एटले तेणे सर्पने गाळ दीधी के–'अरे दुरात्मन ! मारा भाइने हणीने तुं क्यां जाय छे ?' एवां तेनां वचन सांभळीने कोपित थयेला सर्प फरीने तेने पण करडयो. बंने भाइओ मृत्यु पाम्या. बीजा भवमां कालिंजर पर्वतनी अंदर हरिणीनी कुक्षिमां तेओ मृगपणे उत्पन्न थया. तेओ परस्पर अति स्नेहयुक्त ा. एकदा कोइ शिकारीना बाणप्रहारथी तेओ मरण पाम्या. त्रीजा भवमां ा नदीना किनारे हंसीनी कुक्षिने विषे हंसपणे उपन्या. ते भवमां पण तेओ ्पर घणा स्नेहवाळा थया. तेओ गंगाने किनारे रहेला कमळना बिसतंतु खो ाय छे अने सुखमां काळ व्यतीत करे छे: तेवामां कोइएक शिकारीए ते ंने मारी नाख्या.

चोथे भवे साधुवेषनी निंदा करवाना फळथी काशी नगरीमां कोइ चंडाळने ं पुत्रपणे उत्पन्न थया. ते चंडाले पुष्कळ धन खर्ची ने बंने छोकरानां नाम ्र अने संभूति पाडयां. तेओ पूर्वभवना स्नेहथी अन्योन्य अति रागयुक्त थया. क क्षण पण बीजानो वियोग सहन करी शकता नथी. हवे ते नगरनो जे राजा तेनी सभामां नमुचि नामनो प्रधान छे. ते प्रधान राजानुं परम विश्वासस्थान . परंतु ते राजानी पट्टराणीनी साथे प्यारमां संलग्न थयो छे, अने तेनी साथे रोज भोग भोगवे छे. पट्टराणीने पण तेनी साथे अत्यंत स्नेह बंधायो छे,तेथी पोताना भर्तारनी अवगणना करीने ते नमुचिनी साथे भोग भोगवे छे. अहो ! ामनो अंधता अपूर्व छे. कह्युं छे के—

दिवा पश्यति नो घूकः, काको नक्तं न पश्यति ।
अपूर्वः कोऽपि कामांधो, दिवा नक्तं न पश्यति ॥

" घुड दिवसे जोइ शकतो नथी, कागडो रात्रिए देखतो नथी; पण कामांध कोइ अपूर्व अंध छे के जे दिवसे तेमज रात्रिए जोइ शकतो नथी."

वळी कह्युं छे के—

या चिंतयामि सततं मयि सा विरक्ता
साप्यन्यमिच्छति जनं स जनोऽन्यसक्तः ।
अस्मत्कृते च परितुष्यति काचि-
। च ॥

"जे स्त्रीनुं हुं हमेशां चिंतवन करुं छुं ते मारामां निरस रहे छे अने ते अन्य पुरुषने इच्छे छे, ते पुरुष बीजी स्त्रीमां आसक्त थयेलो छे, अने ते बीजी कोइ स्त्री मने चाहे छे: माटे ते (राणी) ने धिक्कार छे, तेना यारने धिक्कार छे, मदनने धिक्कार छे अने मने पण धिक्कार छे."

ए प्रमाणे घणा दिवसो जतां तेन पाप कोइनी मारफत फरी नीकळ्युं, राजाए ते वात जाणी, एटले ते मनमां विचार करवा लाग्यो के-'आ पापात्मा प्रधान दुष्ट छे के जेणे आवुं नीच काम कर्युं: पण पोताने हाथेज मृत्यु मागी लीधुं छे. ए जोके बुद्धिमान छे छतां पण नीच होवाथी उपेक्षा करवा योग्य छे." कह्युं छे के—

लूणह धुणह कूमाणसह, ए त्रिहुं इक्क सहाओ।
जिहां जिहां करे निवासडो, तिहां तिहां फेडे ठाओ॥

भावार्थः-"लुणो, घुणो ने कुमाणस ए त्रणे एक सरखा स्वभाववाळा होय छे. ते ज्यां ज्यां निवास करेछे त्यां त्यां रेहेवानां स्थानकनोज नाश करे छे, लुणो भींत विगेरे ने पायमाल करे छे; घुणो लाकडामां थाय छे ते तेने कोतरी नाखे छे, अने खराब माणसने जे आश्रय आपे तेने ज ते पायमाल करे छे. 'तेथी आ प्रधान वध्य छे' एम विचारी चंडालने बोलावीने कह्युं के-'एने वध्यभूमिमां लइ जइने मारी नाखो राजानी आज्ञा थतां चंडाल नमुचिने वध माटे लइ गयो. ते चंडाले विचार कर्यो के-'अरे! कोइ माठा कर्मना योगथी आ काम थयेलुं छे. विनाशकाळे बुद्धिमान पुरुषोनी बुद्धि पण नाश पामे छे. कह्युं छे के--

न निर्मिता केन न दृष्टपूर्वा, न श्रूयते हेममयी कूरंगी।
तथापि तृष्णा रघुनंदनस्य, विनाशकाले विपरीतबुद्धिः॥

"सोनानी हरिणी कोइए बनावेली नथी, कोइए पूर्वे जोयेली नथी के सांभळेली पण नथी, तोपण तेने माटे रघुनंदन (राम) नी तृष्णा थइ," विनाशकाळे विपरीत बुद्धि ज थाय छे." वळी कह्युं छे के--

रावण तणे कपाळ, अट्ठोतरसो बुद्धि वसे;
लंका फीटणकाळ, एको बुद्धि न संचरी.

"रावणना कपाळमां एकसो ने आठ बुद्धि वसती हती, छतां पण ज्यारे लंकानो फीटणकाळ आव्यो त्यारे एके बुद्धि स्मरणमां आवी नहि."

वळी चांडाळे विचार्युं के-'आ प्रधान महा बुद्धिशाळी छे अने मारा छोकरा भणवा लायक थयाछे, पण बीजो कोइ तेमने भणावशे नहि; तेथी जो

तेने भणाववानुं कबुल करे तो हुं तेनो बचाव करुं.' ए प्रमाणे विचारी मुचिने पूछ्युं के-'जो तुं मारा पुत्रोने भणाव तो हुं तारुं रक्षण करुं, तेणे रवानुं कबुल कर्युं, तेथी चांडाले तेने गुप्तपणे पोताना घरे आण्यो अने ा भयथी तेनेभोंयरामां राख्यो. त्यां रहीने ते चित्र अने संभूत नामना लपुत्रोने भणाववा लाग्यो. तेओ बुद्धिवान होवाथी थोडा वखतमां सकल ां पारंगत थया. नमुचि प्रधान त्यां रहेतो सतो चित्रसंभूतनी मानी साथे मां पडयो. अहो ! आ कामनो दुष्ट स्वभाव दुस्त्यज छे. कारणके आवी अव- पाम्या छतां पण नीच माणस विषयनी आशंसा तजतो नथी. कह्युं छे के—

कृशः काणः खञ्जः श्रवणरहितः पुच्छविकलो ।
व्रणीपूयक्लिन्नः कृमिकुलशतैरावृततनुः ॥
क्षुधाक्रांतो जीर्णः पिठरककपालार्पित गलः ।
शुनीमन्वेति श्वा हतमपि च हंत्येव मदनः ॥

" शरीरे दुर्बल, काणो, लंगडो, बहेरो, पुच्छ विनानो, जेना अंगपर चांदां ेलां छे, परथी खरडायेलो छे अने जेनुं शरीर हजारो कृमिथी घेरायेलुं छे वो क्षुधाक्रांत, जीर्ण अने जेना गळामां ठीबनो कांठो वळगेलो छे एवो श्वान ण जो कुतरीने देखे छे तो तेनी पाछळ जाय छे; तेथी दिलगीरीनी वात छे कामदेव मरायेलाने पण मारे छे." कामनो स्वभावज दुस्त्यज छे. कह्युं छे के-

उखल करे धबुकडां, घरहर करे घरट्ट;
जिहां जे अंग सहावडा, तिहां ते मरण निकट्ट.

जेम खारणीओ धबकारा करे छे अने घंटी घरघराट करे छे तेम जे अंग नो जेवो स्वभाव पडयो होय छे ते मरण पर्यंत रहे छे, फरतो नथी."

ए प्रमाणे घणा दिवसो जतां चांडाले ते वात जाणी, एटले ते विचारवा ो के-'अहो ! आ विषयांधने धिक्कार छे ! तेना उपर करेलो उपकार पण ळी गयो छे. आना करतां कूतरो पण वधारे सारो होय छे के जे करेल ारने भूली जतो नथी.' कह्यु छे के—

ाशनमात्रकृतज्ञतयागुरोर्न पिशुनोऽपि शुनो लभते तुलाम् ।
ापि बहूपकृते सखिता खलैर्न खलु खेलति खेलतिका यथा ॥

" भोजनमात्रथी कृतकृत्यपणावडे गुरु तरीके माननार एवा कृतघ्नानी पण क[illegible] रोवडी पिशुन [खळ पुरुष] करी शकतो नथी; केमके जेनी उपर घणा उपकार कर्या छे एवा खळ साथेनी मित्रता पण आकाशमां रेखा टकी शकती नथी तेम [लांबो वखत] टकती नथी."

' में पहेलांज विपरीत कार्य कर्युं के आ दुष्टनुं रक्षण कर्युं. आ तो वध करवानेज लायक छे.' आ प्रमाणे विचारीने तेणे तेने मारी नांखवा माटे खड्ग काढयो. ते वखते चित्रसंभूतिए विचार्युं के–' आपणो पिता आपणी नजर आगळ आपणा विद्यागुरुने हणे ए मोटो अनर्थ थाय छे.' पछी तेना रक्षणना उपाय मनमां विचारीने तेओए पोताना पिताने कह्युं के–'हे पिताजी ! आ पापी माठा दुराचरणी छे, ए हणवा लायकज छे, रक्षण करवा लायक नथी. तेथी अमने तमे हुकम आपो के अमे तेने स्मशानभूमिमां लइ जइने मारी नांखीए.' त्यार पछी तेमने आज्ञा आपी, एटले तेओ तेने लइने रात्रिना वखते नीकळ्या. पछी दूर जइने तेओए तेने एकांतमां कह्युं के–'तमे अमारा विद्यागुरु छो तेथी अमे तमने छोडी दइए छीए, माटे तमे आ गाम छोडी दूर चाल्या जाओ.' ए उपरथी नमुचि त्यांथी नीकळी गयो. अनुक्रमे ते हस्तीनापुर आव्यो अने सनत्कुमारनो सेवक थइने रह्यो.

अहीं चित्र अने संभूति नामना ते बंने भाइओ संगीतकळामां घणा कुशळ थया हता, तेथी हाथमां वीणा लइने नगरना चोकमां संगीत करवा लाग्या. त्यां तेमना रागथी मोहित थइने घणा लोको आवता हता. जेओ सूर्यने पण जोती नहोती एवी युवतीओ पण तेमना रागथी मोहित थइ लज्जा छोडीने सांभळवाने माटे त्यां आवती हती. केटलीक स्त्रीओ तो अर्ध शृंगार कर्यो छे अने अर्ध बाकीमां छे एवी स्थितिमां त्यां आवती हती; तेमां केटलीके अंजन [illegible] पण रह्यो हतो, केटलीक स्त्रीओए एकज आंख आंजी हती अने केटलीक स्त्रीओना माथा उपरनां कपडां पवनथी उडी गयां हतां, केटलीक स्त्रीओए स्तन उपर कांचळी पहेरी हती, केटलीक स्त्रीओ अन्य स्त्रीओनां बाळकोने पोतानां छे एवी बुद्धिथी उपाडीने आवी हती, केटलीक स्त्रीओ पोताना भर्तारने वहार काढी 'आवुं छुं' एम कही त्यां आवेली हती, केटलीक स्त्रीओ [illegible] भोजननी थाळी छोडीने जोवा माटे दोडी आवी हती, केटलीक स्त्रीओ गाय दोवाने माटे वाछडाने गायना आंचळे वळगाडीने आवी हती, केटलीक स्त्रीओ तो पोताना भर्तारनी नजरे उंचुं मुख करीने एमने जोती हती. [illegible] नगरमां [illegible] वनेचर कामिनीओ [illegible] कामराज [illegible] [illegible] पराक्रम केवो छे! कह्युं छे के–

सुखिनि सुखनिदानं, दुःखितानां विनोदः ।
श्रवणहृदयहारी, मन्मथस्याग्रदूतः ॥
रणरणकविधाता, वल्लभः कामिनीनाम् ।
जयति जगति नादः, पंचमश्चोपवेदः ॥

नाद ए सुखी जनोना सुखनुं कारण छे, दुःखी माणसोने विनोद आपनार श्रवण अने हृदयना हरनार छे, कामदेवनो अग्रेसर दूत छे, विधाताए रण- ... करेलो छे अने कामिनीओने वहालो छे-एवो नाद के जे पांचमो उपवेद ... जगतमा जय पामे छे."

... प्रमाणे सघळी स्त्रीओ रागमां मोहित थइने तेमनी पाछळ भम्या करेछे. ... लोकोए विचार्युं के-'चांडालकुळमां उत्पन्न थयेला आ बन्ने छोकराओए ... घळुं नगर मलिन कर्युं छे.' पछी तेओए राजा पासे जइने अरज करी के ... देव! आ चित्र संभूति नामना बंने चांडालपुत्रोने गाममांथी बहार काढो ... जोइए, कारणके तेओए आखुं नगर दूषित कर्युं छे. जो तेओ वधारे व- ... रहेशे तो आचारशुद्धि बिलकुल रहेशे नहि. राजाए तरतज तेओने नगर- ... काढी मूक्या.

हवे चित्रसंभूतिए मनमां विचार कर्यो के-'दुष्कुलना दोषथी दुषित थये- ... आपणी कलाथी शो लाभ छे?' ए प्रमाणे विचार करी कोइ पर्वत उपरथी ... पात करवाने तेओ चाल्या; अने कोइ पर्वत उपर चढी बंने हाथे ताळी दइ ... ओ जेवा पडवाने तत्पर थया तेवाज नजीकनी गुफामां तप करता कोइ सा- ... ए तेमने जोया. एटले ते साधु बोल्या के-'अरे तमे पडशो नहि.' ए प्रमाणे ... ओए साधुनुं वाक्य त्रणवार सांभळीने पडवामां विलंब कर्यो अने आसपास ... जोवा लाग्या के 'आपणने पडतां कोण वारे छे?' तेटलामां गुफानी अंदर त... करता कोइ मुनिने जोइने तेओ त्यां गया. मुनिए पूछयुं के-'तमारे दुःखनुं ... कारण छे?' तेओए सर्व बीना निवेदन करी. एटले साधु बोल्या के-'कुळ... ... सिद्धि छे? अने आवी रीते अज्ञानपणे मरवाथी पण शो लाभ छे? मा... ... मे जिनेश्वर भगवाने कहेलो धर्म आचरो के जेथी आ लोकमां तेमज परल... ... मां तमारा कार्यनी सिद्धि थाय.' ए प्रमाणेना साधुना वाक्यथी तेओने वै... ... य उत्पन्न थयो, एटले तरतज तेमणे दीक्षा ग्रहण करी अने निरतिचारपणे अ... दुष्कर तप करवा लाग्या.

अन्यदा एक गामथी बीजे गाम विहार करतां ते बंने मुनि हस्तीनापुर
उद्यानमां आव्या. बंने मुनि मासक्षमण करता हता तेथी मासक्षमणने पारणे सं
भूति मुनि आहार लेवा निमित्ते गजपुरमां गया. त्यां भिक्षा अर्थे नाना मो
कुळमां फरता ते मुनिने नमुचि प्रधाने जोया. ' अरे ! आ तो संभूति नामनो च
डाळपुत्र जणायछे. ते अहीं क्यांथी आव्यो ? माटे ते मारुं चरित्र कहेने राजाने क
हे. ' एम विचारी नोकर पासे गरदन पकडावी तिरस्कार करीने तेने शहेर
बहार काढी मूक्या संभूति मुनिए विचार्यु के–'अरे ! आ दुष्ट नमुचिए शुं क
अमे तेने मरणथी बचाव्यो छे छतां पण तेने लाज न आवी, तो हवे हुं
बाळी नांखुं. ' पछी ते मुनि दीपायमान थयेला क्रोध रुपी अग्निवडे तेना
तेजोलेश्या मूकवाउद्युक्त थया. मुखमांथी धूमाडाना गोटेगोटा नीकळवा ला
तेथी सर्व नगर अच्छादित थइ गयुं. ते जोइ शोकथी आकुल थयेला लोक
आ शुं थयुं ! ' एम बोलतां त्यां एकठा थइ गया. सनत्कुमार चक्री, पण ते ह
कत सांभळी. एटले भयथी आकुळव्याकुळ थइ ते पण त्यां आवी संभूति मुनि
चरणमां पडया अने बोल्या के–" हे प्रभु ! अपराध क्षमा करो अने कृपा क
लोकना संहारथी पाछा ओसरो, मारा पर एटलो अनुग्रह करो. तमे कृपा
छो, नतवत्सल छो, क्षमाशील छो, हुं दीन छुं अने बंने हाथ जोडी अरज
छुं. तेथी कृपा करीने क्रोध तजी दो. "

कोह पइट्ठो देहघरे, तिन्नि विकार करेइ ।
आपं तावे पर तवे, परत्तइ हाणि करेइ ॥ २ ॥

" देह रूप घरमां क्रोध पेठो तो ते त्रण विकार करे. १ पोते तपे, २ बीजाने तपावे अने ३ परभवना स्नेहनी हानी करे."

" माटे ते क्रोधना आश्रयभूत आ देहनेज तजी देवो जोइए, अवगुणोना निवासस्थान एवा आ देहने धारण करवानो शो लाभ छे ?" आ प्रमाणे विचार करीने चित्र अने संभूति बंने मुनिओए वनमां जइने अनशन ग्रहण कर्युं. लोको 'धन्य ! धन्य !' एम कहीने तेमनी प्रशंसा करवा लाग्या. घणा लोको तेमने वांदवा गया, एटले सनत्कुमार चक्री पण पोताना परिवार सहित तेमने वांदवाने गयो. ते वांदी प्रशंसा करीने पाछो आव्यो. पछी चक्रवर्तीनो स्त्रीरत्न सुनंदा घणी स्त्रीओथी परिवृत थइने वांदवा गइ, अने ते भक्तिथी बंने हाथ जोडी चित्र मुनिना चरणने वांदीने पछी संभूति मुनिना चरणमां पडी. ते समये काजळ जेवो श्याम तेनो केशपाश संभूति मुनिना चरणमां अथडायो. तेना स्पर्शथी जेने अत्यंत राग उत्पन्न थयो छे एवा संभूति मुनिए नियाणुं कर्युं के—'जो मारा तपनुं फळ होय तो आवुं स्त्रीरत्न मने परभवमां प्राप्त थाओ.' आ प्रमाणे निकाचित नियाणुं कर्युं. ते अवसरे चित्र मुनिए कह्युं के—'हे बन्धु ! तमे ए शुं करो छो ? आ दुष्ट परिणामवाळा विषयो आ जीवे अनंतीवार भोगव्या छे तथापि ते तृप्ति पाम्या नथी. माटे आवुं नियाणुं न करो.' संभूति मुनिए कह्युं के—'में दृढ मनथी जे नियाणुं करेलुं छे ते फरवानुं नथी, माटे हवे तुं कांइ कहीश नहि.' ते सांभळी चित्रमुनि मौन रह्या.

अनुक्रमे बंने मुनि अनशन पाळीने स्वर्गे गया. बंने जणा एकज विमानमां उत्पन्न थया. त्यां चिरकाळ भोग भोगवी प्रथम चित्रनो जीव त्यांथी च्यवीने पुरिमताल नगरमां एक शेठने घेर पुत्रपणे उत्पन्न थयो; अने संभूति निदानना माहात्म्यथी कांपिल्यपुर नगरमां ब्रह्मदत्त नामनो बारमो चक्रवर्ती थयो. तेनी उत्पत्तिनुं स्वरूप आगळ कहीशुं. अनुक्रमे तेणे छखंडनो विजय कर्यो. एक दिवस सभामां बेठेला ब्रह्मदत्तने पुष्पनो गुच्छ जोवाथी जातिस्मरणज्ञान थयुं. तेथी पूर्वभवमां अनुभवेलुं नलिनीगुल्म विमान तेने याद आव्युं. ते साथे पाछला पांच भव तेने याद आव्या. तेणे मनमां चिंतवन कर्युं के—'जेनी साथे मारे पांच भवथी संबंध हतो ते मने केवी रीते मळशे ? ते क्यां उत्पन्न थयो हशे ?' पछी तेणे पोताना बंधुने मळवाने माटे अर्धी गाथा रची ते नीचे प्रमाणे—

आश्वदासनो ... ।

"प्रथम ... पछी वे मातंग (चांडाल) अने पछी ... आ गाथानो अर्ध भाग पूरो करशे ते ... शकाय तेम नथी' एवो निश्चय करीने तेणे लोकोमां ... थानो उत्तरार्द्ध पूरो करशे तेने ... सर्व लोकोए ते अर्धी गाथा कंठे करी, परंतु कोइ ते ... पूर्ण करी ... नहि. ए प्रमाणे घणा दिवसो व्यतीत थया.

हवे एवे समये पुरिमताल नगरमां शेठना कुळमां उत्पन्न थयेला ... जीवे गुरु पासे चारित्र ग्रहण कर्युं. तेने जातिस्मरणज्ञान थयुं, तेथी तेणे पण ... छलो पांच भवनो संबंध जाण्यो. पछी तेणे विचार्युं के–'मारा ... नियाणुं करेलुं होवाथी ते भिन्न कुळमां चक्रवर्ती थयेलो छे, माटे हुं तेने प्रतिबोध ... हुं.' एवो विचार करी ते कांपिल्यपुरना उद्यानमां आव्या. त्यां रेंट चलावना... मुखथी पेलो अरधो गाथा सांभळी चित्रमुनिए उत्तरार्द्ध पूरुं कर्युं. ते नीचे प्र...

एषा नौ षष्ठिका जातिरन्योन्याभ्यां वियुक्तयोः ॥

"एक बीजाथी जुदा पडेला एवा आपणो आ छट्ठो भव छे." ए प्र... मुनिमुखथी उत्तरार्द्ध सांभळीने रेंट चलावनारे राजा पासे जइ गाथानुं उत्त... पूरुं कर्युं. ते सांभळी अति स्नेहथी राजा मूर्छित थइ गयो. पछी सावधान ... इने पूछवा लाग्यो के–'अरे! आ समस्या कोणे पूरी करी छे?' तेणे कह्युं ... 'मारा रेंटनी पासे एक मुनि आवेला छे तेणे आ उत्तरार्द्ध पूरुं करेलुं छे.' ... मुनिनुं आगमन सांभळी घणोज खुशी थयो अने सपरिवार वांदवा गयो. ... देशना आपी; तेमां आ संसारनी अनित्यता वर्णवीने कह्युं के–"हे ब्रह्म... वीजळीना चमकारा जेवुं चंचळ विषयसुख तजी दे अने जिनेश्वर भगवाने ... धर्म सेव, विषयमां अनुरागनुं परिणाम घणुं खराब छे; तें पूर्वभवमां ... कर्युं ते वखते में तने घणो वार्यो हतो छतां पण तें मोक्षसुखने आपनारुं ... अंशमात्र एवा राज्य अने स्त्रीना सुखने अर्थे गुमावी दीधुं छे. हजु पण प... नरक आपनारा राज्यथी विरक्त था." ए प्रमाणेनां बंधुनां वचन सांभळी ... बोल्यो के–"हे बंधु! मोक्षसुख कोणे जोयुं छे? आ विषयादि सुख तो ... क्ष छे; माटे हे भाइ! तुं पण मारे घेर चाल अने सांसारिक सुखनो अनुभ...

आ माथुं मुडाववाथी शुं विशेष छे? आपणे प्रथम सारी रीते भोग भोगव्या पछी संयम ग्रहण करशुं." ए प्रमाणेनां संभूतिनां वचन सांभळीने चित्रमुनिए कह्युं के-"एवो कोण मूढ होय के जे भस्मने माटे चंदन बाळे? एवो कोण मूर्ख होय के जे जीववानी इच्छाथी कालकूट विषनुं भक्षण करे? एवो कोण नीच होय के जे लोढाना खीला माटे प्रवहणने तोडी नांखे? एवो कोण मूर्ख होय के दोराने माटे मोतीनो हार तोडी नाखे? माटे हे भाइ! तुं प्रतिबोध पाम, प्रतिबोध पाम." ए प्रमाणेनां बधुनां वचन अनेकप्रकारे सांभळ्यां पण तेने वैराग्य प्राप्त थयो नहि. तेथी 'आ दुर्बुद्धि छे' एम जाणी चित्रमुनिए बंधुने जणावीने त्यांथी विहार कर्यो. ब्रह्मदत्त पण पोताने घेर आव्यो. अने अनेक पापाचरण करवा लाग्यो.

चित्रमुनि लांबाकाळ सुधी साधुमार्गने सेवी केवलज्ञान प्राप्त करीने मोक्षे गया; अने जेणे पूर्वभवे नियाणुं करेलुं छे एवो ब्रह्मदत्त धर्म पाम्या शिवाय अनेक पापकर्म आचरीने सातसें वर्षनुं आयुष्य भोगवी सातमी नरके गयो.

ए प्रमाणे बीजा माणस पण भारेकर्मी होय छे ते प्रतिबोध पामता नथी; माटे सुलभ बोधिपणुं ए घणुं दुर्लभ छे एवो आ कथानो तात्पर्य छे.

हवे बीजुं उदायी नृपने मारनारनुं दृष्टांत कहे छे—

पाटलीपुत्र नगरमां कोणिक राजानो पुत्र उदायी नामे राजा थयो. तेणे कोइ राजानुं राज्य लइ लीधुं. तेथी ते नृपे राजाए पोतानी सभामां कह्युं के—'जे कोइ उदायी राजाने मारी आवे तेने हुं मागे ते आपुं.' ते उपरथी तेना कोइ सेवके ते प्रमाणे करवानुं कबुल कर्युं. ते सेवक पाटलीपुत्र आव्यो अने अनेक उपायो चिंतव्या. परंतु कोइ उपाय लागु पड्यो नहि; तेथी ते दुष्टे विचार्युं के 'उदायी राजा विश्वास विना मृत्यु पामे तेम नथी' तेथी तेणे एक गुरु समीपे जइने कपटथी चारित्र ग्रहण कर्युं. ते आचार्य (गुरु) उदायी राजाने घणा मान्य हता. पेलो सेवक चारित्र ग्रहण करीने आचार्य पासे अभ्यास करवा लाग्यो अने साधुओनो अत्यंत विनय करवा लाग्यो. अनुक्रमे विनयगुणथी तेणे आचार्य विगेरेनां चित्त वश कर्यां.

हवे उदायी राजा आठमने दिवसे अने चौदशने दिवसे रात्रिदिवसना पोसह करे छे, त्यारे आचार्य धर्मदेशना आपवाने रात्रिए तेनी पौषधशाळामां जायछे. आठमने दिवसे त्यां जवाने गुरु प्रवृत्त थया ते वखते पेला नवदीक्षित साधुए कह्युं के—'हे स्वामिन! आपनी आज्ञा होय तो हुं साथे आवुं.' परंतु हृदय नहि जाणवाथी साथे लीधो नहि ए प्रमाणे दर वखते मागणी करे

पण तेने गुरु साथे तेना [illegible], [illegible] पोतानी [illegible] दिवसे सांजवारे गुरु त्यां [illegible] ते ते [illegible] तेना [illegible] के–'हे स्वामी! हुं साथे [illegible]!' [illegible] सोते [illegible] धी ते गुरु साथे गयो. गुरु [illegible] रा उपर बेटेला उदायी राजाए तेमने [illegible]. [illegible] रापोरपी भणावीने राजाए [illegible]. [illegible] शिष्ये उठीने छानी रीते राखेली कंक जातिना [illegible] राजाने [illegible] रवी, जेथी तत्काल ते मरण पाम्यो. [illegible] वहार रहेला राजसेवकोए 'आ साधु छे' [illegible] तेने [illegible] अनुक्रमे रुधिरनो प्रवाह गुरुना संथारा पासे आव्यो. तेना स्पर्शथी गुरु उ[illegible] उठया अने विचार करवा लाग्या के–'आ शुं ?' तेणपासे शिष्यने जोयो [illegible] एटले धार्यु के 'आ कुशिष्य राजाने मारीने नाशी गयेलो जणाय छे.' [illegible] ते वातनी खात्री करीने विचारवा लाग्या के–'आ मोटो अनर्थ थयो छे. [illegible] काळे जैन शासननो मोटो उड्डाह थशे के मुनिओ आवुं दुष्ट कर्म आचरे [illegible] तेथी तेम न थवा माटे गुरु पण पोताना गळा पर छरी फेरवीने मृत्युवश थ[illegible] बंने जणा मरण पामीने स्वर्गे गया.

ए प्रमाणे बीजा अभव्य जीवो बहु उपदेशथी पण प्रतिबोध पामता नथ[illegible] पेलो दुष्ट सेवक साधुवेष छोडीने पोताना राजानी पासे गयो अने सघळी [illegible] कीकत कही. ते सांभळीने राजाए कह्युं के–'तने धिक्कार छे! अरे दुष्ट! तें [illegible] शुं कर्युं ?' ए प्रमाणे तिरस्कार करी तेने देशमांथी हांकी काढयो. माटे जीवे ए कोइ पण प्रकारे भारेकर्मी न थवुं एवो आ दृष्टांतनो उपनय छे.

गयकन्नचंचलाए, अपरिच्चत्ताए रायलच्छीए।
जीवा सकम्मकलिमल–भरिय भरांतो पडंति अहे ॥३२॥

अर्थ–"हाथीना काननी जेवी चपळ राज्यलक्ष्मीने-नहीं छोडनारा जीवो पोताना कर्मकिल्बिपथी भरेला भारवडे अधोभूमिमां पडे छे अर्थात् नरके जाय छे." ३२

कुणुणवि जीवाणं, सुदुक्कराइंति पावचरियाइं।
भयवं जासा सासा, पच्छाएसो-हु इणमो ते ॥३३॥

गाथा ३२-अपरिचत्ताए भरांतो भरंतो
गाथा-३३ कुतुण कूतुण सुदुक्करायंमि पच्चाणमोय. पच्चापसोहु

अर्थ—"केटलाक जीवोनां पापकर्मो एवा प्रकारे कहेवाने पण मुदुष्कर होय छे, अर्थात् कहेवा योग्य पण होता नथी. ते उपर निश्चये देशित्य? 'भगवंत! ते शी ते? (मारी बहेन?), भगवंते कह्युं 'हा तेने' आ सारे दृष्टांत जाणवुं."२३

केटलाक प्राणीनां पापकर्मो एवां होय छे के जे बीजानी समक्ष कहेतां पण लज्जा आवे. एटलामाटे एक पुरुषे समवसरणमां आवीने भगवंतने पूछयुं के 'ते, ते?' भगवंते कह्युं 'हा. ते.' अहीं 'जासा सासानुं' दृष्टांत जाणवु.

'जासा सासा' नुं दृष्टांत.

वसंतपुर नगरमां अनंगसेन नामे एक सोनी रहेतो हतो. ते अति स्त्रीलंपट हतो. ते पांचसो स्त्रीओ परण्यो हतो. ते दरेक अति रूपवती हती. ते सोनी पोतानी स्त्रीओने बहार काढतो न्होतो, घरमांज राखतो हतो. एक वखत ते जमवाने माटे पोतानाकोइ मित्रने घेर गयो. त्यारे ते सर्व स्त्रीओए विचार कर्यो के—'आज आपणने वखत मळ्यो छे.' एम विचारीने स्नान, विलेपन, काजळ, सिंदुरना तिलक विगेरे करीने तथा आभरणो पहेरीने सर्व स्त्रीओ पोतानां हस्तमां आदर्श (काच) लइ पोताना रूपने जोवा लागी; अने हसवुं, रमवुं, गीतगान करवां इत्यादि क्रीडा परस्पर करवा लागी. तेओ अन्योन्य कहेवा लागी "आपणामांथी जेनो वारो होय छे तेनेज आपणो स्वामी तो आभूषण विगेरेथी सुशोभित करे छे, बीजी स्त्रीओने शणगार पण करवा देतो नथी; तो हवे आपणे आजे तो मरजी मुजब क्रीडा करवी जोइए." एवामां सोनी पोताने घेर आव्यो, तेणे पोतानी स्त्रीओनी पूर्वोक्त चेष्टा जोइ; एटले तेमांथी एक स्त्रीने पकडीने मर्मस्थानमां मार मार्यो. जेथी ते मृत्युवश थइ गइ. त्यारे बीजी स्त्रीओए विचार्युं के 'आणे एकने मारी नांखी तेम बीजीओने पण मारी नांखशे माटे एनेज मारी नांखवो जोइए.' ए प्रमाणे विचार करी, ते सघळी स्त्रीओए ते वखते पोतपोताना हाथमां रहेलां दर्पणो तेना तरफ फेंक्यां. ते दर्पणोना प्रहारथी सोनी मृत्यु पाम्यो. पाछळ स्त्रीओ लोकोना अपवादथी भय पामीने बळी मुइ. तेओ बधी मरण पामीने एक पाळमां चोर थइ. जे स्त्री प्रथम मृत्यु पामी हती ते कोइएक गाममां कोइ व्यापारीने घेर पुत्र तरीके उत्पन्न थइ, अने सोनीनो जीव ते श्रेष्ठीने घरे पुत्रीपणे उत्पन्न थयो. तेणे पूर्वभवमां अति विषय सेव्यो हतो तेथी ते जन्म पामतांज अति कामातुर थइ रुदन करती हती. एकदा तेना भाइनो हस्त तेनी योनिने लाग्यो, एटले ते रोती बंध थइ गइ. आ प्रमाणे तेने छानी राखवानो उपाय हाथ आ[illegible] ज्यारे ते [illegible] तेनो भाइ दर-

रोज ए प्रमाणे करे [illegible]
तेने ए प्रमाणे करतो जोगो तेणी तेने [illegible]
नहि त्यारे तेने घरमांथी काढी मूक्यो. ते चोरनी टोळी [illegible] पांचसो चोरो-
नो स्वामी थयो. एक दिवस ते सर्व चोरोए एकठा थइ कोइ गाममां धाड पाडी.
त्यांथी बीजे गाम गया. त्यां तेनी [illegible] जेने यौवन
प्राप्त थइ छे ते आवी हती. तेने चोरोए जोइ [illegible] स्नेहथी कामातुर
थइ तेणेज चोरोने कह्युं के–'मने स्त्री तरीके स्वीकारो.' ए प्रमाणे प्रार्थना क-
रवाथी तेओए तेने स्वीकारी. आ प्रमाणे ते पांचसो चोरोनी पत्नी थइ. परंतु
ते पांचसो पुरुषोथी पण तृप्ति पामती नथी. अहो! स्त्रीओनी कामलोलुपता
केवा प्रकारनी छे! कह्युं छे के–

नाग्निस्तृप्यति काष्ठौघैर्, नापगाभिर्महोदधिः ।
नांतकः सर्वभूतेभ्यो, न पुंभिर्वामलोचना ॥

"काष्ठना समूहथी अग्नि तृप्त थतो नथी, नदीओथी समुद्र तृप्त थतो नथी, स
प्राणीओथी यम राजा तृप्त थतो नथी, अने पुरुषोथी स्त्री तृप्त थती नथी." वळी

नागरजातिरदुष्टा, शीतोवह्निर्निरामयः कायः ।
स्वादु च सागरसलिलं, स्त्रीषु सतीत्वं न संभवति ॥

"नागरजातिमां अदुष्टपणुं, वन्हिमां शीतळपणुं, कायामां निरोगपणुं, स
मुद्रजळमां स्वादिष्टपणुं अने स्त्रीओमां सतीपणुं संभवतुंज नथी."

एक दिवसे चोरोए विचार्युं के–'आ स्त्री पांचसे पुरुषोथी सेवातां दु
पामे छे, तेथी बीजी स्त्री लाववी जोइए.' ए प्रमाणे दयाथी तेओए बीजी
आणी; तेने जोइ पहेली स्त्रीए विचार्युं के–'अरे! मारा उपर आ बीजी
आणी! आ मारा विषयभोगमां भाग पाडशे.' एवी बुद्धिथी तेणे तेने कूव
नांखी दीधी, जेथी ते मृत्यु पामी. ए वात पल्लीपतिए सांभळी तेथी विचा[illegible]
लाग्यो के 'अहो! आ कामथी अतिविन्हल छे अने महापापकारिणी छे.' वळी
तेणे विचार कर्यो के–'आवी तीव्र कामरागवाळी कदि मारी बहेन हशे!
कारणके तेनामां अति कामबुद्धि हतो.' पछी ए प्रकारनो संशय दूर करवाने
माटे ते श्री वर्धमान स्वामीना समवसरणमां गयो.

पल्लीपतिए प्रभुने वांदीने पूछ्युं के–'हे भगवन्! 'आ ते?' त्यारे भग-
वाने कह्युं के–'ते ते.' ए प्रमाणे सांभळी वैराग्यपरायण थइ, व्रत अंगीकार
करी, पाळीने ते शुभगतिने प्राप्त थयो.

अहीं गौतम स्वामीए प्रभुने पूछ्युं के-" हे भगवन् ! आपने पल्लीपतिए पूछ्युं के-'आ ते ?' त्यारे आपे उत्तर आप्यो के 'जे ते' एटले शुं ? अमे कांइ समज्या नहि." भगवाने कह्युं के-" एणे समस्यामां पूछ्युं के-'जे पेली मारी बहेन हती ते आ छे के नहि ? ' ए प्रमाणे लज्जाथी तेणे पोतानी स्त्रीनुं स्वरूप पूछ्युं. एटले में पण समस्याथी जवाब दीधो के 'तारी पत्नी ते तारी बहेनज छे.' ते सांभळी घणा लोक प्रतिबोध पाम्या.

'कर्मे प्रेरायेलो जीव न आचरवानुं पण आचरे छे' आवो आ कथानो उपनय छे.

पडिवज्जिऊण दोसे, नियए सम्मं च पायवडियाए ।
तो किर मिगावईए, उप्पन्नं केवलंनाणम् ॥ ३४ ॥

अर्थ-" पोताना दोषने अंगीकार करीने सम्यक् प्रकारे त्रिकरण शुद्धे पगे पडेली एवी (गुरुणीनी सेवा करनारी) मृगावतीने तेज कारणथी निश्चये निरावरण एवुं केवळज्ञान उत्पन्न थयुं." ३४. तेथी विनयज सर्व गुणोनुं निवासस्थान छे.

अहीं मृगावती साध्वीनुं दृष्टांत जाणवुं.

मृगावतीनुं दृष्टांत.

कोशाम्बी नगरीए श्रीमहावीर स्वामी समवसर्या ते वखते सर्व सुर अने असुरोना इंद्र करोडो देवताओथी परिवृत थइ वांदवाने माटे आव्या; तेमज सूर्य अने चंद्र पण पोताना मूळ विमानमां बेसीने वांदवाने आव्या. आर्य चंदना साध्वी पण मृगावतीने साथे लइने वांदवाने आव्या. आर्य चंदना आदि साध्वीओ प्रभुने वांदीने पोताना उपाश्रये आवी, पण मृगावती तो समवसरणमांज बेसी रही. ते वखते संध्याकाळ थयो हतो छतां पण सूर्यना तेजथी ते तेना जाणवामां आव्यो नहि; कारणके उद्योत तेवो ने तेवोज रहेलो हतो. अनुक्रमे रात्रि घणी गइ, अने सर्व लोको प्रभुने वांदीने पोतपोताने घेर गया; पण मृगावतीए रात्रि घणी गइ छे एम जाण्युं नहि. पछी ज्यारे सूर्य चंद्र पोताना विमानमां बेसीने पोताना स्थानके गया त्यारे समवसरणमां तेमज पृथ्वी उपर अंधकार प्रसरी गयो, तेथी मृगावती संभ्रमित थइ. 'घणी रात्रि गइ छे' एम जाणी शहेरमां आर्य चंदनाना उपाश्रये आवी. ए समये आर्य चंदना साध्वी पण प्रतिक्रमण करी, संथारापोरषी भणावी, संथारामां बेसीने मनमां विचार करती हती के-'मृगावती क्यां गइ हशे ? अने क्यां रही हशे ?' एवामां मृगावतीने आवेली जोइ तेने ठपको आपवा लाग्या के-'हे मृगावती ! तने आ न

घटे. तारा जेवी प्रधानकुळमां जन्मेली. साध्वीने रात्रिए बहार रहेवुं ए उचित नथी; तें आ विरुद्ध आचरेलुं छे.' आ प्रमाणेनां आर्य चंदनानां वचन सांभळीने नेत्रमांथी गळतां अश्रुथी संतापने वहन करती ते पश्चात्ताप करवा लागी के–'में आ गुणवती साध्वीने संताप उत्पन्न कर्यो.' ए प्रमाणे पोताना आत्माने निंदती ते हाथ जोडी कहेवा लागी के–'हे भगवती! मारो आ एक अपराध क्षमा करो, हुं मंदभागी छुं; प्रमादवशथी हुं रात्रिनुं स्वरूप जाणी शकी नहि, हुं फरीथी आवुं करीश नहि.' ए प्रमाणे वारंवार खमावीने तेमना चरणमां पडी तेमनी वैयावच्च करवा लागी. आर्य चंदना तो संथारामां सुइ गया, पण मृगावती तो पोताना आत्मानी निंदा करे छे. एम करतां करतां मृगावतीनो शुक्लध्यान रूपी अग्नि वृद्धि पाम्यो अने कठिन कर्म रूपी इन्धनसमूह बळी गयो; तेथी मृगावतीने केवलज्ञान उत्पन्न थयुं. एवामां कोइएक सर्प आर्य चंदनाना संथारानी पासे आवतो मृगावतीए केवलज्ञानथी जोयो, एटले संथारानी बहार रहेलो आर्य चंदनानो हाथ तेणे संथारामां मूक्यो. तेथी आर्य चंदना जागी गया अने पूछ्युं के–'मारो हाथ कोणे हलाव्यो?' त्यारे मृगावतीए कह्युं के–'स्वामिनी! मारो अपराध क्षमा करो, में तमारो हाथ हलाव्यो छे.' ते सांभळी चंदनाए 'केम हलाव्यो?' एम पूछतां मृगावतीए कह्युं के–'सर्प आवे छे तेथी.' चंदनाए पूछ्युं के–'आवा अंधकारमां तें ते केम जाण्युं?' मृगावती बोली के–'अतिशयथी.' आर्य चंदनाए पूछ्युं के–'आ अतिशय केवा प्रकारनो?' मृगावतीए कह्युं के–'केवलज्ञान रूपी अतिशय.' ते सांभळी आर्य चंदना केवलज्ञानीनी आशातना थयेली जाणी पश्चात्ताप करवा लाग्या अने मृगावतीना चरणमां पडया. ए प्रमाणे आत्मनिंदामां तत्पर थयेला आर्य चंदनाने पण केवलज्ञान उत्पन्न थयुं.

जेवी रीते मृगावतीए कषाय न कर्यो तेवी रीते बीजाओए पण कषाय करवो नहि, एवो आ दृष्टांतनो उपनयथी उपदेश आपेलो छे. इति.

किं सक्का वुत्तुं जे, सरागधम्मंमि कोइ अकसाओ।
जो पुण धरिज्ज धणियं, दुव्वयणुज्जालिए स मुणी ॥३५॥

अर्थ—"शुं एम कही शकाय के आधुनिक सराग धर्ममां–रागद्वेष सहित चारित्रमां (कोइ मुनि) अकषायी–सर्वथा कषाय रहित होय, आ वात संभवित नथी कारण के सर्वथा कषायरहितपणुं [illegible] क्यांथी होय? परंतु जे दुर्वचन रूप [illegible] प्रज्वलित [illegible] कषाय रूप अग्निने धरी राखे–उदय आ-

[illegible]

ळाने पण प्रगट न थवा दे तेज मुनि, तेज महापुरुष; कारणके सर्वथा कषा-
त्याग तो बहु दुर्लभ छे. सर्वथा कषायरहितपणुं तो आ काळमां संभवतुंज नथी,
रंतु जेओ कोइना कहेलां दुर्वचनोथी उदयमां आववाने तैयार थयेला कषायने
ण रोकी राखे तेने धन्य छे, ते महापुरुष छे." ३५

करुअ कसायतरूणं, पुप्फं च फलं च दोवि विरसाइं।

ण झाइ कुविओ, फलेण पावं समायरइ ॥ ३६ ॥

र्थ—"कडवा कषाय वृक्षनां पुष्प अने फळ बंने निःस्वादु छे. तेनां पु-
कोपायमान थयो सतो परने मारवा विगेरे अनर्थ चिंतवे छे—ध्याय छे.
ाय वृक्षनां पुष्पो छे अने फळे करीने परने ताडन तर्जन करवा रुप पाप
छे ते फळ छे. तेथी कषायरूप वृक्षनां पुष्प ने फळ बंने कडवां छे अने
थी गति नरकनी प्राप्त थाय छे." ३६

ते वि को वि उज्झइ, को वि असंतेवि अहिलसइ भोए।

यइ परपच्चएणवि पभवो दट्ठूण जह जंबू ॥ ३७ ॥

अर्थ—"कोइ (महापुरुष) छता भोगने तजे छे, कोइ (नीचकर्मी जीव)
ता भोगनो अभिलाप करे छे, अने कोइ परना निमित्ते करीने पण भोगने
दे छे. अन्यने छता भोग तजतो देखी पोते बोध पामे छे. जेम जंबूस्वा-
र भोग तजतां जोइने पांचसे चोर सहित प्रभव स्वामीए पण भोग तजी दीधा
. ३७. अहीं जंबू स्वामीनुं दृष्टांत जाणवुं. ११

श्री जंबूस्वामीनुं दृष्टांत.

प्रथम तेमना पूर्वभवनुं स्वरूप कहे छे—

एकदा राजगृह नगरे श्री महावीर स्वामी समवसर्या. श्रेणिक राजा वांद-
ाने माटे आव्या. ते समये कोइ देवताए प्रथम देवलोकथी आवी सूर्याभदेवनी
ेम नाटक करीने पोताना आयुष्यनुं स्वरूप पूछयुं. भगवाने कह्युं के—'आज-
ी सातमे दिवसे तुं च्यवीने मनुष्यभव पामीश.' ए प्रमाणे सांभळीने ते देव
ोताने स्थानके गयो. पछी श्रेणिक राजाए पूछयुं के—'हे स्वामी! आ देव
्यां जन्म लेशे!' वीर प्रभुए कह्युं के—'आ राजगृह नगरमांज जंबू नामे ए
ेल्ला केवली थशे.' श्रेणिक राजाए कह्युं के—'हे प्रभु! एना पूर्वभवनुं स्वरूप
ाने कहो.' भगवाने कह्युं के—"जंबूद्वीपनां भरतक्षेत्रमां सुग्रीव नामना गाममां
्र [illegible] नामनो कोइ रंक रहेतो हतो. तेने [illegible] नामे स्त्री हती. तेनाथी भवदेव
े भावदेव नामना बे पुत्रो थया हता.

गाथा ३६—झाइ झाइ-ध्यायति.

एकदा भवदेवे दीक्षा लीधी. विहार करतां ते एक दिवस पोताना गामे आव्या ते वखते भावदेवे पोतानी नवी परणेली नागिला नामनी स्त्रीने तजी दइने ज्जावडे पोताना बंधु भवदेव मुनि समीपे चारित्र ग्रहण कर्युं. भवदेव मृत्यु पामीने स्वर्गे गया. भावदेव भवदेवना मरण पछी चारित्रथी भ्रष्ट थया. ते लज्जा तजी दइ नवी परणेली नागिलाने संभारता भोगनी आशाथी घर तरफ चाल्या अनुक्रमे पोताना गामे आवी गामनी बहार श्री ऋषभदेव भगवानना मंदिरमां रह्या. ते समये तपथी कृश थयेली नागिला पण त्यां दर्शनार्थे आवी. तेणे पोताना पतिने ओळख्या अने इंगिताकारथी तेने कामातुर पण जाण्या. नागिलाए पूछ्युं के–' हे मुनि ! आप अहीं शा अर्थे पधार्या छो ? ' साधुए कह्युं के–' मारी नागिला नामनी स्त्रीना स्नेहने लीधे हुं आव्यो छुं. में लज्जाने लीधे संयम ग्रहण कर्युं हतुं, परंतु प्रेमभाव केम जाय ? माटे जो नागिला मळे तो मारुं सर्व मनवांछित सिद्ध थाय. " त्यारे नागिलाए कह्युं के–" अरे मुनि ! चिंतामणिने छोडीने कांकरो कोण ग्रहण करे ? हाथीने छोडीने रासभ उपर कोण स्वारी करे ? नावने दूर छोडी दइने मोटी शिळानो आश्रय कोण करे ? कल्पतरुने छोडी धंतुरो कोण वावे ? " इत्यादि उपदेश आपी पोताना धणीने चारित्रमां दृढ कर्या. भावदेव पाप आलोवी चारित्र पाळीने त्रीजा स्वर्गमां सागरोपमना आयुष्यवाळा देवता थया. नागिला पण मरण पामीने स्वर्गे त्यांथी च्यवी एक अवतार करीने मोक्षे जशे.

भावदेवनो जीव त्रीजा देवलोकथी च्यवी जंबूद्वीपमां पूर्व विदेहने विषे वीतशोका नगरीमां पद्मरथ राजाने घेर वनमाला राणीनी कुक्षिथी पुत्रपणे उत्पन्न थयो. तेनुं शिवकुमार नाम पाड्युं. युवान वय पामतां ते पांचसो राजकन्याओ परण्यो. एक दिवसे ते गोखमां बेठो हतो तेवामां तेणे एक साधुने जोया. एटले गोखमांथी उतरी नीचे आवीने तेणे साधुने पूछ्युं के–' तमे आटलो क्लेश शामाटे सहन करो छो ' ? साधुए कह्युं के–' धर्मनिमित्ते. ' शिवकुमारे पूछ्युं के–' आ धर्म कया प्रकारनो ? ' साधुए कह्युं के–' जो तमारे सांभळवानी इच्छा होय तो अमारा गुरु पासे आवो. ' शिवकुमार तेनी साथे धर्मघोष आचार्य पासे गयो. त्यां धर्म सांभळतां तेने जातिस्मरण ज्ञान थयुं. पछी ते [illegible] नमीने घेर आव्यो. तेणे मातपिता पासे दीक्षानी आज्ञा मागी. तेमणे [illegible] आज्ञा आपी नहि; तेथी ते घरमां रही निरंतर छट्ठ तप करवा लाग्यो. पारणे आंबिल करवा लाग्यो. ए प्रमाणे बार वर्ष सुधी तप करीने [illegible] सागरोपम आयुष्यवाळो विद्युन्माली नामे देव थयो.

हे श्रेणिक ! ते विद्युन्माली देव अहीं आव्यो हतो. " आ प्रमाणे जंबूस्वामीना चार भव वीर प्रभुए श्रेणिक राजाने आगळ कह्या.

पांचमा भवमां विद्युन्माली देव स्वर्गथी च्यवी राजगृह नगरमां ऋषभदत्त श्रेष्ठीने घेर धारणी देवीनी कुक्षिमां पुत्रपणे उत्पन्न थयो. स्वप्नमां शाश्वत जंबूतरु देखवाथी ते जन्म्यो त्यारे तेनु जंबूकुमार नाम राख्युं. तेणे बाल्यावस्थामां सकल कलानो अभ्यास कर्यो. अनुक्रमे यौवन प्राप्त थतां ते अति रुपवान होवाथी तरुणी रुपी हरिणीओने पाश रुप थयो. ते समये तेज नगरमां रहेनारा आठ शेठीआओए जंबूकुमारनी साथे पोतानी आठ कन्याओनुं वेशवाळ कर्युं.

अन्यदा श्री सुधर्मा स्वामी गणधर राजगृह नगरे समवसर्या कोणिक राजा वांदवा आव्यो. श्री सुधर्मा स्वामीए संसार रुपी दावानलना तापनी शांति अर्थे मेघजलनी धारा जेवी देशना आपी, अने संसारना स्वरूपनी अनित्यता दर्शावी तेमणे कह्युं के–' जेम कामीओनुं मन चंचळ होय छे, मूषा (सोनुं गाळवानी कुरडी)नी अंदर रहेलुं प्रवाही बनेलुं सोनुं चंचळ होय छे, जळनी अंदर पडतु चंद्रनुं प्रतिबिंब चंचळ होय छे अने वायुथी हणायेलो ध्वजनो प्रांत भाग जेम चंचळ होय छे तेवीज रीते आ संसारनुं स्वरूप अस्थिर छे. वळी जेवी रीते अंगुठो चूसी पोतानीज लाळनुं पान करतो बाळक जेम सुख माने छे, तेम आ जीव पण निंदित भोग भोगवी सुख माने छे. अहो ! आ लोकोनुं मूर्खपणुं केवुं छे ! के ते जेमां उत्पन्न थयो छे तेमांज आसक्त थाय छे, जेनुं पान करेलुं छे तेज स्तनोनो स्पर्श करवाथी मनमां खुशी थाय छे. ' इत्यादि देशना सांभळीने जंबूकुमार प्रतिबोध पाम्या. तेमणे सुधर्मा स्वामीने कह्युं के–' हे स्वामी ! मने संसारनो निस्तार करनारी दीक्षा आपीने मारो उद्धार करो, ' सुधर्मा स्वामीए कह्युं के–' हे देवानुप्रिय ! प्रमाद कर नहि. ' ए प्रमाणे गुरुनुं वचन सांभळी ते मातापितानी आज्ञा लेवा माटे घेर आवतां राजमार्गमां आव्यो. त्यां घणा राजकुमारो हथियारोनो अभ्यास करे छे. त्यांथी एक लोढानो गोळो जंबूकुमार पासे आवीने पडयो. जंबूकुमारे विचार्युं के–' जो मने आ गोळो लाग्यो होत तो हुं मनवांछित केवी रीते करी शकत ? ' ए प्रमाणे विचारी पाछा वळी गुरु पासे आवी तेणे लघु दीक्षा ग्रहण करी; पछी घेर आव्या, अने मातापिताना चरणमां पडीने कहेवा लाग्या के–" हु दीक्षा लइश, आ संसार अनित्य छे, आ बाह्य कुटुंबपरिवारथी शो लाभ छे ? हुं तो अंतरंग कुटुंबमां अनुरक्त थयेलो छुं, तेथी हुं उदासीनपणा रुपी घरनी अंदर वास करीश अने विरति रुपी मातानी सेवा करीश, योगाभ्यास रुपी पीता, समता रुपी धात्रमाता, निरागता रुपी

प्रिय वहेन, विनय रुपी अनुयायी बंधु, विवेक रुपी पुत्र, सुमति रुपी
णप्रिया, ज्ञान रुपी अमृतभोजन अने सम्यकत्व रुपी अक्षय भंडार—आ कुटुं
मारो प्रेम छे. तप रुपी अश्व उपर स्वारी करी, भावना रुपी कवचने धा
करी, अभयदान आदि उमरावो सहित संतोष रुपी सेनापतिने अग्रेसर क
संयमना नाना प्रकारना गुण रुपी सेनाने सज्ज करी, क्षपकश्रेणि रुपी गजघटा
परिवृत थइ, गुरुनी आज्ञा रुपी शिरस्त्राण[1] धारण करी, धर्मध्यान रुपी खड्ग
महा दुःख देनारी एवी अंतरंग मोहराजानी सेनाने हणीश." आ
पुत्रना वचन सांभळीने मातापिता बोल्यां के—" हे पुत्र ! एक वखत आठ कन्या
ओने परणी अमारो मनोरथ पूर्ण करो पछी व्रत ग्रहण कर." ए प्रमाणेनां पि
तानां वचनथी तेणे आठे कन्याओनी साथे पाणिग्रहण कर्युं: परंतु ते मन
तद्दन निर्विकारी हतो. एक एक कन्या नव नव क्रोड सोनामहोर करी
लावी हती, आठ क्रोड सोनामहोर आठ कन्याना मोसाळपक्ष तरफथी आवी हती
अने एक क्रोड जबूकुमारना मोसाळपक्ष तरफथी आवी हती. ए प्रमाणे एकाणुं
क्रोड सोनामहोर आवेली हती. अने अढार क्रोड सोनामहोर पोताना घरमां हती
आ प्रमाणे जबुकुमार नवाणु क्रोड सोनामहोरना अधिपति थया हता.

हवे जंबुकुमार रात्रिए रंगशाळा (शयनगृह) मां स्त्रीओ साथे बेठा
पण ते तेमने रागवाळी दृष्टिए जोता पण नथी, तेम वचनथी पण संतोष आ
नथी. स्त्रीओए तेने प्रेममय वचनोथी चलित करवा माटे घणो प्रयत्न कर्यो
ने चलित थया नहि. ते समये प्रभव नामनो चोर पांचसे चोरोथी परिवृत
जंबुकुमारना घरमां आव्यो, तेमणे क्रोड सोनामहोर लइ तेनी गांसडीओ
अने मस्तकपर मूकीने नीकळवा लाग्या, ते अवसरे जबुकुमारे स्मरण करेला
पंचपरमेष्ठी नमस्कार मंत्रना महात्म्यथी ते सर्वे भींत उपर काढेल चित्रानी
स्थिर थइ गया त्यारे प्रभवे कह्युं के 'हे जंबुकुमार ! तुं जीवदयापालक छे.
अभयदानथी वधारे दुनियामां बीजुं कोइ पण पुण्य नथी; अमे जो अहीं
तो प्रातःकाळे कोणिक राजा अमने सर्वने मारी नाखशे. माटे अमने छोडी
अने मारी पासे तालोद्घाटिनी (ताळ उघाडनारी) अने अवस्वापिनी (
[illegible] करनारी) नामनी बे विद्या छे ते तुं ले अने तारी स्तभिनि विद्या
आप.' जंबुकुमारे कह्युं के—'मारी पासे तो धर्मकला नामनी एक मोटी
छे. ते विद्यानो बीजी कोइ [illegible] दुनिया छे [illegible] तो तमनी मारा
[illegible] [illegible] दीर्घ[illegible] करनारी छे. आ [illegible]

1 [illegible] मस्तकना रक्षण माटे माथापर मूके छे ते लोढानी [illegible]

बिंदु जेवा छे.' प्रभवे कह्युं के-' मने मधुबिंदु पुरुषनुं दृष्टांत कहो.' एटले कुमार कहेवा लाग्या के-सांभळ !

" एक वनमां सार्थथी विखुटो पडी गयेलो कोइएक पुरुष भटके छे. एवे एक जंगली हाथी तेने मारवाने माटे सन्मुख दोडयो. एटले ते नाठो. ... हाथीना भयथी कुवानी अंदर रहेल ... शाखानो आश्रय करीने ते कुवामां लटकी रह्यो. कुवामां तेनी नीचे ... मुख करीने रहेला बे अजगरो छे. अने चारे पडखे चार मोटा सर्पो ... हाथमां पकडेली वडनी शाखा उपर रसथी भरेलो एक मधपुडो छे. बे उंद- ... शाखाने कापे छे अने मधपुडामांथी उडेली माखीओ तेने डंख मार्या ... छे. ... माणस घणे लांबे वखत मधपुडामां- ... मधुबिंदु चाखीने तेना स्वादथी पोताने सुखी माने छे. एवे ... कोइएक विद्याधर त्यां आव्यो. तेणे तेने कह्युं के-' तुं आ विमानमां ... हुं तने दुःखमांथी मुक्त करुं.' त्यारे ते मूर्ख माणसे जवाब आप्यो के- ... क्षण थोभो, हुं आ मधना एक बिंदुनो स्वाद लइने आवुं छुं.' ते सांभ- ... विद्याधर चाल्यो गयो अने ते मूर्ख दुःख पाम्यो."

माटे हे प्रभव ! आ विषयनो विपाक मधुबिंदुना जेवो छे. आनो उपनय ... छे के-' आ संसार रूपी मोटुं जंगल छे. तेमां जीव रूपी विखुटो पडी ग- ... एक छे, जन्म, जरा ने मरण रूपी कुवो छे. ते विषय रूपी जळथी भरेलो ... नारकी गति अने तिर्यंच गति रूपी बे अजगरो छे, कषाय रूपी चार सर्पो ..., आयुष्य रूपी वडनी शाखा छे, शुक्ल ने कृष्ण पक्ष रूपी बे उंदरो छे. मृत्यु ... पी हाथी छे,अने विषय रूपी मधपुडो छे.तेमां आसक्त थइ आ जीव रोग,शोक, ... योग आदि अनेक उपद्रवोने सहन करे छे. माटे धर्म एज मोटुं सुख छे, तेवा सुखने आपनार गुरु ते विद्याधरनी जेवा छे.' आ प्रमाणे मधुबिंदुनुं दृष्टांत जाणवुं.

प्रभवे फरीथी कह्युं के-' भर यौवनमां पुत्र स्त्री विगेरे सघळा परिवारनो ...ग करवो उचित नथी.' जंबूकुमारे कह्युं के-' एक एक जीवने परस्पर अनं- ...र दरेक संबंध थयेला छे. जेम के एक भवमां थयेला अढार नातरानो सं- ... छे.' प्रभवे कह्युं के-' ते अढार नातराना संबंधनुं स्वरूप केवुं छे ते मने ....' जंबूकुमारे कह्युं के-' मथुरापुरीमां कुबेरसेना नामे वेश्या हती. तेनी ...थी छोकरा ने छोकरीनुं युगल उत्पन्न थयुं. छोकरानुं नाम कुबेरदत्त राख्युं ... छोकरीनुं नाम कुबेरदत्ता राख्युं. ते युगलने तेमनां नामथी अंकित मुद्रा ...रावी वस्त्रमां वींटी पेटीमां नाखीने ते पेटी यमुना नदीना प्रवाहमां वहेती

करी. प्रातःकाळे ते पेटी सोरीपुर नामना नगर पासे पहोंची. त्यांना बे... ओए ते पेटी बहार काढी एक शेठे पुत्र ग्रहण कर्यो अने बीजाए पुत्री करी. तेओ युवान थतां कर्मयोगे लग्ननी गांठथी परस्पर जोडायां. एकदा गठाबाजी रमतां कुबेरदत्ताए पोताना पतिना हाथमां पेली मुद्रा जोइ. 'आ मारो भाइ छे' एम जाणी ते विरक्त थइ. तेणे संयम ग्रहण कर्युं. तेने अवधिज्ञान प्राप्त थयुं. एवे समये कुबेरदत्त कार्य अर्थे मथुराए गयो. कुबेरसेना वेश्या जे तेनी माता हती तेनी साथे लपटायो. तेमने पुत्रप्राप्ति... कुबेरदत्ता साध्वीए अवधिज्ञानथी जाण्यु के—'आ मोटो अनर्थ थाय छे.' तेमने प्रतिबोध पमाडवाने माटे ते त्यां आव्या. ते कुबेरसेनाने घरे... त्यां रुदन करता पेला बाळक पासे आवीने कहेवा लाग्या के—"हे ... तुं केम रुवे छे? मौन ग्रहण कर. तुं मने वहालो छे. तारी साथे मारे छ ... छे. (१) तुं मारो पुत्र छे, (२) तुं मारा भाइनो पुत्र छे, (३) तुं मारो भाइ ... (४) तुं मारो दीयर छे, (५) तुं मारो काको छे, अने (६) तुं मारो पौत्र छे. हे वत्स! तारा पिता साथे पण मारे छ संबंध छे. (१) ते मारो पति छे, ... मारो पिता छे, (३) मारो ज्येष्ठ बंधु छे, (४) मारो पुत्र छे, (५) मारो ... छे, अने (६) मारो प्रपिता (पितानो पिता) छे. तारी मानी साथे पण मारे ... संबंध छे. [१] ते मारी भ्रातृपत्नी (भोजाइ) छे. [२] मारी सपत्नी (शोक) [३] मारी माता छे, [४] मारी सासु छे, [५] मारी वहु छे, अने [६] ... मातामही (बापनी मा) छे." ए प्रमाणेनां साध्वीनां वचन सांभळी पूर्व ... स्वरूप जाणी कुबेरसेनाए व्रत ग्रहण कर्युं, अने संसारना पारने पामी. ... माणे हे प्रभव! आ संसारमां अनंतवार दरेक संबंध थयेला छे. कोण कोई... धर्म एज परम बंधु छे.

प्रभवे फरीथी कह्यु के—"हे जंबूकुमार! तमे जे कह्युं ते खरुं छे. परंतु ... पुत्र नथी तेने सद्‌गति नथी' एवुं पुराणवाक्य छे. तेथी भोग भोगवी... पुत्रने घरे मूकीने पछी संयममां मन राखजो" जंबूकुमारे कह्युं के—"पु... तो सुगति थाय अने ते न होय तो कुगति थाय एवो कांइ नियम नथी; ... संसारी जीवोने केवळ मोहजन्य भ्रम छे. जेम महेश्वरदत्तने पुत्र काममां आ... ...न." प्रभवे पूछ्युं के 'ते महेश्वरदत्त कोण हतो?' जंबूकुमारे कह्युं के ...

"विजयपुर नगरमां महेश्वरदत्त नामे एक शेठीओ हतो. तेने महे... एक पुत्र हतो. महेश्वरदत्ते पोताना मरणसमये पुत्रने कह्युं के—' मारा

* आ प्रबंध प्रथमनुं स्मरण.

से एक पाडाने मारीने तेना मांसथी आपणा सघळा परिवारने तृप्त करजे.'
महेश्वरदत्त मरी गयो. पुत्रे पितानुं वचन याद राख्युं. महेश्वरदत्त मरीने
ां पाडो थयो. महेश्वरनो माता घरमां बहु मोह होवाथी मरीने तेज घरमां
ी थइ. दैवयोगथी श्राद्धने दिवसे तेज पाडो आण्यो. महेश्वरनी स्त्री व्यभि-
णी हती. तेनी साथे क्रीडा करनारा जारपुरुषने महेश्वरे मारी नांख्यो. ते
ने तेनेज घरे पुत्रपणे उत्पन्न थयो. तेने लाड लडाववामां आवे छे. हवे
पाडाने प्राणमुक्त करवामां आव्यो, अने कुटुंबीओए ते पाडानुं मांस भक्षण
एवे समये श्रीधर्मघोष नामना मुनि गोचरीने माटे त्यां पधार्या. तेमणे म-
ना घरनुं सघळुं चरित्र ज्ञानथी जाणीने कह्युं के—

मारितो वल्लभो जातः पितापुत्रेण भक्षितः।
जननी ताड्यते सेयं, अहो मोहविजृंभितम्॥

"जारने मारी नांखवाथी ते पुत्ररूपे वल्लभ [प्रिय] थयो, पाडा थयेला
ने पुत्रे भक्षण कर्यो; अने कुतरी थयेली माताने ताडन करवामां आवे छे.
! मोहनो विलास विचित्र छे."

ए प्रमाणेनो श्लोक सांभळीने महेश्वरे पूछ्युं के—'हे स्वामी! ए केवी
?' साधुए सर्व हकीकत कही. ते महेश्वरे मानी नहि, एटले कुतरी पासे
खजानो बतावीने साधुए विश्वास उत्पन्न कर्यो महेश्वर श्राद्ध छोडीने श्रा-
थयो. कुतरीने पण जातिस्मरण ज्ञान प्राप्त थवाथी तेणे मिथ्यात्वनो त्याग
ो अने ते स्वर्गे गइ. माटे हे प्रभव! पुत्रथी शी कार्यसिद्धि थाय ते कहे."
प्रमाणे महेश्वरदत्तनुं दृष्टांत जाणवुं.

हवे प्रभव कहे छे के—'हे जंबूकुमार! तुं मने आ जिवितदान आपे छे ते
तारुं पहेलुं पुण्य छे, हवे जो आ मारो परिवार बंधनथी छुटो थाय तो हुं
तमारी साथे चारित्र ग्रहण करीश.' ए प्रकारनो तेनो निश्चय सांभळीने समु-
-नामनी प्रथम स्त्री बोली के—"तमारा जेवा दुष्ट कर्म करनाराओमे तो
रित्र घटे छे? दुःखी प्राणीओ सुखनी अपेक्षाथी चारित्र ग्रहण करे छे, परंतु
ी लोकोने संयम-रूपी कष्ट अनिष्ट छे, अने प्राये करीने लोको पारका घरने
नाराज होय छे. हे प्रभव! जो आ जंबूकुमार तारा कहेवाथी व्रतने ग्रहण
शे तो एक हाळीनो पेठे तेन पस्तावु पडशे." प्रभवे कह्युं के—'ए हाळी
ण हतो?' समुद्रश्री कहे छे के सांभळ—

मरु देशना अंदर एक वग नामनो पामर वसतो हतो. ते खेती करतो अने कोद्रा, कांग विगेरे धान्य वावतो हतो. ते एक दिवस पोतानी दीकरीने सरे गयो. त्यां तेने गोळमिश्रित मालपुडा जमाडया. त्यां तेणे शेरडीनो अ गोळनी उत्पत्ति जाणी. तेथी पोताने घेर आवीने तेणे पुष्प ने फळथी खी क्षेत्रने निर्मूळ करी नांखीने तेमां शेरडी वावी. तेनी स्त्रीए तेने घणो वार्यो ते अटक्यो नहि, आपमतिलो थयो. मरुभूमि होवाथी पाणी विना शेरडी तो नहि अने पूर्वनुं धान्य हतुं ते पण गयुं. पछी ते पश्चात्ताप करवा लाग्यं 'मिष्ट भोजननी आशाथी मे प्रथमनुं पाकेलुं धान्य पण गुमाव्युं.' ते प्रमा प्राणवल्लभ! तमे पण पश्चात्ताप पामशो. माटे प्राप्त थयेल सुखनो त्याग अधिक सुखनी वांछा करवी नहि.

इति वगपामर दृष्टांत १.

जंबूकुमारे कह्युं के-" तुं जे कहे छे ते सत्य छे, परंतु जेओ आ लं सुखना अभिलाषी होय छे तेओ दुःख पामे छे. पण ज्ञानथी उत्कृष्ट बीजुं नथी, शमता जेवुं बीजुं सुख नथी, 'दीर्घ काळ जीवो' ए आशीर्वाद उ बीजो उत्तम आशीर्वाद नथी, लोभ जेवुं बीजुं दुःख नथी, आशा जेवुं बंधन अने स्त्री जेवी बीजी जाळ नथी. तेथी जे स्त्रीओमां अतिलुब्ध रहेछे ते का नी माफक अनर्थ प्राप्त करेछे." स्त्रीए पूछयुं के-'ए वायस कोण हतो'

जंबूकुमार कहेछे के-मृगुकच्छमां रेवा नदीने किनारे एक हाथी पाम्यो. त्यां बहु कागडाओ भेगा थइ आवजाव करवा लाग्या. जेम दान मां ब्राह्मणो मळे तेम त्यां कागडाओ एकठा थयेला हता. तेमांथी एक ते मरेला हाथीना गुदाद्वारमां प्रवेश कर्यो अने मांसलुब्ध थइने त्यांज लाग्यो. एवामां ग्रीष्म काळ आवतां गुदाद्वार संकुचित थइ गयुं. तेथी अंदरज रह्यो. वर्षाऋतु आवतां ते हाथीनुं शब पाणीना प्रवाहमां तणायुं. गु विकसित थवाथी ते विचारो कागडो बहार तो नीकळ्यो, पण चारे दिशा नीनुं पूर जोइने त्यांज मरण पाम्यो. आ दृष्टांतनो एवो उपनय छे के मरे थीना कलेवर जेवी स्त्रीओ छे, अने कागडा जेवा विषयासक्त पुरुष छे, मारनी जळमां बुडेछे, विषयना अतिशय लोभथी ते शोकने पामे छे.

इति काक दृष्टांत २.

हवे [illegible] कागो के-'हे प्रिय! अति लोभथी मनु

रनी पेठे दुःख पामे छे.' प्रभव चोरे कह्युं के–'ते वानरनुं दृष्टांत कहो.' पद्मश्री कहे के सांभळो–

एक जंगलमां कोइ वानरनुं जोडुं सुखे रहेतुं हतुं. एक दिवस देवाधिष्ठित पाणीना धरामां ते जोडामांथी वानर पडयो एटले तेने मनुष्यपणुं प्राप्त थयुं ते जोइ वानरी पण पडी एटले ते पण मनुष्यणी थइ. पछी वानरे कह्युं के–' एकवार आ धरामां पडवाथी मनुष्यत्व प्राप्त थयुं छे तेथी जो बीजीवार पडीए तो देवत्व प्राप्त थाय.' तेनी स्त्रीए तेने तेम करतां वार्यो छतां ते पड्यो, तेथी ते पाछो वानर थइ गयो. ए समये कोइ राजा त्यां आव्यो. ते पेली दिव्य रूपवाळी स्त्रीने पोताने घरे लइ गयो. वानर कोइ मदारीना हाथमां पड्यो, ते मदारीए तेने नृत्य शीखव्युं. ते वानर नृत्य करतो सतो एकदा राज्यद्वारे आव्यो. त्यां पोतानी स्त्रीने जोइ ते अति दुःखित थयो.

इति वानर दृष्टांत ३.

जंबूकुमार कहे छे के–हे प्रिये ! आ जीवे अनंतीवार देव संबंधी भोगो पण भोगवेला छे परंतु ते तृप्त थयो नथी तो आ मनुष्यनां सुख तो शी गणत्रीमां छे? जेम एक कवाडी कायला पाडवा माटे वनमां गयो हतो. त्यां मध्यान्हकाळे अति तृषित थवाथी तेणे बधां जलपात्रा पीने खाली कर्यां, तोपण तेनी तृषा मटी नहीं. पछी ते एक झाडनी छायामां सुतो, अने तेणे स्वप्नमां सर्व समुद्रो ने नदीओनुं जळ पीधुं तो पण ते तृप्त थयो नहीं.छेवट एक भागमां रहेल कादवथी मळेलुं जळ पीवा मांड्युं पण कांइ तृप्त थयो नहि. समुद्रजलथी तृप्ति न थइ तो कीचडवाळा जळथी तृप्ति क्यांथी थाय ! अहीं समुद्रजळ जेवा देवना भोगो छे, अने कादवना जळ जेवा मनुष्यशरीरना भोगो छे एम जाणवुं.

इति कवाडी दृष्टांत ४.

हवे त्रीजी पद्मसेना स्त्रीए कह्युं के–'सहसा कार्य करवाथी नूपुर पंडितानी पेठे पश्चात्ताप थशे' प्रभवे कह्युं के–'नूपुर पंडितानुं दृष्टांत कहो.' तेणे ते दृष्टांत कह्युं.[1] तेना उपर जंबुकुमारे विद्युन्मालीनुं दृष्टांत कह्युं, जेणे मातंगीना संगथी बधी विद्या गुमावी हती. ते दृष्टांत आ प्रमाणे—

आ भरतक्षेत्रमां कुशवर्धन गाममां विप्रना कुळमां विद्युन्माली ने मेघरथ नामे बे भाइओ उत्पन्न थया हता. एक दिवसे तेओ वणमां गया हता, त्यां तेमने कोइ विद्याधरे मातंगी नामनी विद्या आपी. विद्याधरे तेमने कह्युं के–'ते ...ी देवी भोगनी प्रार्थना करशे, पण जो तमे मननी स्थिरता राखशो अने

१ आ दृष्टांत परिशिष्ट पर्वादिथी जाणी लेवुं, अहीं आप्युं नथी

चलित थशो नहि तो विद्या सिद्ध थशे. पछी बंने भाइओ विद्या साधवा बेठा. तेमां एक विद्युन्माली विह्वल मननो होवाथी चलित थयो, अने बीजो मेघरथ गुरुनुं वचन याद राखीने चलित थयो नहि तेने विद्या सिद्ध थइ अने छ मासमां पुष्कळ धन प्राप्त थयुं; विद्युन्माली दुःखी थयो आ दृष्टांत कहीने जंबूकुमारे कह्युं के–मातंगी सदृश मनुष्य स्त्रीना भोगो छे, तेथी बहु सुखना अर्थी पुरुषोए तेनो त्याग करवो योग्य छे.

इति विद्युन्माली कथा ५–६.

चोथी कनकसेना नामनी स्त्री बोली के–'हे स्वामी! जो अमे मातंगी सदृश हता तो तमे शा माटे परण्या! हवे पाणी पीने घर पूछवुं ते घटित नथी. वळी हे स्वामी! अतिलोभथी तमे पेला कणबीनी पेठे पश्चात्ताप पामशो.' ते दृष्टांत आ प्रमाणे--

सुरपुर नगरमां एक कणबी वसतो हतो, तेणे पोताना खेतरमां खेड करी हती. तेथी रात्रिए पक्षी उडाडवाने माटे ते शंख वगाडतो हतो एक दिवस चोरो गायोनुं धण लइने ते क्षेत्र पासे आव्या. तेवामां शंखनो ध्वनि सांभळीने तेओ भयाक्रांत थइ गया. एटले गायोने छोडीने नासी गया. पेलो कणबी ते गायो वेचीने सुखी थयो. ए प्रमाणे घणवार बन्युं. एक दिवस ते चोरोए कणबीनी तमाम हकीकत जाणी, एटले तेओए त्यां आवीने कणबीने बांध्यो अने महारथी सीधो कर्यो. ए प्रमाणे हे स्वामी! अतिलोभी माणसो दुःख पामे छे.

इति शंख वगाडनार कणबीनुं दृष्टांत ७.

जंबूकुमार कहे छे के–' अति कामनी लालसावाळा मनुष्यो वानरनी पेठे बंधन प्राप्त करे छे. ते वानरनुं दृष्टांत आ प्रमाणे---

एक वानर ग्रीष्म ऋतुमां तृषातुर थवाथी जळनी भ्रांतिए चीकणा जळवगरना कीचडमां पड्यो. जेम जेम शरीरनी उपर कोचडनो स्पर्श थतो गयो तेम तेम टाढो लागतो गयो, तेथी तेणे आखुं शरीर कादवथी लींप्युं; पण तेथी तेनी तृषा गइ नहि; अने मध्यान्हना तापथी ज्यारे कादव सूकायो त्यारे तेने शरीरे घणी पीडा थइ. तेथी तेम हे प्रिये! विषयसुख रूपी कोचडथी हुं मारा शरीरने लेपन करीश नहि.

इति वानर दृष्टांत ८.

[illegible] बोली के–'हे स्वामी! अतिलोभ न करो [illegible] बुद्धि नष्ट [illegible] सिद्धि अने बुद्धिनुं दृष्टांत छे.' तेम

'सिद्धि बुद्धिनुं दृष्टांत'[1] छे. ते सांभळी जंबूकुमारे उत्तर आप्यो के-'हे प्रिये ! बहु कहेवाथी पण जातिवंत घोटानी पेठे हुं अवळे मार्गे चालनार नथी.' ते जातिवंत घोडानुं दृष्टांत आ प्रमाणे छे--

वसंतपुर नगरमां जितशत्रु नामे राजा राज्य करतो हतो तेने घेर एक घोडो हतो. ते घोडो तेणे जिनदत्त नामना श्रावकना घरे राखेलो हतो. ते घोडो अनेक सारां लक्षणवाळो होवाथी एक दिवसे कोइ पल्लीपतिए तेने उपाडी ला-ववा माटे पोताना एक सेवकने मोकल्यो. तेणे खातर पाडीने ते घोडाने बहार काढयो. परन्तु ते घोडो उन्मार्गे चालतो नथी. तेणे घणो प्रयास कर्यो, पण तेणे अनुभवेला राजमार्ग शिवाय ते अन्य रस्ते कोइ रीते चाल्यो नहि. एटलामां शेठ जागी जवाथी ते जाण्य थतां चोरने बांधीने घोडो लइ लीधो. पछी चो-रने पण मुक्त कर्यो. एवी रीते हे प्रिये ! हुं पण घोटानी पेठे शुद्ध संयम रुपी मार्गने छोडी चोरो समान जे तमे तेनाथी आकर्षण करानो कुमार्गे जइश नहि.

इति घोटक दृष्टांत ९-१०

हवे छट्ठी स्त्री कनकश्री कहेवा लागी के-'हे स्वामी ! तमे अति हठ करो छो ते युक्त नथी. सम्जु मनुष्ये आगामी काळनो विचार करवो जोइए ब्राह्म-णना छोकरानी पेठे गधेडानुं पूछडुं पकडी राखवुं न जोइए.' प्रभवे कह्युं के-'ए द्विज कोण हतो ?'

कनकश्री कहे के सांभळो-एक गाममां एक ब्राह्मणनो पुत्र हतो ते घणो मूर्ख हतो. तेने तेनी माताए कह्युं के-' पकडेलु छोडी देवु नहि ए पण्डितनुं लक्षण छे. ते मूर्खाए पोतानी मानुं वचन मनमां पकडी राख्युं. एक दिवस कोइ कुंभारनो गधेडो तेना घरमांथी भाग्यो. कुंभार तेनी पछवाडे दोडयो. कुंभारे पेला ब्राह्मणना छोकराने कह्युं के-' अरे ! आ गधेडाने पकड, पकड.' ते मूर्खाए गधेडानुं पूछडुं पकडयुं अने गधेडो पगनी लातो मारवा लाग्यो, तोपण तेणे पूछडुं मूक्युं नहि एटले लोको कहेवा लाग्या के-' अरे मूर्ख ! पूछडु छोडी दे. त्यारे पेला छोकराए कह्युं के-' मारी माताए मने एवी शिखामण आपी छे के पकडेलु छोडवुं नहि.' आ प्रमाणेना कदाग्रहथी ते मूर्ख कष्टपाम्यो.

इति विप्रपुत्र दृष्टांत ११

जंबुकुमार कहे छे के 'तमोए जे कह्यु ते बरोबर छे, परंतु तमे गधेडा खरजेवो छो,अने तमारो स्वीकार करवो ए खरना पूछडाने पकडी राखवा बराबर छे.वळी

---

१ सिद्धिबुद्धिनुं दृष्टांत पण परिशिष्ट पर्वादिथी जाणी लेवुं.

तमे [illegible] [illegible] प्रत्यो ते
सहन करे छे के, तेने [illegible] [illegible] नी जेम
पूर्वभवनो करजदार होय [illegible] [illegible] ते जिन
दृष्टांत आ प्रमाणे—[illegible] [illegible] तेने [illegible]
घोडी हती. तेनी चाकरोने [illegible] [illegible] हतो. ते [illegible]
हमेशां घोडीने माटे जे खावानुं [illegible] [illegible] हतो
खोराक ओछो मळवाथी [illegible] [illegible] मरी गइ. [illegible]
पामीने तेज नगरने विषे वेश्या थइ, अने तेनो मामस [illegible] उत्पन्न थयो
एक दिवसे तेणे ते वेश्याने जोइ, पछी पूर्वभवना [illegible] ने लइने ते वेश्याना
घरमां दास थइने रह्यो अने तेना घरनुं कामकाज करवा लाग्यो. ए दासनी जे
हुं पण भोगनी आशाथी दास थइने घरमां रहीश नहि.

इति विप्रकथा १२.

हवे सातमी स्त्री रूपश्री कहेवा लागी के-'हे स्वामी! हमणां तमे अम
कहेवुं नहि मानो, पण पछीथी मासाहस पक्षीनी पेठे तमने संकट प्राप्त थ
त्यारे समजशो;' ते कथा आ प्रमाणे—

एक मासाहस नामनुं पक्षी कोइ वनमां रहेतुं हतुं. ते पक्षी सुतेला वाघ
मुखमां पेसी, तेनी दाढमां वळगेल मांसनो पिंड लइ बहार आवीने एम बोल
हतो के-'आ प्रमाणे कोइए साहस करवुं नहि.' आटला उपरथीज तेनुं न
'मासाहस' पड्युं हतुं. ते पक्षी जे प्रमाणे कहेतो हतो ते प्रमाणे पोतेज वर
नहोतो. तेने बीजां पक्षीओए घणो वार्यो छतां पण मांसमां लोलुप थइने ते
रंवार वाघना मुखमां पेसतो हतो. एम करतां करतां वाघ जाग्यो एटले ते
क्षीनो कोळीओ करी गयो.

इति मासाहस पक्षी दृष्टांत १३.

जंबूकुमार कहे छे के 'हे स्त्रीओ! आ संसारमां कोइ रक्षण करनार न
मात्र जेम प्रधानने तेना धर्ममित्रे सहाय आपी तेम धर्ममित्र शरणे जतां र
करेछे.' ते दृष्टांत आ प्रमाणे—

सुग्रीवपुर नामनां नगरमां जितशत्रु नामे राजा हतो. तेने सुबुद्धि
मत्री हतो. ते मंत्रीने त्रण मित्रो हता. एक नित्यमित्र, बीजो पर्वमित्र अने त्र
प्रणाममित्र. राजा तरफथी कष्ट प्राप्त थये आ त्रण मित्रमांथी प्रण ममित्रे
रीते रक्षण आपी प्रधानने बचाव्या तेनी कथा परिशिष्ट पर्वादिथी जाणी ले

ते प्रण मित्रनो उपनय आ प्रमाणे छे—

नित्यमित्रसमोदेहः स्वजनाः पर्वसन्निभाः
जुहारमित्रसमोज्ञेयो धर्मः परमबांधवः ॥

" नित्यमित्र समान देह छे, पर्वमित्रो समान सगांवहालां छे, अने प्रणाम
ी जेवो परमबंधु धर्म छे." ते धर्म प्राणीने अंतसमये पण सहाय करेछे अने जे
तेनुं शरण करे तेने कुशळक्षेमे स्वस्थाने पहोंचाडे छे."

इति त्रणमित्र दृष्टांत १४

हवे आठमी स्त्री जयश्री जे धनावह शेठनी पुत्री हती ते जंबूकुमारने कहेवा लागी
' हे स्वामी ! आ वचनविवाद शो ? अमने नवी परणेलीओने आपनी साथे
ाद करवो युक्त नथी; परंतु तमे आवी कल्पित वार्ताओ कहेवा वडे अमने शामाटे
छे ? आपे जे जे कथाओ कही छे ते तमाम कल्पित छे; अने जेवी रीते एक
णनी पुत्रीए कल्पित वार्ताओथी राजानुं मन रंजित कर्युं हतुं तेवी रीते तमे पण
त वार्ताओथी अमारुं मन रंजन करो छो. ते समये सर्व स्त्रीओए कह्युं के-
जयश्री ! ते कथा कहे के जे सांभळीने आपणो प्रियतम घरमां रहे.' जयश्री
छे के सावधान थइने सांभळो—

रक्षेत्रमां 'लक्ष्मीपुर' नगरमां 'नयसार' नामनो राजा राज्य करतो हतो. ते राजा
कथा, नाटक, महेलीका, अंतर्लापिका विगेरेमां घणोज निपुण हतो, अने नवीन कथा
ळवामां घणो रसिक हतो. ते दररोज माणसो पासेथी नवी नवी वार्ताओ सांभळतो
एक दिवस ते राजाए नगरमां ढंढेरो पीटाव्यो के 'सर्व लोकोए वारा प्रमाणे राजा
आवीने नवीन नवीन वार्ता कहेवी.' ए प्रमाणे राजानी आज्ञा थवाथी जे माणसनो
आवेछे ते राजा पासे जइ वार्ता कहेछे. एम करतां एक दिवस एक ब्राह्मणनो वारो
यो. ते ब्राह्मण अति मूर्ख होवाथी तेने वार्ता कहेतां आवडती नहोती तेने एक कन्या
ते घणी चतुर हती. तेणे पोताना पिताने कह्युं के-'आप निश्चित रहो, हुं राजा पासे
नवी वार्ता कहीश.' पछी ते राजा समीपे गइ. राजाए ते बाळाने कह्युं के-'जे
ंथी मारुं मन रंजन थाय एवी वार्ता कहे.' ब्राह्मणपुत्रीए कह्युं के-' हे राजन ! हुं
अनुभवेलीज वार्ता कहुं छुं ते सावधान थइने सांभळो-हुं पिताना घरमां नव-
नवती थइ, त्यारे मारा पिताए योग्यकुळमां उत्पन्न थयेला एक ब्राह्मणपुत्र साथे
विवाह कर्यो. जेनी साथे मारो विवाह कर्यो ते भर्ता मारुं रूप जोवाने माटे मारे

घेर आव्या. ते वखते मारां मातापिता ... रीते स्नान भोजन आदिथी तेने अति संतोष ... कामज्वरथी अति पीडित थयो. ते पलंग उपर ... वाळां वचनो बोले छे, अने वारंवार मारा तरफ ... एटले में तेने कह्युं के–' हे स्वामी! उतावळ न करो. पाणिग्रहण विना ... थतुं नथी. घणो भूख्यो माणस शुं बे हाथे खावा लागे छे? माटे हमणां ... योग्य नथी.' एवुं मारुं वाक्य सांभळीने घणाज ... थयेला मारा पतिने शूळ उत्पन्न थयुं, अने ते व्याधिथी ते मरण पाम्यो. तेने में मारा घरनी ... दीधो. ते वात कोइए जाणी नहि. मारां मातापिताए पण ते वात जाणी ... राजन्! मारी अनुभवेली आ वार्ता में कहेली छे.' ते वार्ता सांभळीने राजा ... थयो अने ते कन्या पोताने घरे आवी. जयश्री कहे छे के–" जेवी रीते ... वार्ताथी ते विप्रपुत्रीए राजानुं मनरंजन कर्युं तेवी रीते तमे पण अमारा ... करो छो, परंतु ए प्रवृत्ति मिथ्या छे; माटे ते माणस विचारीने पगलुं ... माणसनी लाज रहे छे. तेथी हे स्वामी! भोगो भोगवी पछी चारित्र ग्रहण ... पोतानो अर्थ साधवो उचित छे."

इति ब्राह्मणपुत्री दृष्टांत १५

ए प्रमाणे जयश्रीनुं वाक्य सांभळीने जंबूकुमारे कह्युं –' हे जयश्री! ... तुर थयेला प्राणीओ अधर्ममां धर्मबुद्धि मानी विषयोने स्थापित करी ... परंतु ए विषयो घणाज खराब परिणामवाळा छे. विषथी पण विषयो ... खरेखरुं छे. कारणके विषयो तो मरेलाने पण मारे छे. कह्युं छे के—

भिक्षाशनं तदपि नीरसमेकवारं
शय्या च भूः परिजनो निजदेहमात्रं ।
वस्त्रं च जीर्णशतखंडमयी च कंथा
हाहा तथापि विषया न परित्यजन्ति ॥

" खावामां भिक्षानुं भोजन–ते पण नीरस अने एकवार, सुवामां मात्र ... जनमां मात्र पोतानोज देह अने लुगडामां जीर्ण अने तद्दन फाटेली ... स्थितिवाळा माणसने पण हा हा इति खेदे! विषयो छोडता नथी." तेथी ... जो जन्म, जरा, मरण, रोग, वियोग ने शोक आदि शत्रुओ मारी समी...

हु तमारी साथे भोग भोगवुं. ते शिवाय जो तमे मने बळात्कारे घरमां राखशो तो
गेग आदिथी रक्षण करवामां तमारी शक्ति छे?' त्यारे स्त्रीओए कह्युं के-हे स्वामिन्!
समर्थ कोण होय के जे संसारस्थितिने अटकावी शके ?' त्यारे जंबूकुमारे कह्युं
तमे असमर्थ छो तो अशुचि वस्तुथी भरेली अने मोहनी कुंडी रूप जे
मां हु प्रीतिवाळो थतो नथी. कारणके स्त्रीओनो जन्म अनंती पापनी
थाय छे. कह्युं छे के--

अणंता पापरासीओ, जया उदयमागया ।
तया इत्थीत्तणं पत्तं, सम्मं जाणाहि गोयमा ॥

गौतम ! अनंती पापनी राशिओ ज्यारे उदयमां आवे छे त्यारे स्त्रीपणुं
छे एम बराबर जाणजे " वळी कह्युं छे के--

दर्शने हरते चित्तं स्पर्शने हरते बलं ।
संगमे हरते वीर्यं, नारी प्रत्यक्षराक्षसी ॥

"दर्शन थतां चित्तने हरे छे, स्पर्श थतां बळने हरे छे, संगम थतां वीर्यने हरे छे–
रीते नारी साक्षात् राक्षसी छे " माटे हु ललितांगकुमारनी पेठे मोहमां निमग्न
लो नथी, के जेथी अपवित्र वस्तुना कुवा रूप आ भवकूपनी अंदर पडुं.' त्यारे
ह्युं के-'हे स्वामिन् ! ललितांगकुमार कोण हतो ? के जेने आपे उपनय
तरीके ग्रहण कर्यो छे.' जंबूकुमारे कह्युं के सांभळो—

पुर नगरमां 'शतप्रभ' नामे राजा राज्य करतो हतो. तेने 'रूपवती' नामे
हती. ते घणी रूपवती, यौवन आदि गुणोथी युक्त अने मोहराजानी राजधानी
ति मोहक हती. ते राजाने घणी वहाली हती परंतु व्यभिचारिणी हती. एक
ते रूपवती राणी बारीमां बेसी नगरकौतुक जोती हती; ते समये 'ललितांग'
ना अति रूपवान युवकने मार्गे जतां तेणे जोयो. तेनुं रूप जोइ मोह उत्पन्न थवाथी
अति कामातुर थइ गइ, तेथी तेणे दासीने कह्युं के-'अरे ! तुं आ युवकने अहीं
.' दासीए जइने ललितांगने कह्युं के-'तमने मारी राणी बोलावे छे, माटे मारी
राणीना मकाने पधारो.' ते पण विषय रूपी भिक्षाने माटे भटकनार व्यभि-
तेथी ते राणीना महेलमां गयो. ललितांगने जोइ हावभाव विलास आदिने
ी, आळस मरडती, हस्तना मूळ भागने बतावती अने नाभिमंडळने वस्त्ररहित
राणीए तेना मनने वश कर्युं. कह्युं छे के—

स्त्री कांतं वीक्ष्य नाभिं प्रकटयति मुहुर्विक्षिपंति कटाक्षान्,
दोर्मूलं दर्शयन्ती रचयति कुसुमापीडमुत्क्षिप्तपाणिः
रोमांचस्वेदजृंभाः श्रयति कुचतटं स्रंसिवस्त्रं विधत्ते,
सोल्लंठं वक्ति नीवीं शिथिलयति दशत्योष्टमंगं मनक्ति ॥

" स्त्री पोताना प्रियपुरुषने जोइ वारंवार नाभि बतावे छे, कटाक्षो फेंके छे, [illegible] मूळ बतावे छे, हाथ उंचा करी कामदेवने उत्पन्न करे छे, रोमांच, स्वेद अने [illegible] धारण करे छे, जेना उपरथी वस्त्र खसी जाय छे एवा स्तनोने देखाडे छे, [illegible] बोले छे, वस्त्रग्रंथीने शिथिल करे छे, ओष्ठने डसे छे अने अंगने भांगे छे."

तेनुं तेवुं स्वरूप जोइ कामथी उछळता अंगवाळो ललितांग तेनो साथे भोग [illegible] ववा लाग्यो; विषयथी चेतना हराइ जवाथी तेणे निःशंकपणे तेनी साथे भोग [illegible] तेवामां ते राणीनो पति राजा आव्यो. ते समये बारणा पासे उभेली दासीना [illegible] राजानुं आगमन सांभळीने भयथी विह्वळ बनेली राणीए ते ललितांगने अपवित्र [illegible] थी भरेला कूवानी अंदर उतार्यो; अने आवेला राजानी साथे हास्यविनोद [illegible] वार्ता करवा लागी.

अशुचि कूपमां रहेलो ललितांग पण क्षुधा अने तृषानी पीडा अत्यंत सहन [illegible] लाग्यो. कारणके त्यां ते तद्दन परवश पडेलो हतो. ते मनमां विचार करवा [illegible] 'अकृत्य करनार मारा विषयलंपटपणाने धिक्कार छे!' ए प्रमाणे तेवी [illegible] रहेता तेने घणा दिवसो वीति गया. राणी पण तेने भूली गइ. 'स्त्रीओना [illegible] प्रेमने धिक्कार छे!' ललितांग त्यां रहेतां मृत्यु तुल्य थइ गयो. अनुक्रमे [illegible] [illegible] भराता अपवित्र जळना प्रवाहमां खेंचाइने ते बहार नीकळ्यो [illegible] पोताना आप्त जनोने मळ्यो. तेणे पोतानी सव हकीकत तेओने कही. ते [illegible] [illegible] थयो. केटलाक दिवस घरमां रहेवाथी तेना शरीरनी स्थिति [illegible] [illegible] बहार नीकळ्यो एटले फरीथी राणीए तेने दीठो अने ओळख[illegible] दासीने तेडवा मोकली एटले ललितांगे कह्युं के–'हुं फरीथी एवुं करीश [illegible] [illegible] पीडा भोगवी छे.' ते सांभळी दासी पाछी वळी. [illegible] [illegible] थयो. माटे हे जीवो! जो हुं विषयमां [illegible] [illegible] हुं पण दुःखी थाउं. तेथी विषयमां प्रीति रा[illegible] [illegible].

सम्यक्त ने शील रूप वे तुंबडांवडे आ भवसमुद्र सुखे तरी शकाय छे; तेवा वे धारण करनारो जंबूकुमार स्त्री रूपी नदीमां केम बुडे ? ”

इति ललितांग दृष्टांत १६.

ए प्रमाणे जंबूकुमारे घणो उपदेश दीधो. एम परस्परना उत्तर प्रत्युत्तरमां रात्रि त थइ. एटले स्त्रीओ पण वैराग्यरसथी पूर्ण थइ गइ. तेमणे कह्युं के–‘ हे स्वामी ाळवां ते दुष्कर छे, बाकी आ वैराग्यरस तो अनुपम छे. जेओए आ वैराग्यरसने रीने सेवेलो छे तेओए मुक्तिपद अलंकृत करेलुं छे. ’ ए प्रमाणे कहेवा वडे स्त्री- जंबूकुमारनुं वचन मान्य कर्युं.

ते समये प्रभवे कह्युं के—“ मारुं पण मोटुं भाग्य के में चोर छतां पण आवी पनो वार्ता सांभळी. आ विषयनो अभिलाप महा विषम छे. विषयरोग तजवो दुष्कर छे. जेणे युवावस्थामां पण इन्द्रियोने वश करी लीधी छे एवा तमने धन्य ” जंबूकुमारे पण तेनो उद्धार करवा माटे तेने घणो धर्मोपदेश आप्यो. एटले ग्युक्त थइ प्रभव चोरे कह्युं के–‘ तमे मारा उपर घणो उपकार कर्यो छे. हुं पण ा साथे व्रत ग्रहण करीश. ’

अनुक्रमे प्रातःकाळ थयो, एटले कौणिक राजाए तमाम हकीकत सांभळी; पछी ा जंबूकुमारने गृहवासे राखवा माटे बहु उपायो कर्या, पण जंबूकुमारे मनमां ा कर्या नहि. पछी सवारमां मोटा उत्साह पूर्वक साते क्षेत्रमां पुष्कळ द्रव्य वापरी क राजाए कर्यो छे दीक्षामहोत्सव जेमनो एवा प्रभव आदि पांचसे चोरो, पोतानां पिता, आठे स्त्रीओ अने तेओनां मातापिता सहित जंबूकुमारे, श्री सुधर्मा स्वामी चारित्र ग्रहण कर्युं. अनुक्रमे द्वादशांगीनुं अध्ययन करी, चौद पूर्वधारी थइ, चार माप्त करी श्री सुधर्मा स्वामीनो पाटना भूषण रूप थया. त्यार पछी घातिकर्मनो करी, केवळज्ञान मेळवी मोक्षपदने पाम्या.

धन्योऽयं सुरराजराजिमहितः श्रीजंबूनामामुनि ।
स्तारुण्येऽपि पवित्ररूपकलितो योनिर्जिगाय स्मरम् ।
त्यक्त्वा मोहनिबंधनं निजवधूसंबंधमत्यादरान्
मुक्तिस्त्रीवरसंगमोद्भवसुखं लेभे मुदा शाश्वतम् ॥

“ अनेक इंद्रोथी पूजायेल श्री जंबू नामना मुनिने धन्य छे; कारणके तेमणे रूपवाळी युवावस्थामां पण कामदेवने जीत्यो अने मोहनां मूळ कारणभूत एवा

निज वधूना संबंधने पण छोडी दइ अति आदरथी मुक्ति रूपी स्त्रीना श्रेष्ठ सं उत्पन्न थयेला शाश्वत सुख (मोक्ष) ने हर्षपूर्वक मेळव्युं."

ए प्रमाणे जंबूकुमार जेवा पुरुषो क्षणभंगुर विषयसुखोने छोडी दइ शाश्वत मां रमण करे छे अने तेमनी प्रतीतिथी प्रभव जेवा सुलभबोधी जीवो पण संसार तरवाने शक्तिवान थाय छे. ए प्रमाणे साडत्रीशमी गाथानो संबंध जाणवो.

इति जंबूकुमार चरित्र.

दीसंति परमघोराविं, पवरधम्मप्पभावपडिबुद्धा ।
जह सो चिलाइपुत्तो, पडिबुद्धो सुसुमाणाए ॥ ३८ ॥

अर्थः—" परमघोर, प्रबर रौद्रध्यानयुक्त एवा पण घणा प्राणीओ प्रवर एवो जे धर्मनो प्रभाव तेथी प्रतिबोध पामेला देखाय छे. जेम सुसमाना दृष्टांत चिलातीपुत्र प्रतिबोध पाम्यो तेम." ३८.

अर्हद्दर्शनना महात्म्यथी मिथ्यात्व निद्रा दूर जवाने लीधे धनावह शेठनी द पुत्र, अतिरौद्र कर्मनो करनारो चिलातीपुत्र प्रतिबोध पाम्यो. तेनुं दृष्टांत आ प्र

चिलातीपुत्रकथा.

प्रथम थोडुं चिलातीपुत्रना पूर्वभवनुं स्वरूप कहे छे.

क्षितिप्रतिष्ठित नगरमां 'यज्ञदेव,' नामे ब्राह्मण वसतो हतो. ते काव्य, तर्क अने मिमांसादि शास्त्रोना विचारमां घणो चतुर हतो अने शास्त्रोनो पारगामी हतो. तेणे एवी प्रतिज्ञा करी हती के 'जे मने वाद तेनो हुं शिष्य थाउं.' ए प्रमाणे प्रतिज्ञाने धारण करनार यज्ञदेवे वादमां प्रतिवादीने जीत्या. एक दिवस एक नाना साधुए तेने जीती लीधो. ए प्रतिज्ञ ते यज्ञदेवे ते क्षुल्लक पासे दीक्षा लीधी अने भावयुक्त थइ व्रत पाळ्यो; परंतु जातिगुणने लीधे ते देहवस्त्र आदिनी मलिनता रूप परीसहने छे. ते विचारे छे के 'अरे! आ मार्गमां सर्व सारुं छे परंतु स्नान अभाव छे ते मोटुं जुगुप्सास्थान छे.' ए प्रमाणे मलपरीसहने सहन अत्यन्त [illegible] चारित्रभंगना भयथी ते स्नान आदि वडे देहादिनी शुद्धि कर

एक दिवसे उपवासना पारणे भिक्षामाटे भटकतां कपोतवृत्तिना न्याये पोतानी ने घेर गयो. त्यां मोह रूप पिशाचथी ग्रस्त थयेली ते स्त्रीए पूर्व स्नेहना वशथी नेरूपमां रहेला पोताना पतिने कामण कर्यु. ते कामणथी मुनि शरीरे अति क्षीण ा. केटलेक दिवसे ते विहार करवामां पण अशक्त थइ गया, तेथी अनशन ग्रहण ी काळधर्मने प्राप्त थइ स्वर्गमां देव थया.

पेली स्त्रीए मुनिरूपमां रहेला पोताना पतिनी मरणवार्ता सांभळी, तेथी ते श्चात्ताप करवा लागी के–'अरे! मने धिकार छे! पतिने मारवाथी मने मोटुं पाप ाग्युं. साधुनी हत्या करनार मने नरकमां पण स्थान नहि मळे. तेथी अशरण पेली मने तेनो वेषज शरण रूप छे.' ए प्रमाणे वैराग्यपरायण थइ तेणे चारित्र ण कर्युं अने अतिउग्र तप कर्युं. पूर्वकृत पापनी सारी रीते आलोचना ग्रहण करी काळ चारित्र पाळीने ते स्वर्गे गइ.

बीजा भवमां यज्ञदेव ब्राह्मणनो जीव देवलोकथी च्यवीने चारित्रनी जुगु-ाथी बांधेला नीच गोत्रवडे राजगृह नगरमां 'धनावह' शेठने घेर 'चिलाती' नामनी सीनी कुक्षिमां पुत्रपणे उत्पन्न थयो. तेनु नाम 'चिलातीपुत्र' पाडवामां आव्युं. तेनी ना जीव देवलोकथी च्यवीने तेज शेठने घेर शेठनी स्त्री भद्रानी कुक्षिमां पुत्रीपणे उत्पन्न ा. ते कन्यानुं नाम 'सुसमा' पाडयुं. चिलातीपुत्र ते बाळाने हमेशां रमाडे छे. ते प्राणथी पण अति वहाली थइ. एक वखत ते चिलातीपुत्रने तेनी साथे कुचेष्टा तो जोइने ते कन्यानां मातापिताए विचार्युं के "आ दासीपुत्र व्यसनी, मद्यपानमां र अने कजीआखोर होवाथी घरमां राखवा योग्य नथी.' एम विचारी तेने घर-ी काढी मूक्यो. ते चोरनी पाळ (चोरलोकोने वसवानुं स्थान) मां जइ चोरोमां ी गयो. तेओए तेने साहसिक जाणीने पल्लीपति नीम्यो. ते पाप करवामां अति वाळो होवाथी जीवोनो वध करवामां पाछो हठतो नथी.

क दिवसे तेणे चोरोने एकठा करी कह्युं के–'चालो आपणे धनावह शेठने घेर करवा जइए; पण धन मळे ते तमारुं ने सुसिमा कन्या मारी.' ते चोरोए ठ कर्युं. पछी घणा चोरोने एकठा करीने ते राजगृह नगरमां धनावह शेठने घेर यो. तेओए शेठनुं घर लुटयुं. चिलातीपुत्रे कन्याने ग्रहण करी अने बीजा चोरोए ळ धन लीधुं. पछी सर्व पाछा फर्या. त्यारपछी धनावह शेठे बूम पाडी; एटले ट योधाओना समूह सहित दुर्गपाळ चोरोनी पाछळ दोडयो. शेठ पण पुत्र परि-सहित दुर्गपालनी साथे दोडयो. ते चोरो पण घणा लोको पछवाडे लागवाथी अने

अन्यदा भगवान श्री अरिष्टनेमी अढार हजार साधुओथी परिवृत्त थइ द्वारकापुरीना मोटा उद्यानमां समवसर्या. तेमने वांदवाने माटे 'कृष्ण वासुदेव ढंढण कुमार सहित नीकळ्या. वांदीने योग्य स्थाने बेठा. एटले प्रभुए कुमतरूप अंधकारने दूर करनारी, पतित जनोनो उद्धार करनारी, अमृतना निझरणा जेवी, मोह मल्लने नाश करनारी, सर्व जनने आनंद आपनारी, मालव कोशिक रागनो अनुवाद करनारी अने समग्र क्लेशने नष्ट करनारी देशना आपवी शरु करी. ते सांभळतां 'ढंढण कुमारनुं मन वैराग्यरसथी व्याप्त थइ जवाने लीधे तेणे श्री नेमिनाथ स्वामी पासे चारित्र ग्रहण कर्युं. चारित्र ग्रहण कर्या पछी ते द्वारिकापुरीमां भिक्षार्थे फरे छे, परंतु कृष्ण वासुदेवना पुत्र तरीके तेमज श्री नेमिनाथ स्वामीना शिष्य तरीके प्रसिद्ध छतां पण तेने शुद्ध भिक्षा मळती नथी अने अशुद्ध भिक्षा ते ग्रहण करता नथी. एकदा श्री नेमिश्वर भगवाने तेने कह्युं के–' हे ढंढण ! तें पूर्वभवमां बांधेलुं अंतराय कर्म उदयभावमां आवेलुं छे, तेथी तने शुद्ध आहार मळतो नथी; माटे बीजा मुनिए आणेलो आहार ग्रहण कर.' त्यारे हाथ जोडी ते ढंढण कुमारे कह्युं के–' हे त्रिलोकीनाथ ! ज्यारे मारुं अंतराय कर्म क्षय पामशे त्यारेज मारी पोतानी लब्धिथी मळेल शुद्ध आहार हुं ग्रहण करीश, बीजाए लावेलो आहार ग्रहण करवो मने उचित नथी.' आ प्रमाणे कहीने तेणे तेवो अभिग्रह स्वामीनी साक्षीए लीधो. पछी प्रतिदिन [illegible] भिक्षार्थे फरे छे, परंतु तेने शुद्ध आहार मळतो नथी. तेथी ते तप अने क्षुधा सहन करे छे. आ प्रमाणे तेने केटलोक काळ व्यतीत थयो.

एक दिवस नेमीश्वर भगवानने वांदवाने माटे कृष्ण वासुदेव आव्या. प्रभुने वांदीने कृष्ण वासुदेवे पूछ्युं के–' आपना अढार हजार साधुओमां दुष्कर कार्य करनार [illegible] ?' [illegible] भगवाने कह्युं के–' दुष्कर करनार तो सर्व साधुओ छे, [illegible] ढंढण मुनि विशेष छे.' वासुदेवे कह्युं के–' हे भगवन ! कया गुणथी ते [illegible] ?' [illegible] अभिग्रह कह्यो. ते सांभळी [illegible] हर्षित थइ कृष्णे [illegible] के– [illegible] ढंढण मुनि क्यां छे ? तेने वांदवानी मने तीव्र इच्छा थइ छे.' [illegible] के– [illegible] गयेला छे, ते तमने मार्गमां मळशे, पछी [illegible] [illegible] आनंद पामेला कृष्णे ढंढण मुनि [illegible] कृष्णे [illegible] ढंढण मुनिनी [illegible] के– हे मुनि ! तमने धन्य छे ! [illegible] [illegible] नथी.' [illegible] [illegible]

ाइने चिंतव्युं के ' अहो ! आ मुनि महानुभाव देखाय छे, जेथी महा समृद्धि-न कृष्ण आदि राजाओ पण तेमना चरणकमलमां पडे छे. माटे मारे तेमने शुद्ध दक व्होरावीने लाभ लेवो. तेमने व्होराववाथी मने मोटुं पुण्य थशे.' आ प्रमाणे चारीने ढढण मुनिने पोताने घरे तेडी लावी तेणे बहुमावथी मोदक व्होराव्या.

ढंढण मुनिए भगवाननी समीपे आवीने पूछयुं के-' हे भगवन् ! मारुं अंतराय ं आजे नष्ट थयुं ?' भगवाने कह्युं के-' हे मुनि ! हजु ते नष्ट थयुं नथी.' ढढण निए पूछयुं के-' हे स्वामिन् ! त्यारे आजे मने भिक्षानो लाभ केम थयो ?' स्वा-ए कह्युं के-' कृष्ण वासुदेवनी लब्धिथी तने आ आहार मळेलो छे, पण अंतरा-कर्मना क्षयथी उत्पन्न थयेली तमारी लब्धिथी मळेलो नथी.' आ प्रमाणेनां भगवा-नां वचन सांभळीने ढंढण मुनि ते आहारने शुद्ध भूमिमां परठववाने गया. त्यां द्र अने अतिशुद्ध अध्यवसायथी प्रबल शुक्ल ध्यानरूपी अग्निवडे कर्मरूपी इंध-े बाळी दइ पोतानां पूर्वकृत कर्मोनो समूह होयनी तेम मोदकने चूर्ण करतां तां तेमने केवलज्ञान उत्पन्न थयुं. ते वखते देवोए दुंदुभि वगाडी चारे तरफ जय र शब्द कर्यो अने कृष्ण आदि सर्व भव्य जनो खुशी थया. घणा काळ सुधी वळीपणे विहार करीने प्रांते ढंढण मुनिए मुक्ति प्राप्त करी. आ प्रमाणे अन्य ात्माए पण वर्तवुं.

इति ढंढण मुनि कथा.

आहारेसु सुहेसुअ; रम्मावसहेसु काणणेसु च

साहूण नाहिगारो; अहिगारो धम्मकज्जेसु ॥ ४० ॥

अर्थ—" शुभ एवा आहारने विषे, रम्य एवा उपाश्रयने विषे अने (विचित्र ा) उद्यान-बागबगीचाने विषे साधुने अधिकार (आसक्तपणुं) नथी; निर्म-व होवाथी. तेओने तो मात्र धर्मकार्यमां अधिकार छे. मुनिने इंद्रियोने सुखकारी ा पदार्थोमां आसक्ति होती नथी." ४०

साहू कांतार महाभएसु, अवि जणवएवि मुइयम्मि ।

अवि ते सरीरपीडं, सहंति न लहंति य विरुद्धम् ॥ ४१ ॥

अर्थ—" अटवीमां के राज्यविप्लवादि महा भयमां पण मुनि ऋद्धिवाळा रूपद्रव जनपदमां होय तेम निर्भयपणे वर्ते छे. वळी ते मुनिओ शरीरनी पीडाने हन करे छे पण विरुद्ध वस्तु ग्रहण करता नथी." ४१. अर्थात् मुनि गमे तेवा

गाथा ४०-रम्या आयसथा=उपाश्रया
गाथा ४१-कंतार. मुइअंमि नयलंतिम.

अन्यदा भगवान श्री अरिष्टनेमी अढार हजार साधुओ साथे परिवृत थइ द्वारका-पुरीना मोटा उद्यानमां समवसर्या. तेमने वांदवाने माटे 'कृष्ण वासुदेव ढंढण कुमार सहित नीकळ्या. वांदीने योग्य स्थाने बेठा. पछी भगवान् कृष्णना अंधकारने दूर करनारी, पतित जनोनो उद्धार करनारी, अमृतना निर्झरणा जेवी, घोर मदनो नाश करनारी, सर्व जनने आनंद आपनारी, मालव कौशिक रागनो अनुवाद कर-नारी अने समग्र क्लेशने नष्ट करनारी देशना आपवी शरू करी. ते सांभळतां 'ढंढण कुमारनुं मन वैराग्यरसथी व्याप्त थइ जवाने लीधे तेणे श्री नेमिनाथ स्वामी पासे चारित्र ग्रहण कर्युं. चारित्र ग्रहण कर्या पछी ते द्वारिकापुरीमां भिक्षार्थे फरे छे, परंतु कृष्ण वासुदेवना पुत्र तरीके तेमज श्री नेमिनाथ स्वामीना शिष्य तरीके प्रसिद्ध छतां पण तेने शुद्ध भिक्षा मळती नथी अने अशुद्ध भिक्षा ते ग्रहण करता नथी. एकदा श्री नेमिश्वर भगवाने तेने कह्यु के-' हे ढंढण ! तें पूर्वभवमां बांधेलु अंतराय कर्म उदयभावमां आवेलुं छे, तेथी तने शुद्ध आहार मळतो नथी; माटे बीजा मुनिए आणेलो आहार ग्रहण कर.' त्यारे हाथ जोडी ते ढंढण कुमारे कह्युं के-' हे त्रिलोकीनाथ ! ज्यारे मारुं अंतराय कर्म क्षय पामशे त्यारेज मारी पोतानी लब्धिथी मळेलो शुद्ध आहार हुं ग्रहण करीश, बीजाए लावेलो आहार ग्रहण करवो मने उचित नथी.' आ प्रमाणे कहीने तेणे तेवो अभिग्रह स्वामीनी साक्षीए लीधो. पछी प्रतिदिन अव्याकुळ मने भिक्षार्थे फरे छे, परंतु तेने शुद्ध आहार मळतो नथी. तेथी ते तृषा अने क्षुधा सहन करे छे. आ प्रमाणे तेने केटलोक काळ व्यतीत थयो.

एक दिवस नेमीश्वर भगवानने वांदवाने माटे कृष्ण वासुदेव आव्या. प्रभुने वांदीने कृष्ण वासुदेवे पूछ्युं के-' आपना अढार हजार साधुओमां दुष्कर कार्य करनारो कयो साधु छे?' ते वखते भगवाने कह्युं के-' दुष्कर करनार तो सर्व साधुओ छे, पण तेमां ढंढण मुनि विशेष छे.' वासुदेवे कह्युं के-' हे भगवन् ! कया गुणथी ते विशेष छे?' त्यारे भगवाने तेनो सर्व अभिग्रह कह्यो. ते सांभळी अति हर्षित थइ कृष्ण बोल्या के-'ते धन्य एवा ढंढण मुनि क्यां छे? तेने वांदवानी मने तीव्र इच्छा थइ छे.' भगवाने कह्युं के-' भिक्षार्थे शहेरमां गयेला छे, ते तमने सामा मळशे, पछी स्वामीने वांदीने द्वारिकापुरीमां पाछा आवतां गजेंद्र उपर आरूढ थयेला कृष्णे ढंढण मुनिने बजारमांथी सामे आवता जोया; कृष्णे हाथी उपरथी उतरी ढंढण मुनिनी त्रण प्रदक्षिणा करी घणा भाव पूर्वक तेमने वांद्या अने कह्यु के-' हे मुनि ! तमने धन्य छे ! तमे पुण्यशाळी छो. अति भाग्य विनाय तमारा दर्शन थवा सुलभ नथी.' ते समये सोळ हजार राजाओ पण ते मुनिना चरणमां पड्या. ते वखते बारीमां बेठेला एक वणिक

मोइने चिंतव्युं के 'अहो! आ मुनि महानुभाव देखाय छे, जेथी महा समृद्धिवान कृष्ण आदि राजाओ पण तेमना चरणकमलमां पडे छे. माटे मारे तेमने शुद्ध मोदक व्होरावीने लाभ लेवो. तेमने व्होराववाथी मने मोटुं पुण्य थशे.' आ प्रमाणे विचारीने ढंढण मुनिने पोताने घरे तेडी लावी तेणे बहुमानथी मोदक व्होराव्या.

ढंढण मुनिए भगवाननी समीपे आवीने पूछ्युं के-'हे भगवन्! मारुं अंतराय कर्म आजे नष्ट थयुं?' भगवाने कह्युं के-'हे मुनि! हजु ते नष्ट थयुं नथी' ढंढण मुनिए पूछ्युं के-'हे स्वामिन्! त्यारे आजे मने भिक्षानो लाभ केम थयो?' स्वामीए कह्युं के-'कृष्ण वासुदेवनी लब्धिथी तने आ आहार मळेलो छे, पण अंतराय कर्मना क्षयथी उत्पन्न थयेली तमारी लब्धिथी मळेलो नथी.' आ प्रमाणेनां भगवाननां वचन सांभळीने ढंढण मुनि ते आहारने शुद्ध भूमिमां परठववाने गया. त्यां शुद्ध अने अतिशुद्ध अध्यवसायथी प्रबल शुक्ल ध्यानरूपी अग्निवडे कर्मरूपी इंधनने बाळी दइ पोतानां पूर्वकृत कर्मोनो समूह होयनी तेम मोदकने चूर्ण करतां करतां तेमने केवलज्ञान उत्पन्न थयुं. ते वखते देवोए दुंदुभि वगाडी चारे तरफ जय जय शब्द कर्यो अने कृष्ण आदि सर्व भव्य जनो खुशी थया. घणा काळ सुधी केवळीपणे विहार करीने अंते ढंढण मुनिए मुक्ति प्राप्त करी. आ प्रमाणे अन्य महात्माए पण वर्तवुं.

इति ढंढण मुनि कथा.

आहारेसु सुहेसुअ; रम्मावसहेसु काणणेसु च

साहूण नाहिगारो; अहिगारो धम्मकज्जेसु ॥ ४० ॥

अर्थ—"शुभ एवा आहारने विषे, रम्य एवा उपाश्रयने विषे अने (विचित्र एवा) उद्यान-बागबगीचाने विषे साधुने अधिकार (आसक्तपणुं) नथी; निर्भय होवाथी. तेओने तो मात्र धर्मकार्यमां अधिकार छे: मुनिने इंद्रियोने सुखकारी बाह्य पदार्थोमां आसक्ति होती नथी." ४०

साहू कांतार महाभएसु, अवि जणवएवि मुइयम्मि ।

अवि ते सरीरपीडं, सहंति न लहंति य विरुद्धम् ॥ ४१ ॥

अर्थ—"अटवीमां के राज्यविप्लवादि महा भयमां पण मुनि ऋद्धिवाळा निरूपद्रव जनपदमां होय तेम निर्भयपणे वर्ते छे. वळी ते मुनिओ शरीरनी पीडाने सहन करे छे पण विरुद्ध वस्तु ग्रहण करता नथी." ४१, अर्थात् मुनि गमे तेवा

गाथा ४०-रम्या आवसथा=उपाश्रया
गाथा ४१-कंतार. मुइअंमि नयर्लतिअ.

करनारा छो, मुखथी न कहेवाय एवा स्त्रीना गुह्य स्थानना मर्दन करनारा छो, उत्तम प्रकारना ज्ञानथी दूर करायेला छो, माटे हुंज सुपात्र छुं तमारा भाग्यथी तमारा यज्ञमंडपमां आवेलो छुं; माटे मने शुद्ध अन्न आपो." एवां वाक्योथि... स्कार करायेला ब्राह्मणो ते मुनिने मारवा तैयार थया. तेओए लाकडी अने ... मुनिने केटलाक प्रहारो कर्या. एटले रुष्टमान थयेला यक्षे ते ब्राह्मणो ने प्रहा... मुखमांथी रुधीर वमता करी दीधा, अने शरीरना सांधा शिथिल करी नाख्या ... तेओ पृथ्वी उपर पड्या. मोटो कोलाहल थइ गयो, एटले सघला त्यां एक... कोलाहल सांभळीने सुभद्रा राजकन्या पण बहार नीकळी. तेणे मुनिने जोय... तरत ओळख्या. पछी भयथी विह्वल बनी जइने तेणे रुद्रदेव विगेरेने कहुं के ... दुर्बुद्धिवाळाओ! आ मुनिने पीडशो तो यममंदिरमां पहोंची जशो. आ तो ति... पूजेला महा प्रभाववाळा तपस्वी मुनि छे, में पूर्वे तेमने चळित करवा मा... यत्न कर्यो हतो; परंतु ते जरा पण ध्यानथी चलित थया नहोता. माटे आ... धन्य छे धन्य छे.' एम बोलती सुभद्रा मुनिना चरणमां पडी अने कहुं ... कृपासिंधु! हे जगत्बंधु! मारा आग्रहथी आ मूर्ख लोकोए करेलो अपरा... क्षमा करो.' मुनिए कहुं के-" मुनिने कोप करवाना अवकाश नथी. कारणके क्रो... अनर्थकारी छे. कहुं छे के-

> जं अज्जियं चरित्तं, देसूणाए य पुव्वकोडीए ।
> तंपिअ कसायमित्तो, हारेइ नरो मुहुत्तेण ॥

" देशे ऊणा क्रोड पूर्व पर्यंत जे चारित्र पाळ्युं होय तेने पण प्राणी ... मात्र कषाय करवाथी हारी जाय छे."

माटे साधुने कोप करवो योग्यज नथी. तेथी में कोप करेल नहि, परंतु ... पर क्रोध करनार यक्षने तमे प्रसन्न करो." मुनिना कहेवाथी ब्राह्मणोए ते यक्ष... कर्यो, एटले ते सर्व ब्राह्मणो साजा थया. पछी तेओ यज्ञकर्म छोडी दइने ... चरणमां पड्या अने शुद्ध अन्नवडे मुनिने पडिलाभ्या. ते वखते त्यां पण दि... थया. ते जोइ 'आ शुं?' एम बोलतां कुतूहल जोवा माटे घणा लोको एकठा ... ... हकीकत जाणीने त्यां आव्या. सघळाओ सुपात्र दानना प्रशं... करवा मांड्या कहुं छे के-

व्याजे स्याद्द्विगुणं वित्तं, व्यवसाये स्याच्चतुर्गुणम् ।
क्षेत्रे शतगुणं प्रोक्तं, पात्रेऽनंतगुणं तथा ॥ १ ॥

" व्याजमां धन बमणुं थाय छे, व्यापारमां धन चोगणुं थाय छे, क्षेत्रमां वाव-सोगणुं थाय छे, अने सत्पात्रने आपवाथी अनंतगणुं थाय छे. "

वळी—

मिथ्यादृष्टिसहस्रेषु, वरमेकोह्यणुव्रती ।
अणुव्रतिसहस्रेषु, वरमेको महाव्रती ॥ २॥
महाव्रतिसहस्रेषु, वरमेको हि तात्विकः ।
तात्विकस्य समं पात्रं, न भूतं न भविष्यति ॥ ३ ॥

" हजार मिथ्यात्वीओ करतां एक श्रावक व्रतधारी वधारे श्रेष्ठ छे, हजार श्रावक [illegible]ारीओ करतां एक महाव्रती (साधु) वधारे श्रेष्ठ छे; हजार महाव्रतीओ करतां तत्त्ववेत्ता मुनि (गणधर महाराजा) वधारे श्रेष्ठ छे, एवा तात्विक मुनिनो व-[illegible]ो करनारुं पात्र बीजुं कोइ थयुं नथी अने थशे पण नहि. "

माटे आ जैन साधुने दान देवुं ए धन्य छे. पछी त्यां मुनिए देशना आपी. [illegible] माणसो मुनिनो देशनाथी प्रतिबोध पाम्या अने सघळा ब्राह्मणो पण [illegible]क थया.

हरिकेशि मुनि शुद्ध व्रत आराधी केवलज्ञान पामीने मोक्षे गया. माटे कुळनुं [illegible]ान्य नथी, पण गुणोनुंज प्राधान्य छे; गुण न होय तो कुळ कंइ करी शकतुं नथी. [illegible] आ आत्मा नटनी माफक नवां नवां रूप धारण करी संसारमां परावर्तन कर्या छे (अनेक देह धारण करे छे). माटे कुळाभिमाननो अवकाशज क्यां छे ? आ [illegible]कृतने त्रण गाथा वडे स्पष्ट करे छे—

देवो नेरइउत्तिय, कीड पयंगुत्ति माणुसोवेसो ॥
रूवस्सीअ विरूवो, सुहभागी दुक्खभागीअ ॥ ४५ ॥
राउत्तिय दमगुत्तिय, एस सपागुत्ति एस वेयविऊ ॥
सामी दासो पुज्जो, खलत्ति अधणो धणवइत्ति ॥ ४६ ॥

गाथा ४६–स्वपाकश्चंडाल । खलुत्ति.

नवि इत्थ कोंति नियमो, ... ॥ ४६ ॥
अनुन्न रूववेसो, नडुव्व परियत्तए जीवो ॥ ४७ ॥

अर्थ—" आ जीव देवता थयो, नारकी थयो, कीडा अने पतंगीयो थयो, ... थयो अनेक प्रकारनो नियंच थया, मनुष्य ... थयो ... थयो, विरुप एटले कद्रुप पण थयो, सुखनो भाजन थयो. दुःखनो भाजन-दुःख भो... वनार पण थयो. ४५ राजा थयो, द्रमक एटले भिक्षुक पण थयो, एज जीव ... थयो, एज वेदनो जाणनारो प्रधान ब्राह्मण पण थयो, स्वामी थयो, सेवक थयो, ... एवो उपाध्यायादि थयो, खळ दुर्जन पण थयो, निर्धन थयो, अने धनवान पण थ... ४६. आ संसारमां कोइ प्रकारनो नियम नथी अर्थात् मनुष्य मरीने मनुष्य ज थ... पशु मरीने पशु थाय ने देवता चवीने देवता थाय एम केटलाको कहे छे पण एवो ... कुल नियम नथी. पोतानां कर्मोनो जेवो उदय होय ते प्रमाणे चेष्टा करनारो आ ... नवां नवां रूप ने वेष धारण करनारा नटनी जेम आ संसारमां (नवा नवा रू... परिभ्रमण पण करे छे." ४७. आ प्रमाणेनुं संसारनुं स्वरुप जाणीने विवेकी प्र... मोक्षना अभिलाषीज होय छे, धनादिना इच्छक होता नथी. ते उपर कहे छे—

कोडीसएहिं धणसंचयस्स, गुणसुभरियाए कन्नाए ॥
नवि लुद्धो वयररिसी, अलोभया एस साहूणं ॥ ४८ ॥

अर्थ—" द्रव्यसमूहना सेंकडो कोडीए सहित आवेलो, रूप लावण्यादि ... भरेली एवी कन्या (अपरिणीता) ने विषे पण वैरऋषि (वज्र स्वामी मुनि) ... णा नहीं, लुब्ध थया नहीं. आवी अलोभता सर्व साधुओए करवी." ४८. अर्था... निर्लोभी थवुं.

पुष्कळ द्रव्य सहित अत्यंत रूपवंत 'रुक्मिणि' नामनो कन्या वज्रस्... गुणोथी मोह पामीने तेमने वरवा आव्या छतां वज्रस्वामीए किंचित् पण द्र... स्त्रीमां न लोभातां तेने उपदेश आपी धर्म पमाडी चारित्र आप्युं. आवी निर्लोभ... मुनि महाराजाए राखवा योग्य छे. अहीं वज्रमुनिनुं दृष्टांत कहे छे—

गाथा ४७-स्वकर्मविनिविष्टसदृशकृतचेष्ट । अत्रन गाथा ४८-गुणसुभरि...

श्री वज्रमुनिनुं दृष्टांत.

तुंबवन गाममां 'धनगिरि' नामनो एक व्यापारी वसतो हतो. ते अति भद्रिक हतो. 'सुनंदा' नामनी स्त्री हती. तेनी साथे भोग भोगवतां तेणे घणा दिवसो सुखथी त कर्या. एक दिवस वैराग्य उत्पन्न थवाथी धनगिरिए सगर्भा भार्याने छोडीने गिरि गुरु पासे चारित्र ग्रहण कर्युं. ते उग्र तप करवा लाग्या; अने गुरुसेवाना क थइ सारणा, वारणा, चोयणा, पडिचोयणा विगेरे[1] ग्रहण करवामां कुशळ थया. पाछळ सुनंदाने पुत्र प्रसव थयो. ते वखते, आना पिताए दीक्षा लीधेली छे अने न्यवाद आपवा लायक मुनि थयेल छे.' एवुं ते पुत्र जन्मतांज स्वजनमुखथी सांभ- मनमां चिंतन करवा लाग्यो के-'अरे! आ लोको शुं बोले छे? आ दीक्षाधर्म ा होय छे? में कोइ पण वखत तेनो अनुभव करेलो लागे छे.' ए प्रमाणे ध्यानमां र थएला ते बाळकने जातिस्मरणज्ञान उत्पन्न थयुं एटले तेणे पूर्वे अनुभवेलुं चारित्र नुं स्वरूप जाण्युं. तेथी संसारथी विरक्त थइने ते विचार करवा लाग्यो के-' आ ी जरा आदिनो दुःखपरंपराथी व्याप्त एवो संसारनो विलास क्यां! अने शाश्वत ानो ज्यां प्रकाश एवो चारित्र धर्मने विषे निवास क्यां! अरे! अनंतीवार भोगव्या ां पण आजीव विषयोमां तृप्ति पामतो नथी.' कह्युं छे के—

धनेषु जीवितव्येषु, भोगेष्वाहारकर्मसु ।
अतृप्ताः प्राणिनः सर्वे, याता यास्यन्ति यान्ति च ॥

द्रव्यमां, जीवितव्यमां, भोगमां अने आहारकर्ममां अतृप्त रह्या सताज सर्व प्राणी- ला छे, जशे अने जाय छे."

ळी कह्युं छे के—

ा न भुक्ता वयमेवभुक्ता-स्तपो न तप्तं वयमेव तप्ताः ।
ो न यातो वयमेव याता-स्तृष्णा न जीर्णा वयमेव जीर्णा ॥

भोगो भोगवाया नथी पण अमे ज भोगवाया छीए, तप तप्युं नथी, पण अमे ा छीए, काळ गयो नथी पण अमेज गया छीए, अने अमारी तृष्णा जीर्ण थइ ण अमे पोते ज जीर्ण थया छीए." माटे सांसारिक सुखो सुलभ छे, परंतु धिरत्न परम दुर्लभ छे. कह्युं छे के—

---

[1] सारणा-संभारी आपवुं, वारणा-अशुद्ध भणतां वारवुं, चोयणा-प्रेरणा करवी, यणा-वारंवार प्रेरणा करवी इत्यादि.

सुलहो विमाणवासो, एगच्छत्तावि मेइणी सुलहा।
दुल्लहो पुण जीवाणं, जिणंदवरसासणे बोहि ॥

" विमानवासी एटले देवता थवुं ते सुलभ छे अने एकछत्र पृथ्वी पण छे. अर्थात् चक्रवर्ती थवुं ते सुलभ छे, परंतु जिनेंद्रना श्रेष्ठ शासनमां बोधिबीज ते जीवोने परम दुर्लभ छे."

आ प्रमाणे विचार करीने ते बाळक पोतानी माताने उद्वेग पमाडवा गाढ स्वरथी रुदन करवा लाग्यो. माताए घणा उपायो कर्या, परंतु ते जरा पण बंध थतो नथी. जो के मातानुं मन तेना पर स्नेहयुक्त हतुं तोपण आथी विरक्त थयुं. बाळक पण जेम जेम मातानुं मन विरक्त थतुं जाणवा लाग्यो तेम तेम ते रुदन करवा लाग्यो. ए प्रमाणे छ मास व्यतीत थया. ए समये श्री 'सिंहगिरि' सूरि त्यां पधार्या. नगरना लोको तेमने वंदन करवाने गया. गुरुए देशना दी[illegible] देशनाने अंते सभा वीखराइ जतां धनगिरिए गुरु पासे आवीने भिक्षा माटे ज[illegible] आज्ञा आपी. त्यारे गुरुए कह्युं के–' आज गोचरीमां सचित्त के अचित्त जे म[illegible] सघळु ग्रहण करवुं.' ए प्रमाणेनुं गुरुनुं वाक्य स्वीकारीने धनगिरि भिक्षा माटे न[illegible] मां गया. गोचरी माटे फरतां फरतां ते पोतानी स्त्री सुनंदाने घेर आव्या अने [illegible] लाभ आप्यो त्यारे सुनंदाए कह्युं के–' हे स्वामी ! आ पुत्रने ग्रहण करो, आ पुत्रे [illegible] घणो संताप उपजाव्यो छे.' एवुं सांभळीने गुरुनुं वचन जेमणे स्मृतिमां राख्युं [illegible] एवा धनगिरिए सुनंदाए आपेला पुत्रनी भिक्षा स्वीकारी. झोळीमां पुत्रने लइने ते [illegible] समीपे पाछा आव्या. गुरुए वज्र जेवा ते बाळकमां भार जाणीने तेनुं नाम [illegible] पाड्युं. ते बाळकने साध्वीओना उपाश्रये सोंप्यो. त्यां घणी श्राविकाओ तेनी [illegible] करवा लागी. श्रीसंघने पण ते अति प्रिय थयो त्यां पारणामां सूतां सूतां ते बा[illegible] अनेक प्रकारनां सिद्धांतोनो अभ्यास करती साध्वीओना मुखथी सांभ[illegible] अग्यार अंगोनुं अध्ययन कर्युं. अनुक्रमे ते त्रण वर्षनो थयो. तेनी माता [illegible] दर्शने आवती हती. ते पुत्रने दिव्य रूपवाळो जोइने मोहथी मन विह्वळ करी [illegible] लेवाने आवी. तेणे कह्युं के–' आ मारो पुत्र छे [illegible] जइश.' धनगिरिए कह्युं के–' [illegible] [illegible] नहि. कारणके तमे पोते आ बाळक अमारा हाथमां अर्पण कर्यो छे. [illegible] विचार करतां सुनंदा पुत्र सहित राजानी कोर्टमां [illegible] [illegible] आ पुत्र [illegible] छे. [illegible] तेना आ पुत्र, [illegible] छे.' ते बाळकाने सुनंदा अनेक प्रका[illegible]

वानी चीजो. सुखडी. विविध प्रकारनां आभरणो अने बाळकना चित्तने रंजित
एवी वस्तुओ (रमकडांओ) मोटा आगळ मूकीने पुत्रने बोलाववा लागी के-'हे
! आ ले, आ ले.' परंतु तेणे ए प्रमाणे बोलती माताना सन्मुख पण जोयुं नहि
ी ते खिन्न थइ. पछी धनगिरिए कह्युं के-'हे बाळक! अमारी पासे तो आ धर्म
न (रजोहरण) छे, जो तने पसंद पडे तो ते ग्रहण कर.' एवुं सांभळी ते बाळक
तो गुरु पासे जइ धर्मध्वजने माथे चडावी प्रफुल्लित नेत्र करीने नृत्य करवा लाग्यो.
ाए कह्युं के-'आ पुत्र गुरुनोज छे.' सर्व लोको ते जोइने आश्चर्य पाम्या के 'अरे!
त्रण वर्षना बालकनुं ज्ञान तो जुओ!' पछी सघळा संघना माणसो गुरु सहित
ाश्चर्य आवीने पोतपोताना स्थाने गया.

अनुक्रमे ते बाळक आठ वर्षनो थयो एटले गुरुए तेने दीक्षा दीधी. पुत्रना
हथी शून्य थयेली सुनंदाए पण चारित्र ग्रहण कर्युं. पछी गुरुए 'आ बाळक योग्य
' एम जाणी पोताना स्थाने (आचार्यपदे स्थापित कर्या. दश पूर्व जाणनार अने
ग्र तप करनार एवा वज्रमुनिने पूर्वभवना मित्र कोइ देवे आवीने वैक्रिय लब्धि अने
ाकाशगामिनी विद्या आपी.

एकदा विहार करता अतिशयोथी युक्त श्री वज्रस्वामी पाटलीपुत्र नगर (पटणा)-
मां आवतां वांदवाने माटे नगरना लोको आव्या. वज्रस्वामीए पण विद्याना बळथी
ातानुं रूप विशेष करीने धर्मदेशना आपी ते देशनावडे लोकोनां चित्त बहु आक-
र्षायां अने परस्पर बोलवा लाग्या के-'अहो! आ गुरुमहाराजनो रूपने अनुसरतोज
र्णविलास छे!' पछी देशनानी समाप्ति थये सर्व लोको स्वस्थाने गया अने ते
वस व्यतीत थयो.

हवे ते नगरमां 'धनावह' नामनो एक शेठ वसे छे. तेने 'रुक्मिणी' नामे घणी
ूर्ती पुत्री छे. तेणे एक दिवस कोइ आर्याना मुखथी वज्रस्वामीना गुणो सांभळ्या
ा, अने आर्या पण रुक्मिणीनी पासे वारंवार वज्रस्वामीना गुणोनुं कथन करती हती.
ी तेना रूप, लावण्य, विद्या विगेरे अतिशयोथी मोहित थइने रुक्मिणीए प्रतिज्ञा
ी के-'वज्रस्वामी शिवाय अन्यने हुं परणीश नहि.' तेणे पोताना पिताने पण कह्युं
-'हुं वज्रस्वामी शिवाय अन्यने वरवानो नथी.' आ प्रमाणे केटलोक काळ व्य-
त थया पछी वज्रस्वामीनुं आगमन सांभळीने धनावह शेठ पुत्री उपरना स्नेहने
धे बीजे दिवसे अनेक कोटि रत्नो सहित देवांगनाओनां करतां पण वधारे सुंदर
ी अने अलंकृत करेली पोतानी पुत्रीने लइने भगवान् वज्रस्वामी पासे आव्या. शेठ

हाथ जोडी बोल्या के 'हे भगवन ! प्राणथी पण अधिक वहाली एवी आ मारी कन्या रत्नराशि सहित पाणिग्रहण करवा कृपा करो.' भगवान वज्रस्वामीए कह्युं के "हे भद्र! आ कन्या मुग्ध छे. ते कइ पण समजती नथी. अमे तो मुक्तिरूपी कन्याना आलिंगनमां उद्युक्त होवाथी अशुचिथी भरेली स्त्रीओमां रति पामता नथी. स्त्रीनुं शरीर मळमूत्रनी खाण छे. तेने स्पर्श करवो ए पण अनर्थकारी छे." कह्युं छे के—

वरं ज्वलदयस्तंभःपरिरंभो विधीयते ।
न पुनर्नरकद्वाररामाजघनसेवनम् ॥

"प्रज्वलित लोढाना थांभलाने आलिंगन करवुं ए वधारे सारुं छे, पण नरकना द्वाररूप स्त्रीना जघननुं सेवन करवुं सारुं नथी." माटे आ मोहना निवासरूप स्त्रीनो देह प्राणीओने पाशरूपज छे. कह्युं छे के—

आवर्तः संशयानामविनयभवनं पत्तनं साहसानां
दोषाणां सन्निधानं कपटशतमयं क्षेत्रमप्रत्ययानाम् ।
स्वर्गद्वारस्य विघ्नं नरकपुरमुखं सर्वमायाकरंडं
स्त्रीयंत्रं केन सृष्टं विषममृतमयं प्राणिनामेकपाशः ॥

"संशयोनुं वमळ, अविनयनुं घर, साहसनुं नगर, दोषोनो भंडार, हजारो कपटथी भरेलु, अविश्वासनुं क्षेत्र, स्वर्गद्वारनुं विघ्न, नरकपुरनो दरवाजो, सर्व प्रकारनी मायानो कंडीयो—एवुं आ स्त्रीरूप यंत्र कोणे सर्ज्युं हशे ? के जे प्राणीओने विष छतां अमृतमय देखातुं पाशरूप छे." माटे ब्रह्मचारीओने स्त्रीनो संगज करवो योग्य नथी अने तेनां अंगोपांग पण जोवां योग्य नथी. वळी—

स्नेहं मनोभवकृतं जनयंति भाव
नाभीभुजस्तनविभूषणदर्शितानि ।
वस्त्राणि संयमनकेसविमोक्षणानि
भ्रूक्षेपकंपितकटाक्षनिरीक्षणानि ॥

"स्त्री कामदेवथी उत्पन्न थयेला स्नेहने पेदा करेछे, हावभावथी भुजा, स्तन, विभूषण, वस्त्र अने छूटा करेला केस देखाडेछे, तेमज भ्रगुटीना आक्षेपथी कंपित कटाक्ष

पूर्वक जुए छे." तिकरी पण अधिक विस्तार एवा आ विषयोनुं वर्णन करवाथी पण [illegible]. वळी मानस सरोवर उपर प्राप्त थयेलो, वर्ण पक्षथी शुद्ध, सुगति हंसीथी युक्त [illegible]क ज्ञानरूप मुक्ताफळनो भोगक, जड अने चैतन्यना तफावतने जाणनार अने [illegible] अने विभावनुं पृथक्करण करनार एवा राजहंस तुल्य आत्माने रुधिर, मज्जा ने [illegible] वडे पूर्ण एवा अपवित्र स्त्रीना देहरूपी कूपमां वसवुं उचित नथी, तेथी आ [illegible] रहित स्त्रीने योग्य वरनी करवानी पण नथी. हे श्रेष्ठी! जो मारा उपर तारी आ स्थानो रागी प्रेम होय तो ते पोताना अर्थ साधवा वडे मारा चित्तने मळे आनंदित [illegible]. ए प्रमाणेना श्रीवज्रस्वामीना वचन सांभळीने ज्ञानरूपी दीपक जेने प्रदीप्त [illegible] छे, स्वभाव अने विभावनुं स्वरूप जेणे जाण्युं छे अने अति हर्षथी अनुकूळ जेनां [illegible]मांथी थयेल छे एवा रुक्मिणीए हाथ जोडीने कह्युं के "हे स्वामी! आपनां कहेलां वचन [प्र]माणे वर्तवाथी पण हुं कृतार्थ छुं." पछी धन सार्थवाहे तेने आज्ञा आपी एटले तेणे [वज्र]स्वामीनी पासे दीक्षा ग्रहण करी अने सम्यक् प्रकारे चारित्र पाळीने स्वर्गे गई.

दश पूर्वने धारण करनार वज्रस्वामी अनेक भव्य जीवोनो उपदेश देवावडे उद्धार [क]री आठ वर्ष गृहस्थपणामां रही, चुंमाळीश वर्ष गुरुसेवामां काढी, छत्रीश वर्ष युगप्रधानपणे विचरी अठ्यासी वर्षनुं आयुष्य पूर्ण करी श्री महावीर स्वामीना निर्वाणथी पांचसो चोराशी वर्ष व्यतीत थया पछी देवपणाने प्राप्त थया.

आनुं नाम धर्म स्थैर्यता के जेमां आटला बधा प्रभाववाळाओमां पण आवा प्रकारनी निर्लोभता होय छे. अन्य जनोए पण वज्रस्वामीनी पेठे निर्लोभी थवुं एवो आ कथानो उपनय छे.

इति वज्रस्वामी कथा १६.

अंतेउर पुरबल वाहणेहिं, वरसिरिघरेहिं मुणिवसहा ।
कामेहिं बहुविहेहि य, छंदिज्जंता वि नेच्छंति ॥ ४९ ॥

"रमणिक स्त्रीओ, नगरो, चतुरंगिणी सेना अने हस्ति अश्वादि वाहनोए करीने, वरश्रीगृह एटले प्रधान द्रव्य भंडारे करीने अने बहु प्रकारना काम जे पांच इंद्रियोना विषयो तेणे करीने निमंत्रित कर्या छतां पण मुनिवृषभो (मुनिश्रेष्ठो) तेने इच्छता नथी." ४९. एवो पोताना चारित्रधर्मनेज इच्छे छे.

छेओ भेओ वसणं आयास किलेस भय विवागो अ ॥
मरणं धम्मब्भंसो अरई अत्थाओ सव्वाइं ॥ ५० ॥

गाथा ४९—मुणिवसभा. बहुविहेहिं. गाथा ५०—विवादः कलहः । अत्थाउ.

कर्मणो हि प्रधानत्वं, किं कुर्वन्ति शुभा ग्रहाः ।
वसिष्टदत्तलग्नोऽपि, रामः प्रव्रजितो वने ॥

" कर्मनुंज प्रधानत्व छे, तेमां शुभ ग्रहो पण शुं करे ? रामने गादीए माटे वशिष्ट मुनिए मुहूर्त्त आपेलुं हतुं छतां पण ते मुहूर्त्ते तेने वनमां जवुं पड्युं

आ प्रमाणे विचारी दुःखगर्भित वैराग्यवडे ते मामाना घरमांथी नीकळी फरतो रत्नपुर नगरे गयो. त्यां उपवनना कोइ एक भागमां वस्त्ररहित थइ क्रीड कामरसथी उन्मत्त थयेलुं. परस्पर गाढ आलिंगनथी जोडायेलुं स्त्रीपुरुषनुं जोडुं नंदिषेण मनमां बहुज खिन्न थयो अने आत्महत्या करवा माटे वनमां गयो. त सुस्थित नामना मुनि मळ्या. मुनिए कह्युं के:–हे मुग्ध ! आवा अज्ञान मृत्यु शो लाभ थवानो छे ? पूर्वे अनंतीवार विषयादिकना सेवनथी कोइ पण सिद्धि थइ नथी; माटे कांइक धर्मकार्य कर के जेथी कार्यसिद्धि थाय. आ फण जेवा भयंकर अने परिणामे अति कटु एवा विषयसुखथी शो लाभ छे रोगनो भंडार एवुं आ शरीर पण अनित्य छे.' कह्युं छे के—

पणकोडी अडसट्ठी, लक्खा नवनवइ सहस्स पंचसया ।
चुलसी अहिआ निरए, अपइट्ठाणंमि वाहिओ ॥

"सातमी नरकना अप्रतिष्ठान नामना नरकावासमां पांच क्रोड अडसठ नवाणुं हजार पांचसें ने चोराशी व्याधिओ छे."

तेथी आ अनित्य देहवडे सारभुत एवा धर्मने अंगीकार कर. कार मनुष्यभव अत्यंत दुर्लभ छे अने ते धर्म विना व्यर्थ छे. कह्युं छे के—

संसारे मानुष्यं सारं, मानुष्ये च कौलिन्यम् ।
कौलिन्ये धर्मित्वं, धर्मित्वे चापि सदयत्वम् ॥

संसारमां मनुष्यजन्म साररूप छे, मनुष्यजन्ममां कुलिनपणुं सा कुलिनपणामां धर्म पाळवो ए साररूप छे अने धर्म पाळवामां पण दयायुक्त सारभूत छे."

---

१ आ व्याधिना व्याधि सत्तागत सर्व शरीरमां रहेला होय छे. फक्त नरकना नारकीने विपाकोदये वर्ते छे अने अन्य जीवोने विपाकमां वर्तता न [illegible] क्रोड रोमराय कहेवाय छे तेनी साथे संबंध करत [illegible]ओ गणो शकाय छे.

आ प्रमाणेनी गुरुमहाराजनी अमृत तुल्य देशना सांभळीने विषयतापथी निवृत्त तेणे गुरु पासे दीक्षा लीधी, अने उग्रविहारीपणे गुरुनी सेवा करतां विचरवा पा. तेओ छट्ठ छट्ठने अंते पारणुं करवा लाग्या अने अत्यंत वैराग्यथी मनने पूर्ण 'दरराज मारे पांचशे साधुओनी वैयावच्च करवी' एवो नियम ग्रहण कर्यो. साधुनो वच्चनुं मोटुं पुण्य कह्युं छे के—

> वेयावच्चं नियमं, करेह उत्तमगुणे धरंताणं ।
>
> सव्वं किर पडिवाई, वेयावच्चं अप्पडिवाई ॥

" उत्तम गुण धारण करनाराओनो वैयावच्च निरंतर कर. कारणके सर्व गुण पाति छे अने वैयावच्च गुण अप्रतिपाती छे."

आ प्रमाणे विचारीने नंदिषेण मुनि गाममां आहार पाणी वहोरी लावी पछी साधुओने अर्पण करीने पारणुं करे छे. आ कारणथी संघनी अंदर तेनी घणी ा थइ. एक दिवस सौधर्म इंद्रे नंदिषेणना नियमनी प्रशंसा करी. तेने नहि सर्द- बे देवो नंदिषेणना नियमनी परीक्षा करवाने माटे रत्नपुरे आव्या एक देव नगर र उद्यानमां ग्लान मुनिनुं रूप धारण करीने रह्यो, अने बीजो देव मुनिने रूपे नग- अंदर ज्यां नंदिषेण मुनि छट्ठनु पारणु करवा बेसेछे त्यां आव्यो. जेवामां पहेलो । (कोळीओ) मुखमां मूके छे तेवामां पेलो साधुवेषवाळो देव त्यां आवीने बोल्यो अरे! नंदिषेण! मारा गुरु नगरनो बहार उध्यानमां अतिसारना रोगथी पीडा पामेछे तुं वैयावच्च करनार कहेवाय छे छतां निश्चितपणे भोजन करवा केम बेठो छे?' वचन सांभळतांज हाथमां लीधेलो ग्रास छोडी दइ आहार उपर वस्त्र ढांकीने ते साथे नंदिषेण मुनि बहार चाल्या. साधुदेवे कह्युं के 'अरे! प्रथम देहशुद्धि ाने माटे तुं जळ लइ ले.' एटले नंदिषेण जळ वहोरवा चाल्या. परंतु ते ज्यां जायछे त्यां त्यां अशुद्ध जळ मळे छे तोपण ते खिन्न थता नथी. ए प्रमाणे आखा रमां बेवार फरतां छतां देवना उपरोधथी तेने शुद्ध जळ मळ्युं नहि. त्रीजी वार लेवा फरतां लाभांतराय कर्मना क्षयोपशनी प्रबलता थवाथी अने तपलब्धिथी देवे लो उपरोध निवृत्त थतां शुद्ध जळ मळ्युं, ते जळ लइने देवमुनिनी साथे वननी र ग्लान मुनि पासे आव्या. ग्लान मुनिए नंदिषेणने घणां कर्कश वचनो कह्यां, तु नंदिषेण पोतानोज दोष जुएछे. मननी अंदर जराये क्रोधथी कलुषित थता नथी. ो कह्युं के 'हे ग्लान मुनि! मारो अपराध क्षमा करो.' एटलुं बोली तेनुं शरीर ज्वडे साफ करी कह्युं के 'हे स्वामी! आप उपाश्रये पधारो, जेथी औषध करवा

वने समाधि पमाडी शकाय.' तेटलामां साधु गया के 'हे नंदिषेण! मारा
चालवानी शक्ति नथी तेथी हुं केवी रीते चालुं?" त्यारे नंदिषेण ग्लान मुनिने
खांध उपर बेसाडीने चाल्या. मार्गमां तेने तेओ ... पगले पगले दुर्गंधवाळो अशुचि
अने 'अरे नंदिषेण! तने धिक्कार छे। उतावळे तुं चालवाथी उछाळो वागे छे.
मने बहु कष्ट थाय छे.' इत्यादि कटु वाणीथी तेनी बहु तर्जना करे छे. परंतु ते
तो तीव्रतर शुभ परिणामवाळा थया सता चिंतवे छे के 'आ महात्मा केवी रीते
(निरोगी) थशे.' आम विचारीने ते बोल्या के-'अरे ग्लान मुनि! मारुं
मिथ्या थाओ. हवे हुं तमने सारी रीते लइ जइश' एम बोलता आगळ चालवा
पछी देवे विचार कर्यो के 'अहो! आ मुनिने धन्य छे! तेने अत्यंत खेद प
छतां ते जरा पण चलित थया नहि. माटे इंद्रनुं वचन सत्य छे.' आ प्रमाणे
करी देवमायाने संहरी लइ दिव्य रूप धारण करीने बोल्यो के-'हे स्वामी! इं
रीते तमारुं वर्णन कर्युं हतुं तेवुंज में जोयुं पवित्र आत्मावाळा तमने धन्य छे!
क्रोधने जीत्यो छे. मारो अपराध क्षमा करो.' आ प्रमाणे वारंवार कही
मुनिना पगमां पडी ते देव पोताने स्थाने गयो.

गोशीर्षचंदनथी जेना शरीर उपर लेप करायेलो छे एवा नंदिषेण मुनि
स्थाने आव्या. पछी घणा काळ सुधी वैयावच्च करी नाना प्रकारना अ
पाळतां दुष्कर तप कर्युं. बार हजार वर्ष पर्यंत चारित्रधर्म पाळी अंत समये सं
करीने दर्भना संथारा उपर बेसी चतुर्विध आहारनो त्याग कर्यो. हवे ते समये
कोइ प्रकारना कर्मनो उदय थवाथी पोतानुं संसारीपणानुं दुर्भाग्य याद करी
मुनिए एवुं नियाणुं कर्युं के 'आ तपचारित्रादिना प्रभावथी हुं आवता भवे
स्त्रीप्रिय थउं.' ए प्रमाणे निदान करी, मरण पामीने आठमा सहस्र
देवपणे उत्पन्न थया.

देवलोकथी च्यवीने नंदिषेणनो जीव सोरीपुर नगरमां अंधकविष्णु
सुभद्रा राणीनी कुक्षिमां समुद्रविजय आदि नव मोटा भाइओ पछी वसुदेव नामे
भाइ तरीके जन्म्यो. तेणे पाछला भवमां निदान करेलुं होवाथी ते अति सौं
सुभग अने लोकप्रिय थयो. ते निश्चितपणे नगरमां स्वेच्छाए फरे छे. तेनुं रूप जो
पामेली नगरवासी स्त्रीओ घरकाम छोडी तेनी पाछळ भम्या करे छे. लाजवाळ
वान स्त्रीओ पण पोतानो धर्म तजी दे छे आ प्रमाणे स्त्रीओनुं व्याकुळपणुं जाणी
थयेला नगरवासी लोकोए समुद्रविजय पासे आवी अरज करी के "स्वामि

ा परनी अंदरज राखवा जोइए. कारणके तेना रूपथी मोहित थयेली पौरस्त्री-
व्याचार आदिनो पण त्याग करेल छे. तेने लीधे कुलांगनाना आचारनी हानि
, अने आ अनाचारने नहि अटकाववाथी तमारो पण दोष गणाय छे." ए
सांभळीने समुद्रविजये वसुदेवने योग्य रीते शिखामण आपीने महेलनी अंदर
. ते त्यां कल्याम्वास करवा लाग्या.

क दिवसे उनाळानी ऋतुमां शीवादेवीए गोशीर्षचंदन घसी सोनानुं कचोळुं
सीना हाथे पोताना पति समुद्रविजयने मोकल्युं. मार्गमां वसुदेवे बळात्कारथी
नुं पोताना शरीर उपर विलेपन कर्युं. तेथी दासीए कह्युं के—अटकचाळा छो
आवा 'गुप्तिस्थानमां राखवामां आव्या छे. पछी ते संबंधी बधो व्यतिकर
ने पाछली राते एकाकी नगरना द्वार नीकळी कोइ स्थानेथी एक मृतक लइ
दरवाजा पासे तेने बाळीने प... के—'वसुदेव अत्र बळी मुओ छे, तेथी
रना सर्व लोकोए कुशळथी रहेवुं' आ प्रमाणे लखीने ते नगरमांथी नीकळी
ातःकाळे समुद्रविजये ते वात जाणी अति शोक कर्यो अने विचारवा लाग्या
"आ मारीए दुष्कृत्य उचित शुं कर्युं? पण हवे शुं करीए" भावि कोइ प्रकारे
थतुं नथी" वसुदेव पण पृथ्वीमां भ्रमण करता सता नवां नवां रूप, नवानवां
नवा नवां आचरणाथी भाग्यवशात् हजारो विद्याधरनी कन्याओ अने हजारो
याओ परण्या. ए प्रमाणे एकसो वीश वर्ष पर्यंत देशाटन करतां तेणे ७२०००
पाणिग्रहण कर्युं. पछी रोहिणीना स्वयंवरमां आवीने कुब्जरूपथी तेने परणी,
साथे युद्ध करी, चमत्कार देखाडी, पोतानुं स्वरूप प्रगट करी समुद्रविजय
आनंद उत्पन्न कर्यो. लोको आश्चर्य पाम्या अने कहेवा लाग्या के "अहो!
वे पुण्यनो मागमार तो बहु विशेष जणाय छे." पछी स्वजनोनी साथे वसुदेव
नगरे आव्या. अने छेवटे देवक राजानी पुत्री देवकीनुं पाणिग्रहण कर्युं. ते
ी कुक्षिथी श्रीकृष्ण वासुदेव उत्पन्न थया अने तेना पुत्रो शांब, प्रद्युम्न विगेरे
ा प्रमाणे वसुदेव हरिवंशना पितामह थया.

ा सघळुं पूर्व भागमां आचरेला वैयावच्च रूप अभ्यंतर ने छठ्ठ अट्ठमादि बाह्य
ळ जाणवुं. ए प्रमाणे बीजाओए पण बने प्रकारनां तपने विषे प्रयत्न करवो.

सपरक्कम राउलवाइएण, सिसे पलाविए निअए।
गयसुकमालेण खमा, तहा कया जह शिवं पत्तो ॥५५॥

---

[1] बंदीखानामां.

" पराक्रमवाळा अने राजाना बंधु बहु लालनपालन करेला एवा मुनिए पोतानुं मस्तक बळते सते पण एवी क्षमा करी के जेथी तेओ मोक्ष प्रत्ये अहीं गजसुकमाळनुं दृष्टांत जाणवुं. १८.

गजसुकमाळनी कथा.

द्वारिका नगरीमां श्री कृष्ण नामे वासुदेव राजा हता. तेनी माता देवकी हती. त्यां श्री नेमिनाथ जिनेश्वर समवसर्या. देवोए आवीने समवसरण कर्युं ने भगवाने देशना आपी. सभाजनो पोतपोताना स्थाने जतां भद्दिलपुरमां भाइ साधुओ भगवाननी आज्ञा लइ छठ्ठने पारणे बबेना संघाडे त्रण भागे भिक्षा अर्थे नीकळ्या. तेमांना पहेला बे मुनि फरतां फरतां देवकीना मंदिरे तेमने जोइने मनमां अति हरखाती देवकीए लाडुवडे प्रतिलाभ्या. तेओना ग बीजा बे मुनि पण त्यांज आव्या. तेमनुं पण देवकीए भाव पूर्वक मोदक सन्मान कर्युं. तेओना गया पछी दैवयोगे त्रीजा बे मुनि पण आव्या. सरखं तिवाळा अने अति उल्लास उत्पन्न करनारा तेमने जोइने देवकी विचार करवा के 'आ प्रमाणे एकने एक ठेकाणे त्रीजीवार आहार माटे आववुं शुद्ध साधुओ नथी, तेथी आनुं शुं कारण हशे?' ए प्रमाणे विचार करी तेमने पूछयुं के-' नुभाव ! आ द्वारका नगरी बहु विशाल छे, तेमां श्रावको पण घणा छे; वारेवारे अहीं आववानुं शुं प्रयोजन छे? शुं आ नगरीमां आहार मळतो अथवा शुं साधुओ वधारे छे? के भूलथी आववुं थयुं छे?" ए प्रमाणे पूछवाथी ते साधु बोल्या के-'हे सुश्राविका ! अमे छ भाइओ छीए. छठ्ठ प्रथक् प्रथक वहोरवा नीकळतां जुदा जुदा तमारे घेर आवेला छीए. अमे ए आकृतिवाळा होवाथी तमने संशय उत्पन्न थयेलो छे.' ते सांभळी देवकीए कर्यो के "आ छए मुनि सरखी आकृतिवाळा छे अने कृष्ण जेवा देखाय पण एओने जोवाथी पुत्रदर्शन तुल्य आनंद थायछे. पूर्वे पण 'अतिमुक्त' मु कह्युं हतुं के 'तने आठ पुत्र थशे.' तेथी आ मारा पुत्रो तो नहि होय संदेह तेने थयो. बीजे दिवसे ते नेमीश्वर भगवान पासे गइ अने वांदीने पूछ के-'हे स्वामिन ! गइ काले छ साधुओना दर्शनथी मने घणो आनंद थय ते उपरना अति स्नेहनुं शुं कारण छे?' भगवाने कह्युं के-" ए छए साधु पुत्रो छे. कंसना भयथी हरिणगमेषी देवे तेने जन्मतांज उपाडी तेने बदले मृतक पुत्रो मूकीने भद्दिलपुरमां नागपत्नी 'सुलसा'ना घरे तेमने सोंप्या

ओ मोटा थया. युवान वय पामतां तेओने बत्रीश बत्रीश कन्याओ परणावी. ते मोए री देशना सांभळीने वैराग्य प्राप्त थवाथी संसारनो त्याग करी चारित्र ग्रहण कर्युं. ओ कायम छठनो तप करवा लाग्या. आजे छठने पारणे मारा आदेशथी नगरीमां हार अर्थे नीकळ्या, अने तमारे घेर पृथक् पृथक् जोडले आव्या. तमने जोवाथी संबंधने लीधे तमने हर्ष उत्पन्न थया."

आ प्रमाणे भगवाननां वचन सांभळीने देवकी घरे आवी पश्चात्ताप करती सती मां विचारवा लागी के 'विकसित मुखवाळा अने कोमळ हाथ पगवाळा पोताना ने जे रमाडे छे अने खोळामां बेसाडे छे ते स्त्रीने धन्य छे! हुं तो अधन्य अने भागी छुं; कारणके में मारा एक पुत्रने पण रमाडयो नथी.' आ प्रमाणे चिंता- क्त थइने भूमि तरफ द्रष्टि राखी रहेला पोतानी माता देवकीने कृष्णे दीठा, एटले मणे चितानुं कारण पूछयुं. देवकीए चितानुं कारण कही बताव्युं. पछी मातानो नोरथ पूर्ण करवा माटे अठम तप करीने तेणे देवनुं आराधन कर्युं. देवे आवी रदान आप्युं के 'देवकीने पुत्र थशे, पण ते घणा काळ सुधी घरमां रहेशे नहि.' वुं कही देव स्वस्थाने गयो.

अनुक्रमे सिंहना स्वप्नथी सूचित पुत्र थयो. तेनुं नाम 'गजसुकमाल' राखवामां व्युं, क्रमे करीने ते आठ वर्षनो थयो. माताना आग्रहथी तेने सोमिल ब्राह्मणनी ाठ पुत्री परणावी. पछी नेमीश्वर भगवाननी देशना सांभळी संसारनी असारता ाणी गजसुकमाले चारित्र ग्रहण कर्युं; अने प्रभुनी आज्ञा लइ स्मशानभूमिमां कायो- र्ग मुद्राए रह्या.

ते अवसरे फरतां फरतां त्यां आवेला सोमिले तेने जोइने कह्युं के–'आ दुष्टे ारी निरपराधी बाळाओने फोगट परणीने वगोवी.' आ प्रमाणे उत्पन्न थयेल छे. प जेने एवा सोमिले तेना मस्तक उपर माटीनी पाळ बांधीने तेमां धगधगता अंगारा र्या. अग्निवडे मस्तक बळतां छतां पण गजसुकमाले अपूर्व क्षमा धारण करी अने क्ल ध्यानवडे अंतकृत् केवली थइने मोक्षे गया.

बीजे दिवसे श्रीकृष्ण प्रभुने वांदवा आव्या. तेणे प्रभुने पूछयुं के–'गजसुकमाल यां छे?' भगवाने कह्युं के–'तेणे पोतानुं काम साधी लीधुं.' एम कहीने पछी तेनुं कळ वृत्तांत कह्युं. कृष्णे कह्युं के–'हे स्वामिन्! आ कुकर्म कोणे कर्युं?' भगवा- कह्युं के–'तने जोइने जेनुं हृदय फाटी जाय ने मृत्यु पामे तेनाथी ए कार्य थयुं छे म समजजे.' शोक[illegible]

सोमिल सामो मळयो. भयथी नासतां तेनुं हृदय फाटी जवाथी ते मरण पा
हत्याना पापथी सातमी नरके गयो.

धैर्यवान गजसुकमाले जे प्रमाणे क्षमा धारण करी ते प्रमाणे अन्य
पण समग्र सिद्धिने देनारी क्षमा धारण करवी एवो आ कथावडे उपदेश

रायकुलेसुवि जाया, भीया जरमरणगब्भवसहीणं ।
साहु सहंति सव्वं, नीयाणवि पेसपेसाणं ॥ ५६ ॥

अर्थ-" राजकुळमां उत्पन्न थएला छतां पण जरा मरण ने गर्भावासनां
पामेला एवा मुनि पोताना दासना करेला सर्व उपसर्गो पण सहन करे

पणमंति य पुव्वयरं, कुलया न नमंति अकुलया पु
पणओ पुव्विं इह जइ-जणस्स जह चक्कवट्टिमुणी

अर्थ-" कुळवान पुरुषो प्रथम नमे छे. अकुलीन नमता नथी. अहीं
न (पूर्वना) यतीजनने प्रथम नम्या [तेनुं दृष्टांत जाणवुं). ५७. अ
ऽनी ऋद्धि छोडीने मुनि थयेला छतां पूर्वना-दीक्षा पर्याये ज्येष्ठ मु
ने प्रथम नम्या ". ५७.

जह चक्कवट्टीसाहू सामाईअ साहूण निरुवयारं ।
भणिओ नचेव कुविओ, पणओ बहूअत्तण गुणेणं

अर्थ-" जेम चक्रवर्ती साधुने (प्रथम बीजा मुनिओने नमस्कार
सामान्य साधुए निष्ठुरपणे तुंकारो करीने कह्युं के तुं आ ताराथी दी
मुनिओने वंदना कर तथापि ते बिलकुल कोपायमान थया नहि अ
चारित्र गुणवडे श्रेष्ठ-बहुपणावाळा मुनिओने नम्या." ५८.

अहीं सामान्य साधु ते दीक्षापर्याये लघु समजवा.

ते धन्ना ते साहू, तेसिं नमो जे अकज्ज परिविरया ।
धीरा वय मसिहारं-चरंति जह थूलिभद्दमुणी ॥ ५९ ॥

गाथा ५६—भीताः स्वमाः साह   गाथा ५८— चकवट्टि. साहू.
साहुण. निरुवयारं.   गाथा ५९.—परिवरिया. थूलभद्दमुणी.

र्थ–" ते पुरुष धन्य–कृतपुण्य, ते साधु–सत्पुरुष, ते पुरुषने नमस्कार थाओ कार्यथी निवृत्त थया छे. एवा धीर पुरुषो जेम थूलिभद्र मुनिए आचर्युं तेम चतुर्थ व्रत ते असिधार सदृश–खड्गनी धार उपर चालवानी जेवुं आचरे छे ." ५९. अहीं श्रीस्थूलिभद्रनुं दृष्टांत जाणवुं. १९.

श्री स्थूलिभद्रनुं दृष्टांत.

लीपुरमां नंद नामे राजा हतो. तेने 'शकडाल' नामे नागरब्राह्मण ज्ञातिनो मंत्री ने लाच्छलदे नामनो स्त्री हती. तेने 'स्थूलिभद्र' नामे मोटो पुत्र हतो अने बीजो ' नामे हतो, तथा 'यक्षा' आदि सात पुत्रीओ हती. स्थूलिभद्र युवावस्थामां विनोद ततो एक दिनस मित्रोथी परिवृत्त थइ वन जोवाने गयो. पाछो आवतां तेने 'कोशा' वेश्याए जोयो. तेना रूपथी मोहित थयेली ते वेश्याए तेने वात करवाना मिष- ते करी चातुर्यगुणथी तेनुं चित्त वश करी लीधुं.स्थूलिभद्र पण तेना गुण ने रूपथी थइ ते वेश्याने घेर रह्यो; अने तेनी साथे विषयसुख भोगवतो सतो ते नवा नवा करवा लाग्यो.तेना पिता पण पुष्कळ द्रव्य मोकलवा वडे तेनुं इच्छित पूर्ण करवा . ए प्रमाणे त्यां बार वर्ष सुधी रहेला स्थूलिभद्रे साडीबार क्रोड सोनामहोरनो व्यय ते अवसरे वररुचि ब्राह्मणे करेला प्रयोगथी शकडाल मंत्रीनुं मरण थयुं. ते वखते जाए श्रीयकने प्रधानपद आपवाने माटे बोलाव्यो. त्यारे श्रीयके कह्युं के–' हे ! मारो मोटो भाइ कोशा वेश्याने घरे छे, ते प्रधानपदने योग्य छे.' नंदे बोला- सेवको मोकल्या. ते आव्यो. तेने मंत्रीपद आपतां तेणे एकाएक न स्वीकार्युं. कारण पूछतां स्थूलिभद्रे कह्युं के–' स्वामीन् ! विचार करीने ग्रहण करीश.' र विचार करवानी रजा आपी, एटले अशोकवाटिकामां एकांत स्थले जइने विचार लाग्यो के–" आ संसारमां कोइ कोइनुं नथी सर्व स्वार्थी छे.' कह्युं छे के–

वृक्षं क्षीणफलं त्यजन्ति विहगाः शुष्कं सरं सारसाः ॥
पुष्पं पर्युषितं त्यजन्ति मधुपा दग्धं वनांतं मृगाः ।
निर्द्रव्यं पुरुषं त्यजन्ति गणिका भ्रष्टं नृपं सेवकाः॥
सर्वः स्वार्थवशाज्जनोभिरमते नो कस्य को वल्लभः ॥

"पक्षीओ फळ विनाना वृक्षनो, सारस पक्षीओ जळ विनाना सरोवरनो, भ्रमरो गयेलां पुष्पोनो मृगो बळेला वननो, गणिका निर्धन पुरुषनो अने सेवकलोको

घोळवा लागी.

अहीं स्थूलिभद्रने मळवा [illegible] चातुर्मास उपर एक स
पासे आवीने कह्युं के–' सिंहगुफा पासे चातुर्मास करवा इच्छुं छुं. ' ए प्रमा
मागी एटले बीजा मुनिए कह्युं के–' हुं सर्पना बील पासे चातुर्मास करवा इ
त्रीजा मुनिए कह्युं के–' हुं कुवानी अंतराळे रहेल लाकडा उपर (भार
चातुर्मास करवा इच्छुं छुं. ' त्यारे चोथा साधु स्थूलिभद्रे कह्युं के–' हुं कोश
घरमां चातुर्मास करवा इच्छुं छुं.' गुरुए योग्यता जाणीने चारे मुनिने आ

स्थूलिभद्र गुरुने नमीने कोशा वेश्याने घेर गया. तेने आवतां जोइ को
पित थइ अने सामे आवीने पगमां पडी. तेनी आज्ञा लइ स्थूलिभद्र तेनी चित्रश
तुर्मास रह्या. ते हमेशां षट्रसनो आहार करे छे, समय पण वर्षा ऋतुनो छे, f
शाळामां छे, प्रीति कोशानी छे, अने परिचय बार वर्षनो छे. वळी नेत्र न
विलास, हावभाव, गान, तान, मान, वीणा ने मृदंगना मधुर शब्दो सहित नाट्या
विगेरे नाना प्रकारना विषयोने स्थूलिभद्र आगळ प्रगट करती अने पोतानो
बतावती कोशा कहे छे के–' हे स्वामिन् ! स्वाधीन एवी कामिनीनां कुचस्प
आलिंगन आदि छोडीने आवुं कठोर तप शामाटे करो छो ? ' कह्युं छे के–

संदष्टेऽधरपल्लवे सचकितं हस्ताग्रमाधुन्वती ।
मामा मुंच शठेति कोपवचनैरानर्त्तितभ्रूलता ॥
सीत्कारांचितलोचना सरभसं यैश्चुंबितो मानिनी ।
प्राप्तं तैरमृतं श्रमाय मथितो मूढैस्सुरैः सागरः ॥

अधर पल्लवनो दंश करतां चकित थइने हस्तना अग्र भागने धूणावती, अने हि, हे शठ ! छोडी दे' ए प्रमाणे कोपवचन बोलवा साथे भ्रूलताने नचावती त्कारथी सत्कार करायेलां जेनां नेत्र छे एवी मानिनीने जुस्साथी जेणे चुंबन तेओए खरुं अमृत मेळव्युं छे एम हुं मानुं छुं, बाकी मूढ देवताओए तो श्रमने माटेज समुद्र मथेलो छे." तेथी हे स्थूलिभद्र ! आ त्याग साधवानो समय ाटे मारी साथे यथेच्छ विषयसुख भोगवी तेनो स्वाद ल्यो. फरीथी आ मनु-पामवो दुर्लभ छे. अने आ यौवन पण दुर्लभ छे. माटे हे स्वामिन् ! हमणा अंगसंगथी उत्पन्न थयेलुं सुख भोगवो. पाछळथी वृद्धावस्थामां आ तप करवो त छे." ते सांभळीने स्थूलिभद्र बोल्या-'हे भद्रे ! अपवित्र अने मलमूत्रनुं ा कामिनीना शरीरने आलिंगन करवाने कोण इच्छे ? कह्युं छे के-

स्तनौ मांसग्रंथी कनककलशावित्युपमितौ ।
मुखं श्लेश्मागारं तदपि च शशांकेन तुलितम् ॥
स्रवन्मूत्रक्लिन्नं करिवरशिरःस्पर्द्धिजघनं ।
मुहुर्निंद्यं रूपं कविजनविशेषैर्गुरुकृतम् ॥

स्तनो मांसनी गांठ छे छतां कविजनोए तेने सोनाना कळशनी उपमा आपी श्लेश्म (कफ)नुं स्थान छे तोपण कविओए तेनी चंद्र साथे सरखामणी करी छे वता मूत्रथी व्याप्त एवा जघनने हाथीना गंडस्थलनी साथे सरखाव्युं छे. ए प्रमाणे निंदवा लायक स्त्रीना स्वरुपने कविआएज विशेष महत्वता आपी छे." वळी—

वरं ज्वलद्यस्तंभः, परिरंभो विधीयते ।
न पुनर्नरकद्वाररामाजघनसेवनम् ॥

तपावेला लोढाना थांभलाने आलिंगन करवुं ए सारुं छे, परंतु नरकना द्वार ना जघननुं सेवन करवुं ए सारु नथी." वळी एक वखतना स्त्रीसंभोगथी अनेक घात थाय छे. कह्युं छे के-

मेहुणसन्नारूढो, नवलक्ख हणेइ सुहुमजीवाणं।
तित्थयराणं भणियं, सद्दहियव्वं पयत्तेणं ॥

" मैथुनसंज्ञाने विषे आरूढ थयेलो जीव नव लाख सूक्ष्म जीवोने हणे तीर्थंकर भगवंते कहेलुं छे तेने प्रयत्न पूर्वक सर्दहवुं.

वळी हे कोशा ! आ विषयो अनेकवार भोगव्या छतां तेनाथी तृप्ति कह्युं छे के–

अवश्यं यातारश्चिरतरमुषित्वापि विषया ।
वियोगे को भेदस्त्यजति न जनो यत्स्वयममून् ॥
व्रजंतः स्वातंत्र्यादतुलपरितापाय मनसः ।
स्वयं त्यक्त्वा ह्येते शिवसुखमनंतं विदधति ॥

" आ विषयो लांबा वखत सुधी रहीने पण छेवटे जनारा छे ए तो नक्की तो पछी तेना वियोगमां फेर शो छे के जेथी माणसो पोतानी मेळे विषयाने छो नथी; केमके जो ए विषयो पोतानी मेळे आपणाथी छुटा पडे छे तो मनने अति ताप उत्पन्न करे छे. पण जो आपणे पोतेज खुशीथी तेनो त्याग करीए छीए तो मोक्षसुख आपे छे." एटला माटे सर्पनी फण जेवा आ विषयोने छोडी दइ शील अलंकारथी तारा सुंदर अंगने अलंकृत कर. आ मनुष्यभव फरीथी मळवो मुश्केल अने ते भव धर्म विना हारी जइश. कारण के सर्व कार्योमां उत्तम कार्य धर्म कह्युं छे के—

न धम्मकज्जा परमत्थि कज्जं, न पाणिहिंसा परमं अकज्जं।
न पेमरागा परमत्थि बंधो, न बोहिलाभा परमत्थि लाभो ॥

धर्मकार्यथी उत्कृष्ट बीजुं कोइ कार्य नथी, प्राणीनी हिंसा उपरांत बीजुं कोइ अकार्य नथी, प्रेमरागथी विशेष कोइ बंधन नथी, अने बोधि (सम्यक्त) ना लाभ उपरांत बीजो कोइ परम लाभ नथी. " इत्यादि उपदेश आपीने जेनुं मन वाळेलुं एवी कोशा बोली के–' हे कंदर्पनु विदारण करनार ! हे शासननो उद्योत करनार ! मिथ्यात्वने निवारनार ! तमने धन्य छे, तमेज खरेखरुं जीवितनुं फळ मेळव्युं छे. हुं अधन्य छुं, मैं तमने बहु रीते चळाववा प्रयास कर्यो पण तमे चळ्या नहि. हवे कृपा फरीने सम्यक्त्व आपीने मारो उद्धार करो.' आ प्रमाणे कहीने स्थुलिभद्रनी पासे प्रयत्नना उच्चार पूर्वक बार व्रत अंगीकार करी ते कोशा परम श्राविका थइ. ते

ाए मोकलेल पुरुष शिवाय अन्य पुरुषनो वचनथी पण हुं स्वीकार करीश नहि' ाणे भोग संबंधी पच्चख्खाण लीधुं, तेमज जीव अजीव आदि तत्त्वोनो पण ार थइ.

् प्रमाणे कोशा वेश्याने प्रतिबोध पमाडी चातुर्मास पूर्ण करी स्थूलिभद्र मुनि श्री विजयाचार्यनी पासे आव्या. पेला त्रण मुनिओ स्थूलिभद्रनी पहेलां आव्या हता. ते त्रणेने 'दुष्कर कार्य कर्युं' ए प्रमाणे एकवार कहीने मान आप्युं हतुं; परंतु भद्र मुनिने 'दुष्कर कार्य कर्युं' एम त्रणवार कही घणा आदर पूर्वक मान आप्युं. ाइ सिंहगुफावासी मुनिना मनमां मत्सर आव्यो के "गुरुनो विवेक तो जुओ के ् क्षुधा ने तृषाथी पीडायेला अमोने 'दुष्कर कर्युं' एम मात्र एक वखत कह्युं, ड्रसने खानार तथा मोह उपजावे एवा स्थाननी अंदर रहेनारने 'दुष्कर दुष्कर एम त्रण वखत कह्युं." ए प्रमाणे तेणे मनमां मत्सर धारण कर्यो.

हवे एक दिवस नंद राजानी आज्ञाथी कोइ रथकार कोशा वेश्याना मंदिरे ो. तेनी बारीमां रहीने तेणे बाणसधान विद्याथी आम्रफलनी लुंब त्यां बेठा बेठा पोतानी कला बतावी, एटले कोशाए पण पोताना आंगणामां सरसवनो ढग- ्रावी, तेना उपर सोय मूकी, तेना उपर एक पुष्प मूकीने तेना उपर नृत्य कर्युं. ाइ रथकार चमत्कार पामीने बोल्यो के–' आ अति कठिन काम छे. ' त्यारे ए कह्युं के—

डुक्करं अंबयलुंबतोडणं, न डुक्करं सिरसव नच्चिआए ॥
डुक्करं तं च महानुभावं, जं सो मुणी पमयवणंमि वुच्छो ॥१॥

" आंबानी लुंब तोडवी ते दुष्कर नहि तेमज सरसव उपर नाचवुं ते पण दुष्कर दुष्कर तो ए छे के जे ते महानुभाव स्थुलिभद्रे कर्युं अने प्रमदा रुपी वनमां न पामतां शुद्ध रह्या."

गिरौ गुहायां विजने वनान्तरे, वासं श्रयंतो वशिनः सहस्रशः ।
र्म्येति रम्ये युवतीजनांतिके, वशी स एकः शकडालनंदनः॥२॥

" पर्वतमां, गुफामां, एकांतमां अने वननी अंदर निवास नारा हजारो छे, पण अति रम्य हवेलीमां अने ा राखनार तो ते शकडालनंदन एकज छे."

ए प्रमाणे जेम स्थूलिभद्रे दुर्धर व्रतने धारण करी चोराशी चोवीशी सुधी तानुं नाम राख्युं तेम अन्य मुनिओए पण गुरुनी आज्ञाने अनुसरी ग्रहण करेला पाळीने कीर्तिवंत थवुं.

विसयासिपंजरमिव, लोए असिपंजरंमि तिख्खंमि ॥
सिंहा व पंजरगया, वसंति तवपंजरे साहु ॥ ६० ॥

अर्थ–" लोकने विषे जेम तीक्ष्ण खड्गना पंजरथी भय पामेल सिंह काष्टना रामां वसे छे तेम विषय रूप खड्ग पंजरथी भय पामेला मुनिओ तप रूप पंजरमां छे, अर्थात् बार प्रकारनो तप आचरे छे." ६०

विषय पांच इंद्रियोना शब्दादि जाणवा. तद्रुप पंजरथी अथवा तत्तुल्य जे तेथी भय पामेला मुनिओ संसार तजी दृढ चारित्र अंगीकार करीने बाह्य अभ्यंतर आचरे छे, एटले तप रूप पंजरमां वसे छे.

जो कुणइ अप्पमाणं, गुरुवयणं नय लहेइ उवएसं ।
सो पच्छा तह सोअइ उवकोसघरे जह तवस्सी ॥ ६१ ॥

अर्थ–" जे प्राणी आत्ममान करे छे अर्थात् पोताना गुणनुं अभिमान करे छे गुरुना वचनने–उपदेशने–आज्ञाने अंगीकार करतो नथी ते प्राणी पाछळथी एवो करे छे के जेवो उपकोशाने घरे गयेला तपस्वी मुनिए कर्यो." ६१

'अहीं जे गुरुना वचनने अप्रमाण करे छे' एम कह्युं छे त्यां 'जे गुरुना उप ने मानतो नथी' एवो अर्थ पण थाय छे.

स्थूलिभद्रजीनी ईर्ष्याथी कोशा वेश्याना बहेन उपकोशा वेश्याने घरे ग सिंहगुफावासी मुनि जे चतुर्मासमां चारे मासना उपवास करीने सिंहनी गुफाने कायोत्सर्गे रहेता हता तेमनुं दृष्टांत अहीं जाणवुं. २०

सिंहगुफावासी मुनिनुं दृष्टांत.

एक दिवस पाडलीपुरमां श्रीसंभूतिविजय आचार्यना सिंहगुफावासी शिष्ये स भद्र उपर ईर्ष्या करी बीजुं चातुर्मास कोशा वेश्यानो बेन 'उपकोशा' वेश्याने घेर वानी गुरु पासे आज्ञा मागी. गुरुए अयोग्यता जाणी आज्ञा आपी नहि. गुरुए कर्युं

गाथा ६०—सिंहा. गाथा ६१—नयलएइ न लहेइ.

संबंधी चिंतन करतां तेने याद आव्युं के 'उत्तर दिशामां नेपाल देशनो राजा (नवा) साधुने लक्ष मूल्यनुं रत्नकंबल आपे छे, माटे त्यां जइ, रत्नकंबल [illegible] आनी साथे विषयसुख सेवीने मनइच्छित परिपूर्ण करुं.' आ प्रमाणे विचारी [illegible] मेघनी पुष्कळ वृष्टि थती हती छतां नेपाल देश प्रति प्रयाण कर्युं. घणा [illegible] र्दन करतो अने अनेक कष्टो सहन करतो केटलेक दिवसे ते नेपाल देशे पहोंच्यो [illegible] आशिर्वाद पूर्वक राजानी पासे रत्नकंबल माग्युं. राजाए ते आप्युं. ते लइने [illegible] फरतां मार्गमां चोरोए लूंटी लीधुं, तेथी तेणे फरीवार नेपाल जइ राजाने [illegible] पछी तेने फरीथी रत्नकंबल आपवामां आव्युं. ते रत्नकंबलने वांसमां नाखी [illegible] लाखनां चोरनी पाळना पोपटे चोरोने ते जणाववाथी तेओने तेने घेरी लीधो के 'एक लाखनी किंमतनुं रत्नकंबल तारी पासे छे ते बताव.' तेणे कह्युं के [illegible] पासे कंइ नथी.' चोरोए कह्युं के-'अमारो आ पोपट खोटुं बोले नहि माटे [illegible] [illegible] ते खरुं नहि.' तेथी तेणे सत्य कहेवाथी भिक्षुक जाणीने तेने [illegible] [illegible] ते पाटलीपुर आव्यो अने रत्नकंबल उपकोशाने आप्युं. तेणे तेनावडे [illegible] [illegible] तेने दूर अपवित्र स्थानमां फेंकी दीधुं. त्यारे साधुए कह्युं के 'अरे [illegible] [illegible] आ रत्नकंबल अतिदुर्लभ छे.' ते सांभळी वेश्याए कह्युं के-' [illegible] [illegible] कोण [illegible] शिरोमणि छे? में तो आ लक्ष्य मूल्यनुं रत्नकंबल [illegible] दीधुं छे, पण तें तो अमूल्य एवा ज्ञान दर्शन चारित्र रूप रत्न [illegible] [illegible] साधना दुर्लभ ते नर बीट पुरुषने थुंकवाना पात्र जेवा [illegible] [illegible] [illegible] फेंकी दीधा छे; माटे नगर विचार्य करनार [illegible] [illegible] आ मनुष्यभव दुर्लभ छे, तेमां पण उत्तम कुळ दुर्लभ छे; तेमां [illegible] [illegible] श्रद्धा रूप [illegible] दुर्लभ छे, अने तेमां पण साधुपणुं [illegible] [illegible] [illegible] साधुपणाने [illegible] अंगमां मोह पामी [illegible] [illegible] [illegible] चारित्रनो त्याग करनारा [illegible] [illegible] वेदनाने तुं केवी रीते सहन करीश!" इत्यादि [illegible] [illegible] [illegible] मुनि कहेवा लाग्या के-'तने धन्य छे; [illegible] [illegible] [illegible] निरुप थयो छुं.' त्यारे तेणे [illegible] [illegible]

[illegible] [illegible] [illegible] पूर्वक [illegible] [illegible] [illegible] [illegible]

स्थूलिभद्रने जे कह्युं ते सत्य छे.' ए प्रमाणे कही पापनी आलोचना करी, फरीथी व्रत ग्रहण करीने ते मुनि सद्गतिए गया. माटे गुरुनी आज्ञा पूर्वक जे आचरवुं श्रेष्ठ छे, एवो आ कथानो उपदेश छे.

जिट्ठव्वयपव्वयभर–समुव्वहणववसिअस्स अच्चंतं ।
जुवइ जण संवइयरे, जइत्तणं उभओ नट्ठं ॥ ६२ ॥

अर्थ–" ज्येष्ठव्रत जे महाव्रत ते पर्वतना भार सदृश छे, तेने वहन करवामां अत्यंत उद्यमी एवा मुनि पण युवतिजननो संसर्ग कर्ये सते द्रव्यथी ने भावथी बंने प्रकारना यतिपणाथी भ्रष्ट थाय छे. "

जइ ठाणी जइ मोणी, जइ मुंडी वक्कली तवस्सी वा ।
पत्थिंतो अ–अबंभं, बंभावि न रोचए मज्झं ॥ ६३ ॥

अर्थ–"जो स्थानी के० कायोत्सर्ग करनारो होय, जो मौनी के० मौन धारण करनार होय, जो मुंडी के० माथे मुंडन करावनारो होय, अथवा वल्कली के० झाडनी छालनां वस्त्र पहेरनारो होय के तपस्वी के० अनेक प्रकारनां तप करनारो होय तो पण अब्रह्म जे मैथुन तेने प्रार्थतो–वांछतो होय तो ते कदि ब्रह्मा होय तो पण ते मने रुचतो नथी. अर्थात् गमे तेवुं कष्ट करनार होय पण जो ते मैथुनाभिलाषी होय तो ते श्रेष्ठ नथी." ६३

तो पढियं तो गुणियं तो मुणियं तो अ चेइओ अप्पा ।
आवडिय पल्लिया मंतिओवि, जइ न कुणइ अकज्जं ॥६४॥

अर्थ–"जो अकुलिनना संसर्ग रूप आपदामां पडयो सतो एटले कुमित्रे प्रेर्यो अने स्त्रीए आमंत्रित कर्यो सतो–बोलाव्यो सतो पण जे अकार्य प्रत्ये जतो नथी. आचरतो नथी तो तेनुं भणेलुं प्रमाण, गणेलुं प्रमाण, जाणेलुं प्रमाण अने आत्म स्वरूपनुं चिंतवन पण प्रमाण समजवुं." ६४. नहीं तो ते बधुं अप्रमाण जाणवुं.

पागडिय सव्वसल्लो, गुरुपायमूलंमि लहइ साहू पयं ।
अविसुद्धस्स न वड्ढइ, गुणसेढी तत्तिया ठाइ ॥ ६५ ॥

गाथा ६२—स्त्रीजनससंर्गेकृते. गाथा ६३—ठाणि. पथ्थंतो. रोयए.
गाथा ६४— मुणीयं. पिल्लिया. गाथा ६५—पादमुलंमि. साहुपयं तित्तिया.

अर्थ–" गुरु महाराजना पादमूले–गुरुसमीपे जेणे सर्व शल्य प्रगट कर्यां, पाप आलोव्यां छे ते प्राणी साधुताने पामे छे; अने अविशुद्धनी–अनालोचित कर्मवाळानी गुणश्रेणि तेटलीज रहे छे–वृद्धि पामती नथी."६५. अर्थात् पाप आलोचीने निःशल्य थया विना गुणो वृद्धि पामता नथी; तेटलेज अटको रहे छे.

जइ दुक्कर दुक्करकारउत्ति, भणिओ जहट्ठिओ साहू।
तो कीस अज्जसंभूअ–विजयसीसेहिं नवि खमियं ॥६६॥

अर्थ–' जो यथास्थित एवा श्री स्थूलिभद्र नामना साधुने गुरुए (... चोमासुं रहीने आव्या त्यारे) 'दुष्कर दुष्कर कारक' एवा बहुमानपूर्वक ... ने गुरुवचनने श्री संभूतिविजयना शिष्य सिंहगुफावासी मुनिए शामाटे न सहन कर्युं ?" आ तेमनुं निर्विवेकीपणुं छे; माटे यथास्थित गुणोने जोइने ...ने तेना पर तो अनुरागज करवो; द्वेष न करवो.

जइ ताव सव्वओ सुंदरुत्ति, कम्माण उवसमेण जइ।
धम्मं वियाणमाणो, इयरो किं मच्छरं वहइ ॥ ६७॥

... कोइ प्रथम कर्मना उपशमवडे करीने सर्व प्रकारे सुंदर ... जाणतो मनो शामाटे तेना उपर मत्सर वहन करे ?" ... आ सर्व प्रकारे कोइ जीवनी 'आ सर्व प्रकारे सारो छे' ... धर्मना जाण एवा मुनिए तेना प्रत्ये मत्सर धारण करवो ते व्यर्थज छे.

... गुणसमुद्धोत्ति, जो न सहइ जइ ... नवा महापीढपीढ रिसी ॥ ६८

पीठ अने महापीठ मुनिनी कथा.

ांविदेह क्षेत्रमां 'वज्रनाभ' चक्री राज्य छोडी चारित्र ग्रहण करी चौदपूर्वधारी ना बीजा चार नाना भाइओ बाहु, सुबाहु, पीठ अने महापीठ पण दीक्षा लइ अंगने धारण करनारा थया. तेमां बाहु मुनि पांचसे साधुने आहार लावीने हता, सुबाहु मुनि तेटलाज साधुओनो वैयावच्च करता हता, अने पीठ महा- ने अध्ययन करता हता. एक दिवसे गुरुए बाहु अने सुबाहु मुनिनी प्रशंसा करी. ओने पीठ अने महापीठने इर्ष्या उत्पन्न थइ. तेओ विचारवा लाग्या के 'अहो! अविवेकीपणुं तो जुओ! तेओ हजु राजस्वभाव तजता नथी. पोतानी वैयावच्च अने अन्न पाणी लावी आपनारने वखाणे छे. आपणे बंने जणा दररोज अ- ने तप करीए छीए' परंतु गुरु आपणी प्रशंसा करता नथी.' ए प्रमाणे इर्ष्या- रेत्र पाणता छेवटे पांचे साधुओ काळ करीने सर्वार्थसिद्ध विमानमां देवपणे थया. त्यांथी च्यवी वज्रनाभनो जीव श्रीऋषभदेव थया, बाहु सुबाहुना जीवो वना पुत्र भरत अने बाहुबलि थया अने पीठ महापीठना जीवो इर्ष्या करवा- वेद बांधेल होवाथी ऋषभदेवनी पुत्रीओ ब्राह्मी अने सुंदरी थया.

: प्रमाणे जेओ गुणप्रशंसामां इर्ष्या करेछे तेओ पीठ अने महापीठनी पेठे हीनप- ामे छे; तेटलामाटे विवेकीओए कदि पण गुणी प्रत्ये मत्सर धारण करवो नहि.

परपरिवायं गिण्हइ, अट्ठमयविरल्लणे सया रमइ ।
डज्झइ य परसिरीए, सकसाओ दुक्खिओ निच्चं ॥ ६९ ॥

अर्थ-"जे पारका अपवादने ग्रहण करे छे-बोले छे, आठ मदने विस्तारवामां रमे छे-मदमां आसक्त रहे छे अने पारकी लक्ष्मी-शोभा देखीने दाझे छे-बळेछे सकषायी पुरुष निरंतर दुःखीओ जाणवो."

विग्गहविवायरुइणो, कुलगणसंघेण बाहिरकयस्स ॥
नत्थि किर देवलोए वि, देवसमिइसु अवगासो ॥ ७० ॥

अर्थ-"विग्रह ने विवादनी रुचिवाळा अने कुळ गण संघे बहार करेला एवाने ोकमां देवसभाने विषे पण अवकाश एटले प्रवेश प्राप्त थतो नथी."७०-अर्थात् युद्ध मां के मिथ्या विवाद करवामां तत्पर एवा अने कुळ ते नागेंद्रादि, गण ते कुळनो

ा ६९—अष्टमदविस्तारणे. गाथा ७०—देवसभायां अवकाशः प्रवेशः

समुदाय अने संघ चतुर्विध (साधु, साध्वी, श्रावक ने श्राविका) तेमणे अयोग्य ने जेने वहार कर्यो होय-कुळ, गण के संघथी दूर करेल होय तेने स्वर्गमां देवसभामां पण अवकाश मळतो नथी एटले ते किल्बिष जातिना नीच देवपणे उपजे छे. तेने देवसभामां बेसवानो हक मळतो नथी. ए किल्बिष देवो मनुष्यमां जेम ढेढ छे तेम देवताओमां हलकी जातिना देव गणाय छे.

जइ ता जणसंववहार-वज्जिय मकज्ज मायरइ अन्नो ।
जो तं पुणो विकत्थइ, परस्स वसणेण सो दुहिओ ॥ ७१ ॥

अर्थ-"जो प्रथम कोइ अन्य, जनव्यवहार-लोकाचारमां वर्जित-निषिद्ध एवां चौर्यादि अकार्यने-पापकर्मने आचरे छे अने जे पुरुष ते पापकर्मने (लोकसमक्ष) विस्तारे छे ते पारके दुःखे दुःखीओ थाय छे अर्थात् बीजो माणस परनिंदा करवाथी निरर्थक पापनो भाजन थाय छे." ७१

सुट्ठुवि उज्जमसमाणं, पंचेव करिंति रित्तयं समणं ।
अप्पथुइ परनिंदा, जिब्भो वत्था कसाया य ॥ ७२ ॥

अर्थ-"तपसंयम क्रियाने विषे भले प्रकारे उद्यमवंत एवा साधुने पण १ आत्मस्तुति, २ परनिंदा, ३ जीह्वा, ४ उपस्थ इंद्रिय अने ५ कषाय ए पांच दोष, गुणरिक्तगुण, रहित करे छे. अर्थात् तप संयम क्रियावान् होय छतां पण जो आ पांच दोषमांथी कोइ दोष होय तो ते मुनि गुणरहित थइ जाय छे." ७२

आत्मस्तुति ते पोतानी प्रशंसा स्वमुखे करवी, परनिंदा ते पारका अपवाद बोलवा, जीह्वा शब्दे रसेंद्रियनुं परवशपणुं, उपस्थ शब्दे पुरुषचिन्ह या स्त्रीचिन्ह तेना विषयनुं अभिलाषीपणुं अने कषाय ते क्रोधादि चार-आ पांच प्रकारना दोषथी गुणरहित थवाय छे.

परपरिवायमईओ, दूसइ वयणेहिं जेहिं जेहिं परं ।
ते ते पावइ दोसे, परपरिवाई इअ अपिच्छो ॥ ७३ ॥

अर्थ-"पारका अपवाद बोलवामां निपुण बुद्धिवाळा पुरुष जे जे वचनोए करीने

गाथा ७१—कश्चित्. गाथा ७२—सुट्ठवि उज्जममाणं करंति अप्पथुइ निन्दोरन्या जिह्वा उपस्थाः गाथा ७३—परपरिवायमइय. अपिच्छा—अप्रेक्ष्य

रने दोषवंत करेछे ते ते दोषने पोते पामे छे. ए हेतु माटे परपरिवादी पुरुष अप्रेक्ष्य–अदर्शनीय–न जोवा लायक छे, अर्थात् परनिंदाकारक पुरुषनुं मुख पण जोवा लायक नथी." ७३

थद्धा छिद्दप्पेही अवन्नवाई सयंमई चवला ।
वंका कोहणसीला, सीसा उव्वेअगा गुरुणो ॥ ७४ ॥

अर्थ–"स्तब्ध ते अनम्र–अभिमानी, छिद्रान्वेषी ते अवर्णवादि, स्वयंमति ते स्वेच्छाचारी, चपळ स्वभावी, वक्र अने क्रोधस्वभावी–एवा शिष्यो गुरुने उद्वेगना करावनारा होय छे." ७४

जस्स गुरुंमि न भत्ती, न य बहुमाणो न गउरवं न भयं ।
नवि लज्जा नवि नेहो, गुरुकुलवासेण किं तस्स ॥ ७५ ॥

अर्थ–" जे शिष्यने गुरुने विषे भक्ति न होय, बहुमान न होय, गुरुनुं गौरव न होय, गुरुनो भय न होय, गुरुनी लज्जा न होय अने गुरु उपर स्नेह पण न होय तेवा शिष्यने गुरुकुलवासे करीने शुं ? अर्थात् तेवा दुर्विनीत शिष्यने गुरु समीपे वसवाथी कांइ पण फळ नथी." ७५

भक्ति एटले विनय–गुरुने आवता देखीने उभा थवुं, आसन आपवुं विगेरे अने बहुमान ते अभ्यंतर भक्ति समजवी.

रूसइ चोइज्जंतो, वहइ हियएण अणुसयं भणिओ ।
नय कम्हिं करणिज्जे, गुरुस्स आलो न सो सीसो ॥ ७६ ॥

अर्थ–"जे शिष्य गुरुए प्रेरणा कर्यो सतो रोष करेछे अने बोलाव्यो सतो अनुशय एटले क्रोधने हृदयमां धारण करे छे तथा कोइ पण कार्यमां काम आवतो नथी. तेवो शिष्य ते गुरुने आळरूप छे, शिष्य नथी." ७६ शिक्षाने ग्रहण करे ते शिष्य कहेवाय जेनामां शिक्षाग्रहणनो अभाव छे ते शिष्य कहेवायज नहि.

उव्विल्लण सूअण परिभवेहिं, अइ भणिय दुठ भणिएहिं ।
सत्ताहिया सुविहिया, नचेव भिंदंति मुहरागं ॥ ७७ ॥

गाथा ७४—उवेअगा–उद्वेगकारकाः गाथा ७५— गोरवं.
गाथा ७६—चोयंज्जंतो. कम्मिं. गाथा ७७—परभवेहिं. भिंदंति.

थी अल्प फळवाळो थयो." ८१ एटलो तप जो दयायुक्त कर्यो होत तो तेनुं मुक्ति फळ प्राप्त थात. तेथी जिनाज्ञायुक्त तपज प्रमाण छे.

अहीं आटला बधा तपथी मात्र जेने इशानइंद्रपणानी प्राप्ति थइ एवा तामलि नुं दृष्टांत जाणवुं. २२.

तामलि तापसनी कथा.

तामलिप्ती नगरीमां 'तामलि' नामे शेठ वसतो हतो. एक दिवस तेणे पोताना गृहभार सोंपीने वैराग्यपरायण थइ तापसी दीक्षा लीधी अने नदीना कांठा उपर लाग्यो. तेमज कायम छठ्ठ करीने पारणुं करवा लाग्यो पारणाना दिवसे पण जे ार लावतो तेने नदीना जळथी एकवीशवार धोइ निरस करीने खातोहतो अने उपर छठ्ठ करतो हतो. ए प्रमाणे साठ हजार वर्ष सुधी तेणे दुष्कर अज्ञानतप कर्युं.छेवट ान अंगीकार कर्युं. ने अवसरे बलींद्र च्यवी गयेल होवाथी बलिचंचा राजधानीना ारा असुरोए आवी, अनेक प्रकारना नाट्य अने समृद्धि बतावी तामलि तापसने ति करी के—'हे स्वामिन् ! तमे नियाणुं करी अमारा स्वामी थाओ. अमे स्वामी छीए.' ए प्रमाणे त्रणवार कह्या छतां पण तेणे तेमनुं वचन अंगीकृत कर्युं नहि. पछी पुर्ण थये कषाय अल्प होवाथी तेमज अत्यंत कष्ट करेलुं होवाथी तेना प्रभाववडे ते करीने इशान देवलोकमां इंद्रपणे उत्पन्न थया, अने तरतज समकित प्राप्त कर्युं. ज्ञानपूर्वक तप करवुं एज मोक्ष आपनारुं छे. तेथी थोडुं पण तप दया अने ज्ञानयुक्त ुं; पण तामलि तापसनी पेठे अज्ञान ने हिंसायुक्त करवुं नहि.

छज्जीवकायवहगा, हिंसकसत्थाइं उवइसंति पुणो ।
सुबहुंपिं तवकिलेसो, बालतवस्सीण अप्पफलो ॥ ८२ ॥

अर्थ—"छ जीवकायना वध करवावाळा अने वळी हिंसक शास्त्रोनो उपदेश करे छे बाळ तपस्वीओनो अति प्रचुर एवो तपक्लेष पण अल्प फळवाळो थाय छे. तेथी ाना त्यागवडेज तप महाफळने आपे छे एम समजवुं." ८२

अहीं छ जीवकाय ते पृथ्वी, पाणी, अग्नि, वायु, वनस्पति अने बेइंद्रियादि त्रस ो समजवा. बालतपस्वी ते अज्ञान कष्ट करनारा तापसादि जाणवा.

परियच्छंति सव्वं, जहट्ठियं अवितहं असंदिद्धं ।
तो जिणवयणविहिन्नू, सहंति बहुअस्स बहुआइं ॥ ८३ ॥

गाथा ८३—परियच्छंतिय. बहूअस्स. बहुआए.

अर्थ-"(जे साधु होय छे ते) यथास्थित, सत्य अने संदेह विनानुं मा सर्व पदार्थोनुं स्वरूप जाणे छे तेथी तेवा जिनवचननी विधिना जाणवावाम घणां जनोनां घणां दुर्वचनादि सहन करे छे." ८३ तेथी तेमनुं तप अर्थे थाय छे.

जो जस्स वट्टए हियए, सो तं ठावेइ सुंदरसहावं।
वग्घी छावं जणणी, भद्दं सोमं च मन्नेइ ॥ ८४ ॥

अर्थ-"जे जेना हृदयमां वर्त्ततुं होय छे ते तेने सुंदर स्वभाववाळु स्था छे. अहीं दृष्टांत कहे छे के वाघण माता पोताना बाळकने भद्र अने सौम्य मा जेम वाघण अज्ञानपणाथी अभद्र अने अशांत-सर्व जीवनुं भक्षण कर पोताना बाळकने पण भद्र अने शांत माने छे तेम अज्ञानीओ पोताना गयेला पोताना अज्ञान तपने पण सम्यग् तप जाणेछे-मानेछे; परंतु ते मानवुं

मणिकणगरयणधणपूरियंमि, भवणंमि सालिभद्दोवि।
अन्नोवि किर मज्झवि, सामिओत्ति जाओ विगयकामो

अर्थ "मणि, कंचन, रत्न अने धनवडे पूरित-भरेला एवा भुवनमां पण शालिभद्र नामे श्रेष्ठी निश्चये 'मारो पण बीजो स्वामी छे' एम वि विषयाभिलापरहित थइ गयो." ८५ अर्थात् 'हजु मारे माथे पण बीजो' एम लक्षमां आवतां, जो एम छे तो तो आ मारा वैभवने धिक्कार छे' शालिभद्रे विषयभोग तजी चारित्र अंगीकार कर्युं.

अहीं शालिभद्रनो संबंध प्रसिद्ध होवाथी संक्षेपे कहे छे. २२

श्री शालिभद्रनुं दृष्टांत.

पूर्व भवमां शालिग्राममां रहेनारी 'धन्या' नामनी कोइ दरिद्री स्त्री हती. वाने माटे 'संगम' नामना पोताना पुत्रनेलइने राजगृह नगरीमां आवी, अने पा करवा लागी. संगम पण गामना वाछरडाओ चारवा लाग्यो. एक दिवस क मने दरेक घरे क्षीर थती जोइ ते खावानी इच्छा थवाथी सगमे पण पासे क्षीरभोजन माग्युं. तेणे पण पाडोशणोए आपेल दूध विगेरेथी क्षीर मने थाळीमां पीरसी. ते क्षीर अति उष्ण होवाथी संगम फुंके छे तेवामां

गाथा ८४- छावं-सुत. गाथा ८५--पूरयंमि. अन्नो.

ोइ साधु त्यां वहोरवा माटे पधार्या. तेमने जोइ संगमने अति हर्ष थवाथी ; भावपूर्वक बधी क्षीर ते मुनिने वहोरावी दीधी. पछी ते विचार करवा के–'आजे साधु रूपी सत्पात्र मने प्राप्त थवाथी हुं अति धन्य छु!' ए प्रमाणे कार्यनी प्रशंसा करवा लाग्यो. आ प्रमाणे अनुमोदना सहित दान घणुं फळ थाय छे. कह्युं छे के—

ानंदाश्रूणि रोमांचो, बहुमानं प्रियंवचः ।
कैंचानुमोदना पात्र–दानभूषणपंचकम् ॥

आनंदथी नेत्रमां आंसु आववां, रोमराय विकस्वर थवा, बहुमान सहित ुं, प्रिय वचन बोलतां आपवुं अने तेनी अनुमोदना करवी; ए पांच सुपात्र ूषण छे."

ों संगमे साधुने दान आपवाथी घणुं पुण्य उपार्जन कर्युं. कह्युं छे के—

याजेस्याद्द्विगुणं वित्तं, व्यवसाये चतुर्गुणम् ।
ेत्रे शतगुणं प्रोक्तं, पात्रेऽनंतगुणं भवेत् ॥

व्याजनी अंदर धन बमणुं थाय छे, व्यवसाय (व्यापारादि)थी चारगणुं क्षेत्रमां सोगणुं थायछे, अने पात्रमां आपवाथी तो अनंतगणुं थायछे." वळी दान आप्युं ते अति दुष्कर छे कारणके–

ाणं दरिद्दस्स पहुस्स खंती, इच्छानिरोहोय सुहोइयस्स ।
ारुण्णए इंदियनिग्गहोय, चत्तारि एयाइं सुदुक्कराइं ॥

दरिद्री छतां दान आपवुं, सामर्थ्य छतां क्षमा राखवी, सुखनो उदय छतां ोध करवो अने तरुणावस्थामां इंद्रियोनो निग्रह करवो–आ चार वातो अति ."

धुना गया पछी संगमनी मा आवी. तेणे थाळी खाली जोइने बाकी रहेली सी. पछी ते विचार करवा लागी के–"आटली बधी भुखवाळो मारो पुत्र दर- ्योज रहेतो जणाय छे, तेथी मारा जीवितने धिक्कार छे!" ए प्रमाणेनी स्नेह- ोपथी (पुत्रने दृष्टि लागवाथी) तेज रात्रिए शुभ ध्यानथी मृत्यु पामीने संग- ्र तेज शहेरमां गोभद्र नामना शेठने घेर तेनी स्त्री भद्रानी कुक्षिमां परिपूर्ण शालि (डांगर)थी भरपूर क्षेत्रना स्वप्नथी सूचित पुत्रपणे उत्पन्न थयो.

पिताए तेनुं नाम शालिकुमार पाड्युं. युवावस्था प्राप्त थतां तेने बत्रीश स्त्रीओ एक लग्ने परणावी. त्यारपछी गोभद्र शेठ चारित्र ग्रहण करी प्रांते अनशन सौधर्म देवलोकमां देवता थया पछी अवधिज्ञानथी पोताना पुत्रने जोइने अति वनी त्यां आवी तेने दर्शन दीधुं अने भद्राने कह्युं के-'शालिभद्रने सर्व प्रकारनी मग्री हुं पूरी पाडीश.' एटलुं कहीने ते गयो. पछी गोभद्रनो जीव देवता तेमने पूरवा लाग्यो. दररोज ३२ स्त्रीओ अने शालिभद्रने माटे ३३ पेटी वस्त्रोनी, ३ आभूषणोनी अने ३३ पेटी भोजनादि पदार्थोनी कुल ९९ पेटी मोकलवा लाग्यं

यद्गोभद्रः सुरपरिदृढो भूषणाद्यं ददौ य-
ज्जातं जायापदपरिचितं कंबलिरत्नजातम् ।
एण्यं यद्भाजनि नरपतिर्यच्च सर्वार्थसिद्धि-
स्तद्दानस्याद्भुतफलमिदं शालिभद्रस्य सर्वम् ॥

"देवताओमां श्रेष्ठ एवा गोभद्रे जेने भूषणादि आप्यां, रत्नकंबल जेनी पगनी साथे परिचयवाळां थयां, एटले जेनी स्त्रीओए रत्नकंबल तो पग लुछवामां जेने राजा (श्रेणिक) करियाणा रूप बन्यो अने जेणे प्रांते सर्वार्थसिद्धि विम कर्युं-आ प्रमाणे शालिभद्रने दाननुं सर्व प्रकारनुं अद्भुत फळ प्राप्त थयुं."

पादांभोजरजः प्रमार्जनमपि क्ष्मापाललीलावती-
दुःप्रापाद्भुतरत्नकंबलदलैर्यद्वल्लभानामभूत् ।
निर्माल्यं नवहेममंडनमपि क्लेशाय यस्यावनी-
पालालिंगनमप्यसौ विजयते दानात्सुभद्रांगजः ॥

'जेनी स्त्रीओना चरणकमळ उपर लागेली रजनुं प्रमार्जन राजानी रा वीओने पण दुष्प्राप्य एवा रत्नकंबलना ककडावडे थयुं, जेने नवीन सुवर्णनां ण दरेक दिवसे निर्माल्य रूप थया, अने जेने भूपतिनुं आलिंगन पण क्लेश रूप हतुं एवो सुभद्रानो पुत्र शालिभद्र पूर्वे करेला दानथी विजय पामे छे."

आवी शालिभद्रनी समृद्धि जोइने श्रेणिक राजाए पण आ प्रमाणे वि कर्युं के—

स्फुटं महानर्थकिर्दद्भानुर्यथोच्यते ।
मारकेणापि योगेऽपि नरेंद्रास्तथा वयम् ॥

" जेम स्नुही नामनुं झाड बहु नानुं होयछे छतां महातरु कहेवायछे, अने अग्नि जेटलो होय छतां पण ते वृहद् भानु (मोटामां मोटो सूर्य) कहेवाय छे, तेवोज अमे सारभूत तेज वगरना छतां पण नरदेव कहेवाइए छीए. "

शालिभद्रे पण पोताने घेर आवेला श्रेणिक राजाने पोताना स्वामी जाणीने युं के–'आ मारी पराधीन लक्ष्मीने धिक्कार छे !' ए प्रमाणे वैराग्यपरायण बनी ज एकेक स्त्रीने तजवा लाग्यो. ते हकीकत सांभळीने धन्य नामना तेना बनेवीए ने एक साथे सर्वस्त्रीओनो त्याग करी दीक्षा लेवानी तेने प्रेरणा करी. आ प्रमा- प्रेरणाथी उत्साहित बनी श्री महावीर स्वामीनी पासे जइ चारित्र ग्रहण करी र तप तपी बार वर्ष पर्यंत दीक्षापर्याय पाळी अंते एक मासनी संलेखना करी र्थसिद्धि विमानमां तेत्रीश सागरोपम आयुष्यवाळा अहमिन्द्र[1] देवपणे उत्पन्न थया. आ मुनिने धन्य छे के जेमणे सघळुं अनुत्तर (सर्वथी उत्तम) प्राप्त कर्युं.

अनुत्तरं दानमनुत्तरं तपो, ह्यनुत्तरं मानमनुत्तरं यशः ।
श्रीशालिभद्रस्य गुणा अनुत्तरा, अनुत्तरं धैर्यमनुत्तरं पदम् ॥

" तेनां (शालिभद्रनां) दान, तप, मान, यश, गुणो, धैर्य अने पद[2]–ए सर्व त्तर (जेनाथी अन्य श्रेष्ठ नथी एवां) छे. "

आ प्रमाणे ज्ञान सहित तप करवामां आवे तो मोटुं फळ प्राप्त थायछे.

न करंति जे तव संजमं च ते तुल्लपाणिपायाणं ।
पुरिसा सम पुरिसाणं, अवस्स पेसत्तण मुविंति ॥ ८६ ॥

अर्थ–" जे प्राणी तप (बार प्रकारे) अने संयम (सत्तर प्रकारे) करता–आदरता ते पुरुषो समान हाथपगवाळा अने सदृश पुरुषाकार धारण करनारनुं सेवकपणुं श्य प्राप्त करे छे. " ८६

शालिभद्रे एज विचार कर्यो हतो के–" श्रेणिकमां ने मारामां कांइ पण हाथपगनुं ोषपणुं नथी ते छतां ते स्वामी ने हुं सेवक, तेनुं कारण मात्र में पूर्वजन्ममां सुकृत नथी ते ज छे. " आम विचारीने तेणे चारित्र ग्रहण कर्युं.

सुंदर सुकुमाल सुहोइएण, विविहेहिं तवविसेसेहिं ।
तह सोसविओ अप्पा, जह नवि नाओ सभवणेपि ॥८७॥

---

१ जेने स्वामी तरीके इन्द्र होता नथी तेओ पोतेज पोताना विमानना ाथी अहमिंद्र कहेवाय छे. २ पद ते स्थान–अनुत्तरविमान. ८६
ा ८७—सभवणेवि.

अर्थ-"सुंदर (रूपवान), सुकुमाळ(मृदु शरीरवाळा)अने सुखोचित अर्थात् सुखना अभ्यासी एवा शालिभद्रे विविध प्रकारनां तप विशेषवडे करीने पोताना एवो शोषव्यो-दुर्बळ कर्यो के जेथी पोताने घेर पण ते ओळखी शकाया नहि."

शालिभद्र मुनि थया पछी पाछा राजगृहीए आव्या त्यारे पोतानी माताने गोचरी निमित्ते जतां तेना सेवकपुरुषोए पण तेमने ओळख्या नहि एवो तपस्यावडे देह सुकवी नाख्यो हतो.

दुक्कर मुद्धोसकरं, अवंतिसुकुमाल महरिसीचरियं ।
अप्पावि नाम तह तज्ज-इत्ति अच्छेरयं एयं ॥ ८८ ॥

अर्थ-"दुष्कर अने सांभळतां पण रोमोत्कंप करे-रुंवाडां उभां थाय एवुं अवंतिसुकुमाळ महर्षिनुं चरित्र छे; जे महात्माए पोताना आत्माने पण एवा प्रकारे पीडा कर्यो के जेमनुं चरित्र संपूर्ण आश्चर्यकारक थयुं." ८८

अहीं अवंतिसुकुमाळनो संबंध जाणवो. २४

अवंतिसुकुमाळ कथा.

अवंती देशमां उज्जयिनी नगरीमां भद्रा नामनी एक शेठनी स्त्री हती तेने नलिनीगुल्म विमानथी च्यवीने आवेलो अवंतिसुकुमाल नामे पुत्र थयो. ते बत्रीश स्त्रीओ साथे विषयसुखनो अनुभव करतो हतो. एक दिवस पोताना घरनी नजीक सुस्थित आचार्यना मुखथी रात्रिनी पहेली पोरषीमां नलिनीगुल्म विमान सांभळी जातिस्मरणज्ञान थवाथी पूर्वभवनु स्वरूप जाणी, त्यां (नलिनीगुल्म विमानमां) जवाने उत्सुक थयेलो अवंतिसुकुमाल गुरु पासे जइ विनयपूर्वक पूछवा लाग्यो 'आपे नलिनीगुल्म विमाननुं स्वरूप केवी रीते जोयुं?' गुरुए कह्युं के 'सिद्धांतरूप नेत्रथी जोयुं छे.' पछी अवंतिसुकुमाले पूछयुं के 'ते केवी रीते प्राप्त थाय?' गुरुए कह्युं के 'चारित्र पाळवाथी. कारणके चारित्र आलोक अने परलोकमां सर्व प्रकारनुं सुख आपे छे.' कह्युं छे के-

नो दुष्कर्मप्रयासो न कुयुवतिसुतस्वामिदुर्वाक्यदुःखम् ।
राजादौ न प्रणामोऽशनवसनधनस्थानचिंता न चैव ॥
ज्ञानाप्तिर्लोकपूजा प्रशमपरिणतिः प्रेत्यनाकाद्यवाप्ति ।
चारित्रे शीवदायके सुमतयस्तत्र यत्नं कुरुध्वम् * ॥

गाथा ८८— चरीयं. २ तज्जयति. * आ चोथुं पद भूलवाळुं जणाय छे.

" जेनी अंदर दुष्कर्म संबंधी प्रयास नथी, जेनी अंदर खराब स्त्री, पुत्र के स्वा- दुर्वाक्यश्रवणनुं दुःख नथी, जेनी अंदर राजा आदिने प्रणाम करवो पडतो नथी, अंदर भोजन, वस्त्र धन के स्थान माटे चिंता करवी पडती नथी, जेनी अंदर नी प्राप्ति थाय छे, लोको पूजा करे छे, शांतभाव परिणमे छे, अने परभवे दिनी प्राप्ति थाय छे एवा मोक्षदायक चारित्रमां हे विद्वान् पुरुषो! तमे न करो."

'माटे चारित्र ग्रहण करी, अनशन करवावडे नलिनीगुल्म विमान मेळवी शकाय ' ए प्रमाणे गुरुमुखथी सांभळीने अवंतिसुकुमाळे कह्युं के 'मैं चारित्र अने अनश- नवथी अंगीकार कर्युं छे.' गुरुए ज्ञानथी जाण्युं के 'आवुं कार्य आ प्रमाणेज थवानुं छे तेथी तेने रात्रिएज साधुवेष आप्यो. ते वेष धारण करीने ते शहेरथी र स्मशानभूमिए जइ कंथेर (थोर) ना वनमां कायोत्सर्ग मुद्राथी रह्या. त्यां जतां मां कांटा, कांकरा आदिना प्रहारथी अतिकोमळ एवा तेना चरणना तळीयामांथी र स्रववा लाग्युं. तेना गंधथी पूर्व भवमां अपमानित करेली स्त्रीनो जीव शियाळ- णां बच्चांओथी परिवृत्त थइ त्यां आवी अने तेनुं शरीर खावा लागी. परंतु ते मुनि पण क्षुभित थया नहि. तेमनुं चित्त स्थिर होवाथी अति वेदना सहन करता सता करीने ते नलिनीगुल्म विमानमां देवपणे उत्पन्न थया. प्रातःकाळमां ते सगळुं माता भद्राए जाण्युं. एटले एक गर्भवंती वहुने घरमां राखीने बाकीनी तमाम ी साथे भद्राए चारित्र ग्रहण कर्युं. घर आगळ रहेली वहुने एक पुत्र थयो. ते स्मशानभूमिमां एक जिनप्रासाद चणाव्यो अने तेमां जिनप्रतिमा स्थापी. स्मशा- नाम 'महाकाळ' पडयुं.

जे प्रमाणे अवंतिसुकुमाले धर्मने अर्थे पोताना शरीरनो त्याग कर्यो परंतु ग्रहण ा व्रतना भंग कर्यो नहि, तेवी रीते अन्य जनोए पण धर्मविषयमां यत्न करवो, आ कथानो उपदेश छे.

अच्चूढ सरीरघरा, अन्नो जीवो सरीर मन्नंति ॥
धम्मस्स कारणे सुविहिया, सरीरंपि छड्डंति ॥ ८९ ॥

अर्थ—" तजी दीधो छे शरीर रूपी घरनो मोह जेणे एवा सुविहितो—उत्तम पुरुषो कारणे 'आ जीव अन्य छे अने शरीर अन्य छे' एवीबुद्धिवडे करीने शरीरने जी दे छे." ८९

ाथा ८९—उच्छूढ, आच्छुढ.

आ देहनो संबंध एक भवनोज छे अने ते शरीर जन्मे जन्ममां नवुं नवुं छे, पण धर्म जो तजी दीधो तो ते फरीने प्राप्त थवो दुर्लभ छे, तेथी उत्तम धर्मने कारणे शरीरने तजे छे पण शरीरने कारणे धर्मने तजता नथी. माटे पण धर्मने न तजवो.

एकं दिवसंपि जीवो, पवज्जमुवागओ अनन्नमणो ।
जइवि न पावइ मुख्खं, अवस्सं वेमाणिओ होइ॥ ९०॥

अर्थ–" चारित्र धर्मनुं फळ कहेछे–अनन्य मनवाळो जीव एक दिवस पण (दीक्षा) प्रतिपन्न करे अर्थात् भवमांते एक दिवस पण शुद्ध दीक्षा पाळे तो ते संहनन काळादिना अभावथी–मोक्ष न पामे, परंतु अवश्य वैमानिक देव तो थाय."

एक दिवसना विशुद्ध मनयुक्त चारित्रनुं फळ आ काळमां पण वैमानिक देवपणानी प्राप्ति थवा रूप छे.

सीसावेढेण सिरंमि–वेढिए निग्गयाणि अच्छीणि ।
मेयज्जस्स भगवओ, नय सो मणसावि परिकुविओ ॥ ९१ ॥

अर्थ–" लीली चामडानी वाधरवडे मस्तकने वेष्टित कर्ये सते (ते सुकाइने) आंखो नीकळी पडी, परंतु ते मेतार्य भगवंत मनथी (लेश मात्र) पण (सोनी उपर) कोपायमान थया नहि." ९१

मेतार्य मुनिना मस्तके सोनीए लीली वाधर वींटी ते सुकावाथी नसोनुं खेंचाणे थवाने लीधे बंने नेत्र नीकळी पडयां, परंतु मेतार्य मुनि किंचित् मात्र पण ते उपर कोपायमान थया नहि. एवी रीते बीजा मुनिराजोए पण क्षमा करवी.

अहीं मेतार्य मुनिनुं दृष्टांत जाणवुं. २५

मेतार्यमुनिनी कथा.

साकेतनपुरमां 'चंद्रावतंसक' नामे अत्यंत धार्मिक राजा हतो. तेने 'सुदर्शना' नामनी स्त्री हती. ते स्त्रीनी कुक्षिथी 'सागरचंद्र' ने 'मुनिचंद्र' नामे बे पुत्र उत्पन्न थया हता. ते बेमां मोटाने युवराजपद आप्युं अने नानाने उज्जयिनी राज्य आप्युं. बीजी 'प्रियदर्शना' नामे राणीथी 'गुणचंद्र' अने 'बालचंद्र' नामे बे पुत्र थया. ए प्रमाणे चार पुत्र विगेरेथी परिवृत थइ ते राजा राज्य करतो हतो.

गाथा ९०–जइ नवि. अवस्स. गाथा ९१—सिरंमि आर्द्रचर्मणा.

क दिवस चंद्रावतंसक राजाए पौषध कर्यो हतो. ते रात्रिए एकांतवासमां रह्या
णे एवो अभिग्रह कर्यो के 'ज्यांसुधी आ दीवो बळे त्यांसुधी मारे कायोत्स-
थत रहेवुं' ते अभिग्रहने नहि जाणनारी कोइ दासीए ते दीवामां तेल पूर्यां
णो वखत कायोत्सर्गमां स्थित रहेवाथी राजाने शिरोवेदना थइ, तेथी ते
म्यो अने देवलोकमां गयो. ते जोइ सागरचंद्रे विचार्युं के–'आ देहनो संबंध
छे, जे प्रातःकालमां जोवामां आवेछे ते मध्यान्हे जोवामां आवतुं नथी अने
ान्हे जोवामां आवेछे ते रात्रिए नाश पामेछे. वायुए कम्पावेला पत्र जेवुं आ
क्षणे क्षणे क्षीण थतुं जाय छे. कह्युं छे के–

आदित्यस्य गतागतैरहरहः संक्षीयते जीवितम्
व्यापारैर्बहुकार्यभारगुरुभिः कालो न विज्ञायते ॥
दृष्ट्वा जन्मजराविपत्तिमरणं त्रासश्च नोत्पद्यते
पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्तभूतं जगत् ॥

'सूर्यना गमन ने आगमनथी आयुष्य दररोज क्षय पामेछे, बहु प्रकारना कार्य-
मोटा मोटा व्यवसायोथी काळ केटलो गयो ते जणातुं नथी, अने जन्म, वृद्धा-
विपत्ति ने मरण जोइने माणसोने त्रास उत्पन्न थतो नथी; तेथी (जणायछे के)
ी प्रमाद रूपी मदिरानुं पान करीने आ जगत उन्मत्त थयेलुं छे."

इत्यादि कारणथी जेनुं चित्त वैराग्यवान थयेलुं छे एवो 'सागरचंद्र राज्यथी परा-
हतो छतां पण तेनो ओरमान माताए कह्युं के 'मारा बंने पुत्रो हाल राज्यभार
करवाने अशक्त छे, तेथी तुं आ राज्यधुराने ग्रहण कर.' ए प्रमाणे बळात्कारथी
रचंद्रने राज्य उपर स्थापित कर्यो, परंतु ते विरक्त मनथी राज्यनुं पालन करेछे.
मे तेने समृद्धि ने कीर्तिथी वधी गयेलो जोइने तेनी ओरमान माता दुभाणी,
ते दररोज तेनी ईर्ष्या करेछे अने छिद्र खोळेछे. एक दिवस क्रीडाने वास्ते
ां गयेला 'सागरचंद्रने' माटे तेनी माताए दासी मारफत एक लाडु मोकल्यो. ते
ी लाडु आपवा जती हती ते वखते तेने बोलावीने ओरमान माताए पूछ्युं के–
शुं छे?' तेणे कह्युं के–'हुं राजाने माटे लाडु लइ जाउंछुं.' तेणे कह्युं के–'जोउं,
केवो छे?' दासीए तेने आप्यो, एटले ते ओरमान माताए विषथी खरडायेला
वडे ते लाडुने सारी रीते स्पर्श करी विषमिश्रित करीने दासीने पाछो आप्यो.
ीए ते लाडु लइ जइने राजा पासे मूक्यो. राजाए ते मनोरंजक लाडु ग्रहण कर्यो.

परंतु ते अवसरे पोतानी आगळ हाथ जोडीने उभेला पोताना बे सावक
जोइने स्नेहवश थइ तेणे विचार कर्यो के 'मारा लघु बंधुओने छोडीने मारे
ते उचित नथी.' एम विचारीने तेणे लाडुना बे भाग करी बनेने वहेंची दीध
खाधो नहि. थोडा वखतमां पेला बंनेने विष चडवाथी भूमि उपर पडेव
राजा घणो खिन्न थयो, अने मणि मंत्र आदि प्रयोगोवडे तेमनुं झेर उत
(तेनुं कारण शोधतां) दासोना मुखथी ओरमान माताना हस्तस्पर्शथी थयेल
जाणोने तेनी पासे जइ ' सागरचंद्र ' उपालंभ आपवा लाग्यो के-' तने
पहेलां मारा आपतां छतां पण तें राज्य अंगीकार कर्युं नहि, अने सांप्रत
अकार्य कर्युं ! स्त्रीओना चरित्रने धिक्कार छे !' कह्युं छे के-

नितंबिन्यः पतिं पुत्रं, पितरं भ्रातरं क्षणम् ।
आरोपयंत्यकार्येऽपि, दुर्वृत्ताः प्राणसंशये ॥

" दुराचरणी स्त्रीओ पोताना पतिने, पुत्रने, पिताने अने भाइने [illegible] शंकाय तेना अकार्यमां पग जोडी दे छे." 'हवे दुर्गतिना [illegible] [illegible] ' एप्रमाणे विचार करी ते ओरमान माताना पुत्र 'गुण [illegible] दीक्षा लइ चाल्यो नीकल्या.

[illegible] विहार करतां कालनी शास्त्रना पारगामी थया. एकदा [illegible] सागरचंद्र मुनिने कह्युं के ' हे स्वामिन् ! उज्जयि [illegible] अने पुरोहितपुत्र बंने मळी साधुओनो घोडी हीळ [illegible] सांभळी गुरुनी आज्ञा लइने तेमने प्रतिबोध [illegible] [illegible] आव्या अने त्यां राजपुत्र अने पुरोहितपुत्र [illegible] [illegible] पेला बंने जणा मुनी [illegible]

णो लइ नगरनी वहार नीकळी वनमां कायोत्सर्गमुद्राए स्थित थया. अहीं राज-
ने पुरोहितपुत्र बंनेने घणी वेदना थवाथी ते पोकार करवा लाग्या. एटले राजाए
ने पूछ्युं के–' तमने शुं थयुछे ? ' त्यारे बीजा लोकोए कह्युं के–' अहीं एक मुनि
ा हता तेणे कंइक करेलुं जणाय छे. ' एटले राजा ते मुनिने खोळतो खोळतो
गयो. त्यां पोताना मोटा भाइने जोइ वांदीने अरज करवा लाग्यो के–' हे
! आपनी जेवा महात्माओने बीजाने पीडा करवी घटती नथी. ' ते सांभळीने
रचंद्रे कह्युं के–' तुं चंद्रावतंसक राजानो पुत्र पांचमो लोकपाळ छे, छतां साधुओने
देतां तारा पुत्रने तेमज पुरोहितपुत्रने शामाटे अटकावतो नथी ? आवो अन्याय
वर्तावे छे ? ' त्यारे मुनिचंद्र राजाए कह्युं के–' मारो अपराध क्षमा करो ते
जेवुं कर्युं तेवु तेनुं फळ भोगव्युं. परंतु आप पिताने स्थाने छो, माटे कृपा
ते बंनेने साजा करो. आपना शिवाय तेओनां अस्थि ठेकाणे लाववाने बीजो कोइ
ान नथी." एम कहीने बंनेने सागरचंद्र मुनि समीपे लाववामां आव्या. त्यारे
कह्युं के ' जो जीववानी इच्छा करता हो तो संयम लेवानु कबुल करो. ' तेमणे
ाणे कबुल करवाथी तरतज तेओने साजा करवामां आव्या, एटले चारित्र ग्रहण
तेओ साथेज नीकळ्या.

ए बे मुनिमां पुरोहितपुत्र जाते ब्राह्मण होवाथी तेणे जातिमद करवाने लीधे
गोत्र बांध्युं. चारित्र पाळीने अंते ते बंने देवता थया. तेओ परस्पर स्नेहवाळा
तेथी तेओए संकेत कर्यो के ' आपणामांथी जे प्रथम च्यवीने मनुष्य थाय तेने
मां रहेला बीजाए प्रतिबोध पमाडवो.' पछी कालांतरे प्रथम पुरोहितजीव च्यवीने
ह नगरमां ' महेर ' नामना चंडालना घरमां ' मेती ' नामनी भार्यानी कुक्षिमां
मद करवाथी अवतर्यो. ते चंडालनी भार्या ते शहेरमां कोइ शेठने घेर हमेशां आवेछे.
शेठनी स्त्री साथे अत्यंत मैत्री थइछे. शेठाणी मृतवत्सा [छोकरां जीवे नहि ते]
ोषवाळी होवाथी तेने छोकरां जीवतां नथी. ते वात तेणे चांडालनी स्त्रीने कही
कह्युं के–' आ वखते जो मने पुत्र थशे तो हुं तमने आपीश. ' काळे करीने तेने
जन्म्यो एटले ते पुत्र तेणे शेठाणीने गुप्तपणे आप्यो. शेठाणीए पुत्रजन्मनो महोत्सव
र्यो, अने मेतार्य एवुं ते छोकरानुं नाम पाड्युं. अनुक्रमे ते सोळ वर्षनो थयो.
वसरे मित्रदेव (राजपुत्रनो जीव) पूर्वनो संकेत होवाथी तेनी पासे आवीने तेने
करवा लाग्यो, पण ते प्रतिबोध पाम्यो नहि. अन्यदा तेना पिताए आठ
कपुत्राओनी साथे तेनो विवाह कर्यो. तेना लग्नवखते मित्रदेवे आवी चांडाल-
ना शरीरमां प्रवेश कर्यो तेथी ते लोकोने कहेवा लागी के–' आ मारो पुत्र छे.तमे

सुनक्षत्र मुनिनुं वृत्तांत.

एक वखत श्रीवीरप्रभु श्रावस्ती नगरीमां समवसर्या, त्यां गोशालक पण नगरमां एवी वात फेलाइ के आजे नगरमां बे सर्वज्ञ आवेला छे. एक अने बीजो गोशालक.ए वात गोचरीए गयेला श्रीगौतम स्वामीए सांभळी, तेथी भगवंतने पूछयुं के 'आ गोशालक कोणछे के जे लोकोनी अंदर सर्वज्ञ एवुं नाम छे.' भगवाने कह्युं के-"हे गौतम! सांभळ. सरवण नामना गाममां मंखलि नामनो जातिनो एक पुरुष हतो. तेने भद्रा नामनी स्त्री हती, तेनी कुक्षिथी ते जन्म्यो. घणी गायो हती तेवा एक ब्राह्मणनी गोशाळामां जन्मवाथी तेनुं नाम गोशालक हतुं. ते युवान थयो तेवामां हुं छद्मस्थ अवस्थाए फरतो राजगृह नगरने विशे रह्यो हतो.ते पण फरतो फरतो त्यां आव्यो.में चार मासक्षपणनां पारणां परमान्न वडे कर्यां.तेनो महिमा जोइने ते विचार करवा लाग्यो के 'जो हुं आनो शिष्य थाउं दररोज मिष्टान्न मळे.' ए प्रमाणे विचारी 'हुं तमारो शिष्य छुं' एम कही मारी लाग्यो.ते मारी साथे छ वर्ष पर्यंत भम्यो.एक दिवस कोइ योगिने जोइने तेणे करी के'आ जूओनुं शय्यातरछे' तेथी क्रोधितथयेला ते योगिए तेनापर तेजोलेश्या में शीतलेश्या मूकीने तेने बचाव्यो. पछी तेणे तेजोलेश्या उत्पन्न करवानो उपाय पूछ्यो.में पण भावि भाव जाणीने तेनो उपाय कह्यो,एटलेते माराथी जुदो पड्यो. छ मास कष्ट वेठी तेजोलेश्या साधी,अने अष्टांग निमित्तोनो पण जाण थयो.पछीथी प्रमाणे जनसमुदाय आगळ ते पोतानुं सर्वज्ञपणुं स्थापित करेछे; परन्तु ते खोडुं छे. कांइ जिन नथी अने सर्वज्ञ पण नथी." आ प्रमाणेनो भगवंते कहेली हकीकत सां ळीने त्रिक (त्रण मार्ग मळे ते स्थान) मां, चोकमां अने राजमार्गमां सघळा लोको कहेवा लाग्या के 'आ गोशालक सर्वज्ञ नथी.' ए सघळुं वृत्तांत गोशालके मुखथी सांभळ्युं, एटले तेने क्रोध उत्पन्न थयो. ते अवसरे आनंद नामना एक गोचरीए जतां जोइने तेणे बोलाव्या अने कह्युं के "हे आनंद! तुं एक दृष्टांत सां केटलाएक वाणीआ करियाणांना गाडां भरीने चाल्या. तेओ जंगलमां गया. त्यां घणी तृषा लागवाथी पाणीनी शोध करतां तेओए चार राफडानां शिखरो जोयां. ते एक शिखर तोडयुं, एटले तेमांथी गंगाजळ जेवुं निर्मळ जळ नीकळ्युं. सघळाओ ते वारंवार पीने संतुष्ट थया. बीजुं शिखर तोडवा जतां साथेना कोइ एक वृद्ध मा तेमने वार्या, परंतु तेओ वार्या रह्या नहि. ते शिखर तोडतां अंदरथी सोनुं नीक

— — णे त्रीजुं शिखर भेदतां अंदरथी रत्नो नीकळ्यां. चोथुं शिखर भेदवा वखते णा वार्या छतां पण तेओए ते शिखर तोडयुं तो तेमांथी अति भयंकर दृष्टि कळ्यो. तेणे सूर्य सामुं जोइने तेमनी उपर दृष्टि फेंको, जेथी ते सघळा

या. पेलो वृद्ध वाणीयो वच्यो तेवी रीते हे आनंद ! तारो धर्माचार्य पण पो-
ऋद्धिथी तृप्त न थतां मारी इर्ष्या करेछे तेथी हुं तेने बाळीने भस्म करी ना-
परंतु तुं तेने हितोपदेश देनार थवाथी तने हु बाळीश नहि." ए प्रमाणे सां-
भयभीत थयेला आनंदे भगवानने सर्व हकीकत कही. भगवंतनी आज्ञाथी गौ-
आदि मुनिओने ते वात जणावी; जेथी तेओ सर्व भगवतथी दूर पोतपोताने स्थाने
गया. एटलामां गोशालक त्यां आवी प्रभुने कहेवा लाग्यो के 'हे काश्यप ! तुं
पोतानो शिष्य कहेछे ते खोटु छे. ते तारो शिष्य तो मरी गयो. हुं तो तेनुं श-
बळवान जाणीने ते शरीरमां स्थिति करीने रह्यो छुं.' ए सांभळीने 'आ
ाननी अवज्ञा करेछे' एम जाणी गुरुभक्तिमां अत्यंत रागवाळा सुनक्षत्र नामना
र गोशालकने कह्युं के 'अरे ! तु तारा धर्माचार्यनी निंदा केम करेछे? तेज तुं
ालक छे (बीजो नथी).' ए सांभळीने गोशालके क्रोधवश थइ तेजोलेश्याथी
त्र मुनिने बाळी नाख्या. समाधिथी मृत्यु पामी ते आठमा देवलोकमां देवपणे
न थया. ए समये बीजा सर्वानुभुति नामना साधुए पण सर्व जीवोने खमावा
न करी गोशालकनी सन्मुख आवीने कह्यु के 'तुं स्वधर्माचार्यनी निंदा केम करे
तेथी दुष्ट गोशालके तेमने पण बाळी नाख्या. ते मरीने बारमा देवलोकमां उ
थया. पछी भगवाने कह्यु के " हे गोशालक ! तुं शा माटे तारा देहने गोपवे
ेम कोइ चोर भागतो सतो कोइ न देखे तेटला माटे तरणुं पोतानी आडुं धरेछे
तेथी ते छानो रहेतो नथी, तेवी रीते तुं पण माराथीज बहुश्रुत थयो छे अने
न अपलापना करेछे." इत्यादि वचनोथी क्रोधित थइने तेणे भगवाननी उपर
तेजोलेश्या मूकी ते तेजोलेश्या भगवानने त्रण प्रदक्षिणा करी पाछी वळीने
लकना शरीरमांज पेठी. पछी गोशालक बोल्यो के 'हे काश्यप तु आजथी सा-
दिवसे मरण पामीश.' त्यारे भगवाने कह्युं के 'हुं तो सोळ वर्ष सुधी केवळीपणे
ीश, परंतु तुंतो आजथी सातमे दिवसे मोटी वेदना भोगवीने मरण पामीश.'
गोशालक पोताने स्थाने आव्यो. सातमे दिवसे शांत परिणामथी समकित फ-
तेथी ते मनमां विचार करवा लाग्यो के 'अरे ! में आ अत्यंत विरुद्ध आचरण
में भगवाननी आज्ञानो लोप कर्यो ! में साधुओनो घात कर्यो ! आवता भवमां
शी गति थशे?' ए प्रमाणे विचारी शिष्योने बोलावी कह्यु के "मारा मरण पछी
कलेवरने पगथी बांधीने श्रावस्ती नगरीमां चारे तरफ फेरवजो. कारणके हुं
नहि छतां 'हु जिन छुं' एवुं में लोकमां कहेराव्युं छे." आ प्रमाणे आत्मनिंदा
सतो मरण पामीने ते बारमा देवलोकमां उत्पन्न थयो. पछी शिष्योए गुरुनुं
मान्य करवा माटे उपाश्रयनी अंदर श्रावस्ती नगरी आलेखी कमाड बंध करी
रने पगे रज्जु बांधीने चारे तरफ फेरव्युं.

ए प्रमाणे सुनक्षत्र मुनिनी पेठे अन्य साधुए पण गुरुभक्तिमां राग करवो, एवो
थानो उपदेश छे.

पुण्णेहिं चोइया पुरक्कडेहिं, सिरिभायणं भविअसत्ता।
गुरु मागमेसिभद्दा, देवयमिव पज्जुवासंति ॥ १०१ ॥

अर्थ-" पूर्वकृत पुण्यवडे प्रेरायला, लक्ष्मीना भाजन अने आगामि काळे कल्याण थवानुं छे एवा भव्य जीवो पोताना गुरुने देवतानी जेम सेवे छे. जेवी रीते देवनी सेवा करे तेवी रीते गुरुनी पण सेवा करे छे." १०१.

बहु सुख्ख सयसहस्साण, दायगा मोअगा दुहसहस्साणं
आयरिआ फुड मेअं, केसि पएसिअ तहेउ ॥ १०२ ॥

अर्थ-"बहु प्रकारना लाखोगमे सुखना आपनारा, अने सेंकडो अथवा दुःखथी मूकावनारा धर्माचार्य होय छे. ए वात प्रगट छे (एमां संदेह जेवुं प्रदेशी राजाने केशी गणधर तेवीज रीते सुखना हेतु थयेला छे." १०२.

अहीं केशी गणधर अने प्रदेशी राजानो उपनय जाणवो. ३९

जंबूद्वीपना भारतवर्षमां कैकयार्द्ध देशमां श्वेतांबी नामनी नगरी छे, त्यां नो शिरोमणि जेना हस्त निरंतर रुधिरथी लेपायेलाज रहे छे एवो, परलोकनी फार विनानो अने पुण्यपापमां निरपेक्ष प्रदेशी नामनो राजा हतो. तेने चित्र नामनो मंत्री हतो. तेने एक दिवसे प्रदेशी राजाए श्रावस्ती नगरीमां जितशत्रु पासे मोकल्यो. त्यां ते केशिकुमार नामना मुनिनी देशना सांभळीने परम थयो. पछी तेणे केशिकुमारने विज्ञप्ति करी के 'हे स्वामीन्! एक वखत आ तांबी नगरीए पधारवानी कृपा करवी. आपने तेथी लाभ थशे.' केशिगणधरे के 'तमारो राजा बहु दुष्ट छे तेथी केवी रीते आवीए?' चित्रसारथिए कह्युं के दुष्टछे तो तेथी शुं? त्यां बीजा भव्य जीवो पण घणा वसेछे.' त्यारे केशिकुमारे 'प्रसंगे जोइशुं' पछी चित्रसारथि श्वेतांबीए आव्यो. अन्यदा केशिकुमार पण मुनिओथी परिवृत थइ श्वेतांबीनी बहार मृगवन नामना उपवनमां सम चित्रसारथि तेमनुं आववुं सांभळी मनमां विचार करवा लाग्यो के 'हुं राज छतां दुर्बुद्धि अने पापी एवो मारो राजा नरके न जवो जोइए; माटे तेने आ पासे लइ जाउं.' एवुं विचारी अश्वक्रीडाना मिषथी राजाने नगर लइ गयो. पछी अति श्रमथी थाकी गयेल राजा श्री केशिकुमारे अलंकृत वनमां आव्यो. त्यां घणा लोकोने देशना देतां तेमने जोइने राजाए चि पूछ्युं के 'आ मुंडो जड अने अज्ञानी लोकोनी आगळ शुं कहे छे?' चित्रसा

गाथा १०१-पुण्णेहिं. गाथा १०२-दुहसयाणं. तेहेउ-तद्वत् सुखहेतुः

के 'हुं जाणतो नथी.' जो आपनी इच्छा होय तो चालो. त्यां जइने सांभळीए. प्रमाणे कहेतां राजा चित्रसारथिनी साथे त्यां गयो, अने वंदनादि विनय कर्या विना ने पूछयुं के 'आपनो हुकम होय तो बेसुं ?' गुरुए कह्युं के 'आ तमारी भूमि छे, इच्छा मुजब करो.' ए सांभळीने राजा तेमनी आगळ बेठो. तेने बेठेलो इने आचार्ये विशेषे करीने जीव आदिनुं स्वरूप वर्णव्युं. ते सांभळीने राजाए के "आ सर्व असंबद्ध छे. जे वस्तु प्रत्यक्ष देखाय तेज सत् होय छे. जेम पृथ्वी, तेज ने वायु प्रत्यक्ष देखाय छे तेम आ जीव प्रत्यक्ष देखातो नथी तेथी आकाशवत् अविद्यमान एवी जीवसत्ता केम मानी शकाय ?" त्यारे केशिकुमारे कह्युं के राजा ! जे वस्तु तारी नजरे देखाय नहि ते शुं सघळानी नजरे न देखाय ? हुं कहीशके ' जे हुं देखुं नहि ते सर्व असत्य छे' तो ते मिथ्या कथन छे. कारण सघळाए जोयुं होय अने एके न जोयुं होय तो ते असत्य ठरतुं नथी. वळी जो कही 'सघळाओ जोइ शकता नथी' तो तुं शुं सर्वज्ञ छे के जेथी बधा जोइ शकता नथी तने खबर पडी ? जे सर्वज्ञ छे ते तो जीवने प्रत्यक्ष जुए छे. तुं तारा शरीरना भाग जोइ शकेछे पण पृष्ठ भाग जोइ शकतो नथी तो जीवनुं स्वरूप के जे अरूपी ते तो शी रीते जोइ शके ? माटे जीवसत्ता छे एम मानीने परलोकनुं साधन छे प्रमाण कर." त्यारे प्रदेशि राजाए कह्युं के ' हे स्वामी ! मारो पितामह अत्यंत ी हतो ते तमारा मत प्रमाणे नरके जवो जोइए. तेने हुं घणोज प्रिय हतो, पण तेणे वीने मने कह्युं नहि के पाप करीश नहि. पाप करीश तो नरके जवुं पडशे, त्यारे वसत्ताने हुं केवी रीते मान्य करुं ?' केशिकुमार मुनिए कह्यु के 'तेनो उत्तर सांभळ-- री सूरीकंता राणीनी साथे विषयसेवन करतां कोइ परपुरुषने जो तुं जुए तो तेने शुं कर ?' राजाए कह्युं के 'हुं तेने एक घाए बे टुकडा करी मारी नाखुं, एक क्षण कुटुंबमेळाप करवाने माटे तेने घेर जवानी पण रजा आपुं नहि.' गुरुए कह्युं के ' ए प्रमाणे नारकीओ पण कर्मथी बंधायेला होवाथी अत्रे आवी शकता नथी.' फरीथी राजाए कह्युं के 'अति धर्मिष्ठ एवी मारी माता तमारा मत प्रमाणे स्वर्गमां गइ हशे. ते पण आवीने मने कह्युं नहि के वत्स ! पुण्य करजे. पुण्य करवाथी स्वर्ग मळे छे, हुं जीवसत्ताने केवी रीते प्रमाण करुं ?' त्यारे केशिगणधरे कह्युं के ' तमे भव्य पहेरी चंदन आदिथी शरीरने लिप्त करी स्त्रीनी साथे महेलमां क्रीडा करता हो वखते कोइ चंडाल तमने अपवित्र भूमियां बोलावे तो तमे त्यां जाओ के नहि ?' राजाए कह्युं के 'न जाउं.' गुरुए कह्युं के तेवी रीते देवो पण पोताना भोगोने छोडीने अपवित्र भरेला आ मृत्युलोकमां आवता नथी. कह्युं छे के:—

चत्तारिपंचजोयणसयाइं, गंधोअ मणुअ लोगस्स ।
उड्ढं वच्चइ जेणं, न हु देवा तेण आवंति ॥

"आ मनुष्यलोकनो दुर्गंध चारशे पाचशें योजन सुधी उचो जाय छे, देवताओ अहीं आवता नथी." फरीथी राजाए कह्युं के 'हे स्वामी! एकवार चोरने जीवतो पकड्यो अने लोढानी कोठीमां नाखी तेनुं बारणुं बंध कर्युं. काळे ते कोठीनुं बारणु उघाडी जोयुं तो चोर मरी गयो हतो अने तेना कलेवरमां जीवडांओ उत्पन्न थयां हतां पण तेमां छिद्र परेलां नहोतां तो ते जीवने नीकळवा अने बीजा जीवोने आववानां छिद्रो तो होवां जोइए. में ते जोयां नहि तेथी जीव नथी.' केशिकुमारे कह्युं के 'कोइ एक पुरुषने घरना गर्भागारमां राखवामां अने घरनां सर्व द्वार बंध करवामां आवे; पछी ते मध्ये रह्यो सतो शंख ने भेरी वाजिंत्र वगाडे, तो तेनो शब्द बहार संभळाय के नहि?' राजाए कह्युं के 'संभळाय.' गुरुए कह्युं के 'बहार शब्द आववाथी शु ओरडानी भींतमां छिद्रो पडेछे?' राजाए कह्युं के 'पडतां नथी.' गुरुए कह्युं के 'जो रूपी शब्दथी छिद्र पडतां नथी तो अरूपी जीवथी छिद्रो केम पडे?' फरीथी प्रदेशी राजाए कह्युं के 'हे स्वामी! एक चोरने में कटके कटका करी तेना दरेक प्रदेश जोया पण तेमां जीव जोवामां आव्यो नहि.' केशिगणधरे कह्युं के "तु कठीयारानी जेवो मूर्ख देखाय छे. केटलाएक कठीयारा लाकडां लेवाने माटे वनमां गया. तेमांथी एक कठीयाराने कह्युं के 'आ अग्नि राख तेथी रसोइनो वखत थाय त्यारे रसोइ करजे. कदि आ अग्नि बुझाइ जाय तो आ अरणीना काष्टमांथी अग्नि उत्पन्न करजे.' ए प्रमाणे कहीने तेओ गया. अग्नि बुझाइ गयो तेथी पेला मूर्ख कठीयारे अरणीनुं लाकडुं लावी तेना कटका कर्या. परंतु अग्नि उत्पन्न थयो नहि. तेटलामां पेला कठीयाराओ आव्या. तेनी मूर्खता जाणी बीजुं अरणीनुं काष्ट लावी तेनु मथन करीने तेमांथी अग्नि कर्यो, अने रसोइ करी भोजन कर्युं. पण जेवी रीते काष्टनी अंदर रहेलो अग्नि मथन करवाथी मथाय छे तेवी रीते देहमां रहेलो जीव पण साधी शकाय छे." फरीथी प्रदेशि राजाए कह्युं के "हे स्वामिन्! में एक चोरनुं वजन करी तेनुं मरण करीने तेने पाछो तोल्यो. तेने फरीथी तोल्यो तो ते तेटलोज थयो. त्यारे में जाण्युं के 'जीव नथी.' जो तेनामां जीव होत तो जीव जवाथी ते ओछो थात." केशिकुमारे कह्युं के "हे महीपति! जेम पूर्वे जोखेली चामडानी धमण वायुथी पूर्ण करीने जोखता पण ते तेटलीज थाय छे—भार वधतो नथी तेम [illegible] मार्गे गीने विचार कर. ज्यारे रुपी द्रव्य [illegible]

र वध्यो नहि तो अरूपी द्रव्य जीवना जवाथी न्यूनता शी रीते थाय? सूक्ष्म एवा रूपी योनी पण विचित्र गतिछे तो अरूपी द्रव्यनी विचित्र गति होय तेमां तो शुं कहेवुं! माटे बाबतमां तुं शामाटे शंकित थाय छे! आत्मा आपणने अनुमान प्रमाणथी गम्य छे केवलीने प्रत्यक्ष प्रमाणथी गम्य छे. वळी 'हुं सुखी छुं हुं दुःखी छुं' ए प्रकारनुं जे थाय छे ते आत्मानुंज लक्षण छे. माटे जेम तलनी अंदर तेल, दुधनी अंदर घी काष्टनी अंदर अग्नि रहेल छे तेम देहनी अंदर जीव रहेलो छे." इत्यादि अनेक ोना उत्तर शास्त्रयुक्तिथी आप्या. तेथी संदेहरहित थयेलो राजा विचार करवा लाग्यो 'आ वात सत्य छे, आ ज्ञानने धन्य छे, पछी गुरुने नमस्कार करीने राजाए वि-करी के 'हे भगवन्! तमारा उपदेश रूपी मंत्रथी मारा हृदयमां रहेलो मिथ्यात्व पिशाच भागी गयो, परंतु कुलपरंपराथी आवेला नास्तिक मतने हुं केवी रीते ़ं?' त्यारे केशिकुमार मुनिए कह्युं के "हे प्रदेशि राजा! तुं लोहवणिकनी पेठे केम बने छे? ते वार्ता आ प्रमाणे छे–

केटलाक वणिको व्यापार करवाने माटे परदेश जवा चाल्या. मार्गमां तेओए लोढानी खाण दीठी, एटले तेओए लाढानां गाडां भर्यां. आगळ चालतां तां-ी खाण जोइ, तेथी लोढुं खाली करीने तांबु भर्युं. मात्र एक वाणीआए लोढुं ली कर्युं नहि. आगळ चालतां तेओए रुपानी खाण जोइ, एटले तांबुं खाली करी भर्युं. घणुं कहेतां छतां पण पेला लोहवणिके लोढुं काढी नांख्युं नहि आगळ तां तेओए सोनानी खाण जोइ, तेथी रुपुं खाली करी सोनुं भर्युं. आगळ चालतां ोनी खाण जोइ, एटले सोनुं खाली करी रत्नो भर्यां. ते वखते तेओ पेला लोह-कने कहेवा लाग्या के 'हे मूर्ख! आ मेळवेलो रत्नसमूह तुं शामाटे गुमावे छे! तजी दइने रत्नो ग्रहण कर, नहि तो पाछळथी जरुर तने पश्चाताप करवो पडशे' प्रमाणे तेने घणुं कहेवामां आव्युं छतां तेणे मान्युं नहि अने कहेवा लाग्यो के मारामां स्थिरता नथी, तेथी एकने छोडी बीजाने ग्रहण करोछो अने बीजाने छोडी ाने ग्रहण करोछो पण हुं ए प्रमाणे करतो नथी. में तो जेनो स्वीकार कर्यो तेनो ी.' पछी ते सघळा घेर आव्या, अने रत्नना प्रभावथी पेला वणिको सुखी थया. ने सुखी थयेला जोइने लोहवणिक मनमां पश्चाताप करवा लाग्यो के 'अरे! में शुं कर्युं! तेओनुं कहेवुं में मान्युं नहि.' एम तेणे घणा काळ सुधी शोच कर्यो. ए ाणे हे प्रदेशि राजा! तने पण लोहवणिकनी पेठे पश्चाताप करवो पडशे. वळी जे की होयछे ते शुं कुळपरंपराथी आवेल रोग के दारिद्र्यनो त्याग करवा नथी इच्छ-? जो कुळमार्ग तेज धर्म होय तो पछी दुनियामां अधर्मनुं नाम पण नष्ट थशे. वळी–

दारिद्र्यदास्यदुर्नयदुर्भगतादुःखितादि मितनाक्तिम ।
नैवं त्याज्यं तनयैः स्वकुलाचारैककृतनमैः ॥

" दारिद्र, दासपणुं, अनीति, दुर्भागीपणुं अने दुःखीपणुं आदि जे पोताना ।तादिए आचर्युं होय तेने पोतानो कुळाचार एज नीति छे, एम कहेनारा पुत्रोए तजवुं जोइए." माटे हे राजा ! कुळाचार ए धर्म नथी, किंतु जंतुनी रक्षा करवी ए ज दिज धर्म छे." इत्यादि वचनोथी प्रतिबोध पामेलो प्रदेशि राजा विनय पूर्वक के ' हे भगवन् ! आ आपनुं वाक्य सत्य छे अने तत्त्व रूप छे, एज खरो अर्थ छे, शिवाय बीजुं सर्व अनर्थज छे.' ए प्रमाणे कहीने प्रदेशि राजाए समकितमूळ व्रतो ग्रहण कर्यां. फरीथी शिक्षाने अवसरे केशि गणधरे कह्युं के—

माणं तुम पएसी पुव्विं रमणिज्जे भवित्ता पच्छा अरमणिज्जे भविज्जासिइति.

आं राजप्रश्नीय सूत्रनो आलावो छे. तेनो भावार्थ ए छे के ' प्रदेशि राजा तुं पूर्वे रमणिक थइने पश्चात् (हवे) अरमणिक न थइश. ' एटले प्रथम अन्यनो थइ सांप्रत काळे जिनधर्मनी प्राप्ति थवाथी तेमनो अदाता न थइश; केमके तेम अमने अंतराय कर्म बंधाय अने जिनधर्मनी अपभ्राजना (निंदा) थाय. वळी घणा वखतथी चाल्या आवता दाननो निषेध करवाथी लोकविरुद्धता अने अपभ्राजनादि तने पण प्राप्त थाय. माटे जेने आपतो हो तेने आपवुं पण पात्रबुद्धिए न आपवुं अर्हंत विगेरे पण उचित दाननो निषेध करता नथी, माटे तारे तो मिथ्यात्वने तजवुं सर्वथी उत्तम एवा दयादानने निरंतर धारण करवुं." ए प्रमाणे गुरुनी शिक्षा फरीने प्रदेशि राजा घेर आव्यो, अने पोताना धननो (राज्यनी आवदानीनो) भाग अंतःपुर माटे, बीजो भाग सैन्य माटे, त्रीजो भाग भंडार माटे अने चोथो दानशाला माटे उपयोगमां लेवो. ए प्रमाणे मुकरर करीने सर्व उपज चार भागमां हेंची दींधी. अनुक्रमे श्रावकपणुं पाळतां केटलोक काळ व्यतीत थया बाद एकदा पुरुषमां लुब्ध थयेली ' सूर्यकान्ता ' नामनी तेनी पट्टराणीए तेने भोजनमां विष ते वातनी भोजन कर्या पछी प्रदेशि राजाने खबर पडी, परंतु अव्याकुळ चित्ते राणी किंचित् पण क्रोध कर्या विना पौषधशालामां आवी, दर्भनो संथारो करी, ईशान सन्मुख बेसी, भगवान धर्माचार्य श्रीकेशि गणधरने नमस्कार करी, पोते लीधेला लागेला अतीचारोनी सम्यक् प्रकारे आलोचना प्रतिक्रमणा करीने तेणे काळ अने सूर्याभ नामना विमानमां चार पल्योपम आयुष्यवाळो सूर्याभ नामनो देव पाछो त्यांथी च्यवी महाविदेहमां अवतरीने मोक्षे जशे.

" प्रमाणे नरकमां जवाने तैयार थयेला अतिपापी प्रदेशि राजाए जे देवविमान प्राप्त
ते केशिगणधरनुंज महात्म्य छे. माटे "दुःखनुं निवारण करनार अने सुखने प्राप्त
नार धर्माचार्योनीज यत्न पूर्वक सेवा करवी" एवो आ कथानो उपदेश छे.

आज हकीकत गाथा १०३ मां ग्रंथकर्ता पोतेज कहे छे ते आ प्रमाणे—

नरयगइगमणपडिहत्थएकए, तह पएसिणा रन्ना ।
अमराविमाणं पत्तं, तं आयरियप्पभावेणं ॥ १०३ ॥

अर्थ—"तेमज नरकगतिए जवानुं प्रस्थानुं कर्या छतां प्रदेशि राजाए जे देवविमान
कर्युं ते आचार्यना प्रभावथीज जाणवुं." १०३. तेथी गुरुनी सेवनाज मोटा फळने
ारी छे. वळी—

धम्ममइएहिं अइसुंदरेहिं कारणगुणोवणीएहिं ।
पल्हायंतो य मणं, सीसं चोएइ आयरिओ ॥ १०४ ॥

अर्थ—"आचार्य धर्ममय, अतिसुंदर अने ज्ञान दर्शन चारित्र रूप कारण संबंधी
ए सहित एवां वचनो वडे (शिष्यना) मनने आनंद उपजावता सता शिष्यने
करे छे—शिक्षा आपे छे." १०४

धर्ममय ते धर्मनी प्रचूरतावाळां अने अतिसुंदर एटले दोषरहित एवां वचन
ां.

जीअं काऊण पणं, तुरमणि दत्तस्स कालिअज्जेण ।
अवि अ सरीरं चत्तं, नय भणिअ महम्मसंजुत्तं ॥ १०५ ॥

अर्थ—"तुरमणि नगरीमां कालिकाचार्ये दत्त राजानी आगळ जीवितव्यनुं पण करीने
पण (मनवडे) तज्युं, परंतु अधर्मसंयुक्त (असत्य वचन) बोल्या नहि." १०५

दत्त राजाए यज्ञनुं फळ पूछये सते कालिकाचार्ये तेनो भय मात्र अवगणीने
शरीर पण तजीदइने 'तेनुं फळ नरक छे' एम स्पष्ट कह्युं, पण धर्म विरुद्ध
आप्यो नहि. ए प्रमाणे अन्य मुनिए भयना प्रसंगमां पण असत्य वचन बोलवुं
अहीं कालिकाचार्यनो संबंध जाणवो. ३०

कालिकाचार्यनी कथा.

तुरमणि नामना नगरमां 'जितशत्रु' नामे राजा हतो. ते गाममां एक 'कालिक'
नो ब्राह्मण रहेतो हतो. ते ब्राह्मणने 'भद्रा' नामे बहेन हती, अने ते भद्राने 'दत्त'
पुत्र हतो. एकदा कालिक ब्राह्मणे पोतानी मेळे प्रतिबोध पामीने चारित्र ग्रहण

गाथा १०३—नरइगइ. प्रस्थानके कृत. गाथा १०४—धम्ममयेहिं. गाथा १०५—तुरिमणा. त्यक्त.

कर्युं अने अनुक्रमे तेमणे आचार्यपद मेळव्युं. तेमनो भाणेज दत्त स्वच्छंदी
द्यूत आदि व्यसनोथी पराभव पामी राजानो सेवा करवा लाग्यो. कर्मयोगे
मंत्रीपद आप्युं. अधिकार मळतां राजानेज पदभ्रष्ट करीने ते राज्य पचावी
राजा पण तेना भयथी नासी गयो अने गुप्तपणे कोइ स्थानके रह्यो. पछी
करनारो ते दत्त राजा मिथ्यात्वथी मोह पामीने अनेक यज्ञो कराववा ला
संख्याबंध पशुओनो घात करवा लाग्यो. अन्यदा अवसरे कालिकाचार्य म
समवसर्या, त्यारे भद्रा माताना आग्रहथी दत्त राजा वांदवाने आव्यो. गु
देशना आपी के—

धर्माद्धनं धनत एव समस्तकामा
कामेभ्य एव सकलेंद्रियजं सुखं च ।
कार्यार्थिना हि खलुकारणमेषणीयं
धर्मो विधेय इति तत्त्वविदो वदन्ति ॥

"धर्मथी धन मळे छे, धनथी समस्त कामनाओ सिद्ध थाय छे अने
नानी सिद्धिथी समग्र इंद्रियजन्य सुख प्राप्त थायछे माटे कार्यार्थीए तो
शोधवुं जोइए, तेथी धर्म करवो एवुं तत्त्ववेताओ कहे छे."

आ प्रमाणे सांभळीने दत्ते यज्ञनुं फळ पूछयुं. गुरुए कह्युं के 'ज्यां
त्यां धर्मनो अभाव छे.' कह्युं छे के—

दमोदेवगुरूपास्तिर्दानमध्ययनं तपः ।
सर्वमप्येतदफलं हिंसां चेन्न परित्यजेत् ॥

"इंद्रियोनुं दमन, देवगुरुनी सेवा, दान, अध्ययन अने तप-ए स
हिंसानो त्याग न करे तो व्यर्थ छे."

फरीथी दत्ते यज्ञनुं फळ पूछयुं. त्यारे गुरुए कह्युं के 'हिंसा दुर्गतिनुं
कह्युं छे के—

पंगुकुष्टिकुणित्वादि दृष्ट्वा हिंसाफलं सुधीः ।
निरागस्त्रसजंतूनां हिंसां संकल्पतस्त्यजेत् ॥

"डाह्या माणसे पांगळापणुं, कोढीआपणुं ने ठुंठापणुं विगेरे हिंसा
दृष्ट्वा जाणीने निरपराधी एवा त्रस प्राणीओनो हिंसा संकल्पथी पण न कर
वी." दत्ते कह्युं के 'तमे आवो आडो आडो उत्तर केम आपो छो? यज्ञनुं फ

त्य कहो.' त्यारे कालिकाचार्ये विचार कर्यो के 'जोके आ राजा छे अने प्रीतिवाळो छे ते छतां जे बनवानुं होय ते बनो पण हुं मिथ्या बोलीश नहि. पण मिथ्या बोलवुं कल्याणकारी नथी.' कह्युं छे के—

निंदन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा
न्यायात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥

" नीपुण गणाता लोको भले निंदा करो अथवा स्तुति करो, लक्ष्मी भले प्राप्त अथवा मरजी मुजब चाली जाओ, मरण आज थाओ अथवा युगने अंते , परंतु धीर पुरुषो नीतिना मार्गथी एक पगलुं पण खसता नथी."

आ प्रमाणे विचारी कालिकाचार्ये कह्युं के 'हे दत्त ! हुं निश्चय पूर्वक कहुं छुं रकगति एज यज्ञनुं फल छे." कह्युं छे के—

यूपं छित्वा पशून् हत्वा, कृत्वा रुधिरकर्दमम्
यद्येवं गम्यते स्वर्गे, नरके केन गम्यते ॥

" यज्ञस्तंभ छेदो, पशुओने हणो अने रुधिरनो कोचड करी जो स्वर्गे जवातुं तो पछी नरकमां कोण जशे ?" दत्ते कह्युं के 'ए केवी रीते जणाय ?' गुरुए के 'आजथी सातमे दिवसे घोडाना पगना डाबलाथी उडेली विष्टा तारा मुखमां , अने पछी तुं लोढानी कोठीमां पूराइश. आ अनुमानथी तारी अवश्य नरकगति ो छे एम जाणजे.' दत्ते कह्युं के 'तमारी शी गति थशे ?" गुरुए कह्युं के धर्मना प्रभावथी स्वर्गे जइशुं.' आ प्रमाणे सांभळीने क्रोधित थयेला दत्ते विचार के 'जो सात दिवसनी अंदर आ वाक्य प्रमाणे नहि बने तो पछी हुं अवश्य ने मारी नांखीश.' आम विचारी कालिकाचार्यनी आसपास राजसेवकोने मूकी नगरमां आव्यो, अने आखा शहेरना तमाम रस्ताओमांथी अपवित्र पदार्थो काढी ी साफ कराव्या अने सर्व स्थळे पुष्पो वेराव्यां. पोते अंतःपुरमांज रह्यो. ए गे छ दिवसो व्यतीत थया पछी आठमा दिवसनी भ्रांतिथी सातमे दिवसे क्रोध- बनो घोडा उपर स्वार थइ गुरुने हणवा चाल्यो. तेवामां कोइएक वृद्ध माळी जवानी हाजतथी पीडा पामवाने लीधे रस्तामांज विष्टा करी तेने पुष्पोथी ढांकीने ी गयो. तेना उपर दत्त राजाना घोडानो पग पड्यो, तेथी विष्टानो अंश उछळीने ना मुखमां पड्यो. एटले गुरुना वचनपर विश्वास आववाथी राजा पाछो वळ्यो

त्यां एकांत जाणीने जितशत्रु राजाना सेवकोए तेने पकडी लीधो अने गादीए बेसार्यो. पछी सामंतराजाओए विचार्युं के 'जो आ जीवतो रहेशे तो दायी थशे.' एम विचारी तेओए तेने लोढानी कोठीमां नांख्यो. पछी मरण पर्यंत महान दुःख भोगवतो सतो विलाप करतो अने पोकार करतो ते मृत्यु मरीने ते सातमी नरके गयो, अने श्रीकालिकाचार्य तो चारित्रने सेवीने स्व

ए प्रमाणे साधुए प्राणांते पण मिथ्या भाषण न करवुं एवो आ उपदेश छे.

फुडपागडमकहंतो, जहट्ठिअं बोहिलाभ मुवहणइ ।
जह भगवओ विसालो, जरमरणमहोअही आसि ॥

अर्थ-" स्फुट प्रगट (सत्यार्थ) न कहेवाथी यथास्थित-सत्य एवा आगामी भवे धर्मप्राप्तिने हणी नाखे छे-विनाश करे छे. जेम भगवंत श्री स्वामीने (मरिचिना भवमां सत्य न कहेवाथी) विशाळ एवो जरा मरण रूप महासमुद्र थयो. अर्थात् कोटाकोटि सागरोपम प्रमाण संसार वधार्यो." १

अहीं श्री महावीर स्वामीना पूर्वभवनो संबंध जाणवो २१.

प्रथम भवमां पश्चिम महाविदेहने विषे 'नयसार' नामे कोइ ग्रामाधिप हतो. ते एक दिवस काष्ट लेवाने माटे वनमां गयो.मध्यान्हसमये भोजन ते अवसरे साथथी विखुटा पडी गयेला कोइ एक मुनि त्यां आव्या तेने जो घणो खुशी थयो अने भावथी श्रद्धा पूर्वक तेने आहार आप्यो. आहार करा पछी साधुने मार्ग बतावबाने माटे ते साथे गयो. साधुए पण योग्य जीव जा देशनावडे सम्यक्त्व प्राप्त कराव्युं. पछी ते साधुने नमीने घेर गयो. मरण पामीने ते सौधर्म देवलोकमां उत्पन्न थयो. ए बीजो भव थयो.

त्यांथी च्यवीने त्रीजा भवमां मरिचि नामे भरत चक्रवर्तीनो पुत्र थयो. षभदेव भगवाननी देशना सांभळी, भोगोनो त्याग करी स्थविर मुनि पासे ग्रहण कर्युं. पछी अग्यारअगनुं अध्ययन करी चारित्र पाळतां एकवार तापथी पीडित थइने ते विचार करवा लाग्यो के 'माराथी चारित्र पळवुं आ चारित्रधर्म अति दुष्कर छे, तेथी माराथी ते पाळी शकाय तेम नथी अने ए पण योग्य नथी.' ए प्रमाणे विचार करीने तेणे एक नवो त्रिदंडी वेष ग्रहण परंतु जे कोइ तेने धर्म पूछे तेनी आगळ साधुधर्म प्रकाशित करे अने जे देशनाथी प्रतिबोध पामे तेने भगवाननी पासे मोकले. आ प्रमाणे तेणे अने

गाथा १०६-महोअहि.

प्रतिबोध पमाड्यो. आ स्थितिमां पण मरीचि भगवाननी साथे विचरे छे. विहार करतां एक वार भगवान अयोध्यामां समवसर्या. भरत चक्री प्रभुने वांदवा अने देशनाने अंते पूछ्युं के ' हे भगवन् ! आ आवी मोटी सभामां कोइ पण (थनार) तीर्थंकर छे ? ' भगवाने कह्युं के ' आ त्रिदंडी सन्यासी वेषधारी मरीचि तारो पुत्र आ चोवीशीमा चोवीशमा 'वर्धमान' नामे तीर्थंकर, महाविदेहने विषे नगरीमां ' प्रियमित्र' नामे चक्रवर्त्ती अने आ भरतक्षेत्रमांज 'त्रिपृष्ठ' नामे पहेलो व थशे. ए प्रथम बे पदवीने भोगवी छेवटे तीर्थंकर थशे. ' ए सांभळी भरते पासे जइ, त्रण प्रदक्षिणा दइ, नमस्कार करीने कह्युं के " हे मरीचि ! आ मां जेटला लाभ छे तेटला बधा तें मेळव्या छे. कारणके तुं चक्रवर्त्ती, वासुदेव तीर्थंकर थनार छे; माटे हुं तारा परिव्राजक वेषनी अनुमोदना करतो नथी; परंतु शो तीर्थंकर थनार छे तेथी हुं तने वांदु छुं. " ए प्रमाणे कहीने भरत चक्रीना पछी मरीचिए त्रण वखत पग पछाडी नाचतां नाचतां कह्युं के ' हुं त्रण पद श तेथी मारुं कुळ उत्तम छे. ' ए प्रमाणे वारंवार कुळनो मद करवाथी तेणे गोत्र बांध्युं. अन्यदा प्रथम प्रभु मोक्षे गया पछी साधु साथे विहार करतां तेना मांदगी आवी, परंतु साधुना आचारथी रहित होवाने लीधे तेनी कोइए सेवा चाकरी नहि. तेथी ते विचार करवा लाग्यो के 'जो हुं साजो थाउं तो एक शिष्य करुं.' क्रमे ते स्वस्थ थयो. एक दिवस कोइ ' कपिल ' नामे राजपुत्र मरीचिनी देशना थी प्रतिबोध पाम्यो. त्यारे मरिचिए कह्युं के ' हे कपिल ! तुं साधु पासे जइ चाग्रहण कर.' तेणे कह्युं के ' हुं तमारो शिष्य थइश. ' पछी मरीचिए पोतानुं स्वयथार्थ कही बताव्युं अने कह्युं के ' मारामां चारित्र नथी. ' तोपण कपिल मान्यो अने कहेवा लाग्यो के ' शुं तमारा दर्शनमां सर्वथा धर्म नथीज ? ' त्यारे मरीचिए के ' आ कपिल मने योग्य मळ्यो छे.' एम जाणी मरीचिए कह्युं के ' कपिला पि इहंपि ' हे कपिल ! साधु समीपे महान धर्म छे, अने मारी पासे अल्प धर्म ' ए प्रमाणे सूत्रविरुद्ध कथनथी तेणे एक कोटाकोटि सागरोपम प्रमाण संसारनी करी. तेनी आलोचना कर्या वगर चोराशी लाख पूर्वनुं आयुष्य पाळीने ते चोथा पांचमा देवलोकमां दश सागरोपमना आयुष्यवाळो देवता थयो.

त्यांथी च्यवी पांचमा भवमां कोल्लाग संनिवेष गाममां एंशी लाख पूर्वना आयुष्यनो ब्राह्मण थयो. ते भवमां त्रिदंडी थइ घणो काळ संसारमां भटक्यो. (आ भवो शीमां लीधा नथी, स्थूळ भवोज गणेला छे.) छठ्ठा भवमां स्थूणा नगरीमां बोंतेर लक्ष ना आयुष्यवाळो 'पुष्प' नामे ब्राह्मण थयो, ते त्रिदंडी थइ मरण पामीने सातमा भवे

प्रथम देवलोकमां मध्यम स्थितिवाळो देव थयो. त्यांथी च्यवी आठमा भवमां
निवेष नामना गाममां साठ लाख पूर्वना आयुष्यवाळो 'अग्निद्योत' नामे ब्रा
छेवटे त्रिदंडी थइ मृत्यु पामीने नवमा भवे बीजा देवलोकमां मध्यम स्थितिवाळो
त्यांथी च्यवी दशमा भवे मंदिरसन्निवेशे साठ लाख पूर्वना आयुष्यवाळो 'अग्नि
ब्राह्मण थयो. अंते त्रिदंडी थइ मृत्यु पाम्यो. अग्यारमा भवे त्रीजा देवलोकमां मध्यम
वाळो देव थयो. त्यांथी च्यवी बारमा भवमां श्वेताम्बी नगरीमां चोराशी लाख पू
ष्यवाळो भारद्वाज नामे ब्राह्मण थयो. छेवटे त्रिदंडीपणे मृत्यु पामी तेरमा भवे चोथा
कमां मध्यम स्थितिवाळो देव थयो. पछी घणो काळ संसारमां भटकी चौदमा
नगरमां चोत्रीश लाख पूर्वना आयुष्यवाळो 'स्थावर' नामे ब्राह्मण थयो. छेवटे
थइ मृत्यु पाम्यो. पदरमा भवे पांचमा देवलोकमां मध्यम स्थितिनो देव थयो
च्यवी सोळमा भवमां एक क्रोड वर्षना आयुष्यवाळो 'विश्वभूति' नामे
थयो. ते जन्ममां तेणे वैराग्यपरायण थइ सभूति मुनि पासे चारित्र ग्रहण क
तीव्र तप कर्युं. एक दिवस मासक्षपणने पारणे मथुरा नगरीमां गोचरीए गया
दुर्बलपणाथी एक गायना अथडावाथी ते भूमिउपर पडी गया. तेने जोइने तेना
छोकरो वैशाखनंदी हास्य करीने बोल्यो के 'तुं एक मुष्टिना प्रहारथी कोठा
तमाम फळने भूमि पर पाडी नाखतो हतो ते दिवस क्यां गयो ?' आ वच
क्रोधायमान थइ ते गायने शींगडावती पकडी आकाशमां फेरवीने एवु नि
'जो आ तपनुं फळ होय तो आगामी भवे हुं घणो बळवान थाउं.' ए
वर्ष तप करी अंते पापनी आलोचना कर्या विना मरण पामी सत्तरमा भवे
लोकमां उत्कृष्ट स्थितिवाळो देव थयो. त्यांथी च्यवी अढारमा भवे पोत
प्रजापति नामना राजाने घेर पोते परणेली पोतानी पुत्री जे मृगावती तेनी
स्वप्नथी सूचन करायेल 'त्रिपृष्ठ' नामनो वासुदेव थयो ते भवमां भरतार्धने साधी
पाप करी चोराशी लाख वर्षनुं आयुष्य भोगवी ओगणीशमा भवे सातमी नरके
त्यांथी च्यवीने वीशमा भवे सिंहपणे उत्पन्न थयो. एकवीशमा भवे चोथी नरकमां ना
पणे उत्पन्न थयो. त्यारपछी पाछो घणा काळ सुधी संसारमां भटक्यो. पछी बा
भवे एक क्रोड वर्षना आयुष्यवाळो मनुष्य थयो. ते भवमां शुभ कर्मो करी त्रेवीश
महाविदेहमां मूका राजधानीमां 'धनंजय' राजाने घेर धारिणी राणीनी कुक्षिम
स्वप्नथी सूचन करायेला 'प्रियमित्र' नामे चक्रवर्ती थयो अंते पोट्टिलाचार्य पासे
ग्रहण करी एक कोटी वर्ष सुधी चारित्र पाळी पूरेपुरुं चोराशी लाख पूर्वनुं

१ आ भवो पण गणत्रीमां नथी.

चोवीशमा भवे सातमा देवलोकमां देवपणे उत्पन्न थयो. त्यांथी च्यवी पचीशमा
त्रिका नगरीमां जितशत्रु राजाने घेर भद्रा नामनी राणीनो कुक्षिमां पचीश
वर्षना आयुष्यवाळो नंदन नामे पुत्र थयो. तेणे ते भवमां पोट्टिलाचार्य पासे
लइ यावज्जीव मासक्षपण करी वीशस्थानकनी आराधनावडे तीर्थकरनामकर्म
न कर्युं. एक लाख वर्ष सुधी चारित्र पाळीने अंते एक मासनी संलेखनवडे
मा भवने विषे दशमा देवलोकमां पुष्पोत्तरावतंस विमानमां वीश सागरोपमना
यवाळा देवता थया. त्यांथी च्यवी सत्तावीशमा भवे चोवीशमा तीर्थंकर थया.
आ प्रमाणे मरीचिना भवमां तेणे उत्सूत्र भाषणथी कोटाकोटि सागरोपम प्रमाण
नी वृद्धि करी. ए प्रमाणे अन्य जीवो पण जो उत्सूत्र भाषण करे तो संसारनी वृद्धि
माटे उत्सूत्र भाषण कदि पण करवुं नहि, एवो आ कथानो उपदेश छे.

कारुन्नरुन्नसिंगार–भावभयजीविअंतकरणेहिं ॥
साहू अविअ मरंति, नय निअनिअमं विराहंति ॥१०७॥

अर्थ–"कारुण्यभाव, रुदन, शृंगारभाव (हावभावादि) राजादिकनो भय अने
तांतकारी अनुकूळ प्रतिकूळ उपसर्गवडे साधु कदाचित् मरण पामे छे, परंतु
ना नियमने विराधता नथी." १०७अर्थात् पूर्वोक्त कारणो प्राप्त थतां प्राण तजी
पण व्रत तजता नथी–कारुण्यादिवडे व्रतनी विराधना करता नथी.

अप्पहिअ मायरंतो, अणुमोअंतो अ सुग्गइं लहइ ॥
रहकार दाणअणुमोअगो–मिगो जह य बलदेवो ॥ १०८ ॥

अर्थ–'आत्महित एटले तप संयमादि तेने आचरतो सतो प्राणी सद्गतिने
छे, तेमज तेने–दानादि धर्मने अनुमोदतो सतो पण सद्गतिने पामेछे. जेम मुनिने
देनार रथकार, तेना दाननी अनुमोदना करनार मृग अने तपसंयम आचरनार
देव मुनि सद्गतिने पाम्या तेम." १०८

बळदेवमुनि, रथकार ने मृग ए त्रणे पांचमे देवलोके गया, तेथी तप संयमादि
ज दान शीलादि धर्म कर्यो, कराव्यो अने अनुमोद्यो सतो पण बहु फळने आपेछे.
हीं बळदेव, रथकार ने मृगनो संबंध जाणवो. ३२

बळदेव रथकारने मृगनी कथा.

द्वारिका नगरीने बाळी नांखवानुं जेणे नियाणुं करेलछे एवा द्विपायन ऋषिए
सिकुमारपणे उत्पन्न थइ ज्यारे द्वारिकाने बाळी त्यारे मात्र कृष्ण अने बळदेव बेज

गाथा १०७-निअमधुर. गाथा १०८-सोग्गइ दाणुअणुमोइगो.

बचवा पाम्या. बीजा सर्व बळी गया. बंने भाइओ वनमां गया. त्यां कृष्णने तृषा लागी तेथी बलभद्र पाणी लाववाने गया. त्यां वैरीनी साथे युद्ध थतां रात्रि ... अहीं कृष्ण एक वृक्षनी नीचे पग उपर पग चढावीने सुता हता. त्यां कृष्णनुं पोताने हाथे थवानुं छे एवुं श्री नेमीश्वरना मुखथी जाणीने जेणे ते प्रमाणे न. माटेज वनवास ग्रहण करेलो छे एवो वसुदेवनी जरा राणीनो पुत्र जराकुमार आव्यो. तेणे फरतां फरतां रात्रिए कृष्णना पगने लखीए रहेलुं पद्म दूरथी दीठुं. आ चकचकित मृगनुं नेत्र जणाय छे एवुं धारी तेणे कर्ण पर्यंत बाण खेंचीने चरण वींधी नांख्यो. पासे आवतां ते पोतानो भाइ छे एम जाणी पश्चात्ताप करतां जराकुमार विलाप करवा लाग्यो. ते वखते कृष्णे कह्युं के 'हे पापी! तुं अहींथी चाल्यो जा, हमणा बलभद्र आवशे तो ते तने मारी नांखशे.' ए प्रमाणे कहेवाथी जराकुमार तरतज त्यांथी चाल्यो गयो. पछी आयुष्यना अंत भागे कृष्णने क्रोध उत्पन्न तेथी ते मनमां विचार करवा लाग्यो के 'अरे! जुओ त्रणसें ने साठ संग्रामनो ... एवो हुं महाबळवान छतां मने बाणथी हणीने आ राजकुमार क्षेमकुशळ गयो!' ए प्रमाणे दुर्ध्यानने वश थइ मरण पामीने कृष्ण त्रीजी नरके गया.

ते समये जळ लइने बलभद्र पण त्यां आव्या तेणे कृष्ण प्रत्ये कह्युं के 'हे ... में तारा माटे टंडु जळ आण्युं छे, तुं उठ अने जळ पी.' ए प्रमाणे कहेवामां आ... छतां कृष्णे उत्तर आप्यो नहि त्यारे बळदेवे विचार कर्यो के 'में जळ लाव... घणो वखत गुमाव्यो तेथी आ मारा बंधु क्रोधित थयेला जणाय छे तेथी हुं तेने ... मावुं.' ए प्रमाणे विचार करी पगमां पडीने अरज करवा लाग्या के 'हे बंधु! क्रोधनो अवसर छे? आ मोटा जंगलमां आपणे बंने एकला छीए माटे तुं उठ.' ए प्रमाणे वारंवार कहेतां छतां पण ज्यारे ते बोल्या नहि त्यारे बलदेव मोहवश कृष्ण मृत्यु पामेला छे छतां तेने जीवता जाणी पोताना स्कंध उपर लइने चाल्या. आ संसारमां पण स्नेह सर्वथी अधिक छे. कह्युं छे के—

> तीर्थकराणां साम्राज्यं, सपत्नीवैरमेव च ।
> वासुदेवबलस्नेहः, सर्वेभ्योऽधिककं मतम् ॥

अर्थ—" तीर्थकरोनुं साम्राज्य, सपत्नी (शोक) नुं वैर अने वासुदेव ने बळदेवनो स्नेह ए त्रण वानां सर्वथी अधिक गणायेलां छे."

छ मास पर्यंत मरण पामेला भाइने स्कंध उपर धारण करीने तेनी सेवा करता हता. ... देवने एक दिवसे सिद्धार्थ नामना देवे आवी पथ्थरमां कमळ रोपवानुं बतावीने बोध ... पण ते बंधु बळदेव ... 'मारा भाइने मरण पामेलो तुं केम

बोलता तेनी पछवाडे मारवाने दोडया,पण देव अदृश्य थइ गयो. वळी फरीथी ते पर्वतनी शिला उपर कमल वावतो जोइने वलदेवे कह्युं के 'रे मूर्ख ? शिलानी शुं कमलनी उत्पत्ति संभवे छे ?' देवे कह्युं के "जो तारो मृत्यु पामेलो भाइ उभो तने 'हे भाइ !' ए प्रमाणे कहेशे तो आ शिलानी विषे पण कमलनी उत्पत्ति थशे." ...ने कहेतां छतां पण वलदेवजी मोहने वश थयेला होवाथी पोतानो भाइ मृत्यु छे एम तेमणे जाण्युं नहि. ए प्रमाणे तेमणे छ मास सुधी परिभ्रमण कर्युं. पछी ते शरीरने विनाश पामेलुं जाण्युं एटले छोडी दीधुं. सिद्धार्थदेवे ते शरीरने समुक्षेपन कर्युं. पछी बहु विलाप करता एवा वलदेवने श्री नेमिनाथे मोकलेला चारण ...र आवीने प्रतिबोध पमाडयो,तेथी वैराग्यपरायण थइने तेमणे ते चारण मुनि पासे ...लीधी.पछी पर्वत उपर रही उग्र तप करवा लाग्या.एक वार मासक्षपणने पारणे ...नी अंदर आहार लेवाने माटे आवतां तेमने कुवाने कांठे उभेली एक स्त्रीए जोया. ...रूपथी मोहित थयेली ते स्त्रीए घडानी भ्रांतिथी पुत्रना गळामां दोरडानो गा...गो नांख्यो. ते जोइने वलराम मुनिए कह्युं के 'हे मुग्धे ! तुं आ शुं करे छे ? मोहथी ...धीन थइने पुत्रने केम मारे छे ?' पछी तेमणे विचार कर्यो के 'मारा रूपने धिक्कार ...हवेथी मारे नगरमां आववुं श्रेयस्कर नथी; वनवास सेववोज सारो छे.' ए प्रमाणे ...ग्रह करीने तुंगिका पर्वत उपर रह्या. त्यां पारणाने दिवसे जो कोइ सार्थ अथवा ...यारो आवे छे अने ते तेमने शुद्ध अन्न वहोरावे छे तो ते आहार करे छे. तपमां वृद्धि करेछे. ए प्रमाणे तप करतां तेमने अनेक लब्धिओ उत्पन्न थइ ...नावडे अनेक व्याघ्र तथा सिंह विगेरे प्राणीओने प्रतिबोध पमाडयो.पेलो सिद्धा... पण तेमनी सेवामांज रहेवा लाग्यो.त्यां एक अतिभद्रक मृग देशनाथी प्रतिबोध ...ते अहर्निश तेमनी सेवा करेछे अने वनमां भमेछे.ज्यां ते आहारनो योग जाणेछे ते संबंधी संज्ञावडे वलभद्र मुनिने जणावेछे.मुनि पण तेने आगळ करीने त्यां जायछे.

एक दिवस कोइ रथकार (सुतार) ते वनमां आव्यो. ते कोइ मोटा वृक्षनी ...ला कापतां कापतां अरधी मूकी तेनी रसोइ करवा लाग्यो. पेला मृगे ते जोइने ...वडे मुनिने निवेदन कर्युं. मुनि मृगनी साथे त्यां आव्या. साधुने आवेला जोइ ...कार घणो हर्षित थइने वहोराववा लाग्यो. ते वखते पेलो मृग पण आगळ उभो ...भावना भावेछे, तेवामां पेली अरधी कापेली डाळी एकाएक त्रुटी पडी ने ...ना उपर पडवाथी ते त्रणे जणा काल करी पांचमा देवलोके उत्पन्न थया. ...रनार बलदेव साधु,सहाय करनार रथकार अने अनुमोदना करनार मृग—ए ...सरखुं फळ मेळव्युं. माटे आ जैनधर्म आचर्यो होय,बीजा पासे पळाव्यो कोइ पाळनारनी अनुमोदना करी होय तो ते समान फळ पण आपेछे;

तेथी निरंतर धर्ममां उद्यम करवो. एवो आ कथानो उपदेश छे.

जं तं कयं पुरा पूरणेन, अइदुक्करं चिरकालं ।
जइ तं दयावरो इह, करिंतु तो सफलयं हुंतं ॥ १०९ ॥

अर्थ–" जे ते अतिदुष्कर एवो तप पूर्वे चिरकाल-घणा काळ पर्यंत पूरण करयो. ते तप जो आ संसारमां (ते भवमां) दयातत्परपणे कर्यो होत तो ते सफल थात. " १०९. परंतु तेणे करेलो तप घणो छतां अज्ञान दोषवाळो होवाने तुच्छ फळ प्राप्त थयेलु होवाथी ते निष्फळ गयोज कहेवाय.

पुरण तापसे तामली तापसनी जेवो बार वर्ष पर्यंत तप कर्यो तेने परिणामे चमेरन्द्र थयो, विशेष फळ मळयुं नहि. अहीं पूरण तापसनो संबंध जाणवो. ३३

पूरण तापसनो वृत्तांत.

विंध्याचळ पर्वत पासे पेढाल नामे गाममां पूरण नामे एक शेठ रहेतो हतो. दिवस वैराग्यवान थवाथी पोताना पुत्रने पोताने स्थाने स्थापीने तेणे तामलि पेठे तापसी दीक्षा लीधी. ते हमेशां छठ करीने पारणुं करेछे; अने पारणाने चतुष्कोण (चार खानावाळु) पात्र लइने परिमित घरे भिक्षा अर्थे भमेछे. तेमां अन्नादि पात्रना प्रथम खंडमां (खानामां) पडे ते पक्षीओने आपी देछे, बीजा खंड पड्युं होय ते मत्स्यने आपी देछे, त्रीजा खंडमां पड्युं होय ते स्थलचर जीवोने आ देछे, अने चोथा खंडमां पड्युं होय ते पोते खायछे. आ प्रमाणे अति उग्र अज्ञान बार वर्ष सुधी करी एक मासनी संलेखनाथी काळधर्म पामी चमरचंचा नामनी रा धानीमां चमरेन्द्र थयो. आटलुं तप जो तेणे दया पूर्वक कर्युं होत तो तेने बहु प्राप्त थात. माटे ज्ञान पूर्वक तप करवुं, एवो आ कथानो उपदेश छे.

कारण नीयावासी, सुट्ठुयरं उज्जमेण जइयव्वं ।
जह ते संगमथेरा, सपाडिहेरा तया आसि ॥ ११० ॥

अर्थ–" वृद्धावस्थादि कारणे करीने नित्यावासी एटले एक स्थानके रहेतां पण अतिशय उद्यमे करीने (चारित्रविषये) प्रयत्नवान रहेवुं. जेम तेवा–चारित्र उद्यमवंत ' संगम स्थविर ' नामे आचार्य ते काळे (देवसानिध्यथी) सप्राति के० महात्म्यवाळा होता हवा. " ११०

एगंत नीयावासी, घरस्सरणाइसु जइ ममत्तंपि ।
कह नपडिहंति कलिकलुसरोसदोसाण आवाए ॥ १११ ॥

गाथा १०९—पुरणेण चिरकालं करंतो होतं. गाथा ११०—नीयावासे. तया. गाथा १११—नीयावासे. घरसरणाइसु. आवाए-आपदि.

अर्थ-" रोगादि कारण विना एकांत नित्यावासी के० नित्य एक स्थाने रहेनार घर सज्ज करवा विगेरेमां एटछे पोते जे मकानमां रहेता होय ते मकान दुरस्त विगेरेमां जो ममत्वपणुं धारण करेछे तो ते मुनि कलि के० क्लेश-कळह,कलुष लेन आचरण अने रोष के० क्रोध तद्रुप अथवा तेना जे दोष तेनी आपदामां न पडे ? अर्थात् पडेज." १११.

अविकिंत्तिऊण जो वे कत्तो घरसरणगुत्तिसंठप्पं ।

अविकिंत्तिआइ तं तह, पडीआ असंजयाण पहे ॥ ११२ ॥

अर्थ-" जीवने हण्याविना घरनुं संमार्जन अने घर फरतुं वाड विगेरे नाखवा रक्षण क्यांथी थाय ? नज थाय. तेथी तेवा प्रकारना वेषधारी जीवघातको असंयतिना मार्गमां पडेलाज जाणवा." ११२

उपाश्रयने घर करी बेसनारा अने तेनी सारसंभाळ विगेरे करवा करावचा वाळा वेषधारीने माटे आ उपदेश जाणवो. तेमने असंयतिज जाणवा.

थोवोवि गिहिपसंगो, जइणो सुद्धस्स पंक मावहइ ।

जह सो वरित्तरिसि, हसीओ पज्जोअनरवइणा ॥ ११३ ॥

अर्थ-" थोडो पण गृहस्थनो प्रसंग शुद्ध मुनिने पण पाप रूप पंक के० कर्दमरूप लगाडेछे. जेम ते वार्तक नामना मुनिनी चंडप्रद्योत नामे राजाए हांसी करी के नैमित्तिक ! तमने वंदन करुं छुं.' माटे मुनि महाराजाए थोडो पण गृहस्थनो प्रसंग न करवो." ११३. अहीं वरदत्त मुनिनो संबंध जाणवो. वार्त्तक ऋषिनुं बीजुं नाम वरदत्तमुनि जाणवुं. ३४

वरदत्त मुनिनुं दृष्टांत.

चंपानगरीमां 'मित्रप्रभ' नामे राजा हतो.तेने 'धर्मघोष' नामे मंत्री हतो ते नगरमां 'धनमित्र' नामे एक अत्यंत राजमान्य शेठ हतो. ते शेठने 'धनश्री' नामे भार्या हती. तेमने 'सुजातकुमार' नामे अति कांतिवान, रूपलावण्यथी युक्त अने स्त्रीओने प्रिय लागे तेवो पुत्र थयो हतो. एक दिवस धर्मघोष मंत्रीना अंतःपुर पासे थइने जतो हतो, तेवामां 'प्रियंगुमंजरी' नामनी मंत्रीपत्नीए तेने जोयो. ते कुमारनुं रूपलावण्य जोइ मोहित थयेली मंत्रीनी सर्व स्त्रीओ परस्पर कहेवा लागी के 'हे सखीओ ! आपणने आ पुरुष घणो प्रिय लागेछे, परंतु जे स्त्रीनो आ भोक्ता थशे ते स्त्रीने धन्य छे' ए प्रमाणे विचार थयेलो होवाथी एक दिवसे प्रियंगुमंजरी गुप्तपणे सुजातकुमा-

गाथा ११२-अविकत्तिऊण. संठप्पं. अविकत्तिआय. पडिया. अस्संजयाण. अहवा पालका. गाथा ११३-थेवोवि. वारित्तरिसि. वारत्तिरिसि. नरवयणा

रनो वेष धारण करीने शोक्योनी साथे पुरुषनी पेठे क्रीडा करती परस्पर खेलवा [illegible]
मंत्रीए ते सघळुं जोयुं, तेथी तेना मनमां इर्ष्या उत्पन्न थइ. ते विचार करवा [illegible]
के 'अरे ! मारी सघली स्त्रीओ सुजातकुमारनी साथे विलास करेछे' पछी तेणे [illegible]
जातकुमार उपर द्वेष राख्यो, अने सर्व स्त्रीओनो त्याग कर्यो.

एक दिवस मंत्रीए कूटपत्र लखी राजाना हाथमां आप्यो अने कह्युं के 'आ
कूटलेख लखनार सुजातकुमारने मारी नांखवो जोइए.' ए प्रमाणे सांभलीने राजा
विचार कर्यो के 'जो हुं तेने अहीं एकदम मारी नांखीश तो मारी अपकीर्ति [illegible]
एम जाणी सुजातकुमारने कूटपत्र लखी आपीने 'चंद्रध्वज' राजानी पासे मोकल्यो.
पत्रमां लख्युं के 'आ पत्र लावनार सुजातकुमारने मारी नांखवो.' ते वाक्य वांची
चंद्रध्वज राजाए विचार कर्यो के 'आ पुरुषरत्नने मारी नांखवानुं शामाटे [illegible]
पछी गुप्त चर मोकली तेणे सर्व हकीकत जाणी लीधी. पछी तेणे पेलो कूटपत्र गुप्त
पोतानी पासे साचवी राख्यो, अने पोतानी बेन 'चंद्रयशाने' सुजातकुमारनी [illegible]
परणावी तेने पोताना महेलमां राख्यो. चंद्रयशाना संयोगथी सुजातकुमारने रोग [illegible]
थयो. तेथी चंद्रयशा विचारवा लागी के 'मने धिक्कार छे के मारा संयोगथी आ पु
रोगी थयो.' त्यारे सुजातकुमारे कह्युं के 'हे सुलोचना ! आमा तारो कांइ [illegible]
नथी, मारां अशुभ कर्मनोज आ दोष छे.' इत्यादि वचनोथी चंद्रयशा प्रतिबोध पामी
[illegible] गइ, अनशन अंगीकार करीने समाधिथी मृत्यु पामी देवपणे उत्पन्न [illegible]
[illegible] पूर्वभव जाणी त्यां आवी अने सुजातकुमारने कह्युं के 'हे स्वामिन् ! तमा
[illegible] हुं चंद्रयशानो जीव देव थयेल छुं, माटे जे आज्ञा होय ते करुं.' सुजातकुमार
कह्युं के 'मने मारां मातापिता पासे पहोंचाड अने मारुं कलंक उतार, जेथी हुं [illegible]
[illegible]. देवे तत्काळ ते प्रमाणे कर्युं. सुजातकुमारने चंपानगरीना उद्यानमां मू
अने [illegible] शिला विकुर्वीने चंद्रप्रभ राजाने भय पमाडी कह्युं के 'हे [illegible]
आ सुजातकुमार उपर विरुद्ध आचरण केम कर्युं ?' तेथी राजाए भयभ्रांत थइ [illegible]
[illegible] हकीकत यथार्थ निवेदन करी अने सुजातकुमारना पगमां पडी [illegible]
[illegible] पण शिला सहरी लीधी. पछी राजाए सुजातकुमारने हाथी [illegible]
[illegible] साथे नगरमां आण्यो. सुजातकुमार पिता साथे [illegible]
[illegible] करीने मोक्षे गयो.

[illegible] राजाए देशनिकाल कर्यो. तेना [illegible] तथा [illegible]
[illegible] नगरे आव्यो त्यां तेणे [illegible]
[illegible] अने [illegible] (सूत्र ने अर्थनो जाणनार) [illegible]
[illegible] बहुत [illegible] करीने [illegible]

ी दूधपाकनुं भोजन लइने सन्मुख वहोराववा आव्यो अने कह्युं के 'हे स्वामी! आ
दोष अन्न ग्रहण करो.' तेवामां ते पात्रमांथी एक बिंदु नीचे पड्युं. ते जोइ धर्मघोष
नि पाछा वळी गया. त्यारे वरदत्त मंत्रीए विचार कर्यो के 'मुनि आहारमाटे आवेल
तां आ शुद्ध आहार तेमणे शा माटे ग्रहण कर्यो नहि!' ए प्रमाणे ते विचार करेछे
वामां नीचे पडेला दूधपाकना बिंदु उपर एक मक्षिका (मांखी) बेठी, ते मांखीने जोइने
ना उपर एक गरोळी आवी, ते गरोळी उपर एक काकोडो आव्यो ते काकोडाने
रवाने एक बिलाडी दोडी, त बिलाडीना वध माटे घरनो कूतरो आव्यो, अने ते
तराने मारवाने माटे शेरीनो कूतरो दोड्यो, शेरीना कूतराने घरना नोकरोए मारी
ख्यो. त्यारे शेरीना लोकोए घरना कूतराने मारी नांख्यो. पछी घरना नोकरो अने
रीना लोको वच्चे परस्पर गाळागाळी थवा लागी. तेमांथी कजीओ वध्यो, अने क्रोध
थी जवाथी बाणो अने खड्गोवडे युद्ध थवा लाग्युं. ते जोइ वरदत्त मंत्रीए विचार
र्यो के 'अहो! आ साधुने धन्य छे के जेणे आवो भावी उपद्रव जाणीने शुद्ध अन्न
ापतां छतां पण ग्रहण कर्युं नहि. आ जिनधर्मने पण धन्य छे हवे ए जंगम तीर्थ रूप
ाधुओ मने केवी रीते मेळाप थशे?' एम विचार करतां तेने जातिस्मरणज्ञान उत्पन्न
युं एटले सघळुं पूर्व भवनुं वृत्तांत दीक्षाग्रहणादि स्मरणमां आव्युं. पछी स्वयमेव चा-
त्र लइ देवताए आपेलो वेष धारण करी स्वयंबुद्ध एवा वरदत्त मुनि विहार करतां
ुसमारनगरे आव्या, अने नागदेवना चैत्यमां कायोत्सर्ग करीने स्थित थया.

सुसमारपुरना राजा धुंधुमारने 'अंगारवती' नामे अति रूपवती पुत्री हती. तेणे
क दिवस कोइ योगिनीनी साथे विवाद कर्यो अने योगिनीने निरुत्तर करी. योगिनीने
ोध उत्पन्न थयो, तेथी तेणे अंगारवतीनुं रूप चित्रपटमां आलेखीने उज्जयिनीना राजा
ंडप्रद्योत' ने बताव्युं. तेना रूपथी मोहित थइने अने योगिनीना मुखथी पण ते
ुं रूपवती छे एम सांभळीने ते राजाए धुंधुमार राजा पासे दूत मोकली अंगारवतीनी
ागणी करी. धुंधुमारे कहेवराव्युं के 'पुत्री मननी प्रसन्नताथी अपाय छे पण बळा-
ारथी लइ शकातीं नथी.' ए प्रमाणे दूतना मुखथी सांभळी चंडप्रद्योत राजाने अति
ोध उत्पन्न थयो, तेथी मोटुं लश्कर लइ सुसमारपुर आवीने घेरो घाल्यो. अल्प सैन्य-
ाळो धुंधुमार राजा नगरनी अंदरज रह्यो बहार नीकळ्योज नहि. ए प्रमाणे घणा
दिवसो व्यतीत थतां धुंधुमार राजाए कोइ निमित्तियाने पूछ्युं के 'मारो जय थशे के
पराजय!' निमित्तिये कह्युं के 'हुं निमित्त जोइने कहीश.' पछी पेला निमित्तियाए
क्यां आवीने घणां बाळकोने व्हीवराव्यां: एटले ते बाळको भय पामीने नागमासा-
ां रहेला वरदत्त मुनिनी पासे गयां. भयथी आकुळव्याकुळ थयेला ते बाळकोने

काळमांज मूळगुण जे माणातिपातविरमणादि तेने पण तजे छे-उत्तर गुणनो नाश थये सते मूळगुणनो नाश पण थायज छे. कारण के जेम जेम आ जीव प्रमाद-शिथिलता करेछे तेम तेम ते क्रोधादि कषाये करीने भेराय छे." ११७. एटले प्रमाद शिथिलता थवाथी उत्तर गुणनी हानि थायछे, पछी कषायनो उद्भव थवाथी मूळगुणनी हानि थायछे; माटे उत्तर गुण पण तजवा नहि.

जो निच्छएण गिन्हइ, देहच्चाएवि नय धिइं मुअइ ।
सो साहेइ सकज्जं, जह चंदवडिंसओराया ॥ ११८ ॥

अर्थ-" जे माणी निश्चयवडे-स्थिरताए करीने व्रत नियमादि ग्रहण करेछे अने देहत्यागे-माणांत कष्ट माप्त थये सते पण जे धैर्यने मूकता नथी अर्थात् ग्रहित अभिग्रहने तजता नथी ते माणी पोताना मुक्ति साधनरूप कार्यने साधे छे. जेम चंद्रावतंसक राजाए माणांत कष्ट उत्पन्न थये सते पण ग्रहण करेलो अभिग्रह तज्यो नहि तेम बीजाए पण प्रवर्त्तवुं." ११८. अहीं चंद्रावतंसक राजानुं दृष्टांत जाणवुं. ३५.

चंद्रावतंसक राजानुं दृष्टांत.

साकेतपुर नगरमां चंद्रावतंस नामनो राजा हतो. तेने सुदर्शना नामे राणी हती. ते राजा परम श्रावक हतो, अने समकितमूळ श्रावकनां बार व्रतो सारी रीते पाळतो थको राज्य करतो हतो. एक दिवस सभा विसर्जन करी अंतःपुरमां जइ सामायिक करी कायोत्सर्गमुद्राए मनमां एवुं धारीने स्थित थयो के 'ज्यांसुधी आ दीवो बळे त्यांसुधी मारे कायोत्सर्गमुद्राथी अहींज स्थिर रहेवुं.' ए प्रमाणे पहेलो पहोर गयो पछी दीवाने झांखो पडेलो जोइ राजाना अभिग्रहने नहि जाणता दासीए तेमां तेल पूर्युं. ए प्रमाणे बीजो पहोर गयो. एटले फरीने तेल पूर्युं. ए प्रमाणे तेल पूरवाथी चार पहोर सुधी अखंड दीवो बळयो; अने अखंड अभिग्रहवाळा राजाए पण प्रातःकाळे दीवो ओलवाया पछी कायोत्सर्ग पार्यो. परंतु राजा घणो कोमळ होवाथी चार पहोर सुधी एक स्थाने स्थिति करवाने लीधे घणी वेदना अनुभवी विशुद्ध ध्यानथी काळ करी देवलोकमां उत्पन्न थयो.

ए प्रमाणे अन्य मनुष्योए पण दृढता राखवी, एवो आ कथानो उपदेश छे.

सीउण्हखुप्पिवासं, दुस्सिज्जापरिसहं किलेसं च ।
जो सहइ तस्स धम्मो, जो धिइमं सो तवं चरइ ॥११९॥

[illegible]

अर्थ-" जे मुनि शीत परीसह, उष्ण परीसह, क्षुधा परीसह, पिपासा ते तृषा-
ह तथा दुष्ट शय्या ते तृण संस्तारके तद्रूप परीसह अने क्लेश ते लोचादि काय-
तेने सहन करेछे तेने चारित्रधर्म होयछे. जे पुरुष परीसह सहवामां धृतिमान् के०
ढ चित्तवाळा होयछे तेज तपने आचरेछे-आचरी शकेछे. " ११९.

धम्म मिणं जाणंता, गिहिणोवि दृढव्वया किमुअ साहू ।
कमलामेलाहरणे, सागरचंदेण इत्थु वमा ॥ १२० ॥

अर्थ-" आ जिनभाषित धर्मने जाणनारा-तेने सम्यग् प्रकारे समजनारा एवा
य श्रावको पण दृढव्रतवाळा-व्रत धारण करवामां दृढ होय छे, तो पछी साधु केम
तवाळा न होय ? होयज. अहीं कमळामेलाना संबंधमां आवेला सागरचंद्र कुमा-
उपमा अर्थात् तेनुं दृष्टांत जाणवुं."१२० अहीं सागरचंद्र कुमारनो संबंध जाणवो.३६

सागरचंद्र कुमारनुं दृष्टांत.

द्वारिका नगरीमां कृष्ण राजा राज्य करेछे. तेमने बलभद्र नामे मोटा भाइ छे,
निषध नामे पुत्र छे. ते निषधने सागरचंद्र नामे कुमार छे. ते नगरीमां धनसेन
नी पुत्री कमळामेला नामे छे. तेने उग्रसेनना पुत्र नभसेन वेरे आपेली छे.

एकदा नभसेनने घेर नारद मुनि आव्या. ते वखते नभसेने क्रीडामां व्यग्र चित्त
ो लीधे तेमने आदर आप्यो नहि; तेथी अति क्रोधित थइ नारद मुनि त्यांथी
ा सागरचंद्रने घेर आव्या. तेणे नारद मुनिनो विनय पूर्वक घणो आदरसत्कार कर्यो
सिंहासन उपर बेसाड्या. पछी सागरचंद्र तेमना पग धोइ हाथ जोडी उभो रहीने
ा लाग्यो के ' हे स्वामिन् ! आपे जोयेलुं, अनुभवेलुं के जाणेलुं आश्चर्यकारी
क कौतुक कहो.' तेना विनयथी रंजित थयेला नारद मुनिए कह्युं के "हे कुमार !
मां कौतुको तो घणा जोवायछे, पण कमलामेलानुं रूप जे में जोयुंछे ते महा आश्च-
क छे. एना जेवुं रूप कोइ पण स्त्रीनुं नथी. जेणे ए स्त्रीने जोइ नथी ते माणसनो
र वृथा छे, परंतु तेना मातापिताए तेने नभसेनने आपीने काच अने मणिनी पेठे
अयोग्य संबंध कर्योछे." ए प्रमाणे कही सागरचंद्रना मनमां प्रीति उत्पन्न करीने
मुनि कमळामेलाना मंदिरे आव्या. तेणे पण नारद मुनिनो अति सत्कार कर्यो अने
के ' कांइक आश्चर्यकारी वार्ता कहो.' त्यारे नारदे कह्युं के ' जेवुं आश्चर्यकारक
सागरचंद्रनुं छे तेवुं रूप आ पृथ्वीमां बीजा कोइ पुरुषनुं नथी. तेना रूपनी उपमा
उपर तो नथी. तेना रूपमां अने नभसेनना रूपमां मोटो तफावत छे.' ए प्रमाणे
े नारद मुनि उत्पती गया.

गाथा १२०-आहरणे-दृष्टांते इत्थुवमा-अत्रोपमा.

ळानो मेळाप करावनारो तारो काको छुं. माटे आंखो उघाड अने सारी रीते जो. हो! कामांधपणुं केवुं छे! कह्युं छे के—

दिवा पश्यति न घूकः, काको नक्तं न पश्यति ।
अपूर्वः कोऽपि कामांधो, दिवा नक्तं न पश्यति ॥

" घुवड दिवसे जोइ शकतो नथी, कागडो रात्रिए जोइ शकतो नथी, पण कामांध तो कोइ अपूर्व अंध छे के ते दिवसे तेमज रात्रिए—कोइ वखत जोइ शकतो नथी." एटलुं कहेतां सागरचंद्रे काकाने जोया एटले ते तेना चरणमां पड्यो; अने पोतानो अविनय खमावी लज्जा मूकीने बोल्यो के ' हे तात! आप बोल्याछो के हुं कमलामेलानो मेळाप करावनार छुं तो ते वात सत्य करो. सत्पुरुषो पोतानुं बोलेलु पाळेछे.' कह्युं छे के—

जं आलंतेणवि सज्जणेण, जं भासियं मुहे वयणं ।
तव्वयणसाहणत्थं, सप्पुरिसा हुंति उज्जमिया ॥

" बोलतां बोलतां सज्जनो पोताने मुखे जे वचन बोलेछे ते वचन साधवाने—सत्य करवाने माटे सत्पुरुषो उद्यमवंत होयछे." वळी सत्पुरुषो परोपकार करवामां पण कुशळ होयछे. कह्युं छे के—

मनसि वचसि काये पुण्यपीयूषपूर्णा-
स्त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ।
परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं
निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥

" मन वचन अने कायामां पुण्यरूपी अमृतथी भरेला, अनेक प्रकारना उपकारोथी आखा त्रिभुवनने प्रसन्न करनारा अने हमेशां अन्यना परमाणु जेवा अल्प गुणोने पण पर्वत जेवा मोटा करीने स्वहृदयमां आनंद पामता एवा कोइकज सत्पुरुषो होय छे." ए कारणथी हे काका! कमलामेलानो मेळाप मने करावो.'

आ प्रमाणे सांभळीने शांबकुमारे ते वात कबुल करी. पछी पोतानी विद्याना बळथी कमलामेलाना घर सुधी सुरंग देवरावीने ते सुरंगद्वाराए कमलामेलानुं हरण कर्युं अने द्वारिका नगरीना उद्यानमां आणी. पछी नारद मुनिने बोलावीने तेनी साक्षीए शुभ मुहूर्ते सागरचंद्रनी साथे तेने परणावी. अहीं ते कन्याना मातपिताए कन्यानुं हरण थयुं एम जाणी सर्वत्र तपास करी तो ते वनमां मालम पडी, एटले तेमणे कृष्णनी

आगळ फरियाद करी के 'हे स्वामिन्! आप समर्थ नाथ छतां हुं अनाथ एम जाणी मारी कन्या कोइएक विद्याधरे हरण करीने वनमां मूकीछे.' ते सांभळी सैन्य सहित देवकीपुत्र (कृष्ण) त्यां आव्या. तेने आवतां जोइ नारदनी साथे सन्मुख आवी पिताना पगमां पड्यो अने सर्व हकीकत जणावी. 'पोताना पुत्रनुं कृत्य छे' एम जाणी कृष्ण मौन थइने उभा रह्या. पछी सागरचंद्रे आवी नभसेनना चरणमां पडी तेने खमाव्यो, पण नभसेने तेने खमाव्यो नहि.

हवे सागरचंद्र कमलामेलानी साथे विषयसुख भोगवतां केटलोक काळ व्यतीत थये पछी एक दिवस भगवान नेमि प्रभुनी देशना सांभळीने तेणे श्रावकनां बार व्रतो अंगीकार कर्यां. दररोज स्वव्रतनुं पालन करता सता एक वखत श्रावकनी पडिमानुं पालन करतां ते स्मशानभूमिमां जइने कायोत्सर्गे र ो. ते वखते नभसेन जे हमेशां तेनुं छिद्र शोधतो हतो ते सागरचंद्रने स्मशानमां कायोत्सर्गे रहेलो जोइने विचार करवा लाग्यो के 'आजे वखत बराबर मळयो छे, तेथी मारी कमलामेलाना भोक्ता सागरचंद्रने आज मृत्यु पमाडुं' एमाणे विचारीने तेना माथा उपर माटीनी पाळ बांधीने तेमां धगधगता खेरना अंगारा भरी ते अन्यत्र चाल्यो गयो. अहीं तेनी वेदनाने समभावे सहन करतो निश्चल मनवाळो सागरचंद्र शुभध्यानथी मृत्यु पामीने स्वर्गे गयो.

आ प्रमाणे श्रावके पण आवा उपसर्गो सहन कर्याछे तो साधुए तो विशेषे करी सहन करवा जोइए, एवो आ कथानो उपदेश छे.

देवेहिं कामदेवो, गिहीवि नवि चालिओ तवगुणेहिं।
मत्तगयंद भुयंगम, रक्खसघोरट्टहासेहिं ॥ १२१ ॥

अर्थ—' कामदेव नामना गृहस्थ श्रावकने पण तप गुणथी मदोन्मत्त हस्ती [illegible] [illegible] अट्टहास [illegible] देवता चळावी शक्यो नहि." अर्थात् देवकृत [illegible] [illegible] श्रावक छतां पण चळयो नहि तो मुनि तो केनाथी चळे? आ [illegible] [illegible] ग्रहण करवुं. अहीं कामदेव श्रावकनो संबंध जाणवो.

कामदेव श्रावकनुं वृत्तांत.

[illegible] जितशत्रु नामे राजा राज्य करतो हतो. ते [illegible] [illegible]) वसतो हतो, ते बहु धनधान्यथी [illegible] [illegible] एक दिवस महावीर स्वामी [illegible] [illegible] (जिनधर्म [illegible] [illegible]

नीय कर्मना उपशमादिकथी अरिहंते कहेला जीवादि तत्त्वोमां सम्यग् श्रद्धा थवी म्यक्त्व जाणवुं; अथवा आत्माना शुभ परिणाम एटले ज्ञान दर्शन चारित्र रूप त्रण ना अध्यवसाय ते सम्यक्त्व जाणवुं. कह्युं छे के—

अरिहं देवो गुरुणो. सुसाहुणो जिणमयं महप्पमाणं ।
इच्चाइ सुहो भावो, सम्मत्तं विंति जगगुरुणो ॥

" अरिहंत देव, सुसाधु गुरु अने जिनमत ए मारे प्रमाण छे, इत्यादि शुद्ध ने जगत्गुरुओ समकित कहेछे." अर्हतधर्मनुं मूळ समकित छे. कह्युं छे के 'श्राव- बार व्रतना त्रेरसें चोराशी क्रोड, बार लाख, सत्तावीश हजार, बसो ने बे थायछे; ए सर्व भांगाओमां समकित पहेलो भांगो छे. समकित विना बीजा पण भांगानो संभव नथी. कह्युं छे के—

मूलं दारं पइठाणं, आहारो भायणं निही ।
दुवक्क साविधम्मस्स सम्मत्तं परिकित्तियं ॥

" दुछक्क बे.० बार प्रकारना श्रावकधर्मनुं मूळ, द्वार, प्रतिष्ठान, आधार, भाजन निधि सम्यक्त्व कहेलुं छे. "

सम्यक्त्वनुं फळ आ प्रमाणे—

अंतोमुहुत्तमित्तंपि, फासिअं हुज्ज जेहिं सम्मत्तं ।
तेसिं अवड्ढपुग्गल, परिअट्टो चेव संसारो ॥ १ ॥
जं सक्कइ तं कीरई, जं नसक्कइ तयंमि सद्दहणा ।
सद्दहमाणो जीवो, वच्चइ अयरामरं ठाणं ॥ २ ॥

अंतर्मुहूर्त मात्र पण जे जीवने समकित फरस्युं होय तेने अर्ध पुद्गलपरावर्तन रहेछे-वधारे रहेतो नथी व्रतादि जे कांइ बनी शके ते करवुं अने जे न बनी मां श्रद्धा राखवी ए प्रमाणे सर्दहनारो जीव पण अजरामर स्थानकने पामे थारे समकित मूळ रूप व्रतो समकित सहित सारी रीते आराध्यां होय तो कमां ने परलोकमां बहु फळदायी थायछे "

ना प्रमाणे भगवाननी देशना सांभळीने परम संवेग जेने प्राप्त थयेल छे एवो देव [illegible] इच्छापूर्वक धर्म धारी थयो. अने जीवाजीवादि तत्त्वनो [illegible] आवकधर्मने पाळवा लाग्यो.

एक दिवस सौधर्म इंद्रे तेनां वखाण कर्यां के 'कामदेव श्रावक दृढधर्मी छे, पण तेने धर्मथी चळाववाने समर्थ नथी. अरे शुं तेनुं धैर्य छे!' ए प्रमाणे कामदेवनी बहु प्रशंसा सांभळी कोइ एक मिथ्यादृष्टि देव देवेन्द्रनी वाणी अन्यथा करवाने [illegible] कामदेव पासे आव्यो. ते अवसरे कामदेव पोसह करी पोषधशाळामां कायोत्सर्ग मुद्राए रह्यो हतो. पेलो देव मध्य रात्रिए भयंकर राक्षसनुं रूप ग्रहण करी हाथमां [illegible] जिह्वा जेवुं खड्ग लइ पादप्रहारथी भूमिने कंपावतो, मुख पहोळुं करी अट्टहास [illegible] कामदेवनी पासे आव्यो अने बोल्यो के 'आ पच्चख्खाणने तुं छोडी दे अने कायोत्सर्गमुद्रानो त्याग कर. नहितो आ खड्गवडे तारा कुकडे कुकडा करी नाखीश, जेथी तुं आर्तध्यानथी अकाळे मृत्यु पामीश.' ए प्रमाणे वारंवार कहे [illegible] हतां [illegible] ध्यानथी चलित थयो नहि. पछी क्रोध उत्पन्न थवाथी ते देवे खड्गवडे [illegible] शरीर छेद्युं, जेथी तेने घणी वेदना थवा लागी, पण ते ध्यानथी क्षोभ पाम्यो नहि. पछी देवे पर्वत जेवुं मोटुं हाथीनुं रूप विकुर्व्युं, अने सुंढने उछाळतो भयंकर हाथीना रूपे कामदेव प्रत्ये बोल्यो के 'हे कामदेव! आ व्रतोने छोडी दे अने आ [illegible] [illegible] त्याग कर, नहितो आ सूंढवडे [illegible] उपाडी, आकाशमां उछाळी [illegible] [illegible] तने दंतूशळे मारीश.' आ प्रमाणे कहेतां छतां पण ते ध्यानथी चलित थयो नहि, [illegible] ते सूंढवडे तेने उछाळीने पृथ्वी उपर पछाड्यो अने दंतप्रहारोथी [illegible] मार्यो; छतां ते जरा पण क्षोभ पाम्यो नहि अने मनमां विचार करवा लाग्यो के

सर्वेभ्योऽपि प्रियाः प्राणास्तेऽपि यान्त्वधुनापि हि ।
न पुनः स्वीकृतं धर्मं, खण्डयाम्यल्पमप्यहम् ॥

'सर्व वस्तु करतां प्राण वहाला होय छे परंतु ते पण हमणां भले जाओ, [illegible] मात्र पण खंडित करीश नहि." [illegible] देव [illegible] [illegible] काया छे, [illegible] [illegible] [illegible] [illegible] वखाणवा योग्य [illegible] [illegible] [illegible] [illegible] त्याग कर, [illegible] [illegible]

अत्यल्पादप्यतीचाराद्, धर्मस्यासारतैव हि ।
अंघ्रिकंटकमात्रेण, पुमान्पंगूयते न किम् ॥

" अति अल्प अतीचारथी पण धर्मनो निःसारता थइ जायछे. पगमां मात्र ो वागवाथी शुं पुरुष लंगडो थतो नथी !" थायछे. ए प्रमाणे निश्चय आत्मावाळो माणोने सर्परूप देव तेने डस्यो. अत्यंत दुःख उत्पन्न करनारा ते दंशथी कामदेवनुं र काळज्वरथी जाणे पीडायलु होय तेवुं थइ गयुं अने तेने घणी वेदना थवा लागी, ते ध्यानथी चलित थयो नहि. ते मनमां विचार करवा लाग्यो के-

खंडनायां तु धर्मस्यानंतैरपि भवैर्भवैः ।
दुःखांतो भविता नैव, गुणस्तत्र च कश्चन ॥

" धर्मनुं खंडन करवाथी अनंता भवो भमतां पण दुःखनो अंत आवतो नथी तेमां कोइ जातना लाभ तो छेज नहि. "

दुखं तु दुष्कृताज्जातं, तस्यैव क्षयतः क्षयेत् ।
सुकृतात्तत्क्षयश्च स्यात्, तत्तस्मिन् सुदृढो न कः ॥

" दुःख दुष्कृतथी उत्पन्न थायछे अने दुष्कृतनो क्षय करवाथी तेनो क्षय थायछे; तेनो क्षय सुकृतथी थायछे, त्यारे ते सुकृतमां कोण प्राणी सुदृढ न होय ? " ए ण कामदेवने शुभध्यानपरायण जाणो देवे पोतानुं स्वरूप प्रगट कर्युं अने तेने सारी खमाव्यो. पछी ते कहेवा लाग्यो के ' हे कामदेव ! तने धन्य छे, तुं पुण्यशाळो छे ते जीवितनुं फळ मेळव्युं छे. सौधर्म देवलोकमां इंद्रे तारी प्रशंसा करी ते शब्दे पने श्रद्धा न आववाथी हु अहीं तारी परीक्षा करवाने माटे आव्यो हतो, परंतु जे ण इंद्रे तारी प्रशंसा करी हतो ते प्रमाणेज में तारो नजरे जोयुंछे. " आ प्रमाणे स्तुति करीने ते देव पोताने स्थानके गया.

प्रातःकाळे कायोत्सर्गने पारो कामदेव श्रावक समवसरणमां भगवानने वांदवा . त्यां तेने भगवंते कर्युं के ' हे कामदेव ! आज मध्यरात्रिए कोइ देवे तने उप र्ग कर्यो ए वात खरी छे ? ' कामदेवे कर्युं के ' हे स्वामी ! ते वात खरी छे. पछी गवाने सर्व साधुओ अने साध्वीओने बोलावीने कर्युं के " हे देवानुप्रियो ! ज्यारे आ कामदेव श्रावकधर्ममां रहेतो सतो पण देवोए करेला उपसर्गोने सहन करेछे तो श्रुतना ण साधुओए तो ते सम्यक प्रकारे सहन करवाज जोइए. " आ प्रमाणेनुं भगवाननुं वचन विनय पूर्वक सघळा साधु साध्वीए सांभळ्युं अने अंगीकार कर्युं.

आ कामदेव धन्यात्मा छे के जे कामदेवनी भगवाने पोताना मुखे प्रशंसा कर्‍युं छे के—

धण्णा ते जिअलोए, गुरवो निवसन्ति जस्स हिययंमि।
धन्नाण वि सो धन्नो, गुरूणहियए वसई जो उ ॥

“ आ जीवलोकमां ते पुरुष धन्य छे के जेना हृदयमां गुरुमहाराज वसे छे, ते तो धन्यमां पण धन्य छे के जे गुरुमहाराजना हृदयमां वसे छे. ”

आ प्रमाणे लोकोथी स्तुति करातो कामदेव भगवानने वांदी पोताने घेर आव्यो. पछी तेणे श्रावकोनी दर्शन आदि अग्यार प्रतिमाओने सारी रीते आराधी अने [illegible] वर्ष सुधी श्रावकपर्याय पाळी छेवटे एक मासनी संलेखणावडे सारी रीते सर्व पा[illegible] आलोचना प्रतिक्रमणा करीने काळ मासे काळ करी सौधर्म नामना देवलोकमां [illegible] णाभ नामना विमानमां चार पल्योपमना आयुष्यवाळो देव थयो. त्यांथी च्यवीने म[हा]विदेहमां सिद्धिपदने पामशे.

जेवी रीते कामदेवे श्रावक छतां पण भयंकर उपसर्गो सहन कर्या तेवी [रीते] मोक्षार्थी साधुओए पण उपसर्गो सहन करवा, एवो आ कथानो उपदेश छे.

भोगे अभुंजमाणावि, केइ मोहा पडंति अहर गइं।
कुविओ आहारत्थी, जत्ताइजणस्स दमगुव्व ॥ १२२ ॥

अर्थ—“ केटलाक प्राणीओ भोगने भोगव्या विना तेनी इच्छा करता सता [illegible] अज्ञान, ते थकी अधोगति—नरक तिर्यंच गतिमां पडे छे कोनी जेम? या[त्रा]-[illegible] अर्थे वनमां गयेला लोकोनी उपर (आहार न आपवाथी) कोपाय[मान] [illegible] आहारना अर्थी द्रमक एटले भिक्षुकनी जेम. ” १२२

[illegible] दुर्ध्यान चिंतववाथी जेम तेणे दुर्गतिरूप फळ प्राप्त कर्युं तेम [illegible] [illegible]. अहीं ते द्रमकनो संबंध जाणवो. २८

द्रमकनुं दृष्टांत.

[illegible] नगरने विषे कोइ एक उत्सवमां सर्व लोको वैभारगिरि उपर [illegible] [illegible]. ते नगरने विषे कोइ एक भिक्षुक भोजननी इच्छाथी नगरमां भमता [illegible] [illegible] त्यां पण ते [illegible] पडयो. पण अंतराय कर्मना [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] गइ [illegible] [illegible]

[illegible]

गरना लोको अति दुष्ट छे. कारणके तेओ खायछे, पीएछे, इच्छा मुजब भोजन
, परतु मने जरा पण खावानुं आपता नथीः तेथी हुं वभारगिरि उपर चडी
शिला गवडावीने आ सर्व दुष्टोने चूर्ण करी नांखुं " ए प्रमाणे विचार करतो
ध्यानथी वैभारगिरि उपर चडयो अने त्यांथी एक मोटी शिला गवडावी ते शिला
जोइ सर्व लोको नासो दूर गया. परतु तेज भिक्षुक दुर्भाग्यने लीधे ते गवडती
नी नीचे आवी गयो अने तेना भारथी दवाइ जइ तेनुं बधुं शरीर चूर्ण थइ गयुं;
ते रौद्र ध्यानवडे मृत्यु पामी सातमी नरके गयों. अहो! मननो व्यापार केवो
ान छे! कह्युं छे के–

मनोयोगो बलीयांश्च भाषितो भगवन्मते।
यः सप्तमीं क्षणार्द्धेन नयेद्वा मोक्षमेव च॥

" सर्व योगोमां मननो योग बळवान छे, ए प्रमाणे भगवाने कह्युं छे. कारणके
नो योग अर्ध क्षणमां सातमी नरके लइ जायछे अथवा मोक्षे पण लइ
छे. " वळी–

मन एव मनुष्याणां, कारणं बंधमोक्षयोः।
यथैवालिंग्यते भार्या, तथैवालिंग्यते स्वसा॥

" मनुष्योने बंध तथा मोक्षनुं कारण मनज छे. कारणके जेवी रीते भार्यानुं
लिंगन करायछे तेवीज रीते (मळती वखते) बेनने पण आलिंगन करायछे. "
रंतु तेमां मनना विचारनोज तफावत छे).

एवी रीते जेम ते भिक्षुके रौद्र ध्यानथी नरकनुं दुःख मेळव्युं तेवीज रीते अन्य
नरकनुं दुःख मेळवेछे माटे मनथी पण भोगनी इच्छा न करवी, एवो आ कथानो
श छे.

भवसयसहस्सदुलहे, जाइजरामरणसागरुत्तारे।
जिणवयणंमि गुणायर, खणमवि माकाहिसि पमायं॥१२३॥

अर्थ–" हे गुणाकर! लाखो भवे पण पामवा दुर्लभ अने जन्म जरा मरण रूप
द्रथी पार उतारनार एवा जिन वचनने विषे क्षणमात्र पण प्रमाद न करीश. "
२३. अर्थात् प्रमाद तजीने जिनवचन आराधवा योग्य छे.

जं न लहइ सम्मत्तं, लद्धूणवि जं न एइ संवेगं।
विसयसुहेसु य रज्जइ. सो दोसो रागदोसाणं॥१२४॥

गाथा १२३–दुलहे। गाथा १२४–सम्मत्त। न एइ–न प्राप्नोति.

अर्थ—"आ जीव जे सम्यक्तने पामतो नथी, सम्यक्त पाम्या छतां पण जे पामतो नथी अने विषयसुख जे शब्दादि तेने विषे जे रक्त थायछे ते सर्वे राग, द्वेषज दोष छे." १२४. तथी दोषना हेतु एवा रागद्वेषज तजवा योग्य छे. अर्थात् ने वैराग्य—संसारथी उदासी भाव ने मोक्षनो अभिलाष समजवो.

तो बहुगुणनासाणं, सम्मत्त चरित्त गुणविणासाणं ।
न हु वस मागंतव्वं, रागदोसाण पावाणं ॥ १२५ ॥

अर्थ—"ते माटे बहु गुणनो नाश करनार अने सम्यक्त ते शुद्ध श्रद्धान, ते पंचाश्रवनिरोध अने गुण ते उत्तरगुण तेनो विनाश करनार एवा रागद्वेष पाप तेने वश निश्चे न आववुं." १२५.

नवि तं कुणइ अमित्तो, सुट्ठुवि सुविराहिओ समत्थोवि
जं दोवि अणिग्गहिया, करंति रागोय्य दोसोय्य ॥ १२६

अर्थ—"जेवो अनर्थ निग्रह नहि करेला—नहि रोकेला एवा राग अने द्वेष करेछे तेवो अनर्थ अतिशय सारी रीते विराधेलो अने समर्थ एवो पण अमित्र जे [illegible] करी शकतो नथी." १२६ अर्थात् शत्रु तो विराध्यो सतो एक भवमां मरण [illegible] रागद्वेष तो अनंता जन्ममरण आपे माटे रागद्वेषज तजवा योग्यछे.

इहलोए आयासं अजसं च करंति गुणविणासं च ।
पसवंति परलोए सारीरमणोगए दुक्खे ॥ १२७ ॥

अर्थ—"रागद्वेषनां फळ कहेछे—आ लोकमां आयास के० शरीर ने मन [illegible] [illegible] अपयश अने गुण ते ज्ञान दर्शन चारित्र तेनो विनाश करेछे अने पर[illegible] [illegible] ने मन [illegible] दुःखो प्रसवेछे—आपेछे अर्थात् रागद्वेष [illegible] [illegible] होवाथी तेमज अनर्थमूळक होवाथी परलोकमां पण अनेक प्रकारनां [illegible] [illegible]." १२७

[illegible] अहो अकज्जं, जं जाणंतोवि रागदोसेहिं ।
[illegible] कडुअं, तंचेव निसेवए जीवो ॥ १२८ ॥

[illegible] अहो एवा अनर्थकारी आ अकार्य छे! [illegible] [illegible] (एवा अनर्थकारी छे एम) जाणतो सतो अने [illegible]

[illegible] गाथा १२८-अनुवृत्त [illegible]

पाक) अतुल (विस्तीर्ण) अने अति कडवां छे एम पण जाणतो मतो तेनेज ते द्रुमनेज अथवा तेना फळने जीव (अमृतरसनी बुद्धिए) फरी फरीने सेवे छे." : तेथी आ संसारवासी जीवोने धिक्कार छे !

५ ६ ७ ८ ९ १० ११
को दुक्खं पाविज्जा, कस्सवि सुक्खेहिं विह्मओ हुज्जा ।
११ १३ १४ १२ २ १ ३ ४
को नवि लभिज्ज मुक्खं, रागदोसा जइ न हुज्जा ॥ १२९ ॥

अर्थ–" जो रागद्वेष न होत तो कोण दुःख पामत ? कोने सुखे करीने विस्मय ? (के अहो आ महासुखी छे) अने कोण जीव मोक्ष न पामत ? अर्थात् सर्व मोक्षे जात." १२९

१ २ ३ ४
माणी गुरुपडिणीओ, अणत्थभरिओ अमग्गचारीय ।
७ ५ ८ ९ १०
मोहं किलेसजालं, सो खाइ जहेव गोसालो ॥ १३० ॥

अर्थ–' जे शिष्य मानी (अहंकारी), गुरुनो प्रत्यनिक (गुरुना अपवाद ...नारो), पोताना अशुद्ध स्वभावथीज अनर्थनो भरेलो अने उत्सूत्र प्ररूपणारूप उन्मा-र्गमां चालनारा होय ते शिष्य फोगट अनेक प्रकारना क्लेश (शिरमुंडन संयमादि) ...ने भोगवेछे. अर्थात निष्फळ तप संयमादि कष्टने सहन करेछे,गोसाळानो जेम."१३०

भगवंतना शिष्याभास गोसाळे जेम फोगट तप संयमादि कष्ट भोगव्युं. उपर ...वेला दोषवाळो होवाथी तेने तप संयमादिनुं कांइ पण फळ प्राप्त थयुं नहीं, तेम जवुं.

१ २ ४ ३
कलहण कोहणसीलो, भंडणसीलो विवायसीलो य ।
५ ६ ७ ८ ९
जीवो निच्चुज्जलिओ, निरत्थयं संयमं चरइ ॥ १३१ ॥

अर्थ–" जे जीव कलह करवाना स्वभाववाळो होय, क्रोध करवाना स्वभाव-वाळो होय, भंडन करवाना स्वभाववाळो होय अने विवाद करवाना स्वभाववाळो होय नित्य प्रज्वलित रहेछे तेथी ते निरर्थक चारित्रने आचरे छे." १३१ अर्थात् क्रोध चारित्रनो विनाश थायछे अने आ बधा क्रोधनाज प्रकारछे, तेथी क्रोधने तजीने ...त्र पाळवुं तेज श्रेयकारी छे.

...था १२९ पिविज्जा । हुज्जा । लभेज्ज । रागदोसा. गाथा १३०-मोह-ल्यर्थ । खाइ मुंजते. ...था १३१-विवागसिलोअ । संजमं.

परस्पर राडो पाडीने बोलवुं ते कलह समजवो. पाक्का गुणने सहन न शकवानो स्वभाव ते क्रोधनशील समजवो, यष्टि मुष्टि विगेरेथी युद्ध करवानो भाव ते भंडनशील जाणवो अने वचनवडे वादविवाद करवो ते विवादशील

जह वणदवो वणं, दवदवस्स जलिओ खणेण निद्दहइ ।
एवं कसायपरिणओ, जीवो तव संजमं दहइ ॥ १३२ ॥

अर्थ–" जेम वनमां लागेलो दावानळ उतावळो उतावळो ज्वलित थइ मात्रमां आखा वनने बाळी नाखेछे तेम कषायपरिणत कषाय परिणाम वतता तपसंयमने पण शीघ्र बाळे छे–नाश पमाडेछे." १३२. तेथी समतान चारित्र मूळछे एम समजवु.

परिणामवसेण पुणो, अहिओ ऊणयरउ व्व हुज्ज खओ ।
तह वि ववहारमित्तेण, भन्नइ इमं जहा थूलं ॥ १३३ ॥

अर्थ–' वळी परिणामने वशे एटले जेवा जेवा परिणाम थाय ते प्रमाणे अधिक अथवा ओछो तपसंयमनो क्षय थाय छे, तथापि व्यवहार मात्रे करीने आ कहेवामां जेम स्थूल क्षय थायछे." १३३. परंतु ने व्यवहारनयनु वचन समजवुं. निश्चयथी तो कषायना तीव्रतर परिणामे करीने चारित्रनो तीव्रतर क्षय थायछे अने मंद परिणामे मंद क्षय थायछे, तेथी जेवा जेवा परिणाम ते अनुसारे क्षय थायछे एम जाण

फरुसवयणेण दिणतवं, अहिक्खिवंतो हणइ मासतवं ।
वरिसतवं सवमाणो, हणइ हणंतो अ सामन्नं ॥ १३४ ॥

अर्थ–"कठण वचन कहेवाथी–गाळ देवा विगेरेथी ते दिवसना करेला तपने पुन्यने हणेछे (क्षय पमाडेछे), अधिक्षेप एटले अत्यंत कोप करीने जाति कुळ प्रगट करतो सतो महिनाना तपसंयमनो क्षय करेछे, 'तारुं आवु थशे, थजो' एम देतो सतो वर्ष पर्यंतना तपसंयमने हणेछे अने यष्टि खड्गादि वडे परने घात करतो सतो जन्म पर्यंतना श्रामण्यने (श्रमणपणाने) हणे छे." १३४.

आ बधा व्यवहारिक वचनो समजवां.

अह जीविअं निकिंतइ, हंतूण य संजमं मलं चिणइ ।
जीवो पमायबहुलो, परिभमइ जेण संसारे ॥ १३५ ॥

गाथा १३२ दववदवस्स न [illegible] दहइ । गाथा १३३ [illegible] ।
गाथा १३४ फरुसवयणेण । अहिक्खिवंतो । गाथा १३५ [illegible] ।

अर्थ-" अथ एटले कषायनां फळ कह्यांथी अनंतर प्रमादनां फळ कहेछे-
बहुल एटले बहु प्रमादवाळो (प्रमादपरवश) संसारी जीव संयम रूपी
तने हणेछे अने संयमने हणीने पापकर्म रूप मळने पुष्ट करेछे, जेणे करीने ते
रमां परिभ्रमण करेछे. " १३५. तेथी प्रमादने परिहरवा-त्यजवा.
अहीं संयमना-पांच आश्रवनो त्याग, पांच इंद्रियोनो निग्रह, चार कषायनो
अने त्रणदंडनो विरति रूप सत्तरभेद समजवा.

अक्कोसण तज्जण तालणा, अवमाण हीलणाओ अ ।
मुणिणो मुणियपरभवा, दढप्पहारिव्व विसहंति ॥ १३६ ॥

अर्थ-" जेमणे अग्रेतन-परभवनुं स्वरूप जाण्युं छे एवा मुनिओ आक्रोश, तर्जना
ना, अपमान अने हिलणा विगेरे दृढप्रहारीनी जेम सहन करेछे. " १३६
जेम दृढप्रहारीए सहन कर्युं तेम अन्य बीजाओए पण सहन करवुं आक्रोश ते श्राप
, तर्जन ते भ्रूकुटि भंगादिवडे निर्भर्त्सना करवी, ताडन ते लाकडी विगेरेथी कुटवा,
मान ते अनादर अने हीलना ते जात्यादिनुं उद्घाटन करीने निंदवा-ए प्रमाणे
नवुं. अर्थात् ए सर्व सहन करवुं एवो आ गाथानो उपदेश छे. अहीं दृढप्रहारीनुं
हरण समजवुं ३९

दृढ प्रहारीनुं वृत्तांत.

माकंदी नामनी मोटी नगरीमां समुद्रदत्त नामे एक ब्राह्मण वसतो
. तेने समुद्रदत्ता नामे भार्या हती. एक दिवस तेणे एक पुत्रने जन्म
यो. ते प्रतिदिन वधतो सतो सेंकडो अन्याय करेछे. युवावस्था प्राप्त थतां ते लोकोने
छे, खोटुं बोलेछे, चोरी करेछे, परस्त्रीसमागम करेछे, भक्ष्याभक्ष्यना विवेकने
ाता नथी, कोइनी शीखामण मानतो नथी, मातापितानी अवज्ञा करेछे, ए प्रमाणे
अन्यायाचरणमां चतुर एवो ते शहेरमां भम्या करेछे एक दिवस राजाए तेना
वी हकीकत सांभळीने आ अयोग्य छे एम जाणी दुर्गपाळने बोलावीने कह्युं के
वेरस वाजित्रो वगाडतां आ अधम ब्राह्मणने शहेरनी बहार काढी मूको ' लोकोए
ए बाबतमां अनुमोदन आप्युं. दुर्गपाळे ते प्रमाणे कर्युं. ते ब्राह्मण पण मनमां
